પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૬ મે ૨૦૨૪ સોમવાર

૨૬ શવ્વાલ હિજરી ૧૪૪૫ ● ચૈત્ર વદ તેરસ સંવત ૨૦૮૦

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૭૭ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### મુંબઈ ૨૬/૧૧ના આતંકી હુમલા અંગે વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવારનો સ્ફોટક દાવો

# RSS સમર્થિત પોલીસ અધિકારીની ગોળીથી હેમંત કરકરેની હત્યા થઈ હતી : ઉજ્જવલ નિકમે આરોપીને બચાવ્યો

## કસાબે હેમંત કરકરેને માર્યા ન હતા : ઉજ્જવલ નિકમ દેશદ્રોહી છે : કોંગ્રેસના નેતાની ટિપ્પણીથી વિવાદ

### વિજય વડેટ્ટીવારની વિસ્ફોટક ટિપ્પણી નિવૃત્ત પોલીસ અધિકારી એસએમ મુશરિફ દ્વારા પુસ્તક 'હૂ કિલ્ડ કરકરે'માં કરવામાં આવેલા દાવા પર આધારિત હોવાનું કહેવાય છે, જો કે તેમની ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થયાના થોડા સમય પછી કોંગ્રેસના આ નેતાને તેમના વિરોધીઓ તરફથી વ્યાપક ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) મુંબઈ, તા.૫

મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા કોંગ્રેસના વિજય વડેટ્ટીવારે દાવો કર્યો હતો કે આઈપીએસ અધિકારી હેમંત કરકરેની હત્યા RSSને સમર્પિત પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવી



હતી અજમલ કસાબ કે ૨૬/૧૧ના રોજ મુંબઈ પર હુમલો કરનાર નવ પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા નહીં. તેમણે આરોપ મૂક્યો હતો કે આ કેસના વિશેષ સરકારી વકીલ અને મુંબઈ ઉત્તર મધ્યથી ભાજપના ઉમેદવાર ઉજ્જવલ નિકમ દેશદ્રોહી છે જેમણે આ હકીકતને દબાવી દીધી હતી. વડેટ્ટીવારે આરોપ લગાવ્યો કે, તપાસ દરમિયાન મુખ્ય માહિતી બહાર આવી હતી.

તેમણે કહ્યું કે, ઉજ્જવલ નિકમ દ્વારા આ મુદ્દો દબાવી દેવામાં આવ્યો હતો, તેઓ દેશદ્રોહી છે. મારો પ્રશ્ન એ છે કે ભાજપ શા માટે દેશદ્રોહીનું રક્ષણ કરી રહી છે અને આવા વ્યક્તિને લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી કેમ આપી રહી છે ? ભાજપ દેશદ્રોહીઓને બચાવી રહી છે.

આ નિવેદન પર નિકમ અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ તરફથી આકરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને નિકમે વડેટ્ટીવારના આરોપોને પાયાવિહોણા અને બેજવાબદાર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે કોંગ્રેસ કસાબ તરફી છે, ૨૬/૧૧ના આ હુમલાખોરને જીવતો પકડવામાં આવ્યો હતો અને બાદમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને ફાંસી આપવામાં આવી હતી. નિકમે કહ્યું કે, આ કેટલું અવિચારી નિવેદન આપવામાં આવી રહ્યું છે. હું આવા પાયાવિહોણા આરોપોથી દુઃખી છું, મારી પ્રામાણિકતા પર તેઓ શંકા કરે છે. તે ચૂંટણીના રાજકારણનું સ્તર દર્શાવે છે. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે રાજકારણીઓ આટલા નીચા સ્તરે આવી જશે અને તે પણ પોતાના રાજકીય લાભ માટે. વડેટ્ટીવાર માત્ર મારૂં જ નહીં, પરંતુ ૧૬૬ દિવંગત આત્માઓ અને ૨૬/૧૧ના હુમલામાં ઘાયલ થયેલા તમામ લોકોનું અપમાન કરી રહ્યા છે. કોંગ્રેસ કસાબને નિર્દોષ માને છે. પાકિસ્તાને પણ સ્વીકાર્યું હતું કે કસાબ ભારતમાં કાવતરામાં અને આતંકવાદી હુમલામાં સામેલ હતો અને તે દોષિત હતો. કસાબને દોષિત ઠેરવવા માટે તેણે લીધેલા કાયદાકીય પગલાં ભારતીયો સારી રીતે જાણે છે. નિકમે જણાવ્યું હતું કે રાષ્ટ્રના નાગરિકો ૪ જૂને આવા આક્ષેપોનો જવાબ આપશે.

ફડણવીસે કહ્યું કે, અમારૂં જોડાણ નિકમ સાથે છે, જ્યારે કોંગ્રેસે કસાબ સાથે હાથ મિલાવ્યા છે. શિવસેનાના પ્રવક્તા કિરણ પાવસ્કરે કહ્યું કે NIAએ વડેટ્ટીવારની ધરપકડ કરવી જોઈએ અને તેમને પૂછવું જોઈએ કે તેઓ કસાબનો બચાવ કેમ કરી રહ્યા છે. વડેટ્ટીવારના નિવેદન પરથી એવું લાગે છે કે કોંગ્રેસ મુંબઈ પર હુમલો કરનારા આતંકવાદીઓને સમર્થન આપી રહી છે. વધુ ચોંકાવનારી હકીકત એ છે કે સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મૌન જાળવી રાખ્યું છે.

CELEBRATING EXCELLENCE 33 years GT

# આંધ્રપ્રદેશ - તેલંગાણામાં મોદી અને શાહ ૪ ટકા મુસ્લિમ ક્વોટાને નિશાન બનાવી રહ્યા છે : ઉત્તમ

### સાંગારેડીના ભાષણ દરમિયાન વડાપ્રધાન મોદીના ભાષણનો સંદર્ભ આપતા ઉત્તમકુમાર રેડ્ડીએ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કરવામાં નિષ્ફળ ગયા છે કે, જો ભાજપ સત્તામાં આવશે તો તે બંધારણ બદલશે નહીં

(એજન્સી) હૈદરાબાદ, તા.૪

તેલંગાણાના નાગરિક પુરવઠા અને સિંચાઈ પ્રધાન કેપ્ટન એન. ઉત્તમકુમાર રેડ્ડીએ ચેતવણી આપી હતી કે, જો નરેન્દ્ર મોદી જીતીને ત્રીજીવાર વડાપ્રધાન બનશ તો ભારતમાં લોકશાહી જોખમમાં આવી શકે છે. કોંગ્રેસના ઉમેદવાર કે. રઘુવીરા રેડ્ડીની તરફેણમાં સુરપ્યાપેટ જિલ્લામાં મોથે, નદીગુડેમ, મુનાગાલા અને કોદાદમાં શ્રેણીબદ્ધ સભાઓને સંબોધિત કરતી વખતે ઉત્તમકુમાર રેડ્ડીએ ગુરૂવાર, ૨ મેના રોજ ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.

તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ અને આરએસએસ વારંવાર એવો સંકેત આપે છે કે, તેઓ આરક્ષણ પ્રણાલીની વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે, 'જો ભાજપ ફરીથી સત્તામાં આવશે તો તે અનામત પ્રણાલીને ખતમ કરી દેશે.' તેમણે આરોપ લગાવ્યો કે, 'ડૉ.બી.આર. આંબેડકર દ્વારા ઘડવામાં આવેલ બંધારણ માત્ર એક પુસ્તક નથી, પરંતુ તે લોકશાહીની અંતર આત્મા છે. વડાપ્રધાન મોદીએ છેલ્લા દસ વર્ષના તેમના શાસનમાં અનેક વિવાદાસ્પદ કાયદાઓ લાવીને બંધારણનું ઘણી વખત અપમાન કર્યું છે. જેમાં ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાનો સમાવેશ થાય છે, જેને તેમણે ખેડૂતોના આંદોલનને કારણે પાછા ખેંચી લીધા હતા. ભાજપ સરકાર ભલે બંધારણના કવર પેજમાં ફેરફાર ન કરે, પરંતુ તેઓ દરેક પગલે આરએસએસના એજન્ડાને અમલમાં મૂકવાની જોગવાઈઓ લાદવા માંગે છે.' ઉત્તમકુમાર રેડ્ડીએ મોદીના નિવેદન કે 'જો અગર કોંગ્રેસ પર આવશે તો એસસી, એસટી અને બીસી પાસેથી આરક્ષણ છીનવીને મુસ્લિમોને આપશે' આ નિવેદનથી લોકોને ગુમરાહ કરવા અંગે વડાપ્રધાન મોદીની ટીકા કરી હતી. તેમણે મોદીને એક પણ દાખલો સાબિત કરવાનો પડકાર ફેંક્યો હતો કે, જ્યાં એક સમુદાયના અનામત ક્વોટા દૂર કરીને મુસ્લિમો સહિત અન્ય સમુદાયને આપવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને બીજેપીના અન્ય નેતાઓ તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ૪% મુસ્લિમ અનામતને નિશાન બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, ૨૦૦૪-૦૫માં SCના ૧૫%, STના-૬% અને BCના ૨૫%ને સ્પર્શ્યા વિના ૪% ક્વોટા અન્ય સમુદાયોને અલગથી આપવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે, 'ભાજપ ૨૦ વર્ષ જૂના નિર્ણયને ચૂંટણીનો મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહી છે, તે હકીકત હોવા છતાં કે, સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ ૪% મુસ્લિમ ક્વોટા પર અંતિમ નિર્ણય લેશે.'

તેમણે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના દેશભરમાં જાતિ ગણતરી હાથ ધરવાના અને દરેક સમુદાયને સંસાધનો અને તકોમાં તેનો યોગ્ય હિસ્સો આપવાના વચનથી ડરતા હતા. તેમણે ટિપ્પણી કરી કે, 'મુસ્લિમો પાસેથી છીનવી લીધા પછી માત્ર ૪% ક્વોટા વહેંચવાનું વચન આપીને દલિતો, આદિવાસીઓ અને OBC સાથે છેતરપિંડી કરવાને બદલે, હું વડાપ્રધાન મોદીને પડકાર આપું છું કે, તેઓ બંધારણના અનુચ્છેદ ૧૬માં નિર્ધારિત તમામ સમુદાયો માટે તેમની વસ્તીના પ્રમાણમાં અનામતની જાહેરાત કરે.'

**ઉત્તમે KCR પર નિશાન સાધ્યું :-** તેમણે તેલંગાણામાં કોંગ્રેસ સરકાર વિશે જૂઠાણું ફેલાવવા માટે BRS વડા કે. ચંદ્રશેખર રાવની પણ નિંદા કરી હતી.

તેમણે કહ્યું કે, 'કે.સી.આર.એ તેમના સાડા નવ વર્ષના શાસનમાં લોકો માટે કંઈ કર્યું નથી, પરંતુ હવે તેઓ કોંગ્રેસ સરકારની કામગીરીનું મૂલ્યાંકન કરી રહ્યા છે, જેણે છ મહિના પણ પૂરા કર્યા નથી.'

તેમણે કહ્યું કે, 'જંગી દેવા અને બાકી બિલો સાથેનું નાદાર રાજ્ય હોવા છતાં કોંગ્રેસ સરકારે સત્તામાં આવ્યાના ૧૦૦ દિવસમાં છમાંથી પાંચ ગેરંટી પૂરી કરી હતી. ૯૦ દિવસથી ઓછા સમયમાં ૩૦,૦૦૦થી વધુ ખાલી જગ્યાઓ ભરવામાં આવી હતી.' તેમણે કહ્યું કે, લોકસભાની ચૂંટણી બાદ જનતાને આપેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે.




# કર્ણાટક : બજરંગ દળના સભ્યો દ્વારા મુસ્લિમ પશુ વેપારીને માર મારવામાં આવ્યો

### હિંદુત્વવાદી હુમલાખોરોએ પીડિતના વાહન પર હુમલો કર્યો અને અંદર ઢોર જોવા મળતા તેઓએ તેને નિર્દયતાથી માર મારતા તે લોહીલુહાણ થઈ ગયો હતો

(એજન્સી) તા. ૫

અન્ય એક તિરસ્કારની ઘટનામાં, કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં બાબલેશ્વર તાલુકામાં હિન્દુત્વ બજરંગ દળ સંગઠન સાથે સંકળાયેલા ગુંડાઓના જૂથ દ્વારા એક મુસ્લિમ પશુ વેપારીને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ, બંદે નવાઝ નામનો પીડિત બે બળદ, એક ભેંસનું વાછરડું અને એક ગાયને બાબલેશ્વરથી વિજયપુરા લઈ જઈ રહ્યો હતો ત્યારે સૌપ્રથમ હુમલાખોરોએ વાહનને અટકાવ્યું હતુ. હુમલાખોરો બજરંગ દળના નેતાઓ વીરેશ હિરેમઠ અને રાજુ બિરાદરાના સહયોગી હોવાનું જણાયું હતું. વાહનને અટકાવ્યા બાદ, હિંદુત્વવાદી હુમલાખોરોએ નવાઝના વાહન પર હુમલો કર્યો અને અંદર ઢોર જોવા મળતાં તેઓએ તેને નિર્દયતાથી માર માર્યો હતો, જેથી તે લોહીલુહાણ થઈ ગયો હતો. વાયરલ વીડિયોમાં પીડિતને જિલ્લા હોસ્પિટલમાં તબીબી સંભાળ લેતાં જોઈ શકાય છે. આ ઘટનાને પગલે લોકોમાં આક્રોશ ફેલાયો હતો, ઘણા લોકોએ આ જૂથને સખત સજા



આપવાની માંગ કરી હતી, તે ૧૫-૨૦ લોકોનું જૂથ હતું. વીડિયોમાં નવાઝ તેના શરીર પરના ગંભીર ઘા અને લોહીના ગઠ્ઠાના નિશાન બતાવતો જોવા મળે છે. આ દરમિયાન, આ હુમલા અંગે બાબલેશ્વર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો, અને પોલીસ અધિકારીઓ આ મામલાની તપાસ કરી રહ્યા છે.

# મોદી ૨૦૧૯ની સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે, મુસ્લિમોના ક્વોટા અંગે લોકોને ગેરમાર્ગે દોરે છે : સુપ્રિયા શ્રીનાતે

### શ્રીનાતે કહ્યું : 'મોદીએ રેવન્ના માટે વોટ માંગ્યા, જે કોઈ રાક્ષસથી ઓછો નથી, શું તે તેના દુષ્કર્મથી વાકેફ ન હતા ?'

(એજન્સી) તા.૫

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે દાવો કર્યો હતો કે, PM નરેન્દ્ર મોદી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે તેમની ૨૦૧૯ની સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે અને તેમણે તેમના પર મુસ્લિમોના ક્વોટા અંગે લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ પણ લગાવ્યો હતો. ભાજપ કહે છે કે કોંગ્રેસ તેની તુષ્ટિકરણની રાજનીતિના ભાગરૂપે SC, ST અને OBCનો કોટા છીનવીને મુસ્લિમોને આપવા માંગે છે. કોંગ્રેસના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વડા શ્રીનેતે દાવો કર્યો હતો કે પીએમ મોદીએ ૨૦૨૨માં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ગુજરાત અને મધ્યપ્રદેશમાં ભાજપની સરકારોએ પહેલાથી જ મુસ્લિમોને ઓબીસી તરીકે અનામત આપી દીધી છે. તેમણે સવાલ કર્યો કે, 'ભારતના વડાપ્રધાન તરીકે ૧૦ વર્ષ સુધી સેવા આપ્યા પછી, અમે વિચાર્યું કે તેઓ હવે લોકોનો સામનો કરશે અને તેમનું રિપોર્ટ કાર્ડ રજૂ કરશે અને તેમની સરકારની સિદ્ધિઓ પર મત માંગશે. તેના બદલે, તેઓ ૨૦૨૪માં ૨૦૧૪ની જ મતદાન સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે. તેઓ કોંગ્રેસ અને તેના નેતાઓ સિવાય અન્ય કોઈ બાબત વિશે વાત કરી રહ્યા નથી તો આ દસ વર્ષમાં આપણા પીએમ શું કરી રહ્યા હતા ? તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૪ની ચૂંટણી ૨૦૦૪નું પુનરાવર્તન થશે જ્યારે ભાજપનું



'ઈન્ડિયા શાઈનિંગ' અભિયાન નિષ્ફળ ગયું અને અટલ બિહારી વાજપેયી સરકારને સત્તામાંથી બહાર કરવામાં આવી. કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં મુસ્લિમોને આપવામાં આવી રહેલી આરક્ષણ વિશે મોદી જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. આ આરક્ષણ એચડી દેવગૌડા દ્વારા આપવામાં આવ્યું હતું જ્યારે તેઓ ૧૯૭૪માં કરવામાં આવેલા સર્વેના આધારે મુખ્યમંત્રી હતા અને આજે દેવેગૌડાની પાર્ટી જેડી(એસ) ભાજપની સાથી પાર્ટી છે. કોંગ્રેસ સરકારે આ અનામતનો અમલ કર્યો નથી. JD(S) નેતા પ્રજ્વલ રેવન્ના સામે બળાત્કાર અને અન્ય આરોપો પર, શ્રીનેતે દાવો કર્યો હતો કે આ મુદ્દા વિશે વાકેફ હોવા છતાં મોદીએ મૈસુરમાં તેમના માટે મત માંગ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો 'મોદીએ રેવન્ના માટે મત માંગ્યા હતા, જે એક રાક્ષસ કરતા ઓછા નથી. શું તેઓ તેમના દુષ્કૃત્યોથી વાકેફ ન હતા ? મોદી બધું જ જાણતા હતા કારણ કે સ્થાનિક ભાજપ નેતાઓએ રેવન્ના વિશે ભાજપના ટોચના નેતૃત્વને પહેલેથી જ ચેતવણી આપી હતી.' મુસ્લિમો વિશે બોલવાને બદલે વડાપ્રધાને અન્ય ત્રણ 'એમ' વિશે બોલવું જોઈએ, જેમ કે મહિલા (મહિલા), મહેંગાઈ (મોંઘવારી) અને મણિપુર હિંસા, કોંગ્રેસ નેતાએ કહ્યું. તેમણે આક્ષેપ કર્યો હતો 'મારા નેતા (રાહુલ ગાંધી) બે વાર મણિપુર ગયા અને શાંતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો, પરંતુ મોદીજીને મણિપુર જવાનો હજુ સમય મળ્યો નથી, જ્યાં હજુ પણ હિંસા થઈ રહી છે.' શ્રીનેતે દાવો કર્યો હતો કે,લોકો મૌન છે પરંતુ તેઓ ભાજપની વિરૂદ્ધ મત આપી રહ્યા છે કારણ કે, તેઓ જાણે છે કે તે ૪૦૦ લોકસભા બેઠકો મેળવ્યા પછી બંધારણમાં ફેરફાર કરશે અને અનામતનો અંત લાવશે. મોદી રેલીઓ દરમિયાન મુસ્લિમો, પાકિસ્તાન અને મુસ્લિમ લીગ વિશે બોલીને ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસે સુનિશ્ચિત કરશે કે ચૂંટણી લોકોના મુદ્દાઓ પર લડવામાં આવે, જેમ કે બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર, સંપત્તિની અસમાનતા અને વસ્તીના આધારે ભાગીદારી. મોદી પર પોતાની ઈમેજ બનાવવા માટે રૂા.૬૫૦૦ કરોડનો ખર્ચ કરવાનો આરોપ લગાવતા શ્રીનેતે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ગરીબો વધુ ગરીબ બન્યા છે જ્યારે શ્રીમંતોનો વિકાસ થયો છે. તેમણે આક્ષેપ કર્યો હતો હિંદુ ધર્મ અથવા ગાય વિશે વાત કરવી તે ભાજપને અનુકૂળ નથી કારણ કે પક્ષે ચૂંટણી બોન્ડ યોજના દ્વારા બીફ નિકાસકારો પાસેથી નાણાં લીધા છે.

# ૪ ટકા મુસ્લિમ ક્વોટાને સમર્થન આપવાનું ચાલુ રાખીશું : ભાજપના સાથી ચંદ્રબાબુ નાયડુ

### તેમણે ધર્માવરમમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'શરૂઆતથી અમે ૪ ટકા અનામતને સમર્થન આપીએ છીએ અને તે ચાલુ રહેશે'

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ રાજ્યમાં મુસ્લિમોને ૪ ટકા અનામત જાળવવાનું વચન આપ્યું હતું. તેમણે ધર્માવરમમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'શરૂઆતથી અમે ૪% અનામતને સમર્થન આપીએ છીએ અને તે ચાલુ રહેશે.' આ મુદ્દા પર ટીડીપી વડાનું વલણ પાર્ટીના સાથી પક્ષ સાથે તદ્દન વિપરીત છે, ભારતીય જનતા પાર્ટી (બીજેપી) મુસ્લિમોને અનામત આપવા સામે આક્રમક વલણ અપનાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, જ્યાં સુધી તેઓ જીવિત છે ત્યાં સુધી તેઓ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) માટેની અનામત ધર્મની આડમાં મુસ્લિમોને આપવામાં આવશે નહીં.' ભાજપે કોંગ્રેસ પર મુસ્લિમો માટે વારંવાર ધર્મ આધારિત આરક્ષણ દાખલ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે, જેમાં ૨૦૦૪-૨૦૧૪ની વચ્ચે ૨૭% OBC અનામતની અંદર મુસ્લિમો માટે ૪.૫% ક્વોટા પ્રદાન કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. ૨૦૨૪ની ચૂંટણી માટેના કોંગ્રેસ મેનિફેસ્ટોમાં જણાવાયું છે કે, પાર્ટી 'સુનિશ્ચિત કરશે કે લઘુમતીઓને ભેદભાવ વિના શિક્ષણ, આરોગ્ય સંભાળ, જાહેર રોજગાર, જાહેર કામના કરારો, કૌશલ્ય વિકાસ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તકોનો યોગ્ય હિસ્સો મળે.' ભાજપ દ્વારા આનું અર્થઘટન મુસ્લિમ આરક્ષણ માટેના દબાણ તરીકે કરવામાં આવ્યું છે. AIMIMના નેતા અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું છે કે, કેટલાક રાજ્યોમાં આપવામાં આવેલ મુસ્લિમ આરક્ષણ ધર્મ પર આધારિત નથી, પરંતુ મુસ્લિમ સમુદાયોના સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના પ્રયોગમૂલક અભ્યાસ પર આધારિત છે. તેમણે ભાજપ પર મુસ્લિમ આરક્ષણને ગેરબંધારણીય હોવા અંગે જૂઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે.

# આ કોઈ વાસ્તવિક મુદ્દાઓ નથી : દિગ્વિજય સિંહે મંગળસૂત્ર, માછલી અને મુસ્લિમો જેવા મુદ્દાઓ અંગે ભાજપની ટીકા કરી

## દિગ્વિજય સિંહને કોંગ્રેસ દ્વારા મધ્યપ્રદેશની રાજગઢ લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, તેમણે એમ પણ કહ્યું કે તેઓ ઈવીએમ પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાથી સંતુષ્ટ નથી

(એજન્સી) તા.૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે દાવો કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાજકીય ઈતિહાસ 'હિંદુ-મુસ્લિમ વિવાદ' પર આધારિત છે અને તેમણે આત્મા-શોધ કરવી જોઈએ કે તેનાથી કોને ફાયદો થઈ રહ્યો છે. તેમજ તેમણે મંગળસૂત્ર, માછલી અને મુસ્લિમો જેવા મુદ્દાઓ પર રાજનીતિ કરવા બદલ ભાજપની ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ કોઈ વાસ્તવિક મુદ્દાઓ નથી.

સિંહને કોંગ્રેસ દ્વારા મધ્ય પ્રદેશમાં રાજગઢ લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, તેમણે એમ પણ કહ્યું કે તેઓ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) અંગેના તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સંતુષ્ટ નથી.

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાને રાજગઢ સંસદીય મતવિસ્તાર હેઠળ આવતા રાઘોગઢ વિધાનસભા ક્ષેત્રના ગ્રામીણ વિસ્તારોમાં પ્રચાર કરતી વખતે પીટીઆઈ સાથે વાત કરતા કહ્યું કે, જો તમે મોદીજીના રાજકીય ઈતિહાસ પર નજર નાખો, તો તે હિંદુ-મુસ્લિમ વિવાદ પર આધારિત છે. તેનાથી કોને ફાયદો થઈ રહ્યો છે અને કોને કોને નુકસાન થઈ રહ્યું છે તે અંગે નરેન્દ્ર મોદી થોડી આત્મા-શોધ કરે તો સારૂં રહેશે. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં રાજગઢમાં ૭ મેના રોજ મતદાન થશે. સિંહે વાસ્તવિક મુદ્દાઓને બદલે જાતિ અને ધર્મના આધારે મત માંગવા માટે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે પૂછ્યું કે, ચૂંટણી ક્યાં વાસ્તવિક મુદ્દાઓના આધારે લડવામાં આવે છે ? વારસાઈ ટેક્સ જેવા મુદ્દાઓને લઈને ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. તેણે કોંગ્રેસ પર મુસ્લિમો માટે OBC ક્વોટા છીનવી લેવાની તેમજ ઘુસણખોરોમાં સંપત્તિનું પુનઃ વિતરણ કરવાની યોજનાનો આરોપ લગાવ્યો છે.

સિંહે ગુજરાતના વિકાસ મોડલ પર પણ પ્રહાર કરતા કહ્યું કે જો તમે ગુજરાતના માનવ વિકાસ સૂચકાંક (HDI) પર નજર નાખો, તો તમે જોશો કે તે દેશના ટોચના ૧૦ રાજ્યો) Iમાં પણ સ્થાન પામતું નથી. ભાજપના સૂત્ર 'અબ કી બાર, ૪૦૦ પાર' પર, સિંહે કહ્યું કે ભાજપ સંપૂર્ણ ચોકસાઈ સાથે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં જીતવાની સીટોની સંખ્યાની આગાહી કરવામાં સફળ રહી છે.

જો તમે ૨૦૧૪ અને ૨૦૧૯ પર નજર નાખો તો, તેઓએ જે પણ આંકડો આપ્યો, તેણે તેને પાર કર્યો. ૨૦૧૪માં, તેઓએ '૨૭૨ પાર'નો નારો આપ્યો અને ૨૮૪ બેઠકો જીતી. એ જ રીતે, ૨૦૧૯માં, તેઓએ '૩૦૦ પાર'નું સૂત્ર આપ્યું અને ૩૦૩ બેઠકો જીત્યા હતા. તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ માને છે કે ભાજપની ચૂંટણીમાં સફળતામાં ઈવીએમની ભૂમિકા હતી, સિંહે કહ્યું કે ઓછામાં ઓછું હું આ માનું છું. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ ઈવીએમ પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાથી સંતુષ્ટ નથી પરંતુ ચૂંટણી પછી આ વિશે વાત કરશે.

EVM સાથે છેડછાડની શંકાને નિરાધાર ગણાવતા, સુપ્રીમ કોર્ટે ૨૬ એપ્રિલે જૂની પેપર બેલેટ સિસ્ટમ પર પાછા ફરવાની માંગને ફગાવી દીધી હતી, અને કહ્યું હતું કે, મતદાન ઉપકરણો સુરક્ષિત છે અને બૂથ કેપ્ચરિંગ અને બોગસ મતદાન થતું નથી.

૨૦૧૯ની ચૂંટણીની સરખામણીમાં લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કામાં ઓછા મતદાન અંગે કોંગ્રેસના નેતાએ કહ્યું કે પ્રથમ તો, લોકોને શંકા છે કે શું તેમનો મત EVMમાં યોગ્ય રીતે નોંધાઈ રહ્યો છે. બીજું, લોકો પર મતદાન કરવા માટે ઘણું દબાણ છે અને તેથી જ તેમને મતદાન કરવામાં કોઈ રસ નથી. ત્રીજું પરિબળ પ્રવર્તમાન હીટવેવ હોઈ શકે છે.

ભોપાલ લોકસભા બેઠક પરથી ભાજપની પ્રજ્ઞા સિંહ ઠાકુર સામે હારેલા સિંહે દાવો કર્યો હતો કે, આ વખતે ચૂંટણીને લઈને મતદારોમાં સામાન્ય ઉત્સાહનો અભાવ છે.

આ વખતે સિંહનો મુકાબલો ભાજપના સાંસદ રોડમલ નગર સામે છે. નાગર ૨૦૧૪થી રાજગઢ સીટ ધરાવે છે. સિંઘે ૧૯૮૪ અને ૧૯૯૧માં આ બેઠક જીતી હતી. તેમના નાના ભાઈ લક્ષ્મણ સિંહે ચાર વખત કોંગ્રેસના ઉમેદવાર તરીકે અને એક વખત ભાજપના ઉમેદવાર તરીકે મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૨૦૦૯માં, સિંહના આશ્રિત નારાયણ સિંહ અમલાબે રાજગઢથી ચૂંટાયા હતા. રાજગઢ મતવિસ્તારમાં ૧૮,૬૯,૯૩૭ મતદારો છે, જેમાં ૯,૬૦,૫૦૫ પુરૂષો, ૯,૦૯,૪૦૯ મહિલાઓ છે.

# 'ગુજરાતમાં ૭૦ મુસ્લિમ ઓબીસી જૂથોને મોદીએ તેમના મુખ્યમંત્રી કાળ દરમિયાન અનામત આપી છે : મોદીના બેવડાં ધોરણો અને નિવેદનો ભાજપ માટે બૂમરેંગ બની ગયા છે

(એજન્સી) તા.૫

૯ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ગુજરાતમાં મુસ્લિમોમાં ૭૦ જૂથો છે, જેઓ ઓબીસી છે. જ્યારે હું ગુજરાતમાં હતો ત્યારે તેમને OBC કેટેગરીમાં લાભ મળતો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનમાં દ્વેષપૂર્ણ ભાષણ કર્યું હતું. તેમણે લોકોને કહ્યું કે તેમના "મંગલસૂત્ર" અને "બાજરીના ડબ્બામાં છુપાયેલા" સંસાધનો કોંગ્રેસ છીનવી લેશે અને તે 'મુસલમાન' અથવા 'જેઓને વધુ બાળકો છે' અને જેઓ 'ઘૂસણખોર' છે તેમને 'પુનઃવિતરિત' કરવામાં આવશે.

હવે ભાજપ આરક્ષણને રદ કરવા '૪૦૦ બેઠકો' ઈચ્છે છે, એવી છાપ પડતાં જ પાર્ટીએ આ સૂત્રનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું છે અને તેના ઘણા નેતાઓએ બંધારણ બદલવાની માંગ કરી હતી. છે. મોદીના ભાષણોએ પણ કોંગ્રેસના મેનિફેસ્ટો વિશે અલગ પ્રકારની ખોટી માહિતી ફેલાવી છે. તેઓ અને ભાજપના અન્ય ટોચના નેતાઓ સત્તાવાર રીતે કહી રહ્યા છે કે કોંગ્રેસ SC/ST/OBC માંથી અનામત છીનવીને મુસ્લિમોને આપવા માંગે છે.

પરંતુ ત્રણ પાસાઓ એવા છે કે જે મુસ્લિમો પર આરક્ષણની વાત ભાજપ માટે બૂમરેંગ સાબિત થઈ રહી છે. સૌપ્રથમ તો મોદી પોતે પછાત મુસ્લિમોને અનામત આપવાનો શ્રેય લેવા ઉત્સુક છે. બે વર્ષ પહેલા એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે : ગુજરાતમાં મુસ્લિમોમાં ૭૦ જૂથો છે, જેઓ ઓબીસી છે. જ્યારે હું ગુજરાતમાં હતો ત્યારે તેમને OBC કેટેગરીમાં લાભ મળતો હતો.

બીજું, એનડીએમાં તેમના પોતાના સાથી, જેડી(એસ)ના એચ.ડી. દેવેગૌડા કર્ણાટકના મુખ્યમંત્રી હતા ત્યારે મુસ્લિમ પછાત લોકોને અનામતનો લાભ મળે તે સુનિશ્ચિત કરવાનો શ્રેય દાવો કરી રહ્યા હતા, અને મોદીને મુસ્લિમ તરફી અને હિન્દુ વિરોધી દર્શાવીને કર્ણાટકની કોંગ્રેસ સરકારને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

જ્યારે ભાજપના બસવરાજ બોમાઈ રાજ્યના મુખ્યપ્રધાન હતા, ત્યારે તેમણે પછાત મુસ્લિમો માટેના અનામતના લાભો રદ કર્યા હતા. ૨૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, કર્ણાટકના મુખ્ય પ્રધાન બોમાઈના વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર 'અન્ય પછાત જાતિઓ'ની 2B શ્રેણીમાં મુસ્લિમો માટે ૪% અનામત રદ કરવાના તેના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ન થાય ત્યાં સુધી અમલ કરશે નહીં.

આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં ભાજપના સાથી, તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના પ્રમુખ એન. ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશમાં OBC શ્રેણી હેઠળના મુસ્લિમોને ૪% અનામત જાળવી રખવાનું વચન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, મુસ્લિમોના હિતોનું રક્ષણ તેમના માટે કલ્યાણકારી યોજનાઓને પુનર્જીવિત કરવામાં આવશે.

ત્રીજું, 'પસમાંદા' મુસ્લિમોને આગળ વધારવા માટે મોદી વાત કરી રહ્યા હતા. તે બિહાર જેવા રાજ્યોમાં મહત્વપૂર્ણ હતી. પરંતુ, હવે, મુસ્લિમ પછાત માટે આરક્ષણના વિચાર પર મોદી દ્વારા વ્યક્તિગત કરવામાં આવેલા વિચારોથી તેમની ભાજપથી વિમુખતા વધુ વધી છે.

# 'ગુજરાતમાં OBC ક્વોટા' : કર્ણાટકના કોંગ્રેસના નેતાએ મુસ્લિમ આરક્ષણ અંગે મોદીના વિરોધાભાસી વલણની ઝાટકણી કાઢી

(એજન્સી) તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એક વીડિયોમાં ગુજરાતમાં મુસ્લિમોને આપવામાં આવેલી અનામત વિશે તેઓને વાત કરતા જોઈ શકાય છે. કર્ણાટકના કોંગ્રેસના નેતા બી કે હરિપ્રસાદે લખ્યું છે કેઃ નરેન્દ્ર મોદી, જેઓ કર્ણાટકના OBC, SC, ST સમુદાયોના આરક્ષણ માટે આજે આંસુ વહાવી રહ્યા છે. તેઓ સત્ય ભૂલી ગયા છે કે તેઓએ એક મીડિયા ઈન્ટરવ્યુમાં ગુજરાતમાં મુસ્લિમ સમુદાયોને અનામત આપવા વિશે શ્રેય લીધો હતો. કર્ણાટક કોંગ્રેસના નેતા બી કે હરિપ્રસાદે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર દંભ અને નફરતની રાજનીતિનો આરોપ મૂકતાં કહ્યું હતું કે નરેન્દ્ર મોદી એવા રાજ્યના ત્રણ વખત મુખ્યમંત્રી હતા જ્યાં મુસ્લિમોને ઓબીસી અનામત મળી હતી, પરંતુ હવે તેઓ અલગ વલણ અપનાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયોમાં ગુજરાતમાં મુસ્લિમોને આપવામાં આવેલી અનામત વિશે તેઓને વાત કરતા જોઈ શકાય છે. કર્ણાટકના કોંગ્રેસના નેતા બી કે હરિપ્રસાદે લખ્યું છે કેઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયોમાં ગુજરાતમાં મુસ્લિમોને આપવામાં આવેલી અનામત વિશે તેઓને વાત કરતા જોઈ શકાય છે. કર્ણાટકના કોંગ્રેસના નેતા બી કે હરિપ્રસાદે લખ્યું છે કેઃ નરેન્દ્ર મોદી, જેઓ કર્ણાટકના OBC, SC, ST સમુદાયોના આરક્ષણ માટે આજે આંસુ વહાવી રહ્યા છે. તેઓ સત્ય ભૂલી ગયા છે કે તેઓએ એક મીડિયા ઈન્ટરવ્યુમાં ગુજરાતમાં મુસ્લિમ સમુદાયોને અનામત આપવા વિશે શ્રેય લીધો હતો.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં મુસ્લિમ સમાજની ૭૦ પેટાજ્ઞાતિઓને ઓબીસી અનામત મળી રહી હોવા છતાં, શું ત્રણ વખતના ગુજરતના મુખ્ય પ્રધાનપદ રહેલા મોદીએ તે દરમિયાન તેની નોંધ લીધી ન હતી ? જો મુસ્લિમ સમુદાયને અનામત આપવી એ પાપ છે, તો તમારું પાપ કેટલું વધુ છે ? હરિપ્રસાદે મોદી પર જાહેર ક્ષેત્રના ખાનગીકરણનો છુપો એજન્ડા લાગુ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ કરવાનો અને અનામત નાબૂદ કરવાનો તમારો છુપો એજન્ડા દેશની જનતા સમક્ષ સામે આવી રહ્યો છે. ભાજપ અનામત વિરોધી માનસિકતાનો ઈતિહાસ કોઈ ભૂલ્યો નથી, જેણે મંડલ કમિશન સામે વિવાદ ઊભો કર્યો હતો. સૌપ્રથમ અનામત વિશે બોલવાનું બંધ કરો, અનામત એ કોઈ સરકારી કાર્યક્રમ નથી, તે દલિત સમુદાયોનો અધિકાર છે. કોંગ્રેસ પાર્ટીએ બાબા સાહેબે આપેલા અધિકારનું જતન કર્યું છે અને કોઈપણ ભોગે તેનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે. આ દંભ બંધ કરો. વોટ માટે તમે નફરતની રાજનીતિ કરી રહ્યા છો.

# પ્રજ્વલ રેવન્ના 'સેક્સ વીડિયો' : SITએ હેલ્પલાઈન નંબર શરૂ કર્યો, ઈન્ટરપોલની મદદ લીધી | ૧૦ મુદ્દા

## કર્ણાટકના ગૃહપ્રધાન ડૉ.જી. પરમેશ્વરાએ જણાવ્યું હતું કે, પ્રજ્વલ રેવન્નાને શોધવા માટે બ્લુ કોર્નર નોટિસ જારી કરવામાં આવી છે

(એજન્સી) તા.૫

કર્ણાટકની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT), જે JDS નેતા પ્રજ્વલ રેવન્ના સામે જાતીય શોષણના આરોપોની તપાસ કરી રહી છે, તેણે હાસન સાંસદ દ્વારા કથિત રીતે કરવામાં આવેલા જાતીય અપરાધોની જાણ કરવા માટે મહિલાઓ માટે હેલ્પલાઈન નંબર (૬૩૬૦-૯૩૮૯૪૭) જારી કર્યો છે. સત્તાવાળાઓએ આજે રાજકારણી વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ જારી કરી છે, જે રાજ્યમાં તેના દર્શાવતા સેંકડો કથિત સેક્સ વીડિયો બહાર આવ્યા બાદ કથિત રીતે જર્મની ભાગી ગયો હતો.

**પ્રજ્વલ રેવન્નાના સેક્સ સ્કેન્ડલ પર અહીં ૧૦ અપડેટ્સ છે :-**

૧. પ્રજ્વલ રેવન્નાના પિતા, JDS નેતા એચ.ડી. રેવન્ના, જેમને SIT અધિકારીઓ દ્વારા અપહરણના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, તેમને આજે તબીબી તપાસ માટે બોરિંગ અને લેડી કર્ઝન હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમણે પત્રકારોને કહ્યું કે, તેને રાજકીય ષડયંત્રમાં ફસાવવામાં આવી રહ્યો છે. 'મારી વિરુદ્ધ રાજકીય ષડ્યંત્ર ચાલી રહ્યું છે. મારા ૪૦ વર્ષના રાજકીય જીવનમાં મેં આવું ક્યારેય જોયું નથી.'

૨. કર્ણાટકના ગૃહપ્રધાન ડૉ.જી. પરમેશ્વરાએ આજે પ્રજ્વલ રેવન્નાને શોધવા માટે બ્લુ કોર્નર નોટિસ જારી કરી છે. તેમણે કહ્યું કે, અધિકારીઓએ હાસન સાંસદને શોધવા માટે ઈન્ટરપોલની મદદ માંગી છે. આંતરરાષ્ટ્રીય પોલીસ સહકાર સંસ્થા દ્વારા તેના સભ્ય દેશો પાસેથી વ્યક્તિની ઓળખ, સ્થાન અથવા ગુનાના સંબંધમાં પ્રવૃત્તિઓ વિશે વધારાની માહિતી એકત્રિત કરવા માટે બ્લુ કોર્નર નોટિસ જારી કરવામાં આવે છે.

૩. જી. પરમેશ્વરાએ કહ્યું કે, ઈન્ટરપોલ તમામ દેશોને જાણ કરશે અને તેને શોધી કાઢશે.

૪. પ્રજ્વલ રેવન્ના પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર છે. પ્રજ્વલના પિતા એચ.ડી. રેવન્ના છેડતી અને અપહરણના આરોપોનો સામનો કરી રહ્યા છે. શનિવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

૫. દરમિયાન, કર્ણાટકના વિપક્ષના નેતા અને ભારતીય જનતા પાર્ટીના નેતા આર અશોકાએ કહ્યું કે, પ્રજ્વલ રેવન્ના હાસન મતવિસ્તારમાંથી ચૂંટણી જીતે તો પણ તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ભાજપ જનતા દળ સેક્યુલરનો સહયોગી છે. તેમણે કહ્યું કે, પાર્ટી તેમને ગેરલાયક ઠેરવવાનો પ્રસ્તાવ મૂકશે. 'તેમણે ઉમેર્યું કે, ૧૦૦ ટકા અમે તેમને અયોગ્ય ઠેરવવાનો પ્રસ્તાવ આપીશું, અમે તેમની (પ્રજ્વલ રેવન્ના) વિરુદ્ધ કાર્યવાહી કરીશું, જેડીએસ તેમને પહેલાથી જ સસ્પેન્ડ કરી ચૂકી છે, અમે કાયદાકીય રીતે તપાસ કરીશું કે તેઓ NDA ગઠબંધનમાં રહેશે કે નહીં.'

૬. ગઠબંધનના ભાવિ પર આર. અશોકાએ કહ્યું કે, કેન્દ્રીય નેતૃત્વ તેના ચાલુ રાખવા અંગે નિર્ણય લેશે. 'જ્યાં સુધી ગઠબંધનની વાત છે, અમારૂં કેન્દ્રીય નેતૃત્વ લોકસભાની ચૂંટણી પછી નક્કી કરશે કે આપણે જેડીએસ સાથે રહેવું જોઈએ કે નહીં.'

૭. ભાજપ નેતાએ જો કે, દાવો કર્યો કે પ્રજ્વલ રેવન્ના કર્ણાટકની ગુપ્તચર નિષ્ફળતાને કારણે ભાગી ગયો. 'જો કર્ણાટકની બુદ્ધિ અકબંધ હોત તો તેઓએ તેને છોડ્યો ન હોત, આ કોની ભૂલ છે, રાજ્ય સરકાર હોવાને કારણે તમે તેને છોડવાથી રોકવા માટે પત્ર લખ્યો હોત.'

૮. બીજેપી નેતા શોભા કરંદલાજેએ કહ્યું કે, તેમની પાર્ટી મહિલાઓ વિરુદ્ધના ગુનાઓને સહન કરશે નહીં. 'એસઆઈટીની રચના કરવામાં આવી છે. તેની (એચ.ડી. રેવન્ના) ધરપકડ કરવામાં આવી છે. કેસ કોર્ટમાં જશે. કાયદો અને વ્યવસ્થા એ રાજ્યનો મુદ્દો છે. કાયદો તેનો માર્ગ લેશે. કેસ આગળ વધશે કારણ કે અમે સ્ત્રીઓ સામે કોઈ ગુનો સહન કરીશું નહીં.'

૯. પ્રજ્વલ રેવન્ના પર IPCની કલમ ૩૫૪-એ, ૩૫૪-ડી, ૫૦૬ અને ૫૦૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો જે જાતીય સતામણી, ધાકધમકી અને મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવા જેવા ગુનાઓ માટે લાગુ પડે છે.

૧૦. તેના ઠેકાણા શોધવા માટે બે લૂકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગયા મહિને કહ્યું હતું કે, ભાજપ મહિલા શક્તિ સાથે ઊભી છે. તેમણે કોંગ્રેસ પાસે એ વાતનો પણ ખુલાસો માંગ્યો હતો કે, તેઓએ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ શા માટે પગલાં લીધા નથી જ્યારે તેઓને વીડિયોની જાણ હતી.

# પ્રજ્વલ જાતિય શોષણ કેસ : કર્ણાટક સરકાર પીડિતોને આર્થિક સહાય આપશે

## SITએ પ્રજ્વલ રેવન્ના સામે બ્લુ કોર્નર નોટિસ જારી કરવા CBIનો સંપર્ક કર્યો

(એજન્સી) તા.૫

કોંગ્રેસ નેતા રણદીપસિંહ સુરજેવાલાએ કહ્યું કે, કર્ણાટક રાજ્ય સરકાર જનતા દળ (સેક્યુલર) નેતા પ્રજ્વલ રેવન્ના દ્વારા કથિત રીતે જાતીય શોષણનો ભોગ બનેલા સેંકડો પીડિતોને નાણાકીય સહાય પૂરી પાડશે. પત્રકારોને સંબોધતા સુરજેવાલાએ કહ્યું કે, નાણાકીય સહાયની જાહેરાત કરવામાં આવી છે કારણ કે, ૭૫ વર્ષમાં આવી ઘટના ક્યારેય બની નથી. સુરજેવાલાએ કહ્યું, 'મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બળાત્કાર પીડિતોને નાણાકીય સહાયની જાહેરાત કરી છે જેઓ સેંકડોની સંખ્યામાં છે, કારણ કે, આ એક અનોખો કેસ છે જે છેલ્લા ૭૫ વર્ષમાં ક્યારેય બન્યો નથી.' હાસન લોકસભા મતવિસ્તારના JD(S)-BJP ગઠબંધનના ઉમેદવાર પ્રજ્વલ પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર અને પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામીના ભત્રીજા છે. સેંકડો સ્પષ્ટ વીડિયો કથિત રીતે ખુલ્લામાં આવ્યા બાદ તે બળાત્કાર અને છેડતીના કેસમાં વોન્ટેડ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પર તેમના સહયોગી જેડી(એસ) ઉમેદવારને બચાવવાનો આરોપ સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર મૂક્યો હતો, જે 'સામૂહિક બળાત્કારી' છે. 'સુરજેવાલાએ પૂછ્યું કે પ્રજ્વલ વિશે માહિતી હોવા છતાં ભાજપે JD(S) સાથે ગઠબંધન કેમ કર્યું ?' તેમણે એ પણ જાણવાની માંગ કરી હતી કે, વિદેશ મંત્રાલયે પ્રજ્વલને વિદેશ ભાગી જતા કેમ ન રોક્યા. સુરજેવાલાએ પ્રશ્ન કર્યો હતો, 'પીએમએ શા માટે પ્રજ્વલનો રાજદ્વારી પાસપોર્ટ રદ ન કર્યો અને શા માટે તેને પરત લાવવા માટે ઈન્ટરપોલ દ્વારા કોઈ બ્લુ કોર્નર નોટિસ જારી કરવામાં આવી ન હતી ? અગાઉ કર્ણાટકના ગૃહપ્રધાન જી. પરમેશ્વરાએ જણાવ્યું હતું કે, 'પ્રજ્વલ રેવન્નાને પકડવા માટે બ્લુ-કોર્નર નોટિસ જારી કરવામાં આવી છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ તેને જ્યાં પણ હશે ત્યાં શોધી કાઢશે અને તે પછી જે જરૂરી હશે તે કાર્યવાહી SIT તેને અહીં લાવવા માટે કરશે.' મુખ્યપ્રધાન સાથેની બેઠકમાં SITએ સિદ્ધારમૈયાને જાણ કરી હતી કે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન પ્રજ્વલ રેવન્ના સામે બ્લુ કોર્નર નોટિસ જારી કરે તેવી શક્યતા છે. SITએ પ્રજ્વલ રેવન્ના સામે બ્લુ કોર્નર નોટિસની માગણી કરીને ભારતમાં ઈન્ટરપોલની બાબતોની નોડલ સંસ્થા સીબીઆઈને વિનંતી મોકલી છે. સત્તાવાર સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું કે, 'એકવાર સીબીઆઈએ આ નોટિસ જારી કર્યા પછી એસઆઈટીને પ્રજ્વલ રેવન્નાના ઠેકાણા વિશે માહિતી મેળવવાની આશા છે.'

# IAS ઓફિસર રૂકમણી રિયાર, જે ધોરણ-૬માં નાપાસ થયા, કોચિંગ વિના પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) તા.૬

IAS રૂકમણી રિયારની વાર્તા દરેકને આશા આપે છે કે, વિરોધ પક્ષના સભ્યો દ્વારા પણ અમલદારોની નિમણૂક કરી શકાય છે. રૂકમણી રિયારે પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી અને બીજો ક્રમ મેળવ્યો. રૂકમણી રિયાર શૈક્ષણિક રીતે તેજસ્વી વિદ્યાર્થી ન હતા, જે તેમની વાર્તાને અનન્ય બનાવે છે. તે છઠ્ઠા ધોરણની પરીક્ષા પણ પાસ કરી શકી ન હતી. ગુરદાસપુરમાં તેમનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી રૂકમણીને સેક્રેડ હાર્ટ સ્કૂલ, ડેલહાઉસીમાં ધો.૪માં દાખલ કરવામાં આવી. રિયારે ગુરૂ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસરમાંથી સામાજિક વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી. તેમણે મુંબઈની ટાટા ઈન્સ્ટિટ્યૂટમાંથી સામાજિક વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી સાથે સ્નાતક થયા. તેણીની માસ્ટર ડિગ્રી પછી રૂકમણીએ મૈસુરમાં અશોદા અને મુંબઈમાં અન્નપૂર્ણા મહિલા મંડળ જેવી એનજીઓમાં ઈન્ટર્ન કર્યું. સિવિલ સર્વિસીસમાં રસ ધરાવતા રૂકમણીએ ત્યાંના સમય દરમિયાન યુપીએસસીની પરીક્ષા આપવાનું પસંદ કર્યું. ૨૦૧૧માં રૂકમણી રિયારે તેમના પ્રથમ પ્રયાસમાં UPSC ક્લિયર કર્યા પછી ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) ૨ હાંસલ કર્યો. તદુપરાંત રિયારે કોઈપણ કોચિંગ વિના UPSC પાસ કર્યું.

# CBSE ધો.૧૦માં મૂળભૂત ગણિત ધરાવતાં વિદ્યાર્થીઓને ધો.૧૧માં વિષય લેવાની મંજૂરી આપે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

વિદ્યાર્થીઓ માટે ગણિતને સરળ બનાવવા માટે CBSE વિદ્યાર્થીઓને ધો.૧૦માં મૂળભૂત અને ધોરણ ગણિત વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ આપે છે. મૂળભૂત ગણિત તે વિદ્યાર્થીઓ માટે છે જેઓ ધો.૧૧ અને ૧૨માં આ વિષય પસંદ કરવા માંગતા નથી. CBSEએ તાજેતરમાં ધો.૧૧ના વિદ્યાર્થીઓ માટે નવી નીતિ રજૂ કરી છે. CBSE દ્વારા બહાર પાડવામાં આવેલી નવીનતમ સૂચના અનુસાર જે વિદ્યાર્થીઓએ ધો.૧૦માં મૂળભૂત ગણિતનો અભ્યાસ કર્યો છે તેમને હવે ધો.૧૧માં યોગ્ય વિષય તરીકે અભ્યાસક્રમ લેવાની મંજૂરી આપવામાં આવશે. નીતિઓએ મંજૂરી આપી હતી કે, જે વિદ્યાર્થીઓએ ધો.૧૦માં મૂળભૂત ગણિત લીધું હતું તેઓને આ વિષય આગળના વર્ગમાં લેવાની મંજૂરી ન હતી અને તેઓ ફક્ત લાગુ ગણિત પસંદ કરી શકે છે. બોર્ડે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, 'સત્ર ૨૦૨૪-૨૦૨૫ માટે પણ NEPને કારણે ઘણા ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી છે, તેથી વિગતવાર ચર્ચા કર્યા પછી બોર્ડ દ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમમાં છૂટછાટ ફક્ત શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે જ ચાલુ રહેશે. આમ, જે વિદ્યાર્થીઓએ ગણિતની મૂળભૂત (૨૪૧) ઓફર કરી હતી તેમને પણ X1 ધોરણમાં ગણિત (૦૪૧) ઓફર કરવાની મંજૂરી આપવામાં આવી છે. સૂચનાને ધ્યાનમાં લીધા વિના શાળા પાસે સંપૂર્ણ વિવેકબુદ્ધિ છે અને તેઓએ એ સુનિશ્ચિત કરવું પડશે કે વિદ્યાર્થીઓ વરિષ્ઠ વર્ગોમાં ગણિત લેવા માટે યોગ્ય યોગ્યતા અને ક્ષમતા ધરાવે છે. જો તેમને લાગે કે વિદ્યાર્થીઓમાં યોગ્યતાનો અભાવ છે તો તેઓ તેમને વિષય લેતા અટકાવી શકે છે. નોટિફિકેશન આગળ જણાવે છે કે, આવા વિદ્યાર્થીઓને ગણિતનું ધોરણ (૦૪૧) ભણવાની મંજૂરી આપતાં પહેલાં સંસ્થા/શાળાના વડાએ સંતુષ્ટ થવું જોઈએ કે વિદ્યાર્થી પાસે ધો.૧૧માં ગણિતનું ધોરણ (૦૪૧) મેળવવા માટે યોગ્ય યોગ્યતા છે. CBSEએ સત્તાવાર રીતે જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓ ઉમેદવારોની યાદી (LOC)માંથી જે પણ વિષય પસંદ કરે છે, તેમને પછીથી કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પરિણામે વિદ્યાર્થીઓએ યોગ્ય નિર્ણય લેતા પહેલા તેમના વિકલ્પો કાળજીપૂર્વક પસંદ કરવાની જરૂર છે.

# કર્ણાટક ભાજપના ઓનલાઈન વીડિયોમાં 'મુસલમાનોને રાક્ષસ ચીતરીને' આક્રોશ ફેલાવવામાં આવી રહ્યો છે

## રવિવારે કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો કે, વીડિયોએ ચૂંટણી સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે

(એજન્સી) તા.૫

શનિવારે ભારતીય જનતા પાર્ટીના કર્ણાટક એકમ દ્વારા એક સોશિયલ મીડિયા પોસ્ટે ઓનલાઈન આક્રોશ જગાવ્યો હતો, ટીકાકારોએ તેના પર 'મુસલમાનોને રાક્ષસી' ચીતરવા બદલ ટીકાઓ કરી હતી. એનિમેટેડ વિડિયોમાં કેપ્શન આપવામાં આવ્યું છે, "સાવધાન... સાવધાન... સાવધાન..!" કન્નડમાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાના વ્યંગચિત્રોમાં, 'SC ચઅનુસૂચિત જાતિ, ST ચઅનુસૂચિત જનજાતિ અને OBC (અન્ય પછાત વર્ગો) તરીકે ચિહ્નિત ત્રણ ઈંડાની સાથે માળામાં 'મુસ્લિમ' લખેલું ઈંડું મૂક્યું હતું. વિડિયોમાં બતાવવામાં આવ્યું હતું કે, ગાંધી માત્ર, સ્કુલકેપ પહેરેલા પક્ષીને જ 'ફંડ' ખવડાવે છે, તે 'મુસ્લિમ' ઈંડામાંથી બહાર નીકળે છે. બહાર નીકળેલું પક્ષી, અન્ય ત્રણ ઈંડામાંથી બહાર આવેલા ફ્લેજિંગ્સને દૂર ધકેલે છે, ત્યારબાદ હાસ્ય આવે છે. લોકસભા ચૂંટણી પ્રચારના ભાગ રૂપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરવામાં આવેલ વિડિયોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપક ટીકાઓ શરૂ કરી હતી. અભિનેતા પ્રકાશ રાજે ભાજપની પોસ્ટને બેશરમ ગણાવી હતી. રાજે કહ્યું કે, "આપણાં દેશમાં કર્ણાટકની પ્રજા, સમાવેશ અને શાંતિપ્રેમી છે અને હિંદુત્વ પક્ષ જ તમારા ઘૃણાસ્પદ.. નફરતની સાંપ્રદાયિક રાજનીતિ ફેલાવવા બદલ યોગ્ય પાઠ શીખવશે." ભારતીય મૂળના બ્રિટિશ શૈક્ષણિક પ્રોફેસર નિતાશા કૌલે X પર લખ્યું હતું કે, આ વિડિયો ૧૯૩૦ના દાયકાનું જર્મની-શૈલીનું કાર્ટૂન હતું, જે સમયગાળા દરમિયાન નાઝી જર્મની દ્વારા કરવામાં આવેલા પ્રચારનો ઉલ્લેખ કરે છે. વેસ્ટમિન્સ્ટર યુનિવર્સિટીના રાજકારણના પ્રોફેસરે જણાવ્યું હતું કે, આ પણ ચૂંટણીના આચાર નિયમોના ઘણા ઉલ્લંઘનોમાંથી એક છે. તેમણે ઉમેર્યું, "આ શરમજનક છે." આદર્શ આચાર સંહિતા એ રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર દરમિયાન અનુસરવા માટે ચૂંટણી પેનલ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાઓનો સમૂહ છે. તે અન્ય વસ્તુઓની સાથે, ભાષણ માટે રક્ષણ સુયોજિત કરે છે. વિશ્લેષક અને રાજકીય વિવેચક સુમંથ રમને તેવી જ રીતે ભાજપની પોસ્ટને શરમજનક ગણાવી હતી. તેમણે X પર લખ્યું કે, "જો આ ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન નથી, તો કોડને જ રદ કરવાની જરૂર છે." આ પોસ્ટની વિપક્ષ તરફથી પણ ટીકા થઈ હતી. રવિવારે કોંગ્રેસે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, હિંદુત્વ પાર્ટીના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી વિભાગના પ્રભારી અમિત માલવિયા અને બીજેપીના



રાજ્ય એકમના વડા બીવાય વિજયેન્દ્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, ભાજપ દ્વારા રજૂ કરાયેલા વીડિયોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત સભ્યોને ડરાવવામાં આવ્યા છે. આદિવાસીઓ સમુદાયો સામે દુશ્મનાવટ, દ્વેષ અને અણગમાની લાગણી પેદા કરવાના હેતુથી કોઈ ચોક્કસ ઉમેદવારને મત ન આપે તે માટે આ વિડીયો બનાવાયો છે. તે એવો પણ આક્ષેપ કરે છે કે, ભાજપની વિડિયોએ કોંગ્રેસને ચોક્કસ ધર્મની તરફેણ કરતી અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના સભ્યોને દબાવીને દર્શાવીને ચૂંટણી સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે શનિવારે કહ્યું હતું કે, "શાસક ભાજપ દ્વારા લઘુમતીઓનું નિર્દોષ રાક્ષસીકરણ અસ્વીકાર્ય છે. આ ચૂંટણી કમિશને, તેની જવાબદારી પ્રત્યે જાગૃત થવું જોઈએ અને ભાજપની વિભાજનકારી રણનીતિઓને સંબોધિત કરવી જોઈએ." તમિલનાડુના સાંસદે સોશિયલ મીડિયા પર કહ્યું. "વિભાજન નહીં, એકતા એ સમૃદ્ધ લોકશાહીનું લક્ષ્ય હોવું જોઈએ." તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાકેત ગોખલેએ કહ્યું કે, પોલ પેનલે "ક્યારેય નીચું બિંદુ જોયું નથી." ગોખલેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, "તેને એક ક્રૂર મજાકમાં ઘટાડી દેવામાં આવ્યું છે જે દાયકાઓથી બનેલી નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયાના સંપૂર્ણ વિનાશની દેખરેખ અને પ્રોત્સાહન આપી રહ્યું છે. શરમ એ અલ્પોક્તિ છે. આ ચૂંટણીમાં સત્તાવાર રીતે ભાજપ કે મોદી માટે હવે કોઈ નિયમો બચ્યા નથી." તેમણે ઉમેર્યું, "હવે આપણે કોઈ એવો દેશ નથી રહ્યા કે જે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ પર ગર્વ કરી શકે." કોંગ્રેસના નેતા અને ટીકાકાર સલમાન અનીસ સોઝે જણાવ્યું હતું કે, "ભાજપની મુસ્લિમો પ્રત્યેની નફરત ક્યારેય વધુ સ્પષ્ટ નથી. આ બધું પીએમ નરેન્દ્ર મોદીથી શરૂ થયું છે." તાજેતરના અઠવાડિયામાં વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓનો ઉલ્લેખ કરીને સોઝે લખ્યું કે, "ચૂંટણી પંચનું ગુનાહિત મૌન આપણા લઘુમતીઓના બીજા વર્ગના દરજ્જાને ઔપચારિક બનાવી રહ્યું છે. હું તમામ ભારતીયોને અપીલ કરું છું કે, ભાજપને આ દેશદ્રોહી વર્તન માટે પાઠ શીખવે!"

# કર્ણાટક ભાજપના 'કોમવાદી' એનિમેશન બાબતે ચૂંટણી પંચના આંખ મિચામણાં તેને સવાલોના ઘેરામાં લાવી મૂકે છે

## આ રિપોર્ટ ફાઈલ કરતી વખતે વાંધાજનક એનિમેશનને ૫૬ લાખ લોકોએ જોયું હતું, ૧૦,૦૦૦થી વધુ વખત રિટ્વીટ કર્યું હતું અને ૧૫,૦૦૦થી વધુ યુઝર્સ દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૫

શનિવારે @BJPKarnataka નામના સત્તાવાર હેન્ડલ ઠ પર સાંપ્રદાયિક અભિવ્યક્તિઓ સાથે અપમાનજનક અને ભ્રામક પોસ્ટ શેર કરી હતી. ભારતીય ચૂંટણી પંચ (ECI) શનિવારે જ પોસ્ટની નોંધ લઈ શક્યું હોત. જો કે, આજે, રવિવારે આ અહેવાલ પ્રકાશિત કરતી વખતે, એનિમેશન હજી પણ સંપૂર્ણ દશ્યમાં હતું, તેમ છતાં કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા અને સંચાર અધ્યક્ષ રમેશ બાબુએ ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, તેના આઈટી સેલના પ્રભારી અમિત માલવિયા પ્રદેશ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્ર અને કર્ણાટક ભાજપના સોશિયલ મીડિયા પ્રભારી. વિરૂદ્ધ X પર એનિમેશન વીડિયો પોસ્ટ કરવા ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી.

શું રાજકીય પક્ષોએ હવે જાહેરાતો અને એનિમેશનને જાહેર કરતા પહેલા સ્પષ્ટતા કરવાની જરૂર નથી તે પ્રશ્ન છે. જો ECIએ પોસ્ટને ક્લિયર ન કરી હોત તો પણ તે તરત જ પ્રતિક્રિયા આપી શકત અને બીજેપીને તેને હટાવવા માટે કહી શકી હોત.

ફરિયાદમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું કે એનિમેશન વીડિયોનો હેતુ મુસ્લિમો અને અન્યો, એટલે કે SC અને ST સમુદાયો વચ્ચે દુશ્મનાવટ અને નફરતને પ્રોત્સાહન આપવાનો હતો. તેણે કોંગ્રેસ પાર્ટીને એસસી/એસટી અને ઓબીસી વિરોધી તરીકે ચિતરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસના સાંસદ અને સંદેશાવ્યવહાર બાબતોના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે, ભાજપ એવો પણ આક્ષેપ કરી રહ્યું છે કે કોંગ્રેસ મુસ્લિમોને ઓબીસી કેટેગરીમાં સામેલ કરશે. જો કે, પીએમ મોદીએ પોતે ૨૦૨૨ના ઈન્ટરવ્યુમાં જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મુસ્લિમોને OBC કેટેગરીમાં સામેલ કર્યા હોવાની બડાઈ મારી હતી,

રમેશ બાબુએ તેમની ફરિયાદમાં ધ્યાન દોર્યું હતું કે માલવિયા વારંવાર આવા અપરાધ કરતાં રહે છે "હું બીજેપી અને અમિત માલવિયાના ટ્વીટ્સ જોઈ રહ્યો છું જે એક રીઢો ગુનેગાર છે જેણે લોકોને ગેરમાર્ગે દોરવા અને ખોટા એલાર્મ માટે જાણી જોઈને સંદેશાઓ અને વીડિયો મૂક્યા છે જે સમુદાયો વચ્ચે અથડામણ તરફ દોરી જશે અને SC/ST સમુદાયના વ્યક્તિઓને ખૂબ જ નકારાત્મક રીતે પ્રોજેક્ટ કરશે. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, 'આરોપી વ્યક્તિનું કૃત્ય સ્પષ્ટપણે... રમખાણો ઉશ્કેરવા અને વિવિધ ધર્મો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના ઈરાદા સાથે છે અને સંવાદિતા જાળવવા માટે પ્રતિકૂળ છે.'

કર્ણાટકના માહિતી પ્રૌદ્યોગિક મંત્રી પ્રિયંક ખડગેએ જણાવ્યું હતું "મુખ્ય ચૂંટણી કમિશનર સત્તાવાર રીતે એમ કહે છે કે ખોટી માહિતી લોકશાહી માટે સૌથી મોટો ખતરો છે પરંતુ તેઓ તેના વિશે થોડું અથવા કંઈ કરી રહ્યા નથી. એવું લાગે છે કે ચૂંટણી પંચ (EC) એ BJP માટે નવો આગળનો 'ચૂંટણી મોરચો' છે. જ્યારે તેઓએ રાહુલ ગાંધીને પાકિસ્તાનનો ધ્વજ વગેરે સાથે દર્શાવ્યા હતા, ત્યારે લોકોના આક્રોશને કારણે Instagramએ પોસ્ટને હટાવી દીધી હતી. જો કે, ECએ કાર્યવાહી કરી ન હતી."

### અભિનેત્રી કંગના રણૌતે માર્યો લોચો

# ભૂલથી ભાજપ સાંસદને ઠપકારતા કહ્યું કે, તેજસ્વી સૂર્યા તો ગુંડાગર્દી કરે છે

## વીડિયો વાયરલ થયા બાદ પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે પણ કટાક્ષમાં કહ્યું કે આ મોહતરમા કોણ છે ?

(એજન્સી) મંડી, તા.૫

લોકસભા ચૂંટણીના જોરદાર પ્રચારનો દોર ચાલુ છે. આ દરમિયાન હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર અને અભિનેત્રી કંગના રણૌતનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેમની જીભ લપસી ગઈ હતી અને આ દરમિયાન તેમણે બિહારના દિગ્ગજ નેતા તેજસ્વી યાદવને ભૂલથી તેજસ્વી સૂર્યા સમજી લીધા અને તેમના પર શાબ્દિક પ્રહારો કરી દીધા. માહિતી અનુસાર એક જાહેર સભાને સંબોધતા કંગના રણૌતે કહ્યું કે, 'તેજસ્વી સૂર્યા ગુંડાગર્દી કરે છે અને ફીશ ખાય છે.' ઉલ્લેખનીય છે કે ભાજપના નેતા તેજસ્વી સૂર્યા બેંગ્લુરૂ દક્ષિણથી સાંસદ છે. વીડિયો વાયરલ થયા બાદ તેજસ્વી યાદવે પણ કટાક્ષમાં કહ્યું કે આ મોહતરમા કોણ છે ? કંગના રણૌતે સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોનો ઉલ્લેખ કરી રહી હતી જેમાં તેજસ્વી યાદવ હેલિકોપ્ટરમાં ફીશ ખાતા જોવા મળ્યા હતા. વીડિયોને કારણે વિવાદ થયો હતો કેમ કે ઘણા યુઝર્સે દાવો કર્યો હતો કે તે નવરાત્રીના તહેવાર દરમિયાન આ વસ્તુ ખાઈ રહ્યા હતા. આ હિન્દુ તહેવાર દરમિયાન, ભક્તો ઉપવાસ કરે છે અને શાકાહારી આહારનું પાલન કરે છે. જો કે, વીડિયો પર ટીકાઓનો સામનો કર્યા પછી પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે સ્પષ્ટતા જારી કરી હતી. તેમણે એ જણાવતા કે તેમની આ પોસ્ટ ૮ એપ્રિલની હતી જે નવરાત્રિ શરૂ થવાના એક દિવસ પહેલાની હતી. તેના પર યાદવે કહ્યું કે આ વીડિયો ભાજપના આઈક્યૂ ચકાસવા માટે અપલોડ કરવામાં આવ્યો હતો. અમે અમારી વિચારોમાં સાચા સાબિત થયા.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ : ભારત ૧૬૧મા ક્રમે; પાકિસ્તાન ૧૫૦, અફઘાનિસ્તાન ૧૫૨મા ક્રમે

(એજન્સી) તા.૫

તાજેતરના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ ૧૬૧માં સ્થાને આવી ગયું છે, જે દેશમાં અખબારી સ્વતંત્રતામાં ચિંતાજનક ઘટાડો દર્શાવે છે. આ રેન્ક ભારતમાં પત્રકારો અને મીડિયા આઉટલેટ્સના વર્તમાન પડકારો દર્શાવે છે અને વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં લોકશાહીની સ્થિતિ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે ચેતવણી છે. ભારતના રેન્કિંગમાં આ ઘટાડો નોંધપાત્ર છે. આ ઘટાડો અખબારી સ્વતંત્રતાના કથળતા ચિંતાજનક વલણને દર્શાવે છે અને આ ઘટાડા માટે વિવિધ પરિબળો છે. પ્રેસ સ્વતંત્રતા એ લોકશાહીનો પાયાનો પથ્થર છે જે માહિતીની મુક્ત રજૂઆત અને સત્તામાં રહેલા લોકોને જવાબદાર રાખવાની પત્રકારોની ક્ષમતાને દર્શાવે છે. અખબારી સ્વતંત્રતા પ્રતિબંધિત થાય છે ત્યારે લોકશાહી નબળી પડે છે અને નાગરિકોના નિષ્પક્ષ માહિતી મેળવવાના અધિકારોને જોખમમાં મૂકે છે. વૈશ્વિક મીડિયા વોચડોગ રિપોર્ટર્સ વિથાઉટ બોર્ડર્સના અહેવાલમાં વિશ્વ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત ગત વર્ષના ૧૮૦ દેશોમાંથી ૧૫૦ ક્રમથી વધુ સરકીને ૧૬૧માં સ્થાને આવી ગયું છે, ૨૦૨૧માં ભારત ૧૪૨મા ક્રમે હતું. બાંગ્લાદેશ (૧૬૩), મ્યાનમાર (૧૭૩) અને ચીન (૧૭૯) સિવાય અન્ય તમામ પડોશીઓ ભારત કરતાં વધુ સારી રેન્ક ધરાવે છે-ભૂટાન (૯૦), નેપાળ (૯૫), શ્રીલંકા (૧૩૫), પાકિસ્તાન (૧૫૦), અફઘાનિસ્તાન (૧૫૨) ક્રમે છે. વર્લ્ડ પ્રેસ ડે પર જાહેર કરાયેલા ઈન્ડેક્સ મુજબ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ૨૦૨૨થી તેમની રેન્કિંગમાં અનુક્રમે ૧૫૭ અને ૧૫૬થી સુધારો કર્યો છે. આ રેન્કિંગ પાંચ શ્રેણીઓ પર આધારિત છે-રાજકીય, કાયદાકીય, આર્થિક, સામાજિક સાંસ્કૃતિક અને પત્રકારોની સુરક્ષા. ભારત રાજકીય સૂચકાંકોમાં ૧૬૯મા સ્થાને છે અને તે કાયદાકીયમાં ૧૪૪મા, આર્થિકમાં ૧૫૫મા, સામાજિક સૂચકાંકોમાં ૧૪૩મા અને પત્રકારોની સુરક્ષામાં ૧૭૨મા સ્થાને હતું. ડિજિટલ સેન્સરશીપનો ઉદય ભારતમાં પ્રેસની સ્વતંત્રતા માટે એક નવો ખતરો છે. સમાચાર પ્રસારણ માટે સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મના વધતા ઉપયોગ સાથે ઓનલાઈન સેન્સરશીપ અને સર્વેલન્સનું વલણ વધી રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સરકારની ટીકાત્મક ગણાતી સામગ્રીને સેન્સર કરવાનું દબાણ છે, જેના કારણે પત્રકારોની સ્વ-સેન્સરશીપ થાય છે અને મુક્ત અભિવ્યક્તિ માટે ઑનલાઈન પ્રતિબંધ આવે છે. ભારતની પ્રેસ સ્વતંત્રતામાં ઘટાડો ચિંતાજનક છે, ત્યારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં તેમની પ્રેસ સ્વતંત્રતા રેન્કિંગમાં સુધારો જોવા મળ્યો છે જેમાં પાકિસ્તાન ૧૫૦મા સ્થાને અને અફઘાનિસ્તાન ૧૫૨મા સ્થાને છે. ઉગ્રવાદી જૂથો અને સરકારી સેન્સરશિપ સહિતની ધમકીઓ સહિત બંને દેશોમાં પત્રકારો માટેના પડકારજનક વાતાવરણને જોતાં આ સુધારાઓ નોંધપાત્ર ગણવામાં આવે છે. (સૌ.: મુસ્લિમમિરર.કોમ)




# બે વખત UPSC પરીક્ષા પાસ કરનાર મહિલા, જેઓ IRS બન્યા પછી અખિલ ભારતીય ક્રમાંક ૧૮ મેળવીને IAS બન્યાં

## IAS ઓફિસર અભિલાષા અભિનવ એક એવી વ્યક્તિ છે જેમણે તેમની સખત મહેનત અને દૃઢ નિશ્ચયના પરિણામે બે વખત UPSC પરીક્ષા પાસ કરી છે

(એજન્સી) તા.૫

UPSC પરીક્ષા ભારતની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે, આ પરીક્ષા દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને આકર્ષે છે. તેની આંકરી પસંદગી પ્રક્રિયા અને વ્યાપક અભ્યાસક્રમ ઘણા લોકો માટે ભયાવહ પડકાર બને છે. જેમાં ઘણાં વિદ્યાર્થીઓ આ પડકારજનક પરીક્ષાને પાસ કરવા માટે સંઘર્ષ કરે છે, જ્યારે કેટલીક વ્યક્તિઓ એવી છે કે જેઓ તે પરીક્ષાને માત્ર એક જ વાર નહીં, પરંતુ બે વાર પાસ કરે છે. તેલંગાણા કેડરના IAS અધિકારી અભિલાષા અભિનવ એક એવી વ્યક્તિ છે જેમણે તેમની સખત મહેનત અને દૃઢ નિશ્ચયના પરિણામે બે વખત UPSC પરીક્ષા પાસ કરી છે.



અભિલાષા, જેઓ પટનાની રહેવાસી છે, તેમની શૈક્ષણિક પ્રતિભા તેમના સમગ્ર શાળાના વર્ષો દરમિયાન ચમકતી રહી છે. તેઓ CBSEમાં ધોરણ ૧૦ની પરીક્ષામાં ટોચના સ્થાને હતા. બાદમાં, તેઓ ધોરણ ૧૨ના બોર્ડના પરિણામમાં ૮૪% સ્કોર કરવામાં સફળ રહ્યા હતા.

શાળાનો અભ્યાસ પૂર્ણ થયા પછી, તેઓએ મહારાષ્ટ્રમાં એ.એસ. કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યાં અભિલાષાએ બી.ટેક.ના સ્નાતકનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ, તેમને નોકરી મળી અને તેમણે સિવિલ સર્વન્ટ બનવાની યાત્રા પણ શરૂ કરી હતી.

૨૦૧૪માં યુપીએસસીમાં અભિલાષાનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો હતો. જો કે, તેઓએ હાર માની ન હતી અને વધુ મહેનત સાથે ફરીવાર તૈયારી કરવાનું શરૂ કર્યું હતું.

૨૦૧૬માં બીજા પ્રયાસમાં તેમણે ૩૦૮મો અખિલ ભારતીય ક્રમાંક સાથે પરીક્ષા પાસ કરી અને IRS અધિકારી બનવામાં સફળ રહ્યા હતા. જો કે, તેમનું સપનું માત્ર IRS બનવા સુધી જ સીમિત ન હતું, તેથી તેમણે ફરીથી પરીક્ષા આપી.

અભિલાષાએ ફરીથી ૨૦૧૭માં ફરીથી UPSC પરીક્ષા પાસ કરી અને ૧૮મો અખિલ ભારતીય ક્રમાંક(AIR) પ્રાપ્ત કર્યા પછી IAS અધિકારી બન્યા છે.

# ૧૬ વર્ષ પહેલાં સોલાર પાર્ક બનાવ્યો હતો એવા KP ગ્રુપના CMD ડૉ. ફારૂક પટેલે ૧૬૦ અબજ રૂપિયાની કંપની કેવી રીતે ઊભી કરી

## ભરૂચના ત્રાલસા કોળી ગામ છોડીને સુરતમાં સ્થાયી થયેલા ડૉ. ફારૂક પટેલે માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પોતાનું નામ રોશન કર્યું છે, તેમની આ વાર્તા દરેક માટે પ્રેરણાદાયી છે, ભરૂચ જિલ્લામાં વાવેલ આ બીજ આજે વટવૃક્ષ બની ગયું છે

(એજન્સી) તા.૫

આજના સમયમાં પુનઃપ્રાપ્ય ઊર્જા એ ઉચ્ચ જરૂરિયાત છે અને આ જ કારણ છે કે આજે આ ક્ષેત્રમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ સતત વધી રહી છે. બચત, સ્વરોજગાર અને પર્યાવરણની સુધારણાને ધ્યાનમાં રાખીને કેપી ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ફારૂક પટેલની પહેલે એક નવું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. તેમણે સુરત, ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રે મોટી સફળતા હાંસલ કરી છે. આજે KP ગ્રુપનું બિઝનેસ એમ્પાયર ૧૬૦ અબજ રૂપિયાથી વધુનું થઈ ગયું છે. તેમની ત્રણ કંપનીઓ KPI ગ્રીન એનર્જી લિ. કેપી એનર્જી લિ. અને કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિ. શેરબજારમાં લિસ્ટેડ છે અને તેઓ ૩૫થી વધુ કંપનીઓના માલિક છે. KP ગ્રુપે તાજેતરમાં વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત રૂા.૧૭,૬૯૦ કરોડના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. ભરૂચ ઉપરાંત કંપનીએ ભાવનગર, કચ્છ, સુરેન્દ્રનગર, પોરબંદર જેવા અનેક જિલ્લાઓમાં વિન્ડ ફાર્મ સ્થાપિત કર્યા છે અને હાઈબ્રિડ પર કામ કર્યું છે. આ કંપનીનો કુલ પોર્ટફોલિયો ૩.૭ GW છે. કંપની Icra (A-) રેટિંગ ધરાવે છે. ડો. ફારૂક પટેલના વિઝન સાથે કેપી ગ્રુપે ભરૂચના વાગરા ગામમાં ૨૬ વિન્ડ ટર્બાઈન લગાવવાની દિશામાં કામ શરૂ કર્યું છે. KPI ગ્રીન એનર્જી અને KP એનર્જીનું માર્કેટ કેપ રૂા.૧૩,૮૯૨ કરોડ છે. ગ્રૂપની ફ્લેગશિપ કંપની કેપી ગ્રીન એન્જિનિયરિંગે તાજેતરમાં MSE પ્લેટફોર્મ પર રૂા.૧૮૯.૫૦ કરોડનો દેશનો સૌથી મોટો IPO લોન્ચ કર્યો છે. આ કંપનીનું માર્કેટ કેપ પહેલા જ દિવસે ૧,૦૫૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. સુરતની ધરતી સાથે તેમને વિશેષ લગાવ છે કારણ કે તે તેમની જન્મભૂમિ પણ છે. આ જ કારણ છે કે તેમણે પોતાના જૂથનું નામ KP એટલે કે કોળી ગામના પટેલ રાખ્યું છે. ડો. ફારૂક પટેલના પિતા ગુલામ પટેલ માત્ર રૂા.૭૦૦ના પગારથી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં કંડક્ટર તરીકે નોકરી કરતા હતા. ૧૯૭૩માં તેમની બદલી ભરૂચથી સુરત થઈ હતી. ફારૂકે અહીં જ શિક્ષણ લીધું અને ૧૯૯૪માં રૂા.૧ લાખની જમા મૂડી સાથે કેપી ગ્રુપ શરૂ કર્યું અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ફેબ્રિકેશન-ગેલ્વેનાઈઝિંગનું કામ શરૂ કર્યું હતું. તેઓએ ૧૬ વર્ષ પહેલા રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તેમણે ભરૂચ જિલ્લામાં તેમના જન્મસ્થળ ત્રાલસા કોઠી ગામની નજીક આવેલા સુદી-સમની ગામમાં જમીન ખરીદી હતી. અહીં પાંચ મેગાવોટનો પ્રથમ સોલાર પાર્ક સ્થાપવામાં આવ્યો હતો. જ્યારે તેમણે ભરૂચમાં સોલાર પાર્કનો વિચાર આગળ ધપાવ્યો ત્યારે લોકોએ તેને ગંભીરતાથી લીધો ન હતો. પરંતુ આજે તેમની પાસે સુદી-સમની ગામમાં ૨૫૦ એકરથી વધુ જમીનમાં ગુજરાતનો સૌથી મોટો ખાનગી સોલાર પાર્ક છે. ફારૂકે ભરૂચ જિલ્લાના ૨૫થી વધુ ગામડાઓમાં સોલાર પાર્ક લગાવ્યા. તેમાં હાઈબ્રિડ પ્લાન્ટ પણ સામેલ છે. જો આખા ગુજરાતમાં જોઈએ તો કેપી ગ્રુપ પાસે ૩૨ સોલાર-હાઈબ્રીડ પ્લાન્ટ છે અને ૩૮૦ મેગાવોટના પ્લાન્ટ ચાલી રહ્યા છે. KP ગ્રુપે કુલ ૧.૧ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી (સૌર અથવા પવન) પ્લાન્ટ શરૂ કર્યા છે. કંપની પાસે પાઈપલાઈનમાં ૨.૬ GW પ્રોજેક્ટ છે. ભરૂચ જિલ્લાના કોરા ગામમાં પ્રથમ સાત વિન્ડ ટર્બાઈન લગાવવાનો રેકોર્ડ પણ કેપી ગ્રુપના નામે છે. કંપની પાસે આજે ૨૦૦૦ એકરથી વધુ જમીનની લેન્ડ બેંક છે. કંપનીને દેશમાં મોસ્ટ પ્રમોટિંગ બ્રાન્ડ અને બેસ્ટ બ્રાન્ડનો એવોર્ડ પણ મળ્યો છે. કેપી ગ્રૂપની મુખ્ય કંપની કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ, ગેલ્વેનાઈઝિંગ-ફેબ્રિકેશન ક્ષેત્રમાં કામ કરે છે. આ કંપની પુનઃપ્રાપ્ય ઊર્જામાં મુખ્ય સહાયક ભૂમિકા ભજવી રહી છે, કંપનીની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૫૩,૦૦૦ મેટ્રિક ટન છે અને તે ભરૂચમાં ૨.૯૪ લાખ મેટ્રિક ટનની ક્ષમતા સાથે એક નવું કાર્યસ્થળ વિકસાવી રહી છે. ડો. ફારૂક ભરૂચમાં મોટા પાયે કામગીરી વિસ્તરી રહ્યા છે. કંપની પાસે ૨૦૦૦ કિલોમીટરથી વધુનું V-I FRT કામ પણ છે. કેપી ગ્રુપના સીએમડી ડો. ફારૂક પટેલને અમેરિકન ઈસ્ટ-કોસ્ટ યુનિવર્સિટી દ્વારા ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટિવિટી મેનેજમેન્ટમાં તેમના કાર્ય માટે માનદ ડોક્ટરેટની ડિગ્રી પણ આપવામાં આવી છે. ડૉ. ફારૂક ઈનોવેશન માટે જાણીતા છે. તેમણે ૧૬ રાજ્યોમાં મોબાઈલ ટાવર લગાવવાનું કામ પણ કર્યું છે. તેમણે કંપનીને એક ટાવરમાં એકથી વધુ નેટવર્કનો વિચાર આપ્યો અને તેના પર કામ કરવાનું પણ દર્શાવ્યું છે. સોલાર પાર્કમાં પ્લોટ વેચવાથી ૧૫૦૦થી વધુ લોકોને ૨૫ વર્ષ માટે નિશ્ચિત આવક પણ મળી હતી. તેમણે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કોરા ગામમાં સૌપ્રથમવાર સાત વિન્ડ ટર્બાઈન લગાવીને ઊર્જા ક્ષેત્રને ચોંકાવી દીધું હતું. જો કે, એવું માનવામાં આવતું હતું કે પવનચક્કી માત્ર ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં જ સારી કામગીરી કરી શકે છે. હવે ડૉ. ફારૂક ગ્રીન હાઈડ્રોજન-એમોનિયાનો પાયલોટ પ્રોજેક્ટ કરી રહ્યા છે. ભરૂચના સુડી ગામમાં જ્યાં તેમણે પ્રથમ સોલાર પાર્કની સ્થાપના કરી હતી. તેઓ બાળકોને સારૂં શિક્ષણ આપવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. KP માનવ વિકાસ, KP ગ્રુપની CSR શાખા હેઠળ લગભગ ૧૧ હજાર વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. જેમાં UPSC-GPSC અને સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. કેપી હ્યુમન વિકલાંગો માટે ભરૂચના ઝઘડિયા ગામમાં દેશનું પ્રથમ વૃદ્ધાશ્રમ પણ બનાવી રહ્યું છે.




ગુજરાત ટુડે

# વોટ આપો....અને....

## યાદ છે ને ? ગુજરાતમાં મતદાનની તારીખ ૭-૫-૨૦૨૪ છે

## નફરત હટાવો-એકતા બચાવો; બંધારણ તેમજ લોકશાહી બચાવો

**આગામી લોકસભાની ચૂંટણી માત્ર દેશના ભાવિ જ નહીં પરંતુ બંધારણ-લોકશાહીને બચાવવા માટે પણ અત્યંત નિર્ણાયક સાબિત થવાની છે. જે પ્રકારની પરિસ્થિતિઓ દેશમાં આકાર પામી રહી છે તેનો મુકાબલો 'મત-શક્તિ' દ્વારા જ કરી શકાય છે. હવે માત્ર પૂરેપુરા મતદાનથી જ કામ નહીં ચાલે પરંતુ 'જાગૃતિ પૂર્વકનું પૂરેપુરૂં' મતદાન કરવું અત્યંત આવશ્યક છે. તમારો એક પણ મત વેડફાઈ ન જાય એનું ધ્યાન રાખવું જ પડશે. ખોટી દિશામાં પડેલો તમારો 'એક' મત સાચી દિશામાં પડેલા 'બે' મતને તો બગાડશે જ સાથોસાથ શક્ય છે કે, તમારૂં, તમારા વિસ્તારનું અને દેશનું ભાવિ પણ બગાડશે. માટે જ ખૂબ શાંતિપૂર્વક વિચારવિમર્શ કર્યા બાદ બંધારણના હિતમાં હોય-રાષ્ટ્રના હિતમાં હોય એ પ્રકારે મતદાન કરવું એ રાષ્ટ્રની બહુ મોટી સેવા ગણાશે... અત્રે ભૂતકાળના કેટલાક બનાવોની ઝલક પ્રસિદ્ધ કરી રહ્યા છીએ કે, જેના પર નજર નાખીને આપણને સૌ ભારતીયોને યોગ્ય નિર્ણય લેવામાં માર્ગદર્શન મળી રહેશે**

## દિલ્હીમાં નફરતી ભાષણનો વીડિયો વાયરલ, નાગરિકોએ પોલીસની 'નિષ્ક્રિયતા'ની નિંદા કરી

(એજન્સી) તા.૨

હરિયાણાના નૂહમાં હિંસા બાદ VHP દ્વારા કરવામાં આવેલ એક વિરોધ દરમિયાન એક આઘાતજનક ઘટનામાં, કથિત રીતે બજરંગ દળના એક નેતાએ મુસ્લિમોને દેશની બહાર ફેંકી દેવાની ધમકી આપી હતી. આ વાયરલ વીડિયોમાં પશ્ચિમ દિલ્હીના નાંગલોઈ પોલીસ સ્ટેશનની બહાર બેરિકેડ પર ઊભેલો એક વ્યક્તિ મુસ્લિમ સમુદાય વિરુદ્ધ ધિક્કારજનક ભાષણ આપતો જોવા મળે છે. Siasat.comએ મંગળવાર, ઓગસ્ટ ૨ના રોજ સામે આવેલ આ વીડિયોને સ્વતંત્ર રીતે પ્રમાણિત કરી શક્યું નથી. આ વીડિયોમાં, તે વ્યક્તિ નાંગલોઈ પોલીસ સ્ટેશનના ગેટની બહાર ભીડનું નેતૃત્વ કરી રહ્યો છે. અને મુસ્લિમ સમુદાય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યો છે અને લોકોને તેમનો બહિષ્કાર કરવા કહે છે. અને તે નારા લગાવે છે કે, જો હિંદુ હિતોનું રક્ષણ કરવામાં નહીં આવે તો શેરીઓમાં લોહી વહેશે. તે કહે છે કે, તમારા હાથ ઊંચા કરો અને મને કહો કે શું તમે મુસ્લિમ સમુદાયના વિક્રેતાઓ, નાઈની દુકાનોનો બહિષ્કાર કરશો ? અમારા વિસ્તારમાં ભાડેથી રહેતા લોકો, જેઓ ઈસ્લામિક અને કટ્ટરપંથી છે, અમે તેમને બહાર કાઢી નાંખીશુ. આ વીડિયોએ આક્રોશ ફેલાવ્યો છે અને નાગરિકોએ પોલીસના મૌન વિશે પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કર્યું છે. તેઓ આ વિડિયોમાં એક સ્થાને ઊભા જોવા મળે છે. દિલ્હી મહિલા આયોગના વડા સ્વાતિ માલીવાલે પણ ટ્વિટર પર આ ઘટનાને હાઈલાઈટ કરી હતી.




**(તા.૨૮-૮-૨૦૨૪) (ગુજરાત ટુડે પાના નંબર-૧)**

### જયપુરથી મુંબઈ જતી ટ્રેનમાં RPF કોન્સ્ટેબલે કાળો કેર વર્તાવ્યો

## 'ભારતમાં રહેવું હોય તો મોદી, યોગીને જ મત આપો' તેમ કહી RPF કોન્સ્ટેબલે અધિકારી સહિત ચારની હત્યા કરી

- કથિત રીતે ધર્મઝનૂની માનસ ધરાવતા કોન્સ્ટેબલ ચેતન સિંહે ASI ટીકારામ મીણાને એક કોચમાં ગોળી મારી, બીજા અલગ-અલગ ત્રણ કોચમાં ત્રણ ચોક્કસ લોકોને નિશાન બનાવ્યા
- ઉત્તરપ્રદેશના ચેતને અબ્દુલ કાદિરભાઈ મોહમ્મદ હુસૈન ભાનપુરવાલા (૪૮), અખ્તર અબ્બાસઅલી (૪૮) અને સદર મોહમ્મદ હુસૈનને જુદા-જુદા કોચમાં જઈને ઓટોમેટિક હથિયારથી ગોળીઓ મારી

(એજન્સી)નવી દિલ્હી, તા.૩૧

રેલવે પ્રોટેક્શન ફોર્સના કોન્સ્ટેબલે સોમવારે મહારાષ્ટ્રના પાલઘર રેલવે સ્ટેશન નજીક ચાલતી જયપુર-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસમાં બે બોગી અને પેન્ટ્રી કારમાં સવાર તેના વરિષ્ઠ સાથીદાર અને ત્રણ મુસાફરોને ગોળી મારી દીધી અધિકારીઓએ જણાવ્યું હતું. મીરા રોડ અને દહિસર સ્ટેશનો વચ્ચે ઊભી રહેલી ટ્રેનની ચેઈન ખેંચીને નાસી જવાનો પ્રયાસ કરતી વખતે તેને પાછળથી પકડી લેવામાં આવ્યો હતો. કોન્સ્ટેબલ ચેતન સિંહ (૩૪)એ આરપીએફના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર ટીકારામ મીણા અને B5 કોચમાં અન્ય એક મુસાફરને પોતાના ઓટોમેટિક હથિયાર વડે ગોળી મારીને હત્યા કરી દીધી. તેણે B6 કોચમાં અન્ય એક મુસાફરની અને B5 અને B6 કોચની વચ્ચે સ્થિત પેન્ટ્રી કારમાં અન્ય એક મુસાફરની ગોળી મારીને હત્યા કરી હતી તેમ એક રેલવે અધિકારીએ જણાવ્યું હતું. જી.આર. કમિશનર રવિન્દ્ર શિસ્વેએ પત્રકારોને જણાવ્યું હતું કે, કોન્સ્ટેબલની ઓળખ ચેતન સિંહ તરીકે થઈ છે.

**(તા.૧-૮-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)**

### વાયરલ વીડિયોમાં ચેતન કહે છે, 'આ બધા પાકિસ્તાનથી ઓપરેટ થઈ રહ્યા છે, મીડિયામાં પણ આવું જ કહેવામાં આવશે'

## ગાઝિયાબાદ : વૃદ્ધ મુસ્લિમને દાઢી કાપીને તેમને જય શ્રીરામ કહેવાની ફરજ પાડવામાં આવી

(એજન્સી) તા.૧૪

૫ જૂન, ૨૦૨૧ના રોજ દિલ્હીની સરહદે આવેલા ગાઝિયાબાદમાં એક વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ ઉપર ઓછામાં ઓછા ત્રણ માણસોએ હુમલો કર્યો હતો અને 'જય શ્રી રામ' અને 'વંદેમાતરમ' બોલવાની ફરજ પાડી હતી. આ ઘટનાનો એક વીડિયો તાજેતરમાં વાયરલ થયો હતો. ગાઝિયાબાદ પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, આ ઘટના સંદર્ભે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.




એનડીટીવીએ અહેવાલ આપ્યો છે કે, પીડિત, અબ્દુલ સમદ નમાઝ માટે મસ્જિદમાં જઈ રહ્યા હતા ત્યારે હુમલો કરનારાઓ દ્વારા તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. એનડીટીવીએ પોતાના અહેવાલમાં કહ્યું છે કે, હુમલાખોરો તેમને નજીકના જંગલમાં એક ઝૂંપડીમાં ખેંચીને લઈ ગયા હતા, જ્યાં તેઓએ 'જય શ્રી રામ' અને 'વંદેમાતરમ'ના નારા લગાવ્યા હતા અને તેઓએ તેમને આ સૂત્રોચ્ચાર ફરજ પાડી હતી અને લાકડીઓ વડે માર માર્યો હતો.

**(તા.૧૫-૬-૨૦૨૧) (ગુજરાત ટુડે પાના નંબર-૨)**

### મસ્જિદ પર હુમલા અને ઈમામને ગોળી મારનારાઓમાં પ્રવીણ હિંદુસ્તાની અને અમિત હિંદુને નજરે જોનારાઓએ ઓળખી કાઢ્યા

## હરિયાણા હિંસા : મસ્જિદ પર હુમલામાં ઈમામની હત્યા, કુલ પાંચ મોત

**ગુરૂગ્રામની મસ્જિદ પર સોમવારે મોડી રાતે હથિયારો સાથે હુમલો કરાયો, ઈમામ હાફિઝ સાદને ગોળી માર્યા બાદ કટ્ટર તોફાનીઓએ મસ્જિદને આગ ચાંપી**



**નૂહની કોમી હિંસા ગુરૂગ્રામ સુધી પહોંચી, મસ્જિદ પર આખી રાત હુમલામાં ઈમામનાં મોત પછી દુકાનોમાં તોડફોડ**

### હરિયાણામાં હિંસા પછી શાળા-કોલેજો બંધ, કલમ-૧૪૪ લાગુ

**(તા.૨-૮-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)**

**નુહની આગ અન્ય ત્રણ જિલ્લાઓમાં પણ ભડકી, સ્થિતિને જોતાં હરિયાણા સરકારે આરએએફની ટુકડીઓની માગણી કરી, મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે ઈમરજન્સી બેઠક બોલાવી, કોમી તોફાનોની અસંખ્ય ઘટનાઓમાં ૫૦થી વધુ ઘાયલ, સેંકડો વાહનો સળગાવાયા, દુકાનો-મકાનોમાં તોડફોડ-આગચંપીની ઘટનાઓ**

# દૂધમાં ગટરના પાણીની ભેળસેળનો કિસ્સો, બરોડા ડેરીએ પોલીસ ફરિયાદ નહીં નોંધાવતા વિવાદ

## આરોગ્ય વિભાગની પણ બેદરકારી બહાર આવી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

ગ્રામીણ દૂધ સહકારી મંડળીઓના પદાધિકારીઓએ પ્રશંસનીય જાગૃતિ દાખવીને સાવલી તાલુકાના ગામોમાંથી એકત્ર કરવામાં આવેલું દૂધ બરોડા ડેરીમાં ભરવા જતાં વાહન કોન્ટ્રાક્ટરને દૂધમાં પાણી ભેળવતા રંગે હાથે પકડ્યો હતો. ગંભીર બાબત તો એ છે કે, આ દૂધમાં ગટરનું પાણી ભેળવવામાં આવી રહ્યું હતું. ઉનાળામાં આવું દૂષિત દૂધ પીવામાં આવે તો લોકોનું આરોગ્ય ગંભીર રીતે જોખમમાં મુકાય. આ ઘટના દર્શાવે છે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જે રીતે શહેર ગામની દુકાનોમાં દૂધ અને ખાદ્ય પદાર્થોના નમૂના ચકાસણી માટે લે છે. એ રીતે ડેરીમાં દૂધ ભરવા જતાં વાહનોને અધવચ્ચે અટકાવીને દૂધના નમૂના લેવા અને ચકાસણી કરવાની જરૂર છે. આ કામ ડેરીના ઝાંપે પણ થઈ શકે.

ઉપરોક્ત તંત્ર ઉપરાંત ડેરી પોતાની એક ફલાઈંગ મિલ્ક ટેસ્ટિંગ સ્કવોડ બનાવી શકે જે મહિનામાં ત્રણથી ચાર વાર વિવિધ રૂટોના વાહનોમાંથી દૂધના નમૂના લઈને ચકાસણી કરી શકે. દૂધ ઉત્પાદકોની પ્રમાણિકતા શંકાસ્પદ નથી. પરંતુ બહારના તત્વો આ કૃત્ય કરી જાય ત્યારે બદનામી ડેરીની અને દૂધ ઉત્પાદકોની થાય છે. આ કિસ્સામાં આવકમાં નુકશાન ઉત્પાદકોને થયું છે અને કસૂરવાર દૂધ ચોરો એ વેચીને આવક મેળવતા હતા. સમગ્ર કિસ્સામાં શંકાને આધારે દૂધ ઉત્પાદક સભાસદોએ જાતે દરોડો પાડી ભેળસેળ પકડી એ ખૂબ સારૂં કામ છે. વધુ ગંભીર વાત એ છે કે, ઉત્પાદક મંડળીઓએ ફેટના ભાવ ઓછા મળતા અને નુકશાન જતાં ડેરીને ફરિયાદ કરી હતી પરંતુ તેમની ફરિયાદ સાંભળવામાં ન આવી. ડેરીએ ત્વરિત પગલાં લઈને બનાવમાં સંડોવણી છે તેવા વાહન ઈજારદારનો કોન્ટ્રાક્ટ રદ કર્યો અને ડિપોઝિટ જપ્ત કરી. જો કે બનાવની ગંભીરતા જોતા આ પૂરતું ના ગણાય. ભેળસેળ વાળા દૂધના નમૂના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને સોંપીને કાયદાની યોગ્ય જોગવાઈઓ હેઠળ કસૂરવાર સામે પોલીસ કેસ નોંધાવવાની જરૂર છે. ખોટું કરનાર જો યોગ્ય રીતે અને કડક રીતે દંડાશે તો આવી પ્રવૃત્તિ કરનારાઓમાં ધાક બેસશે. વધુમાં, ડેરીમાંથી કોઈનો સહયોગ હશે તો એ પણ ખુલ્લા પડશે ! એટલે લોક આરોગ્યની રક્ષા માટે સમયાંતરે સેમ્પલિંગ અને ચકાસણી થવી અનિવાર્ય છે. હવે ડેરી આ કિસ્સામાં આગળ શું પગલાં લે છે ? એ જોવું રહ્યું.

# ખેડા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષકે વધુ મતદાન કરવા અપીલ કરી

નડિયાદ, તા.૫

લોકશાહીના મહાપર્વમાં કોઈ પણ વ્યક્તિ મતદાનથી બાકાત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા અને જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવા એ ૦૭ મે, ૨૦૨૪ મતદાનના રોજ જિલ્લાના તમામ નાગરિકોની વધુમાં વધુ મતદાન કરવાની અપીલ કરી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવે જણાવ્યું કે મતદાન કરવા માટે ચૂંટણી કાર્ડ સિવાયના અન્ય માન્ય દસ્તાવેજો જેમ કે આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, દિવ્યાંગો માટે યુડીઆઈડી કાર્ડ, મનરેગા જોબકાર્ડ, બેંક દ્વારા પ્રમાણિત ફોટોવાળી પાસબુક






સહિતના કોઈપણ દસ્તાવેજને લઈ જઈ મતદાન કરવા જણાવ્યું છે. ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાએ અપીલ કરી છે કે ખેડા વાસીઓને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન કરવા અપીલ કરી છે કે ખેડા જિલ્લાના તમામ નાગરિકોને સો ટકા મતદાન કરી નાગરિક તરીકેની ફરજ નિભાવવી જોઈએ. જયારે જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવાએ જણાવ્યું કે જિલ્લાનાં તમામ મતદાન કેન્દ્રો પર પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# વઢવાણના માલધારી યુવકને કચેરી ખાતે બોલાવીને DYSPએ માર માર્યો હોવાનો આક્ષેપ

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર એ-ડિવીઝન પોલીસ મથક તેમજ જિલ્લા પોલીસવડા કચેરી ખાતે માલધારી યુવકને ડીવાયએસપી દ્વારા માર માર્યો હોવાના આક્ષેપ સાથે માલધારી સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો દ્વારા લેખીત રજૂઆત કરવામાં આવી હતી. તેમજ માર મારનાર પોલીસ અધિકારી સામે ફરિયાદ દાખલ કરી ન્યાયીક રીતે તપાસની માંગ કરી હતી.



વઢવાણ માલધારી ચોક વિસ્તારમાં રહેતા અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સતીષભાઈ ગમારા પોતાના ઘરે હતા ત્યારે બપોરના સમયે જોરાવરનગર પોલીસ મથકે દાખલ થયેલા ચેપ્ટર કેસ મામલે ડીવાયએસપી કચેરી ખાતે રૂબરૂ બોલાવી ડીવાયએસપી વી.બી.જાડેજાએ અપશબ્દો કહી મારમાર્યો હોવાનો આક્ષેપ માલધારી સમાજના આગેવાનોએ કર્યો હતો.

પોલીસ અધિકારી દ્વારા માર મારવાથી કાનના ભાગે ઈજાઓ પહોંચતા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જે મામલે માલધારી સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો એકત્ર થયા હતા અને પ્રથમ એ-ડિવીઝન પોલીસ મથકે પીઆઈને લેખીત રજૂઆત કરી હતી અને ત્યારબાદ ડીએસપી કચેરી ખાતે પણ રજૂઆત કરી યુવકને માર મારનાર ડીવાયએસપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

સતીષભાઈ ગમારા દ્વારા વડાપ્રધાનના સુરેન્દ્રનગર ખાતે કાર્યક્રમ દરમિયાન અનોખી રીતે વિરોધ કરવાનો એક વીડિયો દ્વારા ચીમકી ઉચ્ચારી હતી. જે મામલે ડીવાયએસપી કચેરી ખાતે બોલાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ માર માર્યો હોવાનો આક્ષેપ માલધારી સમાજના આગેવાનોએ કર્યો હતો.

તેમજ આગામી તા.૭ સુધીમાં ફરિયાદ દાખલ કરવામાં નહિં આવે તો આગામી લોકસભાની ચૂંટણીમાં સમસ્ત માલધારી સમાજ ભાજપના વિરૂધ્ધમાં મતદાન કરશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. જિલ્લા પોલીસવડાએ રજૂઆતને સાંભળી હતી અને આ અંગે પારદર્શક અને ન્યાયીક રીતે તપાસ કરવાની ખાતરી આપી હતી. તેમજ આ સમગ્ર બનાવની તપાસ લીંબડી ડીવાયએસપી વી.એમ.રબારીને સોંપી હતી.

### જૂનાગઢ સિવિલના ઈતિહાસમાં પ્રથમ અંગદાનની ઘટના

# જૂનાગઢ મનપાના બ્રેઈનડેડ જાહેર થયેલ મહિલા કર્મચારીના અંગોનું દાન કરાયું

## જૂનાગઢથી અમદાવાદ સુધી ગ્રીન કોરિડોર બનાવીને અંગો સીમ્સ હોસ્પિટલમાં પહોંચાડાયા, મહિલાના લિવર, કિડની, આંખની કીકી સહિતના અંગોનું દાન

જૂનાગઢ,તા.૫

જૂનાગઢ સિવિલ હોસ્પિટલનાં ઈતિહાસમાં આજે અંગદાનની પ્રથમ ઘટના બની છે. જેમાં આજે જૂનાગઢ મહાનગરપાલિકાના બ્રેઈન ડેડ જાહેર થયેલા મહિલા કર્મચારીના અંગોનું દાન કરવામાં આવતા જૂનાગઢથી અમદાવાદ સુધીના ગ્રીન કોરીડોર બનાવીને જૂનાગઢ સિવિલ હોસ્પિટલથી અમદાવાદની સીમ્સ હોસ્પિટલ સુધી અંગો પહોંચાડવામાં આવ્યા હતા, જૂનાગઢ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટની દેખરેખ નીચે સમગ્ર કાર્યવાહી સફળતા પૂર્વક કરવામાં આવી હતી. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ મહાનગરપાલિકા કર્મચારી ઉર્મિલાબહેન ઝાલા (ઉ.વ.૫૭)ને હાઈબીપી સહીતની તકલીફ હોય સારવાર હેઠળ હતા. જેમાં મગજની નસ ફાટી જવાને કારણે બ્રેઈન ડેડ થયા હતા. ત્યાર બાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલની બ્રેઈન ડેડ ડિકલેરેશન કમિટી દ્વારા ઉર્મિલાબેનને સત્તાવાર રીતે બ્રેઈન ડેડ ડિકલેર કરવામાં આવ્યા હતા.




સ્વ. ઉર્મિલાબેનના કુટુંબીજનોએ અંગદાન કરવાની ઈચ્છા વ્યકત કરતા આ અંગેની ગુજરાત સરકારની એસઓટીટીઓ (સ્ટેટ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન) પોર્ટલ પર અંગદાન અંગેની માહિતી અપલોડ કરવામાં આવી હતી. ત્યાંથી મંજૂરી આવી જતા અમદાવાદ સ્થિત નિષ્ણાત ડોકટરોની ટીમ આવી હતી અને સ્વ. ઉર્મિલાબહેનના લીવર, કિડની, આંખની કીકી સહિતના અંગોનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. ત્યાર બાદ જૂનાગઢથી અમદાવાદ સુધી ગ્રીન કોરીડોર બનાવીને આ અંગોને અમદાવાદ સીમ્સ હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. આ અંગે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ મારફત થયેલુ આ પ્રથમ અંગદાન છે, જેનાથી ઓછામાં ઓછા ૬ લોકોને નવું જીવન મળશે. જૂનાગઢથી અમદાવાદ સુધીના ગ્રીન કોરીડોરમાં જૂનાગઢ-અમદાવાદ હાઈવે પર જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ પોલીસના સહયોગથી ગ્રીન કોરીડોર બનાવવામાં આવ્યો હતો. જેમાં અંગદાન લઈ જતા વાહનને સળંગ પાસ-થ્રુ આપવામાં આવે છે જે શકય બન્યું હતું.

# ડભોઈની સોસાયટીમાં છેલ્લા ૧૫ દિવસથી આવતું ગંદું પાણી : સમસ્યા દૂર કરવા રહીશોની માંગ



ડભોઈ, તા.૫

ડભોઇ વિશ્વાંતિગ્રીન ટાઉનશીપ સોસાયટી ખાતે છેલ્લા ૧૫ દિવસ ઉપરાંતથી પીવાના પાણીમાં ગંદુ પાણી આવતું હોય સોસાયટીના રહીશો દ્વારા બહારથી વેચાતુ પાણી મંગાવું પડે છે. ડભોઈ નગરપાલિકામાં વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી છેલ્લા ૧૫ દિવસ ઉપરાંત પીવાના પાણીમાં ગંદુ પાણી મિક્સિંગ થતું હોય પીવાલાયક પાણી આવતું નથી પાણીમાં એટલી બધી દુર્ગંધ મળતું હોય જેથી કરી રહીશો દ્વારા નગરપાલિકાને રજૂઆતો કરવા છતાં આજદિન સુધી તેનો કોઈ નિકાલ ન આવતા હોય વહેલી તકે ઉનાળાની ઋતુમાં પીવાલાયક પાણીની સમસ્યા દૂર કરે વહેલી તકે પાણીની સમસ્યા દૂર કરે તેવી સોસાયટી વિસ્તારના રહીશોની માંગ ઉઠવા પામી હતી. આજરોજ સોસાયટીના વિસ્તારના લોકો ભેગા થઈને નગરપાલિકાનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ અંગે સોસાયટીના રહીશ હેતલબેન સુથારે જણાવ્યું હતું કે, અમારી સોસાયટીમાં છેલ્લા ૧૫ દિવસથી પાણીની સમસ્યા છે પાણી પીવા લાયક આવતું નથી ડહોળું અને ગંદુ અને ગટરનું આવતું હોય એવું લાગે છે પીવાના પાણીમાં દુર્ગંધ મારે છે ગટરનું પાણી મિક્સ હતું. એવું લાગે છે આ પાણી ઉપયોગમાં નથી કરતા ને વેરા ભરીએ છીએ અને પાણીના જગ મંગાવા પડે છે.

### વડોદરા રેલવે સ્ટેશન વિસ્તારમાં

# આમલેટની લારી ધરાવતાં યુવાનને બેરહેમીપૂર્વક માર મારનાર ત્રણ પોલીસ જવાન જેલ ભેગા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરા રેલવે સ્ટેશન વિસ્તારમાં મધરાતે લારી ચાલુ રાખનાર મૂળ બિહારના વતની અને સયાજીગંજમાં રહેતા શ્રમજીવી યુવકને મારમારી વાન સાથે ઢસડી જનાર ત્રણ પોલીસવાળાને જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૭ બહાર લારી ચાલુ રાખનાર મો.ફૈઝાનની લારી બંધ કરાવવા ગયેલી સયાજીગંજ પોલીસની પીસીઆર વાનના કર્મચારીઓ અને લારીવાળા વચ્ચે ઝપાઝપી થતાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાઇ હતી, જેમાં લારીવાળાને લાકડી વડે મારમારીને વાન સાથે ઢસડી જવાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ બનાવમાં સયાજીગંજ પોલીસે એલઆરડી મોહમ્મદ મુબશશિર મોહમ્મદ સલીમ, રઘુવીર ભરતભાઈ અને કિશન નટવરભાઈ પરમારની હત્યાના પ્રયાસ બદલ ધરપકડ કરી હતી. ત્રણેયના રિમાન્ડ પૂરા થતાં આજે કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. બીજી તરફ ડીસીપી દ્વારા ઉપરોક્ત બનાવની ખાતાકીય રાહે પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા છે. જ્યારે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવાની પણ તજવીજ કરવામાં આવી હોવાની માહિતી મળી છે.

### પોલીસની લારી-ગલ્લા ધારકો સાથે મીટિંગ, રાત્રે ૧૧ વાગ્યે લારી બંધ કરવા અપીલ

જુદા-જુદા પોલીસ સ્ટેશનોના અધિકારીઓ દ્વારા લારી-ગલ્લા ધારકો સાથે મીટિંગ કરીને રાત્રે ૧૧ વાગ્યે ધંધા બંધ કરી સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

સયાજીગંજમાં પોલીસ અને લારીવાળા વચ્ચે તકરાર થયા બાદ લારીવાળો પોલીસ વાન સાથે ઢસડાયો હોવાના બનેલા બનાવ બાદ આવા બનાવો ના બને તે માટે પોલીસ કમિશનરે તમામ અધિકારીઓને તેમના વિસ્તારમાં લારી-ગલ્લા ધારકો સાથે સંકલન કરવા સૂચના આપી હતી.

પોલીસ દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં લારી-ગલ્લા ધારકો સાથે મીટિંગ કરવામાં આવી રહી છે. તેમને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાત્રે ૧૧ વાગ્યે લારીઓ બંધ કરવા તેમજ કોઈ પીધેલા આવે તો તરત જ પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

### ગોધરામાં પંચમહાલ ડેરીની બિલ્ડિંગનું ફાયર એન.ઓ.સી. મેળવવા

# વુડા ઓફિસની રિજનલ ફાયર ઓફિસનો વર્ગ-૧નો ફાયર ઓફિસર ૨.૨૫ લાખની લાંચ લેતા ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરા શહેરના કારેલીબાગમાં વુડા કચેરી ખાતેની રીજનલ ફાયર ઓફિસમાં વર્ગ-૧ના અધિકારી નિલેશ પટેલને એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે લાંચ લેતા રંગહાથ ઝડપી પાડ્યો હતો. સૂત્રો અનુસાર વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી વુડા કચેરી ખાતેની રીજનલ ફાયર ઓફિસમાં વર્ગ-૧ના અધિકરી નિલેશ પટેલને આજે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે રૂા.૨,૨૫,૦૦૦ની લાંચ લેતા રંગહાથ ઝડપી પાડ્યો હતો. જેમાં પંચમહાલ ખાતે આવેલી ડેરીના બિલ્ડીંગમાં ફાયર એન.ઓ.સી. માટે આ લાંચ માંગવામાં આવી હોવાની માહિતી હાલ પ્રાપ્ત થઈ રહી છે. છેલ્લા દોઢ મહિનાથી આ મામલે રકઝક ચાલી રહી હતી. ત્યારે રૂા. ૪,૫૦,૦૦૦ની માંગણી સામે આજે રૂા.૨,૨૫,૦૦૦ની લાંચ સ્વીકારતા અધિકારી નિલેશ પટેલ ઝડપાયો હતો. તેની સાથે અન્ય એક શંકાસ્પદ વ્યક્તિની પણ એ.સી.બી.એ અટકાયત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ગોધરામાં પંચમહાલ ડેરીની બિલ્ડિંગનું ફાયર એનઓસી મેળવવા માટે ફાયર એનઓસીનું કામ કરતા કોન્ટ્રાક્ટર દ્વારા વડોદરામાં વુડા સર્કલ પાસેની વુડા ઓફિસના ચોથા માળે કાર્યરત રિજિયોનલ ફાયર ઓફિસમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી બાદ તેની તપાસ ચાલતી હતી અને ફાયર એનઓસી લેવા માટે એનઓસીનું કામ કરતા કોન્ટ્રાક્ટર



રિજિયોનલ ફાયર ઓફિસર નિલેશ ભીખાભાઈ પટેલ (રહે.સત્સંગવીલા, દેવસ્ય સ્કૂલ રોડ, વસ્ત્રાલ, ઓઢવ, અમદાવાદ)ને મળ્યા હતાં.

# ડભોઈના મહુડી ભાગોળ પાસે ખુલ્લા વરસાદી કાંસમાં છકડો ખાબકયો

## ડ્રાઈવરનો આબાદ બચાવ



ડભોઈ, તા.૫

એક્ટિવાચાલકને બચાવવા જતા એકાએક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ખુલ્લા વરસાદી કાંસમાં છકડો ખાબક્યો રિક્ષા છકડો ખુલ્લી વરસાદી કાંસમાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા. રિક્ષા ડ્રાઈવર શહીદભાઈ અબ્દુલાનો આબાદ બચાવ થયો. છકડો રિક્ષા તાસમાં ખાબક્યા બાદ ધુમાડાના ગોટેગોટા નીકળ્યા બંને સાઈડથી વરસાદી કાંસો ખુલ્લા હોય જેને લઈને અકસ્માતો વારંવાર થઈ રહ્યા છે. ડભોઈ મહુડી ભાગોળ પાસે આવેલ ખુલ્લા વરસાદી કાંસ ગરનાળામાં બરફ ભરેલ છકડો રિક્ષા અચાનક ખાબક્યો રાહદારીઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો ડભોઈ મહુડી ભાગોળ પાસે આવેલ બરફ ભરેલો છકડો રિક્ષા નંબર gj 06xx7257 નાળા પાસે ચાલુ હાલતમાં ઊભો રાખી વસ્તુ ખરીદવા ડ્રાઈવર ઉતરતાં થોડે અંતરે જતાં છકડો એકાએક ગતિ પકડતાં પાસે આવેલ ગરનાળામાં ખાબક્યો હતો. ભારે અવરજવર વિસ્તારમાં કોઈ જાનહાની થઈ નથી છકડાને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

# વડોદરાના બાવામાનપુરા દારૂલ ઉલૂમ ખાતે હજયાત્રીઓ માટે તરબિયતનો કાર્યક્રમ યોજાયો




(તસવીર :- અતિક શેખ, વડોદરા)

વડોદરા, તા.૫

મદ્રેસા એ આલા હઝરત કમિટી દ્વારા આગામી દિવસોમાં હજ પર જનાર હાજી સાહેબો માટે બાવામાનપુરા દારૂલ ઉલૂમ ખાતે હજ માટેની તરબિયતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન હાજી સૈયદ ફકરૂદ્દીન રઝવી સાહેબ, હાજી શબ્બીર અહેમદ રઝવી દ્વારા હાજીઓને હજના અરકાન અદા કરવા માટેની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વડોદરા શહેર જિલ્લાના હાજીઓએ ભાગ લીધો હતો.

### લઘુમતી સમુદાયના લોકોને મતદાનથી વંચિત રાખવાનો કારસો

# માંગરોળના મુસ્લિમ વિસ્તારોમાં મતદાન સ્લીપ ન પહોંચાડાઈ હોવાની ફરિયાદ

માંગરોળ, તા.૫

જૂનાગઢ લોકસભા બેઠકના માંગરોળમાં લઘુમતી વિસ્તારમાં રહેતા મુસ્લિમ લઘુમતી મતદારોને માંગરોળ મામલતદાર કચેરીની ચૂંટણી શાખા દ્વારા ભાજપના ઉમેદવારને જીતાડવા મતદાન સ્લીપ પહોંચાડવા આવી ન હોવાની લેખિત ફરિયાદ આમ આદમી પાર્ટીના મહાવીરસિંહ ચુડાસમાએ રાજય ચૂંટણી પંચ તથા જૂનાગઢ બેઠકના જનરલ ઓબ્ઝરર્વરને કરી તુરંત લઘુમતી મુસ્લિમ સમાજના મતદારોને મતદાનની સ્લીપ સમયસર પહોંચતી કરવા માંગ કરી છે. ફરિયાદમાં આ બાબતે આમ આદમી પાર્ટી સુધી આવી ફરિયાદો પહોંચતા આ બાબતે તપાસ કરતા ફરિયાદોમાં તથ્ય જણાતા તાલુકા તંત્ર દ્વારા ઈરાદાપૂર્વક મુસ્લિમ સમાજના મતદારોને મતદાન કરતા રોકવા અને સત્તાધારી પક્ષના ઉમેદવારને મદદ કરવા ષડ્યંત્ર કરેલ હોવાની શંકા દૃઢ બની હતી. લોકશાહીમાં મતદારોને પોતાના ઉમેદવારને ચૂંટવા વધુ મતદાન કરવા મતદારોને પ્રોત્સાહિત કરવા જાગૃતિ લાવવા ચૂંટણી પંચ કાર્યક્રમો યોજવાની જાહેરાતો કરે છે જયારે બીજી તરફ માંગરોળ ચૂંટણી તંત્ર આવી રીતે મતદારોને મતદાન કરતા અટકાવવા ષડ્યંત્ર રચી ચૂંટણીને કલંકિત કરતું હોય આ બાબતને ગંભીરતાથી લઈ તુરંત લઘુમતી મુસ્લિમ મતદારોને મતદાન સ્લીપ પહોંચાડવા કરવા માંગ કરી છે.

# મતદાન જાગૃતિ માટે વડોદરાવાસીઓએ લગાવી દોડ : શહેરમાં રન ફોર વોટ યોજાઈ

## રન ફોર વોટમાં ૮૬ વર્ષના વૃદ્ધાએ દોડ લગાવી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવ્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૫

વડોદરા લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી તા.૭ મેના રોજ યોજાનાર છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વડોદરા લોકસભા અને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે દિશામાં ચૂંટણી તંત્ર દ્વારા ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન TIP અને SVEEP અંતર્ગત મતદાન જાગૃતિ માટે સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

સમગ્ર રાજયની સાથે વડોદરા શહેર જિલ્લામાં 'મતદાન જાગૃતિ' માટે પખવાડિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે રવિવારે વહેલી સવારે શહેરના કમાટીબાગ ખાતેથી યોજાયેલ 'રન ફોર વોટ' કાર્યક્રમમાં શહેરીજનો ઉમટી પડી મતદાન જાગૃતિ માટે દોડ લગાવી હતી. વડોદરા શહેર ઉપરાંત કરજણ, ડભોઈ, પાદરા, સાવલી અને વાઘોડિયા વિધાનસભા મત વિભાગમાં પણ મતદાન જાગૃતિ માટે રન ફોર વોટ કાર્યક્રમ યોજાયો હતો.

શહેરના કમાટીબાગ ખાતે યોજાયેલ 'રન ફોર વોટ'ને જિલ્લા ચૂંટણી અધિકારી




વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારીની આગેવાનીમાં મતદાન જાગૃતિ અંતર્ગત રન ફોર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા અને મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો. **(તસવીર :- અતિક શેખ, વડોદરા)**

બીજલ શાહે, જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, નિવાસી અધિક કલેક્ટર ડૉ.બી.એસ. પ્રજાપતિ, નાયબ મ્યુનિ. કમિશનર હસમુખ પ્રજાપતિની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરાવ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી શાહે જણાવ્યું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી માટેનું મતદાન મંગળવારે થવાનું છે, ત્યારે લોકશાહીના આ અમૂલ્ય અવસરમાં મહત્તમ મતદાન થાય તે માટે રન ફોર વોટના માધ્યમથી મતદારોમાં મતદાન જાગૃતિનો અનોખો સંદેશો ફેલાવવામાં આવ્યો છે. તેમણે વડોદરા શહેર જિલ્લાના નાગરિકોને આ ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતદાન કરી પોતાનો નાગરિક ધર્મ નિભાવવા ખાસ અપીલ કરી છે.

રન ફોર વોટમાં શહેરના ૮૬ વર્ષના વૃદ્ધાએ પણ દોડ લગાવી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવ્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી બીજલ શાહે આ વયોવૃદ્ધાના ઉત્સાહને બિરદાવ્યો હતો.

કમાટીબાગ ખાતેથી યોજાયેલ આ 'રન ફોર વોટ'માં ઉચ્ચ અધિકારીઓ, યુવાનો, દિવ્યાંગજનો, પોલીસ જવાનો, હોમગાર્ડ, વરિષ્ઠ નાગરિકો, શિક્ષકો, વિવિધ સેવાભાવી સંસ્થાઓ સહિત નાગરિકો મોટી સંખ્યામાં જોડાઈ 'મતદાન જાગૃતિ' અભિયાનનો સંદેશો ફેલાવ્યો હતો. કમાટીબાગથી શરૂ થયેલ 'રન ફોર વોટ' શહેરના કાલાઘોડા, કોઠી ચાર રસ્તા, બીએસએનએલ ચાર રસ્તા, જેલ રોડ થઈ કાલાઘોડા થઈ કમાટીબાગ પરત ફરી હતી.

# લ્યો બોલો ! જુહાપુરા સર્વિસ રોડ પરનું અગાઉ પોતે જ બનાવેલુ શૌચાલય અ.મ્યુ.કોએ બીજીવાર તોડયું




શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને વિવિધ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. બાગ-બગીચા, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ, પાણી, ડ્રેનેજ લાઈન તેમજ શૌચાલયો વગેરેની સુવિધાઓ તંત્ર પૂરી પાડે છે. જો કે આ સુવિધાઓ પુરી પાડવામાં તંત્ર ઘણીવાર અવિચારી પગલું ભરે છે. ત્યારે લોકોને સગવડને બદલે અગવડનો સામનો કરવો પડે છે. તંત્રની આવી જ એક ઘોર બેદરકારીની ઘટના જુહાપુરામાં સામે આવી છે. જેમાં થોડાક મહીના અગાઉ એગ્રો પેટ્રોલપંપની નજીક સ્ટીલનું આધુનિક શૌચાલય બનાવાયું હતું જે શૌચાલયને તોડી જુહાપુરા ચાર રસ્તા નજીક મેઈન રોડ તથા સર્વિસ રોડની વચ્ચે ફરીથી શૌચાલય બનાવાયું હતું તેની બાજુમાં અન્નપૂર્ણાનું કેબિન તેની પાસે તંબુ ચોકી અને નજીકમાં જ દિવ્યાંગના બે કેબિન આવેલા છે. આમ લોકોની ભારે અવરજવરવાળા જાહેર રસ્તા પર શૌચાલય બનાવાતા તંત્રની બેદરકારી ફરી એકવાર ઉજાગર થઈ હતી જેને લઈ લોકોમાં વિરોધ પણ હતો ત્યારે તંત્રે આ શૌચાલય ફરી એકવાર તોડી પાડયું છે. ત્યારે હવે તંત્ર અહીંનું શૌચાલય કયાં બનાવશે લોકોમાં તે પ્રશ્ન છે શું ફરીથી કોઈ બેદરકારી દાખવવામાં આવશે ? આ અંગે કોણ વિચારશે ?

# રાજ્યમાં હીટવેવ અને યલો એલર્ટની આગાહી વચ્ચે તીવ્ર ગરમી જોર બતાવશે

## ● ૪૧ ડિગ્રી તાપમાન સાથે ભાવનગર સૌથી ગરમ શહેર રહ્યું
## ● મતદાનના દિવસે કેટલાક જિલ્લાઓમાં ૪૦થી ૪૧ ડિગ્રી તાપમાન રહેશે

અમદાવાદ, તા.૫
રાજ્યમાં કાળ-ઝાળ ગરમીએ પોતાનું જોર બતાવાનું શરૂ કરી દીધું છે ત્યારે રાજ્યમાં શુષ્ક વાતાવરણ વચ્ચે કેટલાક સ્થળોએ હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે તો સુરતમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. રાજ્યમાં તીવ્ર ગરમી પડવાની શરૂ થઈ ગઈ છે અનેક સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની પાર નીકળી ગયો છે ત્યારે અનેક સ્થળોએ હીટવેવની આગાહી કરવામાં આવી છે.

બે દિવસ બાદ ગુજરાતમાં પોરબંદર અને ભાવનગરમાં હીટવેવની શક્યતા સાથે યલો એલર્ટની સંભાવના છે. મતદાનના દિવસે પણ અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ નોંધાશે. આ ઉપરાંત આગામી બે દિવસ રાજ્યભરમાં મહત્તમ તાપમાન વધારો થઈ શકે છે. પવનની દિશા પણ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ તરફતી રહેશે. હાલમાં ગુજરાત ઉપર કચ્છના અખાતમાં ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાવાને કારણે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. આગામી ૨૪ કલાક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થતા શહેરનું આકાશ ફરી એકવાર સાબિત થશે. ગરમીનો પ્રકોપ વધશે. હાલમાં આગામી બે દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**કયાં કેટલું તાપમાન**

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| ભાવનગર | ૪૧.૦ |
| અમરેલી | ૪૦.૮ |
| સુરત | ૪૦.૦ |
| વડોદરા | ૩૯.૮ |
| સુરેન્દ્રનગર | ૩૯.૮ |
| વલ્લભવિદ્યાનગર | ૩૯.૫ |
| અમદાવાદ | ૩૯.૨ |
| કંડલા એરપોર્ટ | ૩૯.૧ |
| ગાંધીનગર | ૩૮.૬ |

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને અમદાવાદના આસપાસના વિસ્તારમાં અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની શક્યતા છે. આ સાથે ગુજરાતના સૌથી લાંબા દરિયાકાંઠાના વિસ્તારમાં હોટ એન્ડ હ્યુમિડ વેધર એટલે કે ગરમ ભેજયુક્ત પવન ફૂંકાવાની સાથે અનુભવ ડિસ્કમ્ફર્ટનો અનુભવ થશે. આજે અમદાવાદમાં સવારથી વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગે ગરમીને લઈને આગાહી કરતા જણાવ્યું છે આગામી ૫ દિવસ રાજ્યમાં સૂકું વાતાવરણ રહેશે. જોકે ઉત્તર ગુજરાતમાં ૨ ડિગ્રી તાપમાન વધશે. આજે સૌરાષ્ટ્ર કચ્છ દિવમાં કોસ્ટલ એરિયામાં હીટવેવ આગાહી છે. તેમજ સુરતમાં પણ હીટવેવની આગાહી છે.

## ગેનીબેન ઠાકોરના ભાજપ પર આકરા પ્રહાર

# તમારી સાત પેઢીઓ આવી જાય તો પણ તાકાત નથી કે તમે બંધારણને દરિયામાં નાખી શકો

## તમે બધા એવું મતદાન કરો કે દિલ્હી સુધી કરંટ લાગવો જોઈએ

અમદાવાદ, તા.૫
બનાસકાંઠાના અમીરગઢના ઈકબાલગઢ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહીલની અધ્યક્ષતામાં ન્યાય સંકલ્પ સભા યોજાઈ, જેમાં કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર અને શક્તિસિંહ ગોહિલે ભાજપ ઉપર આકરા પ્રહારો કરી કોંગ્રેસ તરફી મતદાન કરવા લોકોને અપીલ કરી હતી.

લોકસભાની ચૂંટણીના મતદાનને ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે પ્રચારના આખરી ચરણોમાં કોંગ્રેસ અને ભાજપના નેતાઓ જંગી સભાઓને સંબોધન કરીને તેમના પક્ષ તરફી મતદાન કરાવવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠામાં અમીરગઢ તાલુકાના ઈકબાલગઢમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલની અધ્યક્ષતામાં જાહેર ચૂંટણી સભા યોજાઈ હતી. કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોર, દાંતાના ધારસભ્ય કાન્તિ ખરાડી સહિત કોંગ્રેસના આગેવાનો નેતાઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને ભાજપ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે તમારી સાત પેઢીઓ પણ આવી જાય ને તો પણ તમારી તાકાત નથી કે આ બાબા સાહેબ આંબેડકરના બંધારણને તમે દરિયામાં નાખી શકો. બંધારણનું રક્ષણ કરવાવાળો વર્ગ લાખો કરોડોમાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં માંડ માંડ ફાળો કરીને ૫ લાખના ખર્ચે કોંગ્રેસે પોસ્ટરો લગાવ્યા પણ દોઢ દિવસમાં જ ભાજપના અધિકારીઓ જે ભાજપના પટ્ટા પહેરીને બેઠાં છે. ચીફ ઓફિસરો અને બીજા એમને પોસ્ટરો ઉતારી નાખ્યા. હું એમને કહેવા માગું છું કે તમે બનાસકાંઠા જિલ્લા આખામાંથી કોંગ્રેસ પોસ્ટરો કાઢી નાંખશો, પણ જિલ્લાની જનતાના દિલમાં કોંગ્રેસનું સ્થાન છે, એ નહિ નીકાળી શકો..પ્રિયંકા જી આવે ત્યારે ઝંડા ઉતારી દે એ એમની માનસિકતા છે. એમને સત્તાનો જેટલો દુરુપયોગ કરવો હતો કે કરી દીધો છે છતાં પણ નવ લે છે અને તેર ફૂટે છે. અમને બેલેટમાં વોટ ખોટા કરાવ્યા તમામ અધિકારીઓના વોટ ખોટા કરાવ્યા છતાં પણ હું એમને ચેલેન્જ આપું છું કે હવે ૨૪ કલાક બાકી છે તમે ઓછા ન ઉતરતા અમારો બનાસકાંઠા જીલ્લો તમને જવાબ આપવા સક્ષમ છે પછી કેતા નહિ કે અફસોસ રહી ગયો. હું કહું છું કે તમારે જેટલો પણ મશીનરીનો ઉપયોગ કરવો હોય તે કરી લેજો પણ આ દુરુપયોગ કરવા વાળાઓ તમારા આકાઓ સતા ઉપર કાયમી નહિ રહેવાના અને ૮ તારીખ પછી તમારો ફોન નથી ઉપડવાના એટલે હું તમને કહું છું લોકશાહીનું ગળું ન દબાવતા અને લોકશાહીની ઢબે ચૂંટણી થવા દો. તમે બધા એવું મતદાન કરો કે દિલ્હી સુધી કરંટ લાગવો જોઈએ.

# ગીરથી ભાવનગર સુધી વિસ્તરેલા સાવજોને ઘર મળે એ માટે લોક ભાગીદારીથી પ્રયાસો શરૂ

## ● કન્ઝર્વેશન રિઝર્વ માટે ભાવનગર જિલ્લામાં ૩૦૦ અને અમરેલીના ૧૦૯ ગામોને આવરી લેવાયા ● ૪૦૯ ગામોમાં પાણીના પોઈન્ટ અને ઘાસના મેદાનોનું કરાશે નિર્માણ : પડતર જમીનોમાં વન તળાવ બનાવાશે

અમદાવાદ, તા.૫
એક સમયે ગીરનું જંગલ એ સાવજોનું ઘર હતુ. પરંતુ ગીરના સિંહો હવે છેક ભાવનગર, દીવ સુધી પહોંચી ગયા છે. ત્યારે નવા વિસ્તારોમાં આવી ચઢેલા સિંહો માટે હવે લોકોએ જ પ્રયાસો શરૂ કર્યા છે. ગીરથી ભાવનગર સુધી વિસ્તરેલા સાવજો ને ઘર મળે એ માટે લોક ભાગીદારીથી પ્રયાસો હાથ ધરાયા છે. ૪૦૯ ગામોમાં પાણીના પોઈન્ટ અને આફ્રિકા જેવા ઘાસના મેદાનોનું નિર્માણ કરવામાં આવશે. વહીવટી તંત્રની મંજૂરીથી પડતર જમીનોમાં વન તળાવ, ચેકડેમ અને ઘાસના મેદાનો બનાવવામાં આવશે.

જેના કારણે પાણીના તળ ઊંચા આવતા ખેત ઉત્પાદન વધશે અને ખેડૂતોને ફાયદો થશે. સાથે પાકનો નાશ કરતા જંગલી ભૂંડ અને નિલગાયના ત્રાસમાંથી પણ મુક્તિ મળશે. આ માટે વન વિભાગ દ્વારા લોક જાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સિંહોની વસ્તી સતત વધી રહી છે. ગીરના સિંહો હવે છેક ભાવનગર સુધી આવી ચઢ્યા છે. ૨૦૦૫માં થયેલી સિંહની વસ્તીગણતરી વખતે જ્યારે કુલ ૩૫૯ સિંહમાંથી ભાવનગર જિલ્લામાં ૧૪ નોંધાયા હતા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ એકસાથે ૧૪ સિંહ દેખાયા હતા. એ વખતે પાલિતાણા, તળાજા અને મહુવા તાલુકાઓમાં કુલ ૨૫ સિંહનો વસવાટ હતો. ભાવનગરમાં સિંહોની વસ્તી કૂદકેને ભૂસકે વધી રહી છે. તેથી હવે ભાવનગરના સાવજોને સાચવવાની જરૂર પડી છે.

સિંહની વસ્તી વધ્યા બાદ તેમને યોગ્ય વાતાવરણ આપવાની પણ જરૂર છે. તેથી ભાવનગર સુધી પહોંચેલા સિંહોના રક્ષણ માટે વનવિભાગે શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વ અંતર્ગત લોકભાગીદારી થકી પ્રયાસો શરૂ કરી દીધા છે. પીવાના પાણી અને રહેવા માટે આફ્રિકામાં હોય છે એવું ઘાસનું મેદાન મળી રહે એ માટે શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વની યોજના બનાવી છે, જે અભયારણ નહીં હોય પણ તેમાં વનવિભાગ સિંહોને પીવાના પાણી માટેના પોઈન્ટ. ઘાસની વીડી જેવું બનાવી શકશે. આ વિસ્તારો એવા હશે જ્યાં નાગરિકોના તમામ હક્ક જળવાઈ રહેશે, તેની ફરતે ફેન્સિંગ પણ નહીં હોય અને પશુપાલકો, ખેડૂતો, સામાન્ય લોકો ત્યાં બેરોકટોક અવરજવર કરી શકશે. આ રીતે અત્યાર સુધીમાં અક્ષર ન મળે તો ડીલેટ કરવા ૧૦૦થી વધુ તળાવો, ચેકડેમ તૈયાર કરી દીધાં છે.

આ અંગે નિવૃત્ત સીસીએફ દુષ્કૃત વસાવડા કહે છે કે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ ૪ પ્રકારના રક્ષિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવે છે. અભયારણ, રાષ્ટ્રીય ઉદ્યાન, કન્ઝર્વેશન રિઝર્વ અને કોમ્યુનિટી રિઝર્વ. જેમાં કન્ઝર્વેશન રિઝર્વમાં લોકભાગીદારી થકી વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરવામાં આવતું હોય છે. જેમાં રેવન્યુ વિસ્તારના સરકારી/ પડતર ગૌચર વિસ્તારો કે જેમાં વન્યપ્રાણીનો વસવાટ અથવા તો અવર-જવર નોંધાયા હોય તેવા વિસ્તારોમાં ગ્રામ પંચાયત સાથે સહમતી સાધી ત્યારબાદ જે તે વિસ્તારને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવા માટે સરકારમાં દરખાસ્ત કરવામાં આવતી હોય છે. આ માટેની દરખાસ્ત ૨૦૧૮માં મુકાઇ હતી. જોકે, હજી સુધી માત્ર ૨ ગ્રામ પંચાયતોએ તેની મંજૂરી માટેના ઠરાવ અમને આપ્યા છે. ત્યાં જે વ્યવસ્થા ઊભી થઈ છે એનાથી ખેડૂતોને સીધો ફાયદો થયો છે. સિંહોને બચાવવા માટે લોકોનો સાથ પણ મેળવાશે ગામેગામે લોકોને સમજાવવામા આવી રહ્યાં છે. ભાવનગર જિલ્લાનાં ૩૦૦ અને અમરેલી જિલ્લાનાં ૧૦૯ ગામોને આવરી લેવાયા છે. આ ગામોમાં જે પડતર જમીન હોય એમાં કલેક્ટરની મંજૂરી મેળવીને જમીન હસ્તગત કરવાની હોય છે. અત્યારે વનવિભાગ ગામોમાં ફરીને તેના ફાયદા વિશે સમજાવી રહ્યો છે. જોકે, અત્યાર સુધીમાં ફક્ત ૨ ગ્રામ પંચાયતોએ આ માટેની સહમતિના ઠરાવ કરીને મોકલ્યા છે.

## ગુજરાતના લોકોના આરોગ્ય સાથે ચેડાં

# બજારમાં તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ કરી વેચવાનું કૌભાંડ


## ફૂડ આઈટમના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટીનના ગેરકાયદે વપરાશ કરતા ઉત્પાદકો પર બાજ નજર રાખવા નિર્દેશ

અમદાવાદ, તા.૫
રાજ્યભરમાં હાલ ખાણીપીણીને લઈને લોકોના આરોગ્ય સાથે ભારે ચેડા થઈ રહ્યાં છે. આઈસ્ક્રીમ, બરફના ગોળાથી લઈને તેલ, હળદર, મરચું, ઘી વગેરેમાં ખૂબ ભેળસેળ થઈ રહી છે. ત્યારે હવે ખાદ્યતેલમાં ભેળસેળનું નવા પ્રકારનુ કૌભાંડ સામે આવ્યું છે. તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ કરીને તેલ વેચાઈ રહ્યું છે. આ કારણે લોકોની હેલ્થ બગડી સકે છે. તેથી લોકોની હેલ્થ બગડે તે પહેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ અંગે આદેશ કરવામા આવ્યા છે.

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફૂડ આઈટમના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટીનના ગેરકાયદે વપરાશ કરતા ઉત્પાદકો પર બાજ નજર રાખવા તમામ જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને નિર્દેશ કર્યો છે. ઉત્પાદકો અવાર નવાર રિસાઈકલ્ડ (જૂના ટીન) નો ઉપયોગ કરતાં હોય છે, આવી પેઢીઓની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે તંત્રે રાજ્યભરના ડેઝિગ્નેટેડ ઓફિસરોને સૂચના આપી છે. રિસાઈકલ કરાયેલા ટીન પહેલેથી જ એક વખત ઉપયોગમાં લેવાઈ ચૂક્યા હોય છે, ફૂડ આઈટમના વપરાશ પછી ગ્રાહક દ્વારા તેનો નિકાલ કરવામાં આવે છે અને ત્યાર બાદ અનૈતિક રીત રસમ અપનાવી પેકર્સ દ્વારા તેનો પેકિંગ માટે ફરીથી ઉપયોગ કરવામાં આવે છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો પ્રમાણે ખાવાની કોઈ પણ વસ્તુના પેકેજિંગ માટે વપરાયેલા કન્ટેનર ડબ્બાનો ફરીથી ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. રિસાયકલ કરાયેલા ડબ્બા વ્યાપકપણે ઉપલબ્ધ હોવા છતાં ઘણા લોકો તેના ઉપયોગ સાથે સંકળાયેલા સંભવિત જોખમોથી હજુય અજાણ છે. યોગ્ય રીતે સાફ કર્યા વિના કે રિપર્પઝ કરાયા વિના ફરીથી ઉપયોગમાં લેવાતા આવા ડબ્બા સમય જતાં આરોગ્યને લગતા મોટા જોખમો ઊભા કરે છે. લોકો અજાણતા જ ખાદ્ય ચીજ વસ્તુઓને લગતા ચેપ, એલર્જી, રિએક્શન અથવા ગંભીર સ્વાસ્થ્યની સ્થિતિમાં મુકાઈ શકે છે. કેટલાક અભ્યાસમાં બહાર આવ્યું છે કે, નુકસાન પામેલા કે રિસાઈકલ કરેલા ડબ્બા માનવ શરીર પર પેટના ભાગના અવ્યવો પર ગંભીર અસર ઊભી કરી શકે છે.

## અંકલેશ્વરના પીપરોળ ગામના આશાસ્પદ યુવાનનું ક્રિકેટ મેચ રમતી વેળા એટેકથી મોત



અંકલેશ્વર, તા.૫
અંકલેશ્વર તાલુકાના પીપરોળ ગામના ૪૦ વર્ષીય સઈદ મહયુદ્દીન પઠાણ ગત રાત્રે આશરે ૧૧થી ૧૨ વાગ્યાના અરસામાં ઝઘડિયાના દઢેડા ગામ ખાતે રાત્રી ક્રિકેટ મેચ રમવા ગયા હતા. જ્યાં તેમને અચાનક છાતીમાં દુઃખાવો થતાં તેઓને પ્રાથમિક સારવારમાં ઝઘડિયા જીઆઈડીસીની યુપીએલ પાંચ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી તેમને વધુ સારવાર માટે અંકલેશ્વર ખાતે લઈને આવતા રસ્તામાં અલ્લાહની રહેમતે પહોંચી ગયા હતા. આશાસ્પદ યુવાનનું મોત થતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## ૨૫૦૦થી વધુ લોકોએ દોડ લગાવી

# અમદાવાદમાં 'રન ફોર વોટ' થકી મતદાનનો સંદેશ વહેતો કરાયો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૫
લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમદાવાદ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી TIP (Turnout implementation Plan) હેઠળ વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજવામાં આવી છે. આ બાબતે ચૂંટણી પંચ તરફથી નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર અમદાવાદ શહેર અને જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ અંગે પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'રન ફોર વોટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રિવરફ્રન્ટ ખાતે આયોજિત 'રન ફોર વોટ'માં અંદાજિત ૨૫૦૦થી વધુ યુવાનો, પોલીસ જવાનો, શિક્ષકો તેમજ નાગરિકોએ જોડાઈને 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કર્યો હતો. સાબરમતી ઈવેન્ટ સેન્ટર, અટલ બ્રિજથી પ્રસ્થાન થયેલ 'રન ફોર વોટ' સ્પોર્ટ્સ સેન્ટર થઈને ત્યાંથી અટલબ્રિજ પરત ફરી હતી. આ મતદાન જાગૃતિ કાર્યક્રમમાં નાગરિકોએ 'રન ફોર વોટ' અંતર્ગત દોડ લગાવીને મતદાન જાગૃતિ પ્રસરાવી હતી. સરકારી અધિકારી-કર્મચારીઓએ પણ મતદાન જાગૃતિ અર્થે દોડ લગાવી હતી અને જિલ્લાના સૌ નાગરિકોને લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં સહભાગી થવા માટે અનુરોધ કર્યો હતો.

# અમદાવાદ પૂર્વના કોંગ્રેસના ઉમેદવારના ચૂંટણી પ્રચાર અર્થે વિશાળ બાઈક રેલી યોજાઈ



૭મી મેએ ગુજરાતની તમામ બેઠકો પર મતદાન થવાનું છે ત્યારે રવિવારની સાંજે પ્રચાર પડઘમ શાંત થાય એ પહેલા અમદાવાદ પૂર્વ લોકસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર હિંમતસિંહ પટેલના ચૂંટણી પ્રચાર અર્થે પાંચ વિધાનસભા વિસ્તારમાં ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુબ જ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થાને લઈ પોલીસનો એકશન પ્લાન

# અમદાવાદમાં ૯૩૧ ક્રિટીકલ બુથ પર પોલીસ દ્વારા વિશેષ તકેદારી રખાશે

અમદાવાદ, તા.૫
અમદાવાદમાં લોકસભાની ચૂંટણીને લઈ કા.દો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. શાંતીપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા યોજાય એ માટે ચૂંટણી બૂથ વિસ્તારમાં પણ સુરક્ષા વ્યવસ્થા ચૂસ્ત કરવામાં આવી છે. અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને લઈ વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. અમદાવાદમાં ૪૧૩૨ જેટલા બુથ આવેલા છે. જેમાંથી ૯૩૧ બુથ ક્રિટીકલ છે અને ૩૨૦૧ બુથ સામાન્ય છે.

ક્રિટીકલ બુથ પર પોલીસ દ્વારા વિશેષ તકેદારી દાખવવામાં આવશે. ડીસીપી કક્ષાના અધિકારીઓ દ્વારા પોતાના ઝોન વિસ્તારમાં બુથ વિઝિટ કરવામાં આવી રહી છે. મતદાન વખતે પોલીસના અધિકારીઓની નજર સતત વિઝિટ વિસ્તારમાં રહેશે. અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા માટે આઈટીબીપી, બીએસએફ, સીઆઈએસએફ અને કેન્દ્રીય પોલીસ દળ સહિતના પોલીસ જવાનો ફાળવવામાં આવ્યા છે. ૬૮ ચેકપોસ્ટ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

## ક્ષત્રિય સમાજે ઉદારતા દાખવી રૂપાલાને માફ કરવા જોઈએ

# ક્ષત્રિય સમાજને ત્યાગ અને બલિદાનની પ્રતીતિ કરાવવા ભાજપના પ્રદેશ અગ્રણીઓની ક્ષત્રિય સમાજને અપીલ

અમદાવાદ, તા.૫
આગામી વર્ષોમાં વિશ્વમાં ભારતને "વિશ્વ ગુરૂ" બનાવવાની શરૂ થયેલી પ્રક્રિયામાં નરેન્દ્ર મોદીને સંપૂર્ણ સહયોગ અને સમર્થન આપવા ભારતીય જનતા પાર્ટીના તમામ ક્ષત્રિય આગેવાનોએ ક્ષત્રિય સમાજને હૃદયપૂર્વકની અપીલ કરી છે. આ તમામ ક્ષત્રિય આગેવાનોને જણાવ્યું છે કે, પરષોત્તમ રૂપાલાના નિવેદનથી દુઃખ અને આઘાત ક્ષત્રિય સમાજને લાગ્યા છે. એટલો જ આઘાત ભાજપના ક્ષત્રિય આગેવાનો અને કાર્યકર્તાઓને પણ લાગ્યો છે. સૌના આઘાતની આ લાગણીને તુરંત જ ધ્યાનમાં લઈને ખરા દિલથી પરષોત્તમ રૂપાલાએ એક કરતા વધુ વખત પોતાના વિધાન બદલ દિલગીરી વ્યક્ત કરી ક્ષત્રિય સમાજની માફી પણ માંગી છે. રૂપાલાએ એમ પણ કહ્યું છે કે, ભૂલ મેં કરી છે તો તેની સજા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શા માટે કરો છો ? એમ કહીંને પણ રૂપાલાએ વારંવાર માફી માંગી છે. ત્યારે રાષ્ટ્રહિતમાં ક્ષત્રિય સમાજે પણ ઉદારતા દાખવી ક્ષમા વિરસ્ય ભૂષણમના ક્ષત્રિય ધર્મને સાર્થક કરી માફી આપી પોતાની ગૌરવવંતી પરંપરા સાથે ત્યાગ અને બલિદાનની ભાવનાની પણ પ્રતીતિ કરાવવી જોઈએ. ભારતીય જનતા પક્ષના ક્ષત્રિય સમાજના પ્રદેશ અગ્રણીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે. જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, માંધાતાસિંહ જાડેજા, કેસરીદેવસિંહ ઝાલા (રાજ્યસભા સભ્ય) બળવંતસિંહ રાજપૂત (મંત્રી), જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા (પ્રદેશ ભાજપ પ્રમુખ), કિરીટસિંહ રાણા (ધારાસભ્ય), ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા, ધારાસભ્ય), સી.કે. રાઉલજી (ધારાસભ્ય), અરૂણસિંહ રાણા (ધારાસભ્ય), વિરેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય) તથા પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય) એક સંયુક્ત નિવેદનમાં ક્ષત્રિય સમાજને અપીલ કરતા જણાવ્યું છે કે, ભાજપાની ગુજરાત અને કેન્દ્રની સરકાર દ્વારા થયેલા વિકાસકાર્યોમાં દેશ અને રાજ્યના અન્ય સમાજની સાથે ક્ષત્રિય સમાજનું પણ યશસ્વી પ્રદાન રહ્યું છે. તમામ ક્ષત્રિય અગ્રણીઓએ જણાવ્યું છે કે, આગામી સમયમાં ભારત વિશ્વમાં સન્માન સાથે વિશ્વની ત્રીજી મહાસત્તા બનવા જઈ રહ્યું છે. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનનું સંપૂર્ણ સહયોગ આપી આ પ્રક્રિયામાં સહભાગી બનીએ.રૂપાલાએ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ ક્ષત્રિય સમાજની હૃદય પૂર્વક બે હાથ જોડીને માફી માંગી છે. ત્યારે ક્ષત્રિય ભાઈઓએ પણ ક્ષમા વીરસ્ય ભૂષણમની પોતાની યશસ્વી અને ગૌરવ વંતી પરંપરા અને સ્વભાવને સાર્થક કરવાનો આ અમૂલ્ય અવસર છે. છેલ્લા દસ વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, વિજ્ઞાન, ઉદ્યોગ, સંરક્ષણ, વિદેશનીતિ, સર્વ સમાવેશકતા સાથે પ્રત્યેક નાગરિકનો વિકાસ, આર્થિક સુધારણા, હેલ્થ કેર રિફોર્મ, શિક્ષણ સુધારણા અને આંતરરાષ્ટ્રીય પ્રભુત્વ સાથે દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. આગામી વર્ષોમાં પણ આ જ વિકાસ પ્રક્રિયા વધુ તેજ ગતિએ આગળ વધવાની છે ત્યારે આ ચૂંટણીઓમાં ક્ષત્રિય સમાજ ઉદારતા દાખવી ભાજપાના ઉમેદવારોને જ મત આપી મોદીના સંકલ્પને સાકાર કરવામાં પોતાનું મહામૂલુ પ્રદાન આપશે, તેવી શ્રદ્ધા ભારતીય જનતા પક્ષના ક્ષત્રિય સમાજના પ્રદેશ અગ્રણીઓએ વ્યક્ત કરી છે.

## જુહાપુરામાં આજે ફિઝિયોથેરાપિસ્ટ દ્વારા હાજીઓ માટે તાલીમ કાર્યક્રમ

અમદાવાદ, તા.૫
હિલિંગ હેન્ડ્સ ફિઝિયોથેરાપી ક્લિનિક દ્વારા જેઆઈએચ-અહમદાબાદ મગરીબ, જુહાપુરા ખાતે હજ ૨૦૨૪માં જનારા હાજીઓ માટે ટ્રેનિંગ પ્રોગ્રામનું સોમવારે ૬ એપ્રિલના રોજ બપોરે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જે લોકોને કમર દર્દ, ઘૂટણ દર્દ વગેરે જેવી તકલીફ હોય તેવા લોકોની મફત સારવાર કરવામાં આવશે. તેમ જ હાજીઓને હજ ગાઈડલાઈન પણ આપવામાં આવશે. જેથી હજ પર જનારા લોકોને સરળતા રહે. આ કાર્યક્રમનું આયોજન ડૉ. તન્ઝીમા કુરેશી દ્વારા કરવામાં આવ્યું છે.

# પેલેસ્ટીનીઓ વિરૂદ્ધ ઈઝરાયેલની બર્બરતાને સમર્થન અને નાણાકીય સહાય આપનાર અમેરિકા, યુકેની વ્યક્તિઓ, સંસ્થાઓ પર પ્રતિબંધો લાદતું ઈરાન

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઈરાને ઘણી યુએસ અને યુકે કંપનીઓ અને વ્યક્તિઓ પર પ્રતિબંધો લાદ્યા છે અને "પેલેસ્ટીનીઓ ખાસ કરીને ગાઝા પટ્ટીના લોકો સામે ઈઝરાયેલના બર્બર કૃત્યોને સમર્થન આપવા માટે આતંકવાદ અને ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનમાં તેઓ સામેલ" હોવાનો આરોપ મૂક્યો છે. ઈરાની પ્રતિબંધો યુએસ અને યુકે દ્વારા ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન પર નવા પ્રતિબંધો લાદવામાં આવ્યા પછી આવ્યા છે જેણે સીરિયામાં ઈરાનના વાણિજ્ય દૂતાવાસ પર ઈઝરાયેલના હુમલાનો જવાબ આપ્યો હતો, જેના પરિણામે સાત લશ્કરી કમાન્ડરો સહિત ૧૩ ઈરાનીઓ શહીદ થયા હતા. ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનના પ્રદેશોમાં ૭ ઓકટોબરના હુમલાનો જવાબ આપવાના બહાને પેલેસ્ટીની પ્રદેશોમાં નરસંહાર શરૂ કર્યો ત્યારથી લગભગ ૪૦,૦૦૦ પેલેસ્ટીનીઓ જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા, માર્યા ગયા છે જેઓ પેલેસ્ટીનને ઈઝરાયેલી કબજામાંથી મુક્તિ મેળવવા માટે લડી રહ્યા છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલનો હુમલો હજુ અટક્યો નથી. ઈરાનના વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જે વિશ્વભરના પત્રકારો અને મીડિયા હાઉસને પ્રસારિત કરવામાં આવ્યું હતું તેમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિબંધો ૨૦૧૭ ઈરાનના "માનવ અધિકારોના ઉલ્લંઘનનો સામનો કરવાના કાયદા અને યુનાઈટેડ સ્ટેટ્સની સાહસિક અને આતંકવાદી પ્રવૃત્તિઓને અનુલક્ષીને લાદવામાં આવ્યા હતા." ૨૦૧૭ના ઈરાની કાયદાની કલમ ૪ અને ૫ હેઠળ ઈરાને ઈઝરાયેલના કથિત "આતંકવાદી કૃત્યો" અને "પેલેસ્ટીની લોકો" અને ખાસ કરીને ગાઝા પટ્ટીના લોકો વિરૂદ્ધ તેમના કથિત "સમર્થન અને ધિરાણ" માટે વ્યક્તિઓ અને સંસ્થાઓ પર પ્રતિબંધો લાદ્યા છે. "પેલેસ્ટીની લોકો સામે ઈઝરાયેલી શાસનના ઘૃણાસ્પદ કૃત્યોમાં સમર્થન અને સંડોવણી માટે" પ્રતિબંધો હેઠળ મૂકવામાં આવેલી યુએસ સંસ્થાઓ લોકહીડ માર્ટિન જે "ઈઝરાયેલી શાસનને શસ્ત્રો સપ્લાય કરવામાં સામેલ છે", જનરલ ડાયનેમિક્સ જે ઈઝરાયેલી શાસનને "૧૫૫ mm બુલેટ્સ સપ્લાય કરવા માટે સ્કાયડિયો એન્જિનિયરિંગ કંપની "ઈઝરાયેલી શાસનને ડ્રોન પ્રદાન કરવા" માટે અને "પૂર્વીય ભૂમધ્ય સમુદ્રમાં ગેસ કુવાઓના શોષણમાં ઈઝરાયેલી શાસનને મદદ કરવા" માટે શેવરોન કોર્પોરેશન જેમની "આક્રમણ શરૂ કરવા ઈઝરાયેલી સરકાર દ્વારા આવકનો ઉપયોગ કરવામાં આવે છે, તેનો" અને ખારોન કંપનીનો સમાવેશ થાય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ખારોન કંપનીએ કથિત રીતે "યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરી દ્વારા હમાસ પર પ્રતિબંધો લાદવામાં ભૂમિકા ભજવી હતી અને મની લોન્ડરિંગના બહાના હેઠળ ક્રિપ્ટો-ચલણના ટ્રાન્સફર માટે નેટવર્કમાં હમાસ અને ઈસ્લામિક જેહાદની ઍક્સેસને કાપવામાં મદદ કરી હતી." પેલેસ્ટીનીઓ વિરૂદ્ધ "આતંકવાદને ટેકો આપવા અને જઘન્ય કૃત્યોમાં સામેલગીરી" માટે ઈરાન દ્વારા પ્રતિબંધો હેઠળ મૂકવામાં આવેલા યુએસ વ્યક્તિઓમાં શામેલ છે : જેસન ગ્રીનબ્લાટ, ડોનાલ્ડ ટ્રમ્પના ઉપ-પ્રમુખ અને મુખ્ય કાનૂની અધિકારી અને ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન અને ઈઝરાયેલ પર તેમના સલાહકાર, માઈકલ રૂબિન, એ. અમેરિકન એન્ટરપ્રાઈઝિસ ઈન્સ્ટિટ્યૂટના વરિષ્ઠ સાથી, જેસન બ્રોડસ્કી, યુનાઈટેડ અગેઈન્સ્ટ ન્યુક્લિયર ઈરાન (UANI)ના નીતિ નિર્દેશક, ક્લિફોર્ડ ડી. મે, FDDના સ્થાપક પ્રમુખ, બ્રાયન પી. ફેન્ટન, યુનાઈટેડના ૧૩મા કમાન્ડર તરીકે સેવા આપતા યુએસ આર્મી જનરલ




સ્ટેટ્સ સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડ, બ્રાડ કૂપર, યુએસ નેવલ ફોર્સીસના કમાન્ડર, સેન્ટ્રલ કમાન્ડ/ફિફ્થ ફ્લીટ અને ગ્રેગરી જે હેયસ, RTX કોર્પોરેશનના CEO. નિવેદનમાં જણાવ્યું હતું "ઈરાનનું ઈસ્લામિક રિપબ્લિક તેના માનવાધિકારની જવાબદારીઓ અને આતંકવાદ સામે લડવામાં અને આતંકવાદના ધિરાણનો સામનો કરવા માટે, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા આચરવામાં આવેલ આતંકવાદ તે વ્યક્તિઓ અને સંસ્થાઓ પર પ્રતિબંધો લાદે છે." ઈરાને યુકેની વ્યક્તિઓ અને સંસ્થાઓ પર તેમના કથિત "પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી વિરૂદ્ધ આતંકવાદી કૃત્યો કરવા, માનવાધિકારોનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન, યુદ્ધ ભડકાવવા, ભારે શસ્ત્રોનો ઉપયોગ કરવા સહિત ઈઝરાયેલી શાસનની ક્રિયાઓને ઈરાદાપૂર્વક સમર્થન અને સુવિધા આપવા અને નાગરિકો સામે પ્રતિબંધિત શસ્ત્રો, પેલેસ્ટીની લોકોનું વિસ્થાપન, કબજા હેઠળના પ્રદેશમાં ગેરકાયદેસર વસાહતોનું વિસ્તરણ અને કબજો ચાલુ રાખવો વગેરે જેવા કૃત્યો બદલ પણ પ્રતિબંધો લાદ્યા હતા." યુકેની સંસ્થાઓમાં સાયપ્રસમાં આરએએફ અક્રોતિરી રોયલ એર ફોર્સ, રેડ સીમાં યુકે રોયલ નેવી, એચએમસી ડાયમંડ, એલ્બિટ સિસ્ટમ કંપની, પાર્કર મેગીટ કંપની અને યુકેની રાફેલ કંપનીનો સમાવેશ થાય છે. યુકેમાં જે વ્યક્તિઓને પ્રતિબંધો હેઠળ લાવવામાં આવ્યા છે તેમાં યુનાઈટેડ કિંગડમના સંરક્ષણ સચિવ ગ્રાન્ટ શૅપ્સ, બ્રિટિશ આર્મી સ્ટ્રેટેજિક કમાન્ડના કમાન્ડર જેમ્સ હોકનહુલ, જનરલ સ્ટાફના ડેપ્યુટી ચીફ શેરોન નેસ્મિથ, પોલ રેમન્ડ ગ્રિફિથ્સ, સહાયક ચીફ ઓફ ધ જનરલ સ્ટાફનો સમાવેશ થાય છે. જનરલ સ્ટાફ, એડ્રિયન બર્ડ, બ્રિટિશ આર્મીના ડિફેન્સ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર, રિચાર્ડ કેમ્પ, રેડ સીમાં યુકે રોયલ નેવીના કમાન્ડર એચએમસી રિચમોન્ડ, સિમોન ક્લોક, આરએએફ અક્રોતિરી રોયલ એર ફોર્સના કમાન્ડર અને પીટર ઈવાન્સ અને રેડમાં યુકે રોયલ નેવીના કમાન્ડર સી HMC ડાયમંડ. ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાને પણ "ઉપરોક્ત વ્યક્તિઓ અને સંસ્થાઓના વિનાશક કૃત્યોને ટેકો આપવા, સુવિધા આપવા અને તેને રોકવા માટે યુકે શાસનના કૃત્યની નિંદા કરી છે જે યુકે શાસનની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ તથા આતંકવાદ સામે લડવાણી જવાબદારીનું ઉલ્લંઘન છે."

# સાવચેત રહો.. આ રીતે હજ કરનારાઓને મુશ્કેલી પડશે સઉદી અરેબિયા નવા નિયમ લાવ્યું, ઈસ્લામિક દેશો કાર્યરત

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઈસ્લામમાં હજ પર જવું એ વિશ્વનું સૌથી ઉમદા કાર્ય માનવામાં આવે છે. આ વર્ષે પણ સઉદી અરેબિયામાં હજની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સઉદી હજ અને ઉમરાહ મંત્રાલયે નસ્ક હજ કાર્ડ જારી કર્યું છે જેનો ઉપયોગ આ વર્ષે હજ દરમિયાન કરવામાં આવશે. ગલ્ફ ન્યૂઝના અહેવાલ મુજબ, આ કાર્ડ ખાસ કરીને ગેરકાયદેસર રીતે હજ પર આવતા લોકોને નિયંત્રિત કરવા માટે લાગુ કરવામાં આવ્યું છે. નસ્ક હજ કાર્ડનો હેતુ હજને સરળ બનાવવા અને ગેરકાયદેસર હજની ઘટનાઓને ઘટાડવાનો છે. આનાથી સઉદી સરકારને આવનારી હજ સિઝન દરમિયાન લોકોની ભીડનું સંચાલન કરવામાં મદદ મળશે. આ કાર્ડ ઈસ્લામિક દેશ સઉદી અરેબિયા દ્વારા દરેક યાત્રાળુની ઓળખ ચકાસવા માટે આપવામાં આવશે. ગેરકાયદેસર મુસાફરી કરતાં લોકોને પણ પવિત્ર સ્થળોએ પ્રવેશતા અટકાવવામાં આવશે. સઉદી અરેબિયાનું માનવું છે કે આ સિસ્ટમથી યાત્રાળુંઓની સુરક્ષા સુનિશ્ચિત થશે. હજ અને ઉમરાહ મંત્રાલયે કહ્યું કે આ કાર્ડ ડિજિટલ અને પ્રિન્ટ બંને ફોર્મેટમાં ઉપલબ્ધ છે. આ કાર્ડ હજયાત્રીઓને તેમના સંબંધિત હજ મિશન અથવા હજ સેવા પ્રદાતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે, ડિજિટલ કાર્ડ નુસ્ક અને તવકલાન એપ્લિકેશન પર બનાવેલા હજ એકાઉન્ટ્સ પર ઉપલબ્ધ હશે. હજ દરમિયાન હજયાત્રીઓએ ડિજિટલ કાર્ડ પર છપાયેલ ઊઈ કોડ સ્કેન કરીને સૂચનાઓનું પાલન કરવું પડશે. આ કાર્ડ તમામ હજ યાત્રીઓ માટે જરૂરી છે. મંત્રાલયે કહ્યું કે, આ કાર્ડ હજયાત્રીઓ માટે વિવિધ સુવિધાઓ પ્રદાન કરશે, જેમાંથી સૌથી મહત્ત્વની છે હજયાત્રીની ઓળખ સુનિશ્ચિત કરવી. આ કાર્ડ દ્વારા યાત્રાળુઓની વિગતોનો રેકોર્ડ મેળવવામાં સરળતા રહેશે. આ કાર્ડ સઉદી સરકારને હજયાત્રીઓની મહત્ત્વપૂર્ણ માહિતી, જેમ કે તીર્થયાત્રીનો વ્યક્તિગત ડેટા, સરનામું અને આરોગ્ય રેકોર્ડ વગેરેનો રેકોર્ડ રાખવામાં મદદ કરશે. હજ અને ઉમરા મંત્રાલયે સઉદી અરેબિયા અને વિદેશના યાત્રાળુંઓને પવિત્ર સ્થળોએ પહોંચતા પહેલા કાર્ડ મેળવવા વિનંતી કરી હતી.



# ઈઝરાયેલની સેનાએ કબજાવાળા વેસ્ટ બેંકના શહેરમાં હુમલો કર્યો

(એજન્સી) તા.૫

પેલેસ્ટીની મીડિયાના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી દળોએ શુક્રવારે મોડી રાત્રે કબજાવાળા વેસ્ટ બેંકના તુલ્કરમ ઉત્તરપૂર્વમાં દેર અલ-ગુસુન શહેર પર હુમલો કર્યો, જેમાં છ પેલેસ્ટિનિયન મૃત્યુ પામ્યા. સત્તાવાર પેલેસ્ટીન સમાચાર એજન્સી વાફાએ જણાવ્યું કે "તુલકારમની ઉત્તરે આવેલા દેઈર અલ-ગુસુન શહેરમાં શહીદોની સંખ્યા વધીને ૬ થઈ ગઈ છે," વધુમાં ઉમેર્યું કે "ઈઝરાયેલી કબજાના દળોએ લક્ષિત ઘરની અંદર પડેલા પાંચ શહીદોના મૃતદેહોને અટકાયતમાં લીધા હતા. સાક્ષીઓના જણાવ્યા અનુસાર, લગભગ ૧૪ કલાક સુધી ચાલેલા ઓપરેશન બાદ ઈઝરાયેલી દળોએ આ વિસ્તારમાંથી પીછેહઠ કર્યા પછી તરત જ પેલેસ્ટીની એમ્બ્યુલન્સ ક્રૂ અને નાગરિકો તોડી પાડવામાં આવેલા મકાન તરફ દોડી ગયા હતા. અગાઉના દિવસે વફાએ અહેવાલ આપ્યો કે "(ઈઝરાયેલ) વિશેષ દળોએ સતત ગોળીબાર વચ્ચે દેર અલ-ગુસુનમાં એક ઘરને ઘેરી લીધું હતું." પેલેસ્ટીની એજન્સીએ જણાવ્યું કે સોશિયલ મીડિયા પર પ્રસારિત થયેલા એક વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે "ઈઝરાયલી દળોએ બે યુવાનો પર ગોળીબાર કર્યો કારણ કે તેઓ તોડી પાડવામાં આવેલા મકાનના કાટમાળ નીચેથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેના પરિણામે તેઓની ઓળખ જાણ્યા વિના મૃત્યુ પામ્યા હતા." સોશિયલ મીડિયા પર ફરતા થયેલા એક વીડિયોમાં જોવા મળ્યું છે કે ઈઝરાયલી દળો એક પેલેસ્ટીનીઓની ધરપકડ કરી રહ્યા છે જે ફસાયેલા લોકોમાંનો એક હતો. પેલેસ્ટીની કાર્યકરો કહે છે કે તે કાટમાળમાંથી જીવતો બહાર આવ્યો હતો. ઈઝરાઈલી દૈનિક યેડિઓથ અહરોનોથે અહેવાલ આપ્યો છે કે સરહદ પોલીસ સાથે જોડાયેલા ઈઝરાયેલી "યમામ" એકમનો એક સભ્ય તુલકારમ શહેર નજીક અથડામણ દરમિયાન ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દૈનિકે સ્પષ્ટ કર્યું કે ઈઝરાયેલી દળોએ શનિવારની શરૂઆતમાં ૧૩ કલાકથી વધુ સમય સુધી દેઈર અલ-ગુસુનમાં લશ્કરી



કાર્યવાહી હાથ ધરી હતી. સોશિયલ મીડિયા યુઝર્સે એમ પણ જણાવ્યું કે દેર અલ-ગુસુનમાં ઈઝરાયલી દળો અને પેલેસ્ટીનીઓ વચ્ચે સશસ્ત્ર અથડામણ થઈ હતી. વીડિયોમાં તીવ્ર ગોળીબારના અવાજો કેપ્ચર કરવામાં આવ્યા છે અને તેમાં ઈઝરાયેલી લશ્કરી બુલડોઝર શહેર પર હુમલો કરતા દર્શાવવામાં આવ્યું હતું. ૭ ઓકટોબરના રોજ પેલેસ્ટીની સમુહ હમાસ દ્વારા કરાયેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી સામે ઘાતક લશ્કરી આક્રમણ શરૂ કર્યું ત્યારથી કબજે કરેલા વેસ્ટ બેંકમાં તણાવ વધ્યો છે, જેમાં ૩૪,૬૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ઈઝરાયેલ પર ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારનો આરોપ છે, જેણે જાન્યુઆરીમાં વચગાળાના ચુકાદામાં તેલ અવીવને નરસંહારના કૃત્યો રોકવા અને ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવાની બાંયધરી આપવા માટે પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

# ૧૫મી ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન સમિટ ગામ્બિયામાં શરૂ થઈ

(એજન્સી) તા.૫

ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC)ની ૧૫મી સમિટ ગામ્બિયાની રાજધાની બાંજુલમાં શરૂ થઈ. OICએ સમિટ પહેલા એક નિવેદનમાં જણાવ્યું કે OICના ૫૭ સભ્ય દેશો અને તેનાથી આગળના વિશ્વ નેતાઓ ભાગ લે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં તુર્કીનું પ્રતિનિધિત્વ દેશના વિદેશ મંત્રી હકાન ફિદાન કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે સમિટનો હેતુ "ઉમ્મા (મુસ્લિમ સમુદાય) સામેના ગંભીર પડકારોને સામૂહિક રીતે સંબોધિત કરવા અને ચાર્ટરમાં સમાવિષ્ટ અમારા સામાન્ય લક્ષ્યોની સિદ્ધિમાં સભ્ય દેશો વચ્ચે સહકાર અને એકતા વધારવાનો છે." OICએ જણાવ્યું હતું કે સમિટનો હેતુ "આપણી સ્થાનિક અર્થવ્યવસ્થાને વિસ્તૃત કરવા અને નાના અને મધ્યમ ઉદ્યોગોને પુનર્જીવિત કરવા"




ઉપરાંત "વિશ્વ સાથે ગેમ્બિયન અને આફ્રિકન સંસ્કૃતિની સંપત્તિ શેર કરવાની તક લેવાનો છે." "ટકાઉ વિકાસ માટે સંવાદ દ્વારા એકતા અને એકતા વધારવા"ની કેન્દ્રીય થીમ સાથે રવિવારે યોજાનારી આ સમિટમાં વૈશ્વિક મુદ્દાઓ ખાસ કરીને પેલેસ્ટીનની વર્તમાન પરિસ્થિતિ અને ગાઝા પટ્ટી પર ચાલી રહેલા ઈઝરાયેલના કબજાને સંબોધવામાં આવશે. સમિટ દરમિયાન ત્રણ મુખ્ય દસ્તાવેજો-એક ડ્રાફ્ટ પેલેસ્ટિનિયન ઠરાવ, ડ્રાફ્ટ બંજુલ સ્ટેટમેન્ટ અને ડ્રાફ્ટ અંતિમ દસ્તાવેજ-વિદેશ પ્રધાનોની પરિષદમાં અને પછી ચર્ચા માટે સમિટમાં રજૂ કરવામાં આવશે.

# ગાઝા પટ્ટીમાં વધુ એક બંધકનું મૃત્યુ : ઈઝરાયેલ

(એજન્સી) જેરૂસલેમ, તા.૫

ઈઝરાયેલ સરકારના જણાવ્યા અનુસાર ગાઝા પટ્ટીમાં રાખવામાં આવેલ અન્ય એક બંધકનું મૃત્યુ થયું છે. અન્ય ડઝનેક લોકોની જેમ ૪૯ વર્ષીય ડ્રોર ઓરનું ૭ ઓકટોબરના રોજ ઓચિંતા હુમલામાં હમાસ દ્વારા ઈઝરાયેલમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. સરકારે ગુરૂવારની મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર જાહેરાત કરી કે તેનો મૃતદેહ હજુ ગાઝા પટ્ટીમાં છે. મૃત્યુનું કારણ અને સમય સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. તે પણ અસ્પષ્ટ હતું કે ઈઝરાયેલને તેના મૃત્યુ વિશે કયા સ્ત્રોતમાંથી જાણવા મળ્યું. ૭ ઓકટોબરના રોજ હુમલા દરમિયાન તેની પત્નીની કથિત રીતે હત્યા કરવામાં આવી હતી અને તેના ત્રણ બાળકોમાંથી બેનું ગાઝા પટ્ટીમાં અપહરણ કરવામાં આવ્યું હતું. તેની ૧૩ વર્ષની પુત્રી અને ૧૭ વર્ષના પુત્રને નવેમ્બરમાં ઈઝરાયેલ સરકાર અને હમાસ વચ્ચેના કરારના ભાગરૂપે મુક્ત કરવામાં આવ્યા હતા. પરિવાર જ્યાં રહેતો હતો તે બીરી કિબુત્ઝને ટાંકીને ઈઝરાયલી મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, ૪૯ વર્ષીય બંધકનું ૭ ઓકટોબરના રોજ પહેલાંથી જ મૃત્યુ થયું હતું. બંધકના સંબંધીઓએ પણ અહેવાલ આપ્યો હતો કે તે દિવસે હમાસ તેના મૃતદેહને ગાઝા પટ્ટીમાં લાવ્યો હતો. હુમલા દરમિયાન હમાસ અને અન્ય ઉગ્રવાદી જૂથોના લડવૈયાઓએ ગાઝા પટ્ટીમાં ૨૫૦થી વધુ લોકોનું અપહરણ કર્યું હતું. કરારના ભાગરૂપે હમાસે નવેમ્બરના અંતમાં એક અઠવાડિયાના યુદ્ધવિરામ દરમિયાન ૧૦૫ બંધકોને મુક્ત કર્યા. બદલામાં, ઈઝરાયેલે તેની જેલોમાંથી ૨૪૦ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કર્યા.



# UNએ ચેતવણી આપી હતી કે, સુદાન 'વિશ્વના સૌથી મોટા ભૂખમરાના નિકટવર્તી સંકટ'ના જોખમનો સામનો કરી રહ્યું છે

(એજન્સી) તા.૫

એનાડોલુ અહેવાલ મુજબ યુએનના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (ડબ્લ્યુએફપી)એ સુદાનની પરિસ્થિતિ વિશે ચેતવણી આપી કે, આફ્રિકન દેશ 'વિશ્વની સૌથી મોટી ભૂખમરાની કટોકટી' બનવાની અણી પર છે.

સુદાનમાં ડબ્લ્યુએફપીના પ્રવક્તા લેની કિન્ઝલીએ વર્ચ્યુઅલ ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'એજન્સીએ ચેતવણી આપી કે ભૂખમરો અટકાવવાનો સમય પૂરો થઈ રહ્યો છે અને અલ ફાશરમાં અથડામણમાં વધારો આ પ્રદેશમાં માનવતાવાદી સહાયતાના પ્રયત્નોને અવરોધે છે.' તેણીએ કહ્યું, 'સુદાનમાં આ વિનાશક સંઘર્ષના એક વર્ષમાં અભૂતપૂર્વ ભૂખની આપત્તિ સર્જાઈ છે અને તે વિશ્વની સૌથી મોટી ભૂખમરાની કટોકટી બનવાની ધમકી આપે છે. લડાઈ અને અનંત અમલદારશાહી અવરોધોને કારણે અલ ફાશર અને ડાર્ફુર પ્રદેશોમાં ખોરાક સહાય મર્યાદિત છે.' કિંજલીએ ઉલ્લેખ કર્યો હતો કે, તેઓ વરસાદની મોસમની શરૂઆત પહેલા ૭,૦૦,૦૦૦ લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે જ્યારે રસ્તાઓ હજુ પણ ઉપયોગમાં લેવા યોગ્ય છે અને તેમની પાસે ૮૦૦૦ ટન ખાદ્ય પદાર્થોનો સ્ટોક છે, પરંતુ અવરોધોને કારણે વિતરણમાં મુશ્કેલી આવે છે. WFPની અવરોધ વિનાની એક્સેસ અને સુરક્ષા બાંયધરી માટેની તાત્કાલિક જરૂરિયાતને હાઈલાઈટ કરતાં, તેણીએ ભારપૂર્વક જણાવ્યું કે અલ ફાશરમાં વધતો સંઘર્ષ વચ્ચે ૧.૭ મિલિયન લોકોને પહેલેથી જ ભૂખમરોથી પીડાય છે. સુદાન અને દક્ષિણ સુદાનમાં લગભગ ૨૮ મિલિયન લોકો ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે તેની નોંધ લેતા તેણીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને પગલાં લેવા હાકલ કરી હતી. સંઘર્ષને કારણે વિનાશક માનવતાવાદી કટોકટી સર્જાઈ છે અને અથડામણમાં લગભગ ૧૬,૦૦૦ લોકો માર્યા ગયા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે.



# કોલંબિયા યુનિવર્સિટીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર બર્બરતા કરવામાં આવી રહી છે : અમેરિકન સાંસદ

(એજન્સી) તા.૫

ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં ગાઝા પટ્ટી સામે ઈઝરાયેલના આક્રમણનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર બંદૂકધારીઓએ બંદૂક બતાવ્યા બાદ બુધવારે અમેરિકાના એક કોંગ્રેસમેને ચિંતા વ્યક્ત કરી છે.

જમાલ બોમેને હાઉસ ફ્લોર પરથી એક વીડિયોમાં જણાવ્યું કે, 'જ્યારે હું ૧૧ વર્ષનો હતો, ત્યારે હું અમેરિકામાં અશ્વેત હોવાને કારણે પોલીસની બર્બરતાનો શિકાર બન્યો હતો અને હવે હું કોલંબિયા યુનિવર્સિટીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર ક્રૂરતા થતાં જોઈ રહ્યો છું અને શા માટે ? તેઓ ગાઝામાં સામૂહિક સજા અને નાગરિકોની હત્યાનો વિરોધ કરીને શાંતિપૂર્ણ રીતે ભેગા થવાના તેમના પ્રથમ સુધારાના અધિકારોનો ઉપયોગ કરી રહ્યા છે.' પોલીસે મંગળવારે મોડી રાત્રે સ્કૂલો અને સિટી કોલેજ ઓફ ન્યૂયોર્કમાં પેલેસ્ટીન તરફી વિરોધનો જવાબ આપ્યો અને ૩૦૦ લોકોની ધરપકડ કરી ત્યારે તેમની ટિપ્પણીઓ આવી.

બોમેને જણાવ્યું કે, '૧,૦૦,૦૦૦ મૃત્યુ પામ્યા અને ઘાયલ થયા જેના મોટાભાગે મહિલાઓ અને બાળકો છે આ સામૂહિક હત્યાને ચાલુ રાખવા માટે (ઈઝરાયેલના વડાપ્રધાન) બેન્જામિન નેતાન્યાહુને અમારા કરદાતા ડૉલર આપવામાં આવી રહ્યા હતા તેની સામે વિરોધ કરી રહ્યા છે. તે તેમનો અધિકાર છે. તેઓ અમને ઊભા થવા માટે પ્રેરણા આપવાના છે. ધ્વજ શું રજૂ કરે છે તે માટે. તેમણે જણાવ્યું કે, 'શું આપણે પોલીસ રાજ્યમાં છીએ કે આ લોકશાહી છે ? આપણે આપણા યુવાનો સાથે ઊભા રહેવું જોઈએ અને પેલેસ્ટીનીઓ અને આ વિશ્વમાં દરેક માટે ન્યાય અને સ્વતંત્રતાની માંગ કરવી જોઈએ.'



લગભગ બે અઠવાડિયા પહેલા કોલંબિયામાં પેલેસ્ટીની તરફી વિરોધને દૂર કરવાના પોલીસ પ્રયાસના પરિણામે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં કોલેજ કેમ્પસમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. કેમ્પસમાં સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે, યુનિવર્સિટીઓ ઈઝરાયેલથી અલગ થવાની અને ઘેરાયેલા પ્રદેશ પરના યુદ્ધની નિંદા કરતા વિરોધ પ્રદર્શનો કરી રહી છે. કેનેડા, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને ઈજિપ્ત સહિતના અન્ય દેશોના વિદ્યાર્થીઓએ પેલેસ્ટીન સાથે એકતામાં યુનિવર્સિટીઓમાં પ્રદર્શનનું આયોજન કર્યું છે.

# CARICOMના સભ્યો બાર્બાડોસ, જમૈકા, ત્રિનિદાદ અને ટોબેગોએ પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપી

(એજન્સી) તા.૫

૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બાર્બાડોસના વડાપ્રધાન મિયા મોટલીએ ગાઝામાં વિશ્વના પ્રથમ દૂરદર્શિત નરસંહાર તરીકે વર્ણવ્યાની વચ્ચે દેશના વિદેશ વ્યવસાય અને વિદેશી વેપાર પ્રધાન કેરી સિમન્ડ્સે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપવાના બાર્બાડોસ સરકારના ઈરાદાની જાહેરાત કરી હતી. આ જાહેરાત સાથે બાર્બાડોસ પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપનાર યુનાઈટેડ નેશન્સ (UN)નું ૧૪૦મું સભ્ય અને કેરેબિયન કોમ્યુનિટી (CARICOM)નો ૧૧મો સભ્ય બન્યો છે. પેલેસ્ટીનમાં રંગભેદ વિરૂદ્ધ કેરેબિયન (CAAP) જે બાર્બાડોસમાં ૧૦મા વર્ષથી સ્થિત પેલેસ્ટીન માટે એક હિમાયતી જૂથે આ સમાચાર આપતા જણાવ્યું કે, તે લાંબા સમયથી મુદતવીતી હતી. CAAPના સચિવ લાલુ હનુમાને વ્યક્ત કર્યું હતું કે, "આ સમાચાર આપવામાં લાંબો સમય લીધો છે પરંતુ અમે આખરે પર્વતની ટોચ પર પહોંચી ગયા છીએ. પેલેસ્ટીની લોકો ૧૯૧૭માં બ્રિટનની બાલ્ફોર ઘોષણા પછી જાતિવાદી સંસ્થાનવાદી વસાહતી ચળવળમાંથી તેમની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેઓએ વર્ષોથી ઝિઓનિસ્ટ્સ તરફથી અસંખ્ય નરસંહાર સહન કર્યા છે, જે હવે ગાઝામાં વર્તમાન નરસંહારમાં રૂપાંતરિત થયા છે." બાર્બાડોસના નિર્ણયને જમૈકા દ્વારા ઝડપથી અનુસરવામાં આવ્યો હતો. તેઓએ ૨૨ એપ્રિલે જાહેરાત કરી કે જમૈકા સરકારે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપવાનો નિર્ણય લીધો છે. તેમની ટિપ્પણીઓમાં જમૈકાના વિદેશ બાબતોના પ્રધાન અને વિદેશી વેપાર સેનેટર કામિના જહોન્સન સ્મિથે સ્પષ્ટ કર્યું કે, "આ નિર્ણય સંયુક્ત રાષ્ટ્રના અધિકારપત્રના સિદ્ધાંતો પ્રત્યે જમૈકાની મજબૂત પ્રતિબદ્ધતા સાથે જોડાયેલો છે, જેઓ રાજ્યો તેમજ લોકોના સ્વ-નિર્ણયના અધિકારોની માન્યતા વચ્ચે પરસ્પર આદર અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ પેદા કરવાનો પ્રયાસ કરે છે." બાર્બાડોસ અને જમૈકાના નિર્ણયથી બે CARICOM સભ્યો, ત્રિનિદાદ અને ટોબેગો અને બહામાસ, પેલેસ્ટીનને માન્યતા આપી હતી. ત્રિનિદાદના વિદેશ બાબતોના પ્રધાન અને CARICOM બાબતોના પ્રધાન ડૉ. અમેરી બ્રાઉને ૨ મેના રોજ દેશની માન્યતાની જાહેરાત કરી હતી. ૧૫ નવેમ્બર, ૧૯૮૮ના રોજ પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (PLO) દ્વારા પેલેસ્ટીન રાજ્યને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પેલેસ્ટીની પ્રદેશો પર સાર્વભૌમત્વનો દાવો કરવામાં આવ્યો હતો. વેસ્ટ બેંક જેમાં પૂર્વ જેરૂસલેમ અને ગાઝા પટ્ટીનો સમાવેશ થાય છે. ૧૯૮૮ના અંત સુધીમાં પેલેસ્ટીની રાજ્યને ક્યુબા સહિત ૭૮ દેશો દ્વારા માન્યતા આપવામાં આવી હતી, જે કેરેબિયન પ્રદેશમાં પ્રથમ હતું. પેલેસ્ટીન રાજ્યને નવેમ્બર ૨૦૧૨માં યુએન જનરલ એસેમ્બલીના નિરીક્ષક રાજ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. જ્યારે યુ.એસ.



પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપતું નથી અને તાજેતરમાં ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ પેલેસ્ટીનના યુએનના સંપૂર્ણ સભ્યપદને વીટો કર્યો હતો, ત્યારે CARICOM સભ્ય દેશો લાંબા સમયથી પેલેસ્ટીની લોકો સાથે સંકળાયેલા છે. ગુયાનાએ લગભગ ૧૩ વર્ષ પહેલાં ૨૦૧૧માં પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપીને CARICOM રાજ્યોનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ તે જ વર્ષે સુરીનામ, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ, બેલીઝ, ડોમિનિકા અને એન્ટિગુઆ અને બાર્બુડાએ પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપી હતી. ગ્રેનાડા અને હૈતીએ ૨૦૧૩માં સેન્ટ લુસિયાએ ૨૦૧૫માં અને સેન્ટ કિટ્સ અને નેવિસે ૨૦૧૯માં માન્યતા આપી હતી. પાછલા દાયકામાં પેલેસ્ટીની રાજ્યનો મુદ્દો યુએનમાં આવ્યો હતો, કેરેબિયન સરકારોની વધુ મજબૂત જોડાણ ઈઝરાયેલીઓ અને નોંધપાત્ર રીતે પેલેસ્ટીનીઓ બંને દ્વારા થયું. ૨૦૧૧માં પેલેસ્ટીનને માન્યતા આપવા પર યુએનના મત પહેલા અને યુ.એસ.ના કહેવાની પૃષ્ઠભૂમિ સામે કે તે ૧૯૬૭ની સરહદોની અંદર પેલેસ્ટીનીઓની રાજ્યતા માટેની બિડને અવરોધિત કરવા માટે તેના વીટોનો ઉપયોગ કરશે, તીવ્ર લોબિંગ થઈ રહ્યું હતું અને કેરેબિયન સરકારો કાર્યવાહીમાં જોડાઈ રહી હતી. સમગ્ર યુ.એસ.ની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સહિત વિશ્વના લોકો તેમની સરકારો અને સંસ્થાઓને પેલેસ્ટીની લોકો દ્વારા યોગ્ય વ્યવહાર કરવા માટે જોરશોર આંદોલનો કરી રહ્યા હોવાથી CARICOM સભ્ય દેશોએ બેલીઝની આગેવાનીને અનુસરવાનું વિચારવું પડશે અને તેમના સતત આક્રમણ, વ્યવસાય, રંગભેદ નીતિઓ અને પેલેસ્ટીનીઓના નરસંહાર વચ્ચે ઈઝરાયેલી રાજ્ય સાથેના તેમના સંબંધોનું પુનઃમૂલ્યાંકન કરશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# દિલ્હીની શાળાઓમાં બોમ્બ મૂકવાની અફવા ફેલાવનારાઓ સામે કડક પગલાં લેવા જોઈએ

છેલ્લા કેટલાક વર્ષોમાં બોમ્બ મૂક્યાની માહિતી આપવાના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે જે મોટાભાગે અફવા જ હોય છે. વિમાનમાં બોમ્બ રાખવાની અફવા સામાન્ય બાબત બની ગઈ છે. આવી ખોટી માહિતી આપનારા પકડાઈ પણ જાય છે. આ અફવા ફેલાવનારાઓનો મૂળ ઉદ્દેશ્ય લોકોમાં ગભરાટ ફેલાવવાનો અને વહીવટીતંત્રને હેરાન કરવાનો હોય છે. તેઓ સારી રીતે જાણે છે કે જો તેઓ આમ કરશે તો તેમને આકરી સજાનો સામનો કરવો પડી શકે છે. તેમ છતાં આ અફવાઓ બંધ થઈ રહી નથી. દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની લગભગ ૧૦૦ શાળાઓમાં બોમ્બ મૂક્યા હોવાની હાજરી વિશે મેઈલ દ્વારા માહિતી આપવી એ તેનું તાજું ઉદાહરણ છે. આ ઈ-મેઈલ બુધવારે વહેલી સવારે મોકલવામાં આવ્યો હતો અને અરાજકતાનો માહોલ સર્જાયો હતો. શાળાઓ ખાલી કરાવવામાં આવી હતી. પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે શાળાઓમાં તપાસ શરૂ કરી હતી. બપોર સુધી સમગ્ર વહીવટીતંત્રનું ધ્યાન આ તરફ કેન્દ્રિત રહ્યું હતું. છેવટે ખબર પડી કે માહિતી ખોટી હતી. આ મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો તે પોલીસે શોધી કાઢ્યું છે. આ પહેલા પણ કેટલીક શાળાઓમાં બોમ્બ મૂકવાની આવી જ ખોટી માહિતી આપવામાં આવી હતી, જેના કારણે વહીવટીતંત્રને બિનજરૂરી રીતે પરેશાન થવું પડ્યું હતું. આ સમયે ચૂંટણીની ગતિવિધિઓ છે તેથી આવી માહિતીએ વહીવટીતંત્ર પર દબાણ વધાર્યું હતું. આ રીતે છેલ્લા કેટલાક વર્ષોમાં બોમ્બ મૂકવાની માહિતી આપવાના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે. વિમાનમાં બોમ્બ રાખવાની અફવા એક સામાન્ય બાબત બની ગઈ છે. આવી ખોટી માહિતી આપનારા પકડાઈ જાય છે. તેમાંથી ઘણાને લાંબા ગાળાની સજા પણ થઈ છે. તેમ છતાં અફવા ફેલાવનારાઓ કોઈ બોધપાઠ લઈ રહ્યા નથી, તેનું એક કારણ યુવાનોમાં પોલીસને હેરાન કરીને ક્ષણિક સુખ મેળવવાની વૃત્તિ છે. બીજું ઘણા લોકો ગુસ્સામાં અથવા કોઈને પાઠ ભણાવવાના ઈરાદાથી આવું કરે છે. સંચાર સંસાધનોના પ્રસાર અને તેનો ઉપયોગ કરવાની છૂપી પદ્ધતિઓએ ખોટી માહિતીમાંથી આનંદ મેળવવાની વિકૃત વૃત્તિમાં વધુ વધારો કર્યો છે. આવા લોકો પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકતા નથી કે આવી માહિતીના કારણે લોકોને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ક્યારેક તો મોટા અકસ્માત પણ સર્જાય છે. જો કે એ સારી વાત એ છે કે પોલીસે આવી માહિતી પર ઝડપી કાર્યવાહી કરવા માટે વ્યવસ્થિત સિસ્ટમ વિકસાવી છે.

# નરેન્દ્ર મોદીના ભાષણોના પાંચ દિવસની તથ્ય તપાસ : જૂઠાણાની સૂચિ

## એક પછી એક ભાષણમાં વડાપ્રધાને ભારતના મુસ્લિમોને અન્ય વંચિત સમુદાયો સામે ઊભા કરીને વિભાજનકારી જૂઠ્ઠાણા ફેલાવ્યા છે



છેલ્લા એક સપ્તાહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારના દરમિયાન વારંવાર જૂઠું બોલ્યા છે.

દૃષ્ટિકોણ

- તબસ્સુમ બરનગરવાલા અને અભિક દેબ

તેની શરૂઆત ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં તેમના ભાષણથી થઈ હતી. તેમણે મુસ્લિમોને "ઘૂસણખોરો" અને "વધુ બાળકો ધરાવતા" તરીકે લેબલ લગાવીને દાવો કર્યો હતો કે કોંગ્રેસે લોકોની ખાનગી સંપત્તિ જપ્ત કરવાની અને તેને મુસ્લિમોને વહેંચવાની યોજના બનાવી છે.

આદર્શ આચારસંહિતા, જેના હેઠળ ભારતમાં ચૂંટણીઓ યોજવામાં આવે છે, તે જણાવે છેઃ "કોઈપણ પક્ષ અથવા ઉમેદવાર એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં જે હાલના મતભેદોને વધારી શકે અથવા પરસ્પર દ્વેષ પેદા કરી શકે અથવા ધાર્મિક અથવા ભાષાકીય, વિવિધ જાતિઓ અને સમુદાયો વચ્ચે તણાવ પેદા કરી શકે." કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોએ મોદી પર "દ્વેષપૂર્ણ ભાષણ"નો આરોપ લગાવીને ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદો નોંધાવ્યા પછી, વડાપ્રધાને મુસ્લિમોનો સ્પષ્ટ સંદર્ભ આપવાનું બંધ કર્યું - પરંતુ માત્ર એક દિવસ માટે. ૨૩ એપ્રિલ સુધીમાં, તે સામાજિક રીતે વંચિત હિંદુ જૂથોની કિંમતે કોંગ્રેસ તરફથી સમુદાયને તરફેણ મેળવવાના ખોટા અને વિભાજનકારી દાવાઓ કરી રહ્યા હતા. સ્ક્રોલે પાંચ દિવસમાં મોદી દ્વારા કરવામાં આવેલા દરેક ભાષણને સાંભળ્યા અને તેમના દાવાઓની હકીકત તપાસી. રાજકીય ભાષણો દર્શાવતી સામાન્ય અતિશયોક્તિઓને નજરઅંદાજ કરીને - દાખલા તરીકે, કલ્યાણ યોજનાની સફળતાને વધારે પડતી દર્શાવવી - અમે વડાપ્રધાનના નોંધપાત્ર, વિભાજનકારી જૂઠાણાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અમને જે મળ્યું તે અહીં છે.

**૨૧ એપ્રિલ, બાંસવાડા**

**દાવો :** મોદીએ એવો દાવો કરીને શરૂઆત કરી હતી કે કોંગ્રેસના ઢંઢેરામાં કહેવાયું છે કે તે વિવાહિત હિંદુ મહિલાઓના મંગળસૂત્ર સહિત ખાનગી સંપત્તિનું સર્વેક્ષણ, જપ્તી અને પુનઃવિતરણ કરશે. "મારી માતાઓ અને બહેનોના સોનાના આભૂષણો માત્ર શોપીસ નથી, તે તેમના સ્વાભિમાન સાથે જોડાયેલા છે," તેમણે કહ્યું. "તેમનું મંગળસૂત્ર તેમના જીવન સાથે જોડાયેલું છે. તમારા મેનિફેસ્ટોમાં, તમે તેને છીનવી લેવાની ધમકી આપી રહ્યા છો?"

**હકીકત :** કોંગ્રેસ ઢંઢેરામાં ખાનગી મિલકત જપ્ત કરવાનો કોઈ સંદર્ભ નથી, મહિલાઓના મંગળસૂત્રની વાત તો બાજુ પર રહી.

**દાવો :** મોદીએ દાવો કર્યો કે અગાઉની કોંગ્રેસ સરકારે કહ્યું હતું કે દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે.

**હકીકત :** મનમોહનસિંહ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે ૨૦૦૯માં આપેલા ભાષણની આ વિકૃતિ છે. તેમણે ભારતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, મહિલાઓ અને બાળકો સહિત તમામ વંચિત વર્ગોના ઉત્થાનની જરૂરિયાત વિશે વાત કરી હતી, માત્ર ધાર્મિક લઘુમતીઓ જ નહીં.

**દાવો :** મોદીએ આગળ દાવો કર્યો કે કોંગ્રેસ "ઘૂસણખોરો" અને "જેઓ વધુ બાળકો છે" તેમની વચ્ચે સંપત્તિ વહેંચશે - મુસ્લિમો માટે નફરતી પોકાર.

હકીકતઃ મુસ્લિમો "ઘૂસણખોર" છે તેવા આગ્રહ માટે કોઈ વાસ્તવિક આધાર નથી - મોદી સરકારે વારંવાર સંસદને કહ્યું છે કે તેની પાસે ગેરકાયદેસર વસાહતીઓ અંગે કોઈ ડેટા નથી. ભારતીય મુસ્લિમોનો પ્રજનન દર, હિંદુઓ કરતાં વધુ હોવા છતાં, અન્ય તમામ સમુદાયો કરતાં ઝડપથી ઘટી રહ્યો છે. આ ઉપરાંત, પ્રજનન એ અર્થશાસ્ત્રનું કાર્ય છે, ધર્મનું નહીંઃ વધુ વિકસિત તમિલનાડુમાં મુસ્લિમો ગરીબ બિહારના હિંદુઓ કરતાં ઓછા બાળકો પેદા કરે છે.

**૨૨ એપ્રિલ, અલીગઢ**

**દાવો :** મોદીએ ખોટા દાવાને પુનરાવર્તિત કર્યો કે કોંગ્રેસના ઢંઢેરામાં ખાનગી મિલકતના સર્વે અને જપ્ત કરવાની ધમકી આપવામાં આવી હતી. "કોંગ્રેસના શહેજાદા (રાજકુમાર)" - કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો સંદર્ભ - "કહે છે કે જો પાર્ટી સત્તામાં આવશે, તો તમારી પાસે કેટલી આવક, મિલકત, સંપત્તિ, મકાનો છે તે જાણવા માટે સર્વે કરવામાં આવશે... સરકાર મિલકત જપ્ત અને પુનઃવિતરણ કરશે. મેનિફેસ્ટો આ કહે છે."

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં આ વાત નથી. ૬ એપ્રિલના રોજ મેનિફેસ્ટોના લોન્ચિંગ સમયે રાહુલ ગાંધીએ કહ્યું હતુંઃ "અમે દેશનો એક્સ-રે કરીશું. પછાત વર્ગો, દલિતો, આદિવાસીઓ, સામાન્ય વર્ગના ગરીબ લોકો અને લઘુમતીઓને ખબર પડશે કે દેશમાં તેમનો હિસ્સો શું છે. જો કે, તેમણે એ કહ્યું ન હતું કે પાર્ટી ખાનગી સંપત્તિઓ જપ્ત કરશે અને તેનું પુનઃ વિતરણ કરશે.

**દાવો :** મોદીએ દાવો કર્યોઃ "કોંગ્રેસ એ હદ સુધી જશે કે જો તમારા ગામમાં તમારું પૈતૃક ઘર છે, અને તમે તમારા બાળકો માટે શહેરમાં એક નાનો ફ્લેટ ખરીદ્યો છે, તો તે તેમાંથી એક છીનવી લેશે... શું આ માઓવાદી વિચાર નથી? કોંગ્રેસ તમારી મહેનતની સંપત્તિ છીનવી લેવા માંગે છે, તે મહિલાઓની સંપત્તિ લૂંટવા માંગે છે.

**હકીકત :** કોંગ્રેસના ઢંઢેરામાં પુનઃવિતરણનો એકમાત્ર સંદર્ભ આ છેઃ "કોંગ્રેસ સરકારી જમીનનું ગરીબોને વિતરણ અને જમીન ટોચમર્યાદા કાયદા હેઠળ ફાજલ જમીન પર દેખરેખ રાખવા માટે એક સત્તા સ્થાપિત કરશે." આ ભાગ્યે જ ક્રાંતિકારી વચન છેઃ ભારતમાં ૨૧ રાજ્યોમાં જમીનની ટોચમર્યાદાના કાયદા છે, જે દેશમાં જમીનની માલિકીની ઐતિહાસિક અસમાનતાને સંબોધવા માટે ૧૯૬૦માં રજૂ કરવામાં આવ્યા હતા.

**૨૩ એપ્રિલ, ટોંક-સવાઈ, માધોપુર**

**દાવો :** રાહુલ ગાંધીના ભાષણમાંથી એક્સ-રે સંદર્ભ લાવતા, મોદીએ કહ્યું: "આનો અર્થ એ છે કે જો તમારા ઘરમાં કોઈ બોક્સ છે જેમાં તમે બાજરીના અનાજનો સંગ્રહ કરો છો, તો તેનો પણ એક્સ-રે થશે. તમારી બધી મિલકત કે જે તમારી જરૂરિયાત કરતાં વધુ હોવાનું જણાયું છે, તે જપ્ત કરવામાં આવશે અને ફરીથી વિતરણ કરવામાં આવશે. જો તમારી પાસે બે મકાનો છે, અને તેઓ તેમના એક્સ-રેમાં શોધી કાઢશે, તો એકને સરકાર દ્વારા લઈ લેવામાં આવશે. શું આ તમને સ્વીકાર્ય છે ?"

**હકીકત :** ન તો કોંગ્રેસના ઢંઢેરામાં કે ન તો તેના નેતાઓના ભાષણોમાં સરકાર દ્વારા લોકોના ઘરો કબજે કરવા અને તેનું પુનઃ વિતરણ કરવાનો કોઈ ઉલ્લેખ છે.

**દાવો :** એ જ ભાષણમાં, મોદી અગાઉના ખોટા દાવા પર પાછા ફર્યાઃ "દેશના સંસાધનો પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે, આ તે છે જે મનમોહનજીએ કહ્યું હતું."

**હકીકત :** મનમોહનસિંહના ભાષણનો ટેક્સ્ટ વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાળવવામાં આવેલા આર્કાઈવમાં ઉપલબ્ધ છે. તે સમયે વડાપ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલી સ્પષ્ટતામાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે "વડાપ્રધાનનો 'સંસાધનો પરનો પ્રથમ દાવા'નો સંદર્ભ ઉપર સૂચિબદ્ધ તમામ 'પ્રાયોરિટી' ક્ષેત્રોનો ઉલ્લેખ કરે છે, જેમાં એસસી, એસટી, ઓબીસી, મહિલાઓ, બાળકો અને લઘુમતીઓના ઉત્થાન માટેના કાર્યક્રમોનો સમાવેશ થાય છે."

હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રાજીન્દર સચરની આગેવાની હેઠળની સમિતિએ ભારતમાં મુસ્લિમો શિક્ષણ, આવક અને રોજગાર પર અન્ય સમુદાયો કરતાં કેવી રીતે પાછળ છે તે દસ્તાવેજી અહેવાલ રજૂ કર્યાના એક મહિના પછી સિંઘે તેમનું ભાષણ આપ્યું હતું.

**૨૪ એપ્રિલ, સાગર**

**દાવો :** મોદીએ દાવો કર્યો કે કર્ણાટકમાં કોંગ્રેસે ગેરકાયદેસર રીતે ધર્મના આધારે આરક્ષણની સ્થાપના કરી છે. "એક જ સૂચના દ્વારા, તેમાં તમામ મુસ્લિમ સમુદાયોને OBC ક્વોટામાં સામેલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસે OBC અનામતનો મોટો હિસ્સો છીનવી લીધો અને તેને ધર્મના આધારે આપી દીધો.

**હકીકત :** ૧૯૬૨માં કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે મુસ્લિમ સમુદાયની અમુક જાતિઓને અન્ય પછાત વર્ગોની યાદીમાં ધર્મના આધારે નહીં, પરંતુ આર નગાના ગૌડા કમિશનની ભલામણ પર સામેલ કરી હતી. તમામ પછાત સમુદાયો માટે વર્ગીકરણના માપદંડો અને અનામતની મર્યાદા સૂચવવા માટે પેનલની સ્થાપના કરવામાં આવી હતી. તેના ઘણા પહેલા, મૈસુરના મહારાજાએ ૧૯૨૧માં મુસ્લિમો માટે આરક્ષણની નીતિ રજૂ કરી હતી.

પાછળથી, ૧૯૯૪માં, એચડી દેવગૌડાની આગેવાની હેઠળની જનતા દળ (સેક્યુલર) સરકાર કર્ણાટકમાં તમામ મુસ્લિમ સમુદાયોને OBC સૂચિ હેઠળ લાવી, તેમના માટે ૪% પેટા-ક્વોટા બનાવ્યો. જનતા દળ (સેક્યુલર) હાલમાં ભારતીય જનતા પાર્ટીનો સહયોગી છે.

કર્ણાટક એ ૧૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંનું એક છે જ્યાં સામાજિક અને આર્થિક પછાતતાના આધારે મુસ્લિમ સમુદાયોને OBC સૂચિમાં સામેલ કરવામાં આવ્યા છે.

ગુજરાત, જ્યાં મોદી ૧૨ વર્ષ સુધી મુખ્યમંત્રી હતા, ત્યાં પણ OBCમાં મુસ્લિમ સમુદાયની યાદી છે. બે વર્ષ પહેલા એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં મોદીએ રાજ્યમાં લગભગ ૭૦ મુસ્લિમ જાતિઓને અનામતનો લાભ મળી રહ્યો હોવાની બડાઈ કરી હતી.

**૨૪ એપ્રિલ, સુરગુજા**

**દાવો :** મોદીએ કહ્યું કે કોંગ્રેસે સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં ધર્મ આધારિત આરક્ષણ લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો અને સમગ્ર દેશમાં સમાન ક્વોટા લાગુ કરવાની યોજના બનાવી હતી. "તેઓએ ધર્મના આધારે ૧૫% ક્વોટાનો પ્રસ્તાવ મૂક્યો," તેમણે કહ્યું. "તેઓએ એવો પણ પ્રસ્તાવ મૂક્યો હતો કે કેટલાક લોકોને SC/ST અને OBC માટેના હાલના ક્વોટામાં ઘટાડો કરીને, ચોરી કરીને ધર્મના આધારે અનામત આપવી જોઈએ. કોંગ્રેસે ૨૦૦૯માં તેના મેનિફેસ્ટોમાં આ ઈરાદો વ્યક્ત કર્યો હતો. ૨૦૧૪ના મેનિફેસ્ટોમાં પણ તેઓએ સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ આ બાબતને ક્યારેય છોડશે નહીં.

**હકીકત :** આંધ્રપ્રદેશની કોંગ્રેસ સરકારે ૨૦૦૫માં મુસ્લિમોને ૫% અનામત આપતો કાયદો પસાર કર્યો હતો. હાઈકોર્ટે કાયદાને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધી હતી, એવી દલીલ કરી હતી કે ધર્મ "નાગરિકોના વર્ગને સામાજિક રીતે પછાત તરીકે નક્કી કરવાનો એકમાત્ર આધાર" ન હોઈ શકે.

તેના ૨૦૦૯ના ઢંઢેરામાં, કોંગ્રેસે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે તે લઘુમતીઓને "તેમના સામાજિક અને આર્થિક પછાતપણાના આધારે" અનામત આપવા માટે પ્રતિબદ્ધ છે.

તેના ૨૦૧૪ના ઢંઢેરામાં જણાવ્યું હતું કેઃ "ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટેના હાલના અનામતને કોઈપણ રીતે અસર કર્યા વિના તમામ સમુદાયોના આર્થિક રીતે નબળા વર્ગો માટે શિક્ષણ અને રોજગારમાં અનામતની રજૂઆત માટે આગળનો માર્ગ શોધવા માટે પ્રતિબદ્ધ છે."

પાર્ટીનો ૨૦૧૯નો મેનિફેસ્ટો આ વિષય પર મૌન હતો. તેનો ૨૦૨૪નો ઢંઢેરો જણાવે છેઃ "અમે સુનિશ્ચિત કરીશું કે લઘુમતીઓને ભેદભાવ વિના શિક્ષણ, આરોગ્યસંભાળ, જાહેર રોજગાર, જાહેર કાર્યોના કરારો, કૌશલ્ય વિકાસ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તકોનો યોગ્ય હિસ્સો મળે."

**દાવો :** એ જ ભાષણમાં મોદીએ એ દાવાને પુનરાવર્તિત કર્યો હતો કે કોંગ્રેસે કર્ણાટકમાં ધર્મ આધારિત ક્વોટા લાગુ કર્યો હતો. "જ્યારે ભાજપ રાજ્યમાં સત્તામાં આવ્યો, ત્યારે અમે કોંગ્રેસના નિર્ણયને રદ કર્યો જે બંધારણ અને બાબાસાહેબ આંબેડકરના આદર્શોની વિરુદ્ધ હતો અને દલિતો અને આદિવાસીઓને તેમના અધિકારો પાછા આપ્યા," તેમણે કહ્યું.

**હકીકત :** માર્ચ ૨૦૨૩માં, કર્ણાટકમાં ભાજપ સરકારે મુસ્લિમ OBC માટે ૪% પેટા-ક્વોટાને રદ કર્યો. પરંતુ તેણે દલિતો અને આદિવાસીઓને કોટાની પુનઃ ફાળવણી કરી ન હતી. તેના બદલે, તેણે તેને રાજ્યના પ્રભાવશાળી સમુદાયો, લિંગાયતો અને વોક્કાલિગાઓને તે સ્થાનાંતરિત કર્યું. સુપ્રીમ કોર્ટ દ્વારા એપ્રિલ ૨૦૨૩માં આ આદેશ પર સ્ટે મૂકવામાં આવ્યો હતો. તેને "પ્રથમ દૃષ્ટિએ ભ્રામક" ગણવામાં આવ્યો.

**દાવો :** મોદીએ પછી બીજો દાવો રજૂ કર્યોઃ "કોંગ્રેસ કહે છે કે તે વારસાગત કર લાદશે, તે માતાપિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિ પર પણ ટેક્સ લગાવશે. તમે એકઠી કરેલી સંપત્તિ તમારા બાળકોને નહીં મળે અને કોંગ્રેસ તમારી પાસેથી તે છીનવી લેશે.

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં વારસાગત કરનો કોઈ સંદર્ભ નથી. તે ફક્ત એટલું જ કહે છેઃ "અમે નીતિઓમાં યોગ્ય ફેરફારો દ્વારા સંપત્તિ અને આવકની વધતી અસમાનતાને સંબોધિત કરીશું." યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતા કોંગ્રેસના પૂર્વ સલાહકાર સેમ પિત્રોડાએ જણાવ્યું હતું કે વારસાગત કર એ "રસપ્રદ વિચાર" છે, પરંતુ પાર્ટીએ ઔપચારિક રીતે તેમની ટિપ્પણીથી પોતાને દૂર કરી દીધી હતી.

**૨૪ એપ્રિલ, બેતુલ**

**દાવો :** મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ SC, ST અને OBC જૂથો પાસેથી અનામત છીનવીને "ખાસમ ખાસ" અથવા વિશેષ મત બેંકને આપવા માંગે છે. કોંગ્રેસ દ્વારા મુસ્લિમોને ધર્મ આધારિત આરક્ષણ આપવાના દાવાઓને પુનરાવર્તિત કરતા, તેમણે કહ્યું કે પાર્ટી "તેની મત બેંકને મજબૂત" કરવા માટે ખાનગી સંપત્તિને જપ્ત કરવા અને તેનું પુનઃવિતરણ કરવાનું કાવતરું કરી રહી છે.

**હકીકત :** કોંગ્રેસનો ઢંઢેરો ન તો ધર્મ આધારિત આરક્ષણની વાત કરે છે કે ન તો સંપત્તિના પુનઃવિતરણ વિશે.

**દાવો :** વારસાગત કરના વિષય પર પાછા ફરતા, મોદીએ દાવો કર્યો કે કોંગ્રેસ જૂઠું બોલી રહી છે જ્યારે તેણે કહ્યું કે આવો કર લાદવાનો વિચાર માત્ર સામ પિત્રોડાનો "વ્યક્તિગત અભિપ્રાય" હતો. "સત્ય એ છે કે ૨૦૧૧માં કોંગ્રેસે વારસાગત કરની હિમાયત કરી હતી," તેમણે કહ્યું.

**હકીકત :** ૨૦૧૧માં, પી ચિદમ્બરમે, જે તે સમયે ગૃહપ્રધાન હતા, તેમણે વારસાગત કરનો વિચાર રજૂ કર્યો હતો. પરંતુ આ પગલા પર વિચાર કરવામાં કોંગ્રેસ એકલી નથી. ૨૦૧૭માં, મોદીની આગેવાની હેઠળની પ્રથમ ભાજપ સરકારમાં નાણા પ્રધાન અરુણ જેટલીએ પણ આ વિચાર રજૂ કર્યો હતો.

**૨૫ એપ્રિલ, આગ્રા**

**દાવો :** મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસે ધર્મના આધારે અનામત આપવા માટે OBC માટેના ૨૭% ક્વોટાનો એક ભાગ ચોરી કરવાની યોજના બનાવી હતી.

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં ધર્મ આધારિત આરક્ષણનો કોઈ સંદર્ભ નથી.

**દાવો :** મોદીએ સૌપ્રથમ દાવો કર્યો કે કોંગ્રેસે ૫૫% લોકોના વારસાને જપ્ત કરવાની યોજના બનાવી છે, પછી દલીલ કરી કે "તમે તમારી આગામી પેઢીને જે સંપત્તિઓ આપી રહ્યા છો, તેના અડધાથી વધુ પર ટેક્સ લાગશે."

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં વારસાગત કરનો કોઈ સંદર્ભ નથી. યુ.એસ. દ્વારા વારસા પર ૫૫% કર લાદવા અંગે સેમ પિત્રોડાની તથ્યપૂર્ણ રીતે ખોટી ટિપ્પણીથી પાર્ટીએ પોતાને દૂર કરી દીધી છે.

**૨૫ એપ્રિલ, મોરેના**

**દાવોઃ** કર્ણાટકમાં મુસ્લિમો માટે આરક્ષણ, મનમોહનસિંઘનું ભાષણ અને કોંગ્રેસે મંગળસૂત્રો છીનવી લેવાના ખોટા દાવાઓનું પુનરાવર્તન કરીને, મોદી વારસાગત કરના વિષય પર પાછા ફર્યા. આ વખતે, તેમણે એક નવતર દાવો કર્યોઃ "જ્યારે ઈન્દિરા ગાંધીનું અવસાન થયું અને તેમના પુત્ર રાજીવ ગાંધીને તેમની મિલકતનો વારસો મળવાનો હતો, સરકારને પૈસા ન મળે તેની ખાતરી કરવા, મિલકત બચાવવા માટે, વડા પ્રધાન રાજીવ ગાંધીએ વારસાગત કર નાબૂદ કર્યો."

**હકીકત :** ૧૯૮૫માં તત્કાલિન નાણામંત્રી વી.પી. સિંહ દ્વારા શું નાબૂદ કરવામાં આવ્યું હતું, તે મૃત વ્યક્તિની સંપત્તિ પર વસૂલવામાં આવતી એસ્ટેટ ડ્યૂટી હતી, અને વારસાગત કર નહીં, જે મિલકતનો વારસો મેળવનાર વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવે છે. સિંઘે તેમના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે "૧૬મી માર્ચ, ૧૯૮૫ના રોજ અથવા તે પછીના મૃત્યુ પામનારની એસ્ટેટ પર" કોઈ એસ્ટેટ ડ્યુટી વસૂલવામાં આવશે નહીં. ઈન્દિરા ગાંધીની ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ હત્યા કરવામાં આવી હતી.

**૨૫ એપ્રિલ, આઓન્લા**

**દાવોઃ કોંગ્રેસ**ના સર્વેક્ષણ અને લોકોની મિલકતો છીનવી લેવા અંગેના ખોટા દાવાઓના સામાન્ય સમૂહમાંથી પસાર થયા પછી, મોદીએ એક નવો વળાંક ઉમેર્યો, કહ્યુંઃ "માત્ર આર્થિક સર્વેક્ષણ નહીં, કોંગ્રેસનો હેતુ તમામ સંસ્થાઓ, તમામ કચેરીઓનું સર્વેક્ષણ કરવાનો છે. જો તેને કોઈ પછાત વર્ગ અથવા દલિત પરિવારમાં બે નોકરીઓ હોય, તો કોંગ્રેસ એકને છીનવી લેશે અને દેશની સંપત્તિ પર પહેલો દાવો કરનારાઓને તે આપશે."

હકીકતઃ કોંગ્રેસે તેના મેનિફેસ્ટોમાં કે તેના નેતાઓના ભાષણોમાં પછાત વર્ગ અથવા દલિત પરિવારો પાસેથી નોકરીઓ છીનવી લેવાની ધમકી આપી નથી. પાર્ટીના ઢંઢેરામાં જણાવાયું છેઃ "કોંગ્રેસ જાતિઓ અને પેટાજાતિઓની ગણતરી કરવા અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે દેશવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી હાથ ધરશે. ડેટાના આધારે, અમે હકારાત્મક કાર્યવાહી માટેના એજન્ડાને મજબૂત કરીશું."

**(સમાપ્ત)** **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

ગરીબ નવાજ રિલીફ કમિટી દ્વારા

# ધંધૂકા ખાતે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક-ચોપડાનું વિતરણ




અમદાવાદ, તા.૫

ગરીબ નવાજ રિલીફ કમિટી તરફથી ધંધૂકા તાલુકા મુસ્લિમ કેળવણી મંડળ સંચાલિત મોડર્ન હાઈસ્કૂલ તેમજ મોડર્ન પ્રાયમરી સ્કૂલ ખાતે જનાબ અહેમદ મૌલાના તથા સ્કૂલના શિક્ષણ ગણના હસ્તે ૫૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે દર વર્ષની જેમ આ વર્ષે પણ નોટબુક ચોપડાનુ વિતરણ કરવામા આવેલ, આજે સ્કૂલમાં પરિણામ આપવાની સાથે નોટબુકો આપેલ. પરિણામના ઉત્સાહ સાથે નોટબુક મેળવવા થી અભ્યાસ માટે વધુ ઉત્સાહ રહે, તેમજ ધોલેરા તાલુકાના ઉમરગઢ ગાંફ ગામે ગરીબ બહેનોને રોજગાર માટે સીલાઈ મશીનો આપવામાં આવેલ છે. ગરીબ નવાજ કમિટીના પ્રમુખ હબીબ મોદને જણાવ્યું કે, કોઈના જાતના ભેદભાવ વગર કમિટી કામ કરી રહી છે અને લોકામાં સારો આવકાર મળી રહ્યો છે.

# મૂળીના ખંપાળિયા ગામે આડા સંબંધની શંકાએ યુવકને ઢોરમાર મારી મોતને ઘાટ ઉતાર્યો

## પત્ની પાસે જ પતિએ ફોન કરાવીને યુવકને વાડીએ બોલાવી પિતા અને કૌટુંબિક ભાઈ સાથે મળી કાસળ કાઢી નાંખ્યું

સુરેન્દ્રનગર, તા.૫

મૂળી તાલુકાનાં ખંપાળિયા ગામે પત્ની સાથે આડાસંબંધની શંકા રાખી પત્ની પાસે જ પતિએ ફોન કરાવીને યુવકને વાડીએ બોલાવ્યો હતો. ત્યારબાદ પિતા અને કૌટુંબિક ભાઇ સાથે મળી પાઇપ, ધારીયા જેવા હથિયારોથી યુવકને ઢોરમાર માર્યો હતો. આ ઘટનામાં ચાર સંતાનના પિતાનું મોત નિપજતા પોલીસે ત્રણેય આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

મૂળી તાલુકાનાં ખંપાળિયા ગામે રહેતા અને ખેતી કરી જીવન ગુજારતા ૩૨ વર્ષના મહેશ જીવણભાઇ બાવળીયાને ગામના જ જેન્તિ ઉર્ફે ભુયડી ભાવુભાઇ બાવળીયાની પત્ની સાથે આડા સંબધો હોવાની શંકાનાં આધારે જેન્તિ બાવળીયાએ તેની પત્ની પાસે જ મહેશને શુક્રવારની મોડી રાત્રે ફોન કરી તારૂ કામ છે તેમ કહી બોલાવી જેન્તિનાં પિતા ભાવુભાઇ મોહનભાઇ બાવળીયા અને કૌટુંબિક ભાઇ ગોપાલભાઇ જગાભાઇ બાવળીયાએ એકસંપ થઇ ધારિયા અને પાઇપ લઇ મહેશને માર માર્યો હતો. મહેશ અને જેન્તિની પત્ની કેટલાક સમયથી ફોન પર વાતો કરતા હોવાથી રાત્રે બાર વાગ્યા બાદ મહેશને તેની પત્ની પાસે ફોન કરી બોલાવી કાસળ કાઢ્યાનું ચર્ચાઇ રહ્યુ છે. આ બનાવમાં મોબાઇલ તેમજ બાઇકમાં તોડફોડ કરી નુકશાન પહોંચાડ્યુ હતુ. ઈજાગ્રસ્ત મહેશને તાત્કાલિક પ્રથમ મૂળી સરકારી હોસ્પિટલ અને બાદમાં ત્યાંથી સુરેન્દ્રનગર લઇ જતા હતા. ત્યાં ડોક્ટરે મહેશ બાવળીયાને મૃત જાહેર કરતા ત્રણ પુત્રી એક પુત્ર અને પત્નિને છત્રછાયા ગુમાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. બનાવની ગંભીરતા લઇ પીએસઆઇ એ.એ.જાડેજા, હરપાલસિંહ, સમરથસિંહ સહિતનાએ ગણતરીનાં કલાકોમાં આરોપીને ઝડપી લઇ કાર્યવાહી કરાઇ હતી. ઓરીપીએ કહ્યું, અમે તારા ભાઈને માર્યો, અહીંથી લઈ જા આરોપીઓએ આડા સંબધની શંકા રાખી યુવક મહેશને મોડી રાત્રે વાડીએ બોલાવી ઢોરમાર માર્યો બાદ યુવકનાં ભાઇ ધીરૂભાઇને તારા ભાઇ મહેશ મારી પત્ની સાથે આડા સબંધ હતા હતા. જેથી અમે માર માર્યો છે. અંહિથી લઇ જા તેમ કહી બોલાવ્યા હતા. આરોપીની પત્નીએ અઠવાડિયા પહેલા દવા પીધાની ચર્ચા છેલ્લા કેટલાક દિવસોથી આરોપી જેન્તિને પત્ની પર શંકા જતા પરિવારમાં ઝઘડા ચાલતા હતા. અને આથી જ એક સપ્તાહ પહેલા જેન્તિની પત્નીએ ઝેરી દવા પી લીધી હતી. પરંતુ કાંઇ થયુ ન હતું તેની ચર્ચાએ જોર પકડ્યુ છે.

## ધાર્મિક કાર્યક્રમ

### ઘોઘા : હઝરત શેરઅલી સરકારના ઉર્સ શરીફની આજે ઉજવણી કરાશે

ભાવનગર જિલ્લાના ઘોઘાના સોનરિયા તળાવની પાછળ તણસા રોડ વાડી વિસ્તારમાં આવેલા હઝરત રોશન ઝમીર શેરઅલી સરકાર પીર દાદાનો ઉર્સ શરીફ ઉજવાશે. આ ઉર્સ પ્રસંગે તા.૬/૫/૨૦૨૪ને સોમવારે સાંજે અસરની નમાઝ બાદ સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો-સલામ, સામૂહિક દુવાઓ, ન્યાઝ શરીફ સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે

# કરજણની વલણ હાઈસ્કૂલમાં શિક્ષકનો વયનિવૃત્ત વિદાય સમારંભ યોજાયો



પાલેજ તા.૫

ધી વલણ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત ધી વલણ હાઈસ્કૂલ વલણ ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના ઈન્ચાર્જ શિક્ષક યુનુસભાઈનો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો હતો. જેઓનો વિદાય સમારંભ આચાર્ય સાજીદભાઈના સાંનિધ્યમાં યોજાયો હતો આ કાર્યક્રમમાં ધી વલણ હાઈસ્કૂલ પરિવારના સભ્ય તેમજ સ્ટાફ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા ઉપસ્થિત આચાર્ય સાજીદભાઈએ તેમના વક્તવ્યમાં શિક્ષક યુનુસભાઈની કારકિર્દી દરમિયાન કરેલ કામગીરીને તેમનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ પ્રત્યેના વ્યવહારને બિરદાવ્યો હતો અને હવે પછીનું જીવન સુખમય, શાંતિમય, તંદુરસ્ત રીતે પસાર થાય એવી શુભેચ્છા આપી હતી સાથે સાથે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના સંદર્ભે મતદાન જાગૃતતા માટે પણ આહવાન કરાયું હતું. ત્યારબાદ યુનુસભાઈને શાળા સંચાલક મંડળનાં પ્રમુખ ઈખરીયા યુસુફ ઉમરજીભાઈ તરફથી સન્માન પત્ર અને ગિફ્ટ આપવામાં આવી હતી તેમજ વિદેશમાં રેહતાં રોકડ પરિવાર તરફથી સેક્રેટરી સીરાજભાઈ અફીણવાલાના હસ્તે વિદાય લઈ રહેલા શિક્ષકને ગિફ્ટ અર્પણ કરાઈ હતી ત્યારબાદ હાઈસ્કૂલના સ્ટાફ તેમજ હાઈસ્કૂલના શિક્ષકો દ્વારા પણ યુનુસભાઈને ગિફ્ટ અર્પણ કરી હતી આ કાર્યક્મમાં અબ્દુલભાઈ મટક તેમજ તમામ ટ્રસ્ટીઓ હાજર રહ્યાં હતાં. શાળામાં ત્રીસ વર્ષની ઉત્કૃષ્ટ કારકિર્દી પુરી કરનાર શિક્ષકને શાળા સંચાલક મંડળ તેમજ ધી વલણ હાઈસ્કૂલ વલણ સ્ટાફ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વય નિવૃત્ત થનાર શિક્ષકે અંતમાં સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દિલ્હીની શાળાઓમાં બોમ્બ મૂકવાની અફવા ફેલાવનારાઓ સામે કડક પગલાં લેવા જોઈએ

છેલ્લા કેટલાક વર્ષોમાં બોમ્બ મૂક્યાની માહિતી આપવાના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે જે મોટાભાગે અફવા જ હોય છે. વિમાનમાં બોમ્બ રાખવાની અફવા સામાન્ય બાબત બની ગઈ છે. આવી ખોટી માહિતી આપનારા પકડાઈ પણ જાય છે. આ અફવા ફેલાવનારાઓનો મૂળ ઉદ્દેશ લોકોમાં ગભરાટ ફેલાવવાનો અને વહીવટીતંત્રને હેરાન કરવાનો હોય છે. તેઓ સારી રીતે જાણે છે કે જો તેઓ આમ કરશે તો તેમને આકરી સજાનો સામનો કરવો પડી શકે છે. તેમ છતાં આ અફવાઓ બંધ થઈ રહી નથી. દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની લગભગ ૧૦૦ શાળાઓમાં બોમ્બ મૂક્યા હોવાની હાજરી વિશે મેઇલ દ્વારા માહિતી આપવી એ તેનું તાજું ઉદાહરણ છે. આ ઈ-મેઇલ બુધવારે વહેલી સવારે મોકલવામાં આવ્યો હતો અને અરાજકતાનો માહોલ સર્જાયો હતો. શાળાઓ ખાલી કરાવવામાં આવી હતી. પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે શાળાઓમાં તપાસ શરૂ કરી હતી. બપોર સુધી સમગ્ર વહીવટીતંત્રનું ધ્યાન આ તરફ કેન્દ્રિત રહ્યું હતું. છેવટે ખબર પડી કે માહિતી ખોટી હતી. આ મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો તે પોલીસે શોધી કાઢ્યું છે. આ પહેલા પણ કેટલીક શાળાઓમાં બોમ્બ મૂકવાની આવી જ ખોટી માહિતી આપવામાં આવી હતી, જેના કારણે વહીવટીતંત્રને બિનજરૂરી રીતે પરેશાન થવું પડ્યું હતું. આ સમયે ચૂંટણીની ગતિવિધિઓ છે તેથી આવી માહિતીએ વહીવટીતંત્ર પર દબાણ વધાર્યું હતું. આ રીતે છેલ્લા કેટલાક વર્ષોમાં બોમ્બ મૂકવાની માહિતી આપવાના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે. વિમાનમાં બોમ્બ રાખવાની અફવા એક સામાન્ય બાબત બની ગઈ છે. આવી ખોટી માહિતી આપનારા પકડાઈ જાય છે. તેમાંથી ઘણાને લાંબા ગાળાની સજા પણ થઈ છે. તેમ છતાં અફવા ફેલાવનારાઓ કોઈ બોધપાઠ લઈ રહ્યા નથી, તેનું એક કારણ યુવાનોમાં પોલીસને હેરાન કરીને ક્ષણિક સુખ મેળવવાની વૃત્તિ છે. બીજું ઘણા લોકો ગુસ્સામાં અથવા કોઈને પાઠ ભણાવવાના ઈરાદાથી આવું કરે છે. સંચાર સંસાધનોના પ્રસાર અને તેનો ઉપયોગ કરવાની છૂપી પદ્ધતિઓએ ખોટી માહિતીમાંથી આનંદ મેળવવાની વિકૃત વૃત્તિમાં વધુ વધારો કર્યો છે. આવા લોકો પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકતા નથી કે આવી માહિતીના કારણે લોકોને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ક્યારેક તો મોટા અકસ્માત પણ સર્જાય છે. જો કે એ સારી વાત એ છે કે પોલીસે આવી માહિતી પર ઝડપી કાર્યવાહી કરવા માટે વ્યવસ્થિત સિસ્ટમ વિકસાવી છે.

# નરેન્દ્ર મોદીના ભાષણોના પાંચ દિવસની તથ્ય તપાસ : જૂઠાણાની સૂચિ

## એક પછી એક ભાષણમાં વડાપ્રધાને ભારતના મુસ્લિમોને અન્ય વંચિત સમુદાયો સામે ઊભા કરીને વિભાજનકારી જૂઠાણા ફેલાવ્યા છે

તેની શરૂઆત ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં તેમના ભાષણથી થઈ હતી. તેમણે મુસ્લિમોને "ઘૂસણખોરો" અને "વધુ બાળકો ધરાવતા" તરીકે લેબલ લગાવીને દાવો કર્યો હતો કે કોંગ્રેસે લોકોની ખાનગી સંપત્તિ જપ્ત કરવાની અને તેને મુસ્લિમોને વહેંચવાની યોજના બનાવી છે.

આદર્શ આચારસંહિતા, જેના હેઠળ ભારતમાં ચૂંટણીઓ યોજવામાં આવે છે, તે જણાવે છે: "કોઈપણ પક્ષ અથવા ઉમેદવાર એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં જે હાલના મતભેદોને વધારી શકે અથવા પરસ્પર દ્વેષ પેદા કરી શકે અથવા ધાર્મિક અથવા ભાષાકીય, વિવિધ જાતિઓ અને સમુદાયો વચ્ચે તણાવ પેદા કરી શકે." કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોએ મોદી પર "દ્વેષપૂર્ણ ભાષણ"નો આરોપ લગાવીને ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદો નોંધાવ્યા પછી, વડાપ્રધાને મુસ્લિમોનો સ્પષ્ટ સંદર્ભ આપવાનું બંધ કર્યું - પરંતુ માત્ર એક દિવસ માટે. ૨૩ એપ્રિલ સુધીમાં, તે સામાજિક રીતે વંચિત હિંદુ જૂથોની કિંમતે કોંગ્રેસ તરફથી સમુદાયને તરફેણ મેળવવાના ખોટા અને વિભાજનકારી દાવાઓ કરી રહ્યા હતા. સ્ક્રોલે પાંચ દિવસમાં મોદી દ્વારા કરવામાં આવેલા દરેક ભાષણને સાંભળ્યા અને તેમના દાવાઓની હકીકત તપાસી. રાજકીય ભાષણો દર્શાવતી સામાન્ય અતિશયોક્તિઓને નજરઅંદાજ કરીને - દાખલા તરીકે, કલ્યાણ યોજનાની સફળતાને વધારે પડતી દર્શાવવી - અમે વડાપ્રધાનના નોંધપાત્ર, વિભાજનકારી જૂઠાણાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અમને જે મળ્યું તે અહીં છે.

**૨૧ એપ્રિલ, બાંસવાડા**

**દાવો :** મોદીએ એવો દાવો કરીને શરૂઆત કરી હતી કે કોંગ્રેસના ઢંઢેરામાં કહેવાયું છે કે તે વિવાહિત હિંદુ મહિલાઓના મંગળસૂત્ર સહિત ખાનગી સંપત્તિનું સર્વેક્ષણ, જપ્તી અને પુનઃવિતરણ કરશે. "મારી માતાઓ અને બહેનોના સોનાના આભૂષણો માત્ર શોપીસ નથી, તે તેમના સ્વાભિમાન સાથે જોડાયેલા છે," તેમણે કહ્યું. "તેમનું મંગળસૂત્ર તેમના જીવન સાથે જોડાયેલું છે. તમારા મેનિફેસ્ટોમાં, તમે તેને છીનવી લેવાની ધમકી આપી રહ્યા છો?"

**હકીકત :** કોંગ્રેસ ઢંઢેરામાં ખાનગી મિલકત જપ્ત કરવાનો કોઈ સંદર્ભ નથી, મહિલાઓના મંગળસૂત્રની વાત તો બાજુ પર રહી.

**દાવો :** મોદીએ દાવો કર્યો કે અગાઉની કોંગ્રેસ સરકારે કહ્યું હતું કે દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે.

**હકીકત :** મનમોહનસિંહ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે ૨૦૦૯માં આપેલા ભાષણની આ વિકૃતિ છે. તેમણે ભારતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, મહિલાઓ અને બાળકો સહિત તમામ વંચિત વર્ગોના ઉત્થાનની જરૂરિયાત વિશે વાત કરી હતી, માત્ર ધાર્મિક લઘુમતીઓ જ નહીં.

**દાવો :** મોદીએ આગળ દાવો કર્યો કે કોંગ્રેસ "ઘૂસણખોરો" અને "જેઓ વધુ બાળકો છે" તેમની વચ્ચે સંપત્તિ વહેંચશે - મુસ્લિમો માટે નફરતી પોકાર.

હકીકતઃ મુસ્લિમો "ઘૂસણખોર" છે તેવા આગ્રહ માટે કોઈ વાસ્તવિક આધાર નથી - મોદી સરકારે વારંવાર સંસદને કહ્યું છે કે તેની પાસે ગેરકાયદેસર વસાહતીઓ અંગે કોઈ ડેટા નથી. ભારતીય મુસ્લિમોનો પ્રજનન દર, હિંદુઓ કરતાં વધુ હોવા છતાં, અન્ય તમામ સમુદાયો કરતાં ઝડપથી ઘટી રહ્યો છે. આ ઉપરાંત, પ્રજનન એ અર્થશાસ્ત્રનું કાર્ય છે,



છેલ્લા એક સપ્તાહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારના દરમિયાન વારંવાર જૂઠું બોલ્યા છે.

ધર્મનું નહીં: વધુ વિકસિત તમિલનાડુમાં મુસ્લિમો ગરીબ બિહારના હિંદુઓ કરતાં ઓછા બાળકો પેદા કરે છે.

**૨૨ એપ્રિલ, અલીગઢ**

**દાવો :** મોદીએ ખોટા દાવાને પુનરાવર્તિત કર્યો કે કોંગ્રેસના ઢંઢેરામાં ખાનગી મિલકતના સર્વે અને જપ્ત કરવાની ધમકી આપવામાં આવી હતી. "કોંગ્રેસના શહેજાદા (રાજકુમાર)" - કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો સંદર્ભ - "કહે છે કે જો પાર્ટી સત્તામાં આવશે, તો તમારી પાસે કેટલી આવક, મિલકત, સંપત્તિ, મકાનો છે તે જાણવા માટે સર્વે કરવામાં આવશે... સરકાર મિલકત જપ્ત અને પુનઃવિતરણ કરશે. મેનિફેસ્ટો આ કહે છે."

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં આ વાત નથી. ૬ એપ્રિલના રોજ મેનિફેસ્ટોના લોન્ચિંગ સમયે રાહુલ ગાંધીએ કહ્યું હતું: "અમે દેશનો એક્સ-રે કરીશું. પછાત વર્ગો, દલિતો, આદિવાસીઓ, સામાન્ય વર્ગના ગરીબ લોકો અને લઘુમતીઓને ખબર પડશે કે દેશમાં તેમનો હિસ્સો શું છે. જો કે, તેમણે એ કહ્યું ન હતું કે પાર્ટી ખાનગી સંપત્તિઓ જપ્ત કરશે અને તેનું પુનઃ વિતરણ કરશે.

**દાવો :** મોદીએ દાવો કર્યો: "કોંગ્રેસ એ હદ સુધી જશે કે જો તમારા ગામમાં તમારું પૈતૃક ઘર છે, અને તમે તમારા બાળકો માટે શહેરમાં એક નાનો ફ્લેટ ખરીદ્યો છે, તો તે તેમાંથી એક છીનવી લેશે... શું આ માઓવાદી વિચાર નથી? કોંગ્રેસ તમારી મહેનતની સંપત્તિ છીનવી લેવા માંગે છે, તે મહિલાઓની સંપત્તિ લૂંટવા માંગે છે.

**હકીકત :** કોંગ્રેસના ઢંઢેરામાં પુનઃવિતરણનો એકમાત્ર સંદર્ભ આ છે: "કોંગ્રેસ સરકારી જમીનનું ગરીબોને વિતરણ અને જમીન ટોચમર્યાદા કાયદા હેઠળ ફાજલ જમીન પર દેખરેખ રાખવા માટે એક સત્તા સ્થાપિત કરશે." આ ભાગ્યે જ ક્રાંતિકારી વચન છેઃ ભારતમાં ૨૧ રાજ્યોમાં જમીનની ટોચમર્યાદાના કાયદા છે, જે દેશમાં જમીનની માલિકીની ઐતિહાસિક અસમાનતાને સંબોધવા માટે ૧૯૬૦માં રજૂ કરવામાં આવ્યા હતા.

**૨૩ એપ્રિલ, ટોંક-સવાઈ, માધોપુર**

**દાવો :** રાહુલ ગાંધીના ભાષણમાંથી એક્સ-રે સંદર્ભ લાવતા, મોદીએ કહ્યું: "આનો અર્થ એ છે કે જો તમારા ઘરમાં કોઈ બોક્સ છે જેમાં તમે બાજરીના અનાજનો સંગ્રહ કરો છો, તો તેનો પણ એક્સ-રે થશે. તમારી બધી મિલકત કે જે તમારી જરૂરિયાત કરતાં વધુ હોવાનું જણાયું છે, તે જપ્ત કરવામાં આવશે અને ફરીથી વિતરણ કરવામાં આવશે. જો તમારી પાસે બે મકાનો છે, અને તેઓ તેમના એક્સ-રેમાં શોધી કાઢશે, તો એકને સરકાર દ્વારા લઈ લેવામાં આવશે. શું આ તમને સ્વીકાર્ય છે?"

**હકીકત :** ન તો કોંગ્રેસના ઢંઢેરામાં કે ન તો તેના નેતાઓના ભાષણોમાં સરકાર દ્વારા લોકોના ઘરો કબજે કરવા અને તેનું પુનઃ વિતરણ કરવાનો કોઈ ઉલ્લેખ છે.

**દાવો :** એ જ ભાષણમાં, મોદી અગાઉના ખોટા દાવા પર પાછા ફર્યાઃ "દેશના સંસાધનો પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે, આ તે છે જે

### દૃષ્ટિકોણ

**- તબસ્સુમ બરનગરવાલા અને અભિક દેબ**

મનમોહનજીએ કહ્યું હતું."

**હકીકત :** મનમોહનસિંહના ભાષણનો ટેક્સ્ટ વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાળવવામાં આવેલા આર્કાઈવમાં ઉપલબ્ધ છે. તે સમયે વડાપ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલી સ્પષ્ટતામાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે "વડાપ્રધાનનો 'સંસાધનો પરનો પ્રથમ દાવા'નો સંદર્ભ ઉપર સૂચિબદ્ધ તમામ 'પ્રાયોરિટી' ક્ષેત્રોનો ઉલ્લેખ કરે છે, જેમાં એસસી, એસટી, ઓબીસી, મહિલાઓ, બાળકો અને લઘુમતીઓના ઉત્થાન માટેના કાર્યક્રમોનો સમાવેશ થાય છે."

હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રાજીન્દર સચરની આગેવાની હેઠળની સમિતિએ ભારતમાં મુસ્લિમો શિક્ષણ, આવક અને રોજગાર પર અન્ય સમુદાયો કરતાં કેવી રીતે પાછળ છે તે દસ્તાવેજી અહેવાલ રજૂ કર્યાના એક મહિના પછી સિંઘે તેમનું ભાષણ આપ્યું હતું.

**૨૪ એપ્રિલ, સાગર**

**દાવો :** મોદીએ દાવો કર્યો કે કર્ણાટકમાં કોંગ્રેસે ગેરકાયદેસર રીતે ધર્મના આધારે આરક્ષણની સ્થાપના કરી છે. "એક જ સૂચના દ્વારા, તેમાં તમામ મુસ્લિમ સમુદાયોને OBC ક્વોટામાં સામેલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસે OBC અનામતનો મોટો હિસ્સો છીનવી લીધો અને તેને ધર્મના આધારે આપી દીધો.

**હકીકત :** ૧૯૬૨માં કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે મુસ્લિમ સમુદાયની અમુક જાતિઓને અન્ય પછાત વર્ગોની યાદીમાં ધર્મના આધારે નહીં, પરંતુ આર નગાના ગૌડા કમિશનની ભલામણ પર સામેલ કરી હતી. તમામ પછાત સમુદાયો માટે વર્ગીકરણના માપદંડો અને અનામતની મર્યાદા સૂચવવા માટે પેનલની સ્થાપના કરવામાં આવી હતી. તેના ઘણા પહેલા, મૈસુરના મહારાજાએ ૧૯૨૧માં મુસ્લિમો માટે આરક્ષણની નીતિ રજૂ કરી હતી.

પાછળથી, ૧૯૯૪માં, એચડી દેવગૌડાની આગેવાની હેઠળની જનતા દળ (સેક્યુલર) સરકાર કર્ણાટકમાં તમામ મુસ્લિમ સમુદાયોને OBC સૂચિ હેઠળ લાવી, તેમના માટે ૪% પેટા-ક્વોટા બનાવ્યો. જનતા દળ (સેક્યુલર) હાલમાં ભારતીય જનતા પાર્ટીનો સહયોગી છે.

કર્ણાટક એ ૧૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંનું એક છે જ્યાં સામાજિક અને આર્થિક પછાતતાના આધારે મુસ્લિમ સમુદાયોને OBC સૂચિમાં સામેલ કરવામાં આવ્યા છે.

ગુજરાત, જ્યાં મોદી ૧૨ વર્ષ સુધી મુખ્યમંત્રી હતા, ત્યાં પણ OBCમાં મુસ્લિમ સમુદાયની યાદી છે. બે વર્ષ પહેલા એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં મોદીએ રાજ્યમાં લગભગ ૭૦ મુસ્લિમ જાતિઓને અનામતનો લાભ મળી રહ્યો હોવાની બડાઈ કરી હતી.

**૨૪ એપ્રિલ, સુરગુજા**

**દાવો :** મોદીએ કહ્યું કે કોંગ્રેસે સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં ધર્મ આધારિત આરક્ષણ લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો અને સમગ્ર દેશમાં સમાન ક્વોટા લાગુ કરવાની યોજના બનાવી હતી. "તેઓએ ધર્મના આધારે ૧૫% ક્વોટાનો પ્રસ્તાવ મૂક્યો," તેમણે કહ્યું. "તેઓએ એવો પણ પ્રસ્તાવ મૂક્યો હતો કે કેટલાક લોકોને SC/ST અને OBC માટેના હાલના ક્વોટામાં ઘટાડો કરીને, ચોરી કરીને ધર્મના આધારે અનામત આપવી જોઈએ. કોંગ્રેસે ૨૦૦૯માં તેના મેનિફેસ્ટોમાં આ ઈરાદો વ્યક્ત કર્યો હતો. ૨૦૧૪ના મેનિફેસ્ટોમાં પણ તેઓએ સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ આ બાબતને ક્યારેય છોડશે નહીં.

**હકીકત :** આંધ્રપ્રદેશની કોંગ્રેસ સરકારે ૨૦૦૫માં મુસ્લિમોને ૫% અનામત આપતો કાયદો પસાર કર્યો હતો. હાઈકોર્ટે કાયદાને ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધી હતી, એવી દલીલ કરી હતી કે ધર્મ "નાગરિકોના વર્ગને સામાજિક રીતે પછાત તરીકે નક્કી કરવાનો એકમાત્ર આધાર" ન હોઈ શકે.

તેના ૨૦૦૯ના ઢંઢેરામાં, કોંગ્રેસે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને કહ્યું હતું કે તે લઘુમતીઓને "તેમના સામાજિક અને આર્થિક પછાતપણાના આધારે" અનામત આપવા માટે પ્રતિબદ્ધ છે.

તેના ૨૦૧૪ના ઢંઢેરામાં જણાવ્યું હતું કે: "ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટેના હાલના અનામતને કોઈપણ રીતે અસર કર્યા વિના તમામ સમુદાયોના આર્થિક રીતે નબળા વર્ગો માટે શિક્ષણ અને રોજગારમાં અનામતની રજૂઆત માટે આગળનો માર્ગ શોધવા માટે પ્રતિબદ્ધ છે."

પાર્ટીનો ૨૦૧૯નો મેનિફેસ્ટો આ વિષય પર મૌન હતો. તેનો ૨૦૨૪નો ઢંઢેરો જણાવે છે: "અમે સુનિશ્ચિત કરીશું કે લઘુમતીઓને ભેદભાવ વિના શિક્ષણ, આરોગ્યસંભાળ, જાહેર રોજગાર, જાહેર કાર્યોના કરારો, કૌશલ્ય વિકાસ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તકોનો યોગ્ય હિસ્સો મળે."

**દાવો :** એ જ ભાષણમાં મોદીએ એ દાવાને પુનરાવર્તિત કર્યો હતો કે કોંગ્રેસે કર્ણાટકમાં ધર્મ આધારિત ક્વોટા લાગુ કર્યો હતો. "જ્યારે ભાજપ રાજ્યમાં સત્તામાં આવ્યો, ત્યારે અમે કોંગ્રેસના નિર્ણયને રદ કર્યો જે બંધારણ અને બાબાસાહેબ આંબેડકરના આદર્શોની વિરુદ્ધ હતો અને દલિતો અને આદિવાસીઓને તેમના અધિકારો પાછા આપ્યા," તેમણે કહ્યું.

**હકીકત :** માર્ચ ૨૦૨૩માં, કર્ણાટકમાં ભાજપ સરકારે મુસ્લિમ OBC માટે ૪% પેટા-ક્વોટાને રદ કર્યો. પરંતુ તેણે દલિતો અને આદિવાસીઓને કોટાની પુનઃ ફાળવણી કરી ન હતી. તેના બદલે, તેણે તેને રાજ્યના પ્રભાવશાળી સમુદાયો, લિંગાયતો અને વોક્કાલિગાઓને તે સ્થાનાંતરિત કર્યું. સુપ્રીમ કોર્ટ દ્વારા એપ્રિલ ૨૦૨૩માં આ આદેશ પર સ્ટે મૂકવામાં આવ્યો હતો. તેને "પ્રથમ દૃષ્ટિએ ભ્રામક" ગણવામાં આવ્યો.

**દાવો :** મોદીએ પછી બીજો દાવો રજૂ કર્યો: "કોંગ્રેસ કહે છે કે તે વારસાગત કર લાદશે, તે માતાપિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિ પર પણ ટેક્સ લગાવશે. તમે એકઠી કરેલી સંપત્તિ તમારા બાળકોને નહીં મળે અને કોંગ્રેસ તમારી પાસેથી તે છીનવી લેશે.

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં વારસાગત કરનો કોઈ સંદર્ભ નથી. તે ફક્ત એટલું જ કહે છે: "અમે નીતિઓમાં યોગ્ય ફેરફારો દ્વારા સંપત્તિ અને આવકની વધતી અસમાનતાને સંબોધિત કરીશું." યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેતા કોંગ્રેસના પૂર્વ સલાહકાર સેમ પિત્રોડાએ જણાવ્યું હતું કે વારસાગત કર એ "રસપ્રદ વિચાર" છે, પરંતુ પાર્ટીએ ઔપચારિક રીતે તેમની ટિપ્પણીથી પોતાને દૂર કરી દીધી હતી.

**૨૪ એપ્રિલ, બેતુલ**

**દાવો :** મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ SC, ST અને OBC જૂથો પાસેથી અનામત છીનવીને "ખાસમ ખાસ" અથવા વિશેષ મત બેંકને આપવા માંગે છે. કોંગ્રેસ દ્વારા મુસ્લિમોને ધર્મ આધારિત આરક્ષણ આપવાના દાવાઓને પુનરાવર્તિત કરતા, તેમણે કહ્યું કે પાર્ટી "તેની મત બેંકને મજબૂત" કરવા માટે ખાનગી સંપત્તિને જપ્ત કરવા અને તેનું પુનઃવિતરણ કરવાનું કાવતરું કરી રહી છે.

**હકીકત :** કોંગ્રેસનો ઢંઢેરો ન તો ધર્મ આધારિત આરક્ષણની વાત કરે છે કે ન તો સંપત્તિના પુનઃવિતરણ વિશે.

**દાવો :** વારસાગત કરના વિષય પર પાછા ફરતા, મોદીએ દાવો કર્યો કે કોંગ્રેસ જૂઠું બોલી રહી છે જ્યારે તેણે કહ્યું કે આવો કર લાદવાનો વિચાર માત્ર સામ પિત્રોડાનો "વ્યક્તિગત અભિપ્રાય" હતો. "સત્ય એ છે કે ૨૦૧૧માં કોંગ્રેસે વારસાગત કરની હિમાયત કરી હતી," તેમણે કહ્યું.

**હકીકત :** ૨૦૧૧માં, પી ચિદમ્બરમે, જે તે સમયે ગૃહપ્રધાન હતા, તેમણે વારસાગત કરનો વિચાર રજૂ કર્યો હતો. પરંતુ આ પગલા પર વિચાર કરવામાં કોંગ્રેસ એકલી નથી. ૨૦૧૭માં, મોદીની આગેવાની હેઠળની પ્રથમ ભાજપ સરકારમાં નાણા પ્રધાન અરુણ જેટલીએ પણ આ વિચાર રજૂ કર્યો હતો.

**૨૫ એપ્રિલ, આગ્રા**

**દાવો :** મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસે ધર્મના આધારે અનામત આપવા માટે OBC માટેના ૨૭% ક્વોટાનો એક ભાગ ચોરી કરવાની યોજના બનાવી હતી.

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં ધર્મ આધારિત આરક્ષણનો કોઈ સંદર્ભ નથી.

**દાવો :** મોદીએ સૌપ્રથમ દાવો કર્યો કે કોંગ્રેસે ૫૫% લોકોના વારસાને જપ્ત કરવાની યોજના બનાવી છે, પછી દલીલ કરી કે "તમે તમારી આગામી પેઢીને જે સંપત્તિઓ આપી રહ્યા છો, તેના અડધાથી વધુ પર ટેક્સ લાગશે."

**હકીકત :** કોંગ્રેસના મેનિફેસ્ટોમાં વારસાગત કરનો કોઈ સંદર્ભ નથી. યુ.એસ. દ્વારા વારસા પર ૫૫% કર લાદવા અંગે સેમ પિત્રોડાની તથ્યપૂર્ણ રીતે ખોટી ટિપ્પણીથી પાર્ટીએ પોતાને દૂર કરી દીધી છે.

**૨૫ એપ્રિલ, મોરેના**

**દાવો:** કર્ણાટકમાં મુસ્લિમો માટે આરક્ષણ, મનમોહનસિંઘનું ભાષણ અને કોંગ્રેસે મંગળસૂત્રો છીનવી લેવાના ખોટા દાવાઓનું પુનરાવર્તન કરીને, મોદી વારસાગત કરના વિષય પર પાછા ફર્યા. આ વખતે, તેમણે એક નવતર દાવો કર્યો: "જ્યારે ઈન્દિરા ગાંધીનું અવસાન થયું અને તેમના પુત્ર રાજીવ ગાંધીને તેમની મિલકતનો વારસો મળવાનો હતો, સરકારને પૈસા ન મળે તેની ખાતરી કરવા, મિલકત બચાવવા માટે, વડા પ્રધાન રાજીવ ગાંધીએ વારસાગત કર નાબૂદ કર્યો."

**હકીકત :** ૧૯૮૫માં તત્કાલિન નાણામંત્રી વી.પી. સિંહ દ્વારા શું નાબૂદ કરવામાં આવ્યું હતું, તે મૃત વ્યક્તિની સંપત્તિ પર વસૂલવામાં આવતી એસ્ટેટ ડ્યૂટી હતી, અને વારસાગત કર નહીં, જે મિલકતનો વારસો મેળવનાર વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવે છે. સિંઘે તેમના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે "૧૬મી માર્ચ, ૧૯૮૫ના રોજ અથવા તે પછીના મૃત્યુ પામનારની એસ્ટેટ પર" કોઈ એસ્ટેટ ડ્યુટી વસૂલવામાં આવશે નહીં. ઈન્દિરા ગાંધીની ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ હત્યા કરવામાં આવી હતી.

**૨૫ એપ્રિલ, આઓન્લા**

**દાવોઃ કોંગ્રેસ**ના સર્વેક્ષણ અને લોકોની મિલકતો છીનવી લેવા અંગેના ખોટા દાવાઓના સામાન્ય સમૂહમાંથી પસાર થયા પછી, મોદીએ એક નવો વળાંક ઉમેર્યો, કહ્યું: "માત્ર આર્થિક સર્વેક્ષણ નહીં, કોંગ્રેસનો હેતુ તમામ સંસ્થાઓ, તમામ કચેરીઓનું સર્વેક્ષણ કરવાનો છે. જો તેને કોઈ પછાત વર્ગ અથવા દલિત પરિવારમાં બે નોકરીઓ હોય, તો કોંગ્રેસ એકને છીનવી લેશે અને દેશની સંપત્તિ પર પહેલો દાવો કરનારાઓને તે આપશે."

હકીકતઃ કોંગ્રેસે તેના મેનિફેસ્ટોમાં કે તેના નેતાઓના ભાષણોમાં પછાત વર્ગ અથવા દલિત પરિવારો પાસેથી નોકરીઓ છીનવી લેવાની ધમકી આપી નથી. પાર્ટીના ઢંઢેરામાં જણાવાયું છે: "કોંગ્રેસ જાતિઓ અને પેટાજાતિઓની ગણતરી કરવા અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે દેશવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી હાથ ધરશે. ડેટાના આધારે, અમે હકારાત્મક કાર્યવાહી માટેના એજન્ડાને મજબૂત કરીશું."

**(સમાપ્ત)** **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# દેશમાં પ્રવેશ પર વોરેન બફેટ : 'ભારત પાસે વણખેડાયેલી, અણધારી તકો છે'

## ભારતમાં પ્રવેશવાનો સંકેત આપતા તેમણે કહ્યું હતું કે, 'તે દેશમાં તકોનો પીછો કરતા પહેલાં વધુ સમય લેશે નહીં'

(એજન્સી) વોશિંગ્ટન, તા.૫

સુપ્રસિદ્ધ રોકાણકાર અને બર્કશાયર હેથવેના ચેરમેન અને સીઈઓ વોરેન બફેટ ભારત પ્રત્યે બુલિશ છે. રવિવારે કંપનીની વાર્ષિક બેઠકની અધ્યક્ષતામાં, બિન-વૃદ્ધ રોકાણકારે જણાવ્યું હતું કે, ભારતમાં ઘણી બધી તકો છે. તેમની કંપની બર્કશાયર ભારતમાં સક્રિયપણે તકો શોધી રહી છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં બફેટે સ્પષ્ટિકરણમાં આપ્યા વિના જણાવ્યું હતું કે, ભારતમાં તકો અને ક્ષેત્રો વણ ખેડાયેલા અથવા ઉપેક્ષિત છે. બર્કશાયર હેથવેનું બિઝનેસ અને ઈન્વેસ્ટમેન્ટ મોડલ બહુવિધ ઉદ્યોગોમાં વ્યવસાયો હસ્તગત કરવા અને તેનું સંચાલન કરવા પર કેન્દ્રિત છે. બિન-વૃદ્ધ રોકાણકારે એવા બફેએ કહ્યું કે, ભારતમાં મને ખાતરી છે કે, ભારત જેવા સ્થાને ઘણી બધી તકો છે અને પ્રશ્ન એ છે કે, શું અમારો કોઈ ફાયદો છે, ખાસ કરીને અમે ભાગ લેવા માંગીએ છીએ તેવા ભારતના સહભાગીઓ સાથેના સંપર્કો અને વ્યવસાયો ફાયદેમંદ નીવડી શકે છે ? તેમણે ઉમેર્યું કે, 'હું કહીશ કે બર્કશાયરમાં વધુ મહેનતુ મેનેજમેન્ટ આને અનુસરી શકે છે કારણ કે, અમારી પાસે હવે પ્રતિષ્ઠા છે અને તે વિશ્વભરમાં જાણીતું છે અને અમારો જાપાનીઝ અનુભવ આકર્ષક રહ્યો છે. તે સંદર્ભમાં ભારતમાં એવી તકો અને વિસ્તારો હોઈ શકે છે જે વણખેડાયેલા અને ઉપેક્ષિત હોય. ભારતમાં પ્રવેશવાનો સંકેત આપતા તેમણે કહ્યું હતું કે, 'તે દેશમાં તકોનો પીછો કરતા પહેલા વધુ સમય લેશે નહીં.' તેમણે ઉમેર્યું હતું કે, 'બર્કશાયરનું નવું મેનેજમેન્ટ ભારતમાં રોકાણ અંગે નિર્ણય લેશે.' 'અમે જોઈશું કે આગામી મેનેજમેન્ટ બર્કશાયર ખાતે કેવી રીતે રમત રમે છે અને સદ્ભાગ્યે તમારે તે માટે સામાન્ય રીતે બહુ રાહ જોવા માટે વધુ સમય નથી.'

**એવી બાબતો જેણે ભારતીય અર્થવ્યવસ્થા માટે એક તેજસ્વી ચિત્ર દોર્યું :-** મક્કમ GDP વૃદ્ધિની આગાહીઓ, વ્યવસ્થિત સ્તરે ફુગાવો, કેન્દ્ર સરકારના સ્તરે રાજકીય સ્થિરતા અને સેન્ટ્રલ બેંકની પ્રશંસનીય નાણાકીય નીતિએ તાજેતરના ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થતંત્ર માટે ઉજ્જવળ ચિત્ર દોરવામાં ફાળો આપ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ભારતનો જીડીપી ૮.૪ ટકાના જંગી દરે વધ્યો હતો અને દેશ સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે ચાલુ રહ્યો હતો અને આગળ જતા તેની વૃદ્ધિની ગતિ જાળવી રાખવા માટે તૈયાર છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના તાજેતરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક અનુસાર, ભારત ૨૦૨૪માં મુખ્ય અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામનાર દેશ બની રહી શકે છે. IMFએ તેના તાજેતરના આઉટલૂકમાં ૨૦૨૪ માટે ભારતનો વિકાસ અંદાજ ૬.૫ ટકાથી વધારીને ૬.૮ ટકા કર્યો છે. ભારતની અર્થવ્યવસ્થા ૨૦૨૨-૨૩માં અનુક્રમે ૭.૨ ટકા અને ૨૦૨૧-૨૨માં ૮.૭ ટકા વધી હતી. ભારતનો જીડીપી હાલમાં યુ.એસ., ચીન, જર્મની અને જાપાન પછી પાંચમા ક્રમે છે અને થોડા વર્ષોમાં ત્રીજો ક્રમાંક બની જવાનો અંદાજ છે.

# જામિયા હમદર્દે ઈન્ટરનેશનલ અભ્યાસ અને વૈશ્વિક રાજકારણમાં સ્નાતક કાર્યક્રમ શરૂ કર્યો

(એજન્સી) તા.૫

જામિયા હમદર્દ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝે પોતાની એમએની સફળતાના આધારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે આંતરરાષ્ટ્રીય અભ્યાસ વૈશ્વિક રાજકારણ અને વિશ્વ મામલાઓના અભ્યાસ અને અનુસંધાન માટે સમર્પિત એક પ્રમુખ સ્નાતક કાર્યક્રમનું ઉદઘાટન કર્યું છે, આજના વિશ્વમાં ગતિશીલ અંતસંબંધો અને યુક્રેન અને પેલેસ્ટીનમાં સંઘર્ષ વૈશ્વિક મહામારી અને જળવાયું પરિવર્તનના જોખમો જેવા અનેક સંકટોથી ચિન્હિત આ પ્રક્રિયાઓના રાજનૈતિક, સામાજિક, આર્થિક અને ટેકનિકલ ચાલકોને સમજવાની જરૂર હોય છે, ભારતમાં આંતરરાષ્ટ્રીય સંબંધો, ભૂ-રાજકારણ અને આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાયી સંબંધીત વિષયોમાં વિદ્યાર્થીઓની વધતી માંગ જોવામાં આવી છે. બીએસી ઈન્ટરનેશનલ સ્ટડીઝ એન્ડ ગ્લોબલ પોલિટિક્સ નામનો નવો લોન્ચ કરવામાં આવેલ કાર્યક્રમ ચાર વર્ષ સુધી ચાલે છે. જેમાં દરેક વર્ષના અંતમાં અનેક નિકાસ પ્રવેશ વિકલ્પોની સાથે ૮ સેમીસ્ટર છે. વિદ્યાર્થી પ્રથમ અને બીજા અને ત્રીજા વર્ષના અંતમાં યુજી સર્ટિફિકેટ, યુજી ડિપ્લોમા અને યુજી ડિગ્રી મેળવી શકે છે. પરંતુ જો તે ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઉલ્લેખીત લઘુત્તમ ક્રેડિટ જરૂરિયાતોને પૂરી કરતા હોય. વિદ્યાર્થી આગળના અભ્યાસ માટે ઉત્સુક છે ત્રણ વર્ષની યુજી ડિગ્રી પછી ચોથા વર્ષનો વિકલ્પ પસંદ કરી શકે છે. સ્નાતક કાર્યક્રમનો ઉદ્દેશ વૈશ્વિક રાજકારણના મહત્વપૂર્ણ પાસાઓમાં સારી રીતે વાકેફ સ્નાતકોને તૈયાર કરવાનો છે. આંતરરાષ્ટ્રીય શાંતિ, રાજનૈતિક અર્થવ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય એકમો અને મહાન શકિત રાજકારણને કવર કરનારા પારંપરિક અભ્યાસક્રમો ઉપરાંત અભ્યાસક્રમને સુરક્ષા અને સુરક્ષા અભ્યાસ દરિયાઈ, હિમાલયી, ભૂ-રાજકારણ, સાઈબરસ્પેસ સુરક્ષા, વૈશ્વિક આરોગ્ય પ્રમુખ વૈશ્વિક શકિતઓની વિદેશ નીતિઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે સાવધાનીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે, આંતરરાષ્ટ્રીય સંબંધો, આંતરરાષ્ટ્રીય વેપાર અને પર્યટન, રમત કુટનીતિ, વૈશ્વિક ખાદ્ય સુરક્ષા, વિશ્વ રાજકારણમાં બિન-રાજય અભિનેતાઓ અને ભારતની વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોના તમામ આયામો પર ધર્મ અને સંસ્કૃતિની અસર.

# કરીના કપૂર ખાન યુનિસેફ ભારતની નેશનલ એમ્બેસેડર તરીકે નિયુક્ત થઈ

## કરીનાએ કહ્યું, 'હું નબળા બાળકો અને તેમના અધિકારો માટે મારા અવાજ અને પ્રભાવનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરીશ, દરેક બાળક સારા બાળપણ, યોગ્ય તક, ભવિષ્યનો હકદાર છે'

(એજન્સી) તા.૫

યુનિસેફ ઈન્ડિયાએ શનિવારે બોલિવૂડ સ્ટાર કરીના કપૂર ખાનને તેના નવા રાષ્ટ્રીય રાજદૂત તરીકે જાહેર કર્યા હતા. અહેવાલ મુજબ, ૨૦૧૪થી યુનિસેફ ઈન્ડિયા સાથે સંકળાયેલા ક્રૂ સ્ટાર, કરીના કપૂર બાળકોના પ્રારંભિક બાળપણના વિકાસ, આરોગ્ય, શિક્ષણ અને લિંગ સમાનતાના દરેક અધિકારને આગળ વધારવા માટે બિન-લાભકારી સંસ્થાને ટેકો આપશે. કરીનાએ અગાઉ યુનિસેફ ઈન્ડિયા માટે સેલિબ્રિટી એડવોકેટ તરીકે સેવા આપી હતી. ૪૩ વર્ષીય અભિનેત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'આ વિશ્વમાં કેટલીક બાબતો બાળકોના અધિકારો જેટલી મહત્ત્વપૂર્ણ છે, બાળકો આવતી પેઢીનું ભવિષ્ય છે. મને ગર્વ છે કે, હું હવે ભારતના રાષ્ટ્રીય રાજદૂત તરીકે યુનિસેફ સાથે મારૂં જોડાણ ચાલુ રાખવા માટે નિયુક્ત થઈ છું.' તેણીએ ઉમેર્યું, 'હું નબળા બાળકો અને તેમના અધિકારો ખાસ કરીને પ્રારંભિક બાળપણ, શિક્ષણ અને લિંગ સમાનતા માટે મારા અવાજ અને પ્રભાવનો ઉપયોગ કરીશ. દરેક બાળક સારા બાળપણ, વાજબી તક અને સારા ભવિષ્યનો હકદાર છે.' કરીના ઉપરાંત યુનિસેફ ઈન્ડિયાએ તેના પ્રથમ વખત યુવા વકીલોની પણ નિમણૂક કરી છે, જેઓ ક્લાઈમેટ એક્શન, મેન્ટલ હેલ્થ, ઈનોવેશન્સ અને ગર્લ્સ ઈન STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) જેવા મુદ્દાઓ પર પીઅર લીડર અને ચેમ્પિયન છે. ચારેય વકીલોમાં મધ્યપ્રદેશના ગૌરાંશી શર્મા છે જે રમવાના અધિકાર અને અપંગતાના સમાવેશ પર કાર્ય કરે છે; ઉત્તરપ્રદેશના કાર્તિક વર્મા ક્લાઈમેટ એક્શન અને બાળ અધિકારોની હિમાયત પર; આસામની ગાયિકા નાહિદ આફ્રીન, માનસિક સ્વાસ્થ્ય અને બાળપણના પ્રારંભિક વિકાસ પર અને તમિલનાડુની વિનિષા ઉમાશંકર એક ઉભરતા સંશોધક અને STEM અગ્રણી છે. યુનિસેફ ઈન્ડિયાએ જણાવ્યું હતું, 'આ યુવા વકીલો યુનિસેફના વૈશ્વિક કાર્યક્રમનો ભાગ છે અને ૯૩થી વધુ યુવા વકીલોના સમૂહમાં જોડાય છે જેમની સમગ્ર વિશ્વમાં નિમણૂક કરવામાં આવી છે અને બાળકો અને યુવાનોને લગતા મુદ્દાઓ પર પરિવર્તન લાવી રહ્યા છે.'

# આપણા સૈનિકો માટે એકજૂટ : પક્ષના તમામ નેતાઓએ પૂંચ આતંકવાદી હુમલાની નિંદા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં આતંકવાદી હુમલાની નિંદા કરવામાં પાર્ટી લાઈનના નેતાઓ જોડાયા હતા, જેમાં એરફોર્સના કર્મચારીઓ માર્યા ગયા હતા અને અન્ય ચાર ઘાયલ થયા હતા. સૈન્ય સૂત્રોના જણાવ્યા અનુસાર, શનિવારની સાંજે ૬ વાગ્યાની આસપાસ IAFના જવાનોને લઈ જઈ રહેલા બે વાહનો જ્યારે શાહસિતાર પાસે હતા ત્યારે આતંકવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઘાયલ જવાનોને IAF હેલિકોપ્ટર દ્વારા સારવાર માટે ઉધમપુર ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમાંથી એકનું મોત થયું હતું. હુમલાને શરમજનક અને કાયરતાપૂર્ણ ગણાવતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શહીદ સૈનિકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલ સૈનિકોના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. તેમણે ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું, જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં અમારા આર્મી કાફલા પર કાયરતાપૂર્ણ અને આતંકવાદી હુમલો અત્યંત શરમજનક અને દુઃખદ છે. હું શહીદ સૈનિકને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરૂં છું અને તેમના શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરૂં છું. હું આશા રાખું છું કે, હુમલામાં ઘાયલ સૈનિકો શક્ય તેટલી વહેલી તકે સ્વસ્થ થઈ જાય. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, તેઓ કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાથી ખૂબ જ દુઃખી છે અને ભારપૂર્વક જણાવ્યું કે, દેશ સૈનિકો માટે એકજૂટ છે. તેમણે ટ્વિટર પર લખ્યું, જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં IAF વાહન પર કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાથી ખૂબ દુઃખ થયું. અમે આ ભયંકર આતંકવાદી હુમલાને સખત અને સ્પષ્ટપણે વખોડીએ છીએ અને આતંકવાદ સામે રાષ્ટ્રને સાથે મળીને ઊભા રહીએ છીએ. સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુર વાયુ યોદ્ધાના પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના. આસામના મુખ્યમંત્રી અને ભાજપ નેતા હિમંતા બિસ્વા સરમાએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ અત્યાચારી કૃત્ય માટે જવાબદાર લોકોએ ન્યાયની સંપૂર્ણ તાકાતનો સામનો કરવો પડશે. આમ આદમી પાર્ટી (AAP)ના નેતા અને દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે પણ હુમલાની નિંદા કરી અને તેને આતંકવાદીઓનું ધિક્કારપાત્ર, શરમજનક અને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું. તેમણે ઘાયલ જવાનોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના પણ કરી હતી. પૂંચથી ખૂબ જ દુઃખદ સમાચાર આવી રહ્યા છે કે, આતંકવાદીઓએ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો છે, જેમાં કેટલાક બહાદુર ભારતીય સૈનિકો ઘાયલ થયા છે અને એક સૈનિક શહીદ થયો છે. તેમણે ટ્વિટર પરની હિન્દી પોસ્ટમાં કહ્યું, આ આતંકવાદીઓનું ખૂબ જ ધિક્કારપાત્ર, શરમજનક અને કાયરતાપૂર્ણ કૃત્ય છે. રવિવારે સવારે આ વિસ્તારમાં સર્ચ અને કોર્ડન ઓપરેશન ચાલી રહ્યું હતું.

**હદીસ બોધ**

બે માણસો વચ્ચે સુલેહ કરાવવી એ પણ પુણ્ય છે.
(હદીસ બોધ)

**બોધ વચન**

સાચામાં સાચું જીવન અડગ શ્રદ્ધા હોવી એ જ છે.
- નેપોલિયન

**આજની આરસી**

| | |
|---|---|
| ૬ મે સોમવાર | ૨૦૨૪ |
| ૨૬ શવ્વાલ હિજરી | ૧૪૪૫ |
| ચૈત્ર વદ તેરસ સંવત | ૨૦૮૦ |
| સુબ્હ સાદિક | ૪-૩૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૦૪ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૯ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- **વ્યવસ્થાપક**

# ઉત્તરપ્રદેશના બલરામપુરમાં સગીર દલિત યુવતીનું શંકાસ્પદ પરિસ્થિતિમાં બળીને મોત

(એજન્સી) તા.૫

ઉત્તરપ્રદેશના બલરામપુર જિલ્લામાં એક સગીર દલિત યુવતીનું શંકાસ્પદ સ્થિતિમાં બળીને મોત થયું છે. પોલીસ મુજબ હરૈયામાં બગીચામાં શૌચ કરવા ગયેલી એક સગીરાનું બળીને મોત થયું છે. જેનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. અપર પોલીસ સુપ્રિટેન્ડન્ટ યોગેશકુમારે જણાવ્યું કે ભિટવરિયા કલા ગામ રહેવાસી ૧૩ વર્ષીય કિશોરી શુક્રવારે સાંજે ગામની પાસે એક બગીચામાં શૌચ માટે ગઈ હતી. પરંતુ જયારે તે એક કલાકમાં પણ પાછી ના આવી તો પરિવારે તેની શોધ હાથ ધરી.

# ડોપિંગ ટેસ્ટમાં ફેલ થતાં બજરંગ પુનિયાને અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરાયો, WFIએ નાડાની ગુપ્તતાની ટીકા કરી

(એજન્સી) તા.૫

ભારતીય પહેલવાન બજરંગ પૂનિયાને મોટો ઝટકો લાગ્યો છે. તેણે નેશનલ ટ્રાયલ્સમાં ડોપ સેમ્પલ ન આપતા નેશનલ એન્ટિ ડોપિંગ એજન્સી (NADA)એ કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરી દીધો છે. પૂનિયાએ સોનીપતમાં યોજાયેલા નેશનલ ટ્રાયલ્સમાં ડોપ સેમ્પલ આપ્યો ન હતો, જેના કારણે તેની સામે આ કાર્યવાહી કરાઈ છે. તો બીજી તરફ આ મામલે બજરંગ પૂનિયાએ પણ પ્રતિક્રિયા આપી છે. આ મામલે ડબ્લ્યૂએફઆઈને અંધારામાં રાખતાં ડબ્લ્યૂએફઆઈ નાડા સામે ભડકી હતી અને તેણે આ મામલે હવે વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (WADA)ને પત્ર લખવાની તૈયારી કરી લીધી છે.



સૂત્રોના જણાવ્યા મુજબ બજરંગ પૂનિયાએ યુરિન સેમ્પલ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. જ્યાં સુધી બજરંગ પૂનિયા પરથી સસ્પેન્ડની કાર્યવાહી દુર ન થાય, ત્યાં સુધી તે કોઈપણ ટુર્નામેન્ટ અથવા ટ્રાયલમાં ભાગ લઈ શકશે નહીં.

ઉલ્લેખનીય છે કે, ‘નાડા’એ ૧૦મી માર્ચે બજરંગ પૂનિયાને સેમ્પલ આપવા કહ્યું હતું. પરંતુ તેણે ઈન્કાર કરતા ‘નાડા’એ વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (WADA)ને જાણ કરી હતી. ત્યારબાદ ‘વાડા’ના આદેશ બાદ ‘નાડા’એ પૂનિયાને ૨૩ એપ્રિલે નોટિસ પાઠવી હતી અને આ મામલે સાત દિવસમાં જવાબ આપવા કહ્યું હતું. જ્યારે બજરંગ ‘નાડા’ને જવાબ આપશે, ત્યારે સુનાવણીની તારીખ નક્કી કરવામાં આવશે.

પેરિસ ઓલિમ્પિક ક્વોલિફાયર્સ માટે યોજાયેલા નેશનલ સિલેક્શન ટ્રાયલ્સમાં બજરંગ પૂનિયા નિષ્ફળ રહ્યો હતો. ટોક્યો ઓલિમ્પિકમાં ૬૪ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ ભારવર્ગની સેમિફાઈનલમાં કુસ્તીબાજ રોહિત કુમારે પૂનિયાને હરાવ્યો હતો અને પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેવાની પૂનિયાની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. સસ્પેન્ડ કરાયા બાદ પૂનિયાએ કહ્યું કે, ‘મેં ક્યારે નાડાના અધિકારીઓને સેમ્પલ આપવાનો ઈંક્રાર કર્યો નથી. મેં તેમને વિનંતી કરી હતી કે, તેઓ પહેલા મને એ વાતનો જવાબ આપો કે, તમે સેમ્પલ લેવા મને એક્સપાયર્ડ કિટ મોકલી હતી, તે દિશામાં તમે શું કાર્યવાહી કરી? પહેલા તેનો જવાબ આપો, પછી મારો ડોપ ટેસ્ટ લેજો. આ પત્રનો જવાબ સમય આવે ત્યારે મારા વકીલ વિદુષ સિંઘાનિયા આપશે.’ ઉલ્લેખનીય છે કે, પૂનિયાએ ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)ના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહ સામે લાગેલા જાતીય શોષણના કેસમાં વિરોધ પ્રદર્શન અને ધરણા કર્યા હતા. પૂનિયાએ ગત વર્ષે યૂનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW)ને પત્ર લખી WFI વિરૂદ્ધ કાર્યવાહી કરવા માંગ કરી હતી. જો કે થોડા દિવસ બાદ ડબલ્યુડબલ્યુએ ડબલ્યુએફઆઈ પરનો પ્રતિબંધ હટાવી દીધો હતો.

# ‘હું દલિત મહિલા છું, મારૂં બાળક કેવી રીતે દલિત ન હોઈ શકે’ રોહિત વેમુલાની માતાએ પોલીસ ક્લોઝર અહેવાલને જૂઠો ગણાવ્યો

(એજન્સી) તા. ૫

હૈદરાબાદ યુનિવર્સિટીમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા રાધિકા વેમુલાએ આરોપ લગાવ્યો કે, પોલીસે ભાજપના કેટલાક નેતાઓના નિવેદન લીધા અને ‘ખોટા રિપોર્ટ’ સાથે કેસ બંધ કરી દીધો છે. રાધિકાએ કહ્યું, ‘તેઓએ આ કેસને કેવી રીતે બંધ કર્યું અને કેસ વિશે શું થયું તે વાતની અમને કોઈ જાણ નથી. કેવી રીતે પોલીસ જાતિ વિશે પૂછી શકે છે? હું દલિત મહિલા છું. મારૂં બાળક દલિત કેવી રીતે ન હોઈ શકે?’ હૈદરાબાદ યુનિવર્સિટીના મૃત વિદ્યાર્થી રોહિત વેમુલાની માતા રાધિકા વેમુલાએ જણાવ્યું કે, તેલંગાણા પોલીસે ક્લોઝર રિપોર્ટમાં લખ્યું હતું કે તેમનો પુત્ર દલિત નથી, જે ‘ખોટો રિપોર્ટ’ છે. હૈદરાબાદ યુનિવર્સિટીના પીએચડીના છાત્ર રોહિત વેમુલાએ જાન્યુઆરી ૨૦૧૬માં આત્મહત્યા કરી હતી. પોલીસે આ કેસમાં યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર અને ભાજપના કેટલાક નેતાઓને ક્લીનચીટ આપી તેમને છોડી દીધા હતા. રોહિત ૧૦માં ધોરણમાં



શાળામાં બીજા નંબરે આવ્યો હતો અને તેણે સારા માર્ક્સ મેળવ્યા હતા. રોહિતની માતા તેલંગાણાના સીએમને પણ મળી હતી. રોહિતની માતાએ જણાવ્યું હતું કે, તે તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીને મળી હતી જેમણે તેમને ખાતરી આપી છે કે આ કેસ ટૂંક સમયમાં ફરીથી ખોલવામાં આવશે. તેલંગાણા પોલીસે જણાવ્યું હતું કે, તેઓ વિદ્યાર્થી રોહિત વેમુલાના મૃત્યુ વિશે વધુ તપાસ કરશે કારણ કે મૃતકની માતા અને અન્ય કેટલાક લોકોએ પોલીસ દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવેલા ક્લોઝર રિપોર્ટ પર કેટલીક શંકાઓ વ્યક્ત કરી છે.

# વિરાટ કોહલી પર ભડક્યો સુનીલ ગાવસ્કર

## અમે ફક્ત અમારો અભિપ્રાય આપીએ છીએ : સુનીલ ગાવસ્કર

નવી દિલ્હી, તા.૫

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ના બેટ્સમેન વિરાટ કોહલી પર કટાક્ષ કર્યો છે. ગાવસ્કરે કોહલીની સ્ટ્રાઈક રેટ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપી હતી. શનિવારે રમાયેલી મેચમાં ઈઝમ્એ ગુજરાત ટાઈટન્સને ચાર વિકેટે હરાવ્યું હતું. આ મેચ દરમિયાન કોમેન્ટ્રી કરતી વખતે ગાવસ્કરે કોહલીના નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. ગાવસ્કરે કહ્યું, આ બધા લોકો એવી વાત કરે છે કે અમને બહારના અવાજની પરવા નથી. જો એમ હોય, તો પછી તમે બાહ્ય અવાજને શા માટે પ્રતિસાદ આપો છો? બહુ નહીં તો પણ અમે થોડું ક્રિકેટ પણ રમ્યું છે. અમારી પાસે કોઈ એજન્ડા નથી. આપણે જે જોઈએ છીએ તેના વિશે વાત કરીએ છીએ. અમને કોઈની પસંદ-નાપસંદની પરવા નથી. શું થઈ રહ્યું છે તેના પર અમે ફક્ત અમારો અભિપ્રાય આપીએ છીએ. તેમણે કહ્યું કે, જ્યારે સ્ટ્રાઈક રેટ ૧૧૮ હોય ત્યારે ટીકાકારો પ્રશ્નો ઉભા કરે છે. હું ખૂબ નિશ્ચિતતા સાથે કહી શકતો નથી કારણ કે હું ઘણી મેચ જોતો નથી તેથી મને ખબર નથી કે અન્ય કોમેન્ટેટર્સ શું કહે છે. પરંતુ જો તમે ૧૧૮ના સ્ટ્રાઈક રેટથી રમતા આઉટ થાવ અને તેના માટે પ્રશંસા પામવા માંગતા હોવ તો તે અલગ વાત છે. કોહલીએ ૨૮ એપ્રિલે ગુજરાત સામે રમાયેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને અણનમ ૭૦ રન બનાવ્યા હતા. આ દરમિયાન કોહલીએ ૧૫૯.૦૯ની સ્ટ્રાઈક રેટથી છ ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા હતા.

મેચ બાદ ટીકાકારોને જવાબ આપતા તેણે કહ્યું, લોકો મારી રમવાની રીત અને સ્પિનરો સામેના મારા સંઘર્ષ વિશે વાત કરી રહ્યા હતા, પરંતુ મારા માટે વિજય જ સર્વસ્વ છે. છેલ્લા ૧૫ વર્ષથી રમવાનું આ જ કારણ છે. મેદાન પર રમવું અને કોમેન્ટ્રી બોક્સમાંથી કોમેન્ટ્રી કરવી એ સંપૂર્ણપણે અલગ પરિસ્થિતિઓ છે. તમે તમારી ટીમ માટે જીતવા માંગો છો. હું માત્ર મારું કામ કરી રહ્યો છું. તે રીતે હું રમું છું. લોકો ગમે તે કહે, હું મારી રમત સારી રીતે જાણું છું. લોકોના પોતાના મંતવ્યો અને પૂર્વગ્રહો છે. જે લોકો ૨૪ કલાક ફિલ્ડ પર કામ કરી રહ્યા છે તેઓ સમજે છે કે શું થઈ રહ્યું છે.

# ૧૦ ટીમોને પાંચ-પાંચ ગ્રુપમાં વહેંચવામાં આવી

## ICCએ જાહેર કર્યો મહિલા ટી-૨૦ વર્લ્ડકપનો કાર્યક્રમ

### ૬ ઓક્ટોબરે ભારતનો સામનો પાકિસ્તાન સાથે થશે, ફાઈનલ મેચ ૨૦ ઓક્ટોબરે ઢાકા ખાતે રમાશે

નવી દિલ્હી, તા.૫

આ વર્ષે આઈસીસીની કેટલીક મોટી ઈવેન્ટો આવી રહી છે, પુરૂષોના ટી૨૦ વર્લ્ડકપની સાથે સાથે હવે મહિલાઓના ટી૨૦ વર્લ્ડકપનું પણ એલાન થઇ ગયુ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મહિલા ટી૨૦ વર્લ્ડ કપનું શેડ્યુલ જાહેર કરી દીધું છે. આ વખતે મહિલા ટી૨૦ વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં રમાવાનો છે. આ વર્લ્ડ કપમાં શરૂઆતી મુકાબલો ૩ ઓક્ટોબરે ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ત્યારે છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ પોતાની મેચની શરૂઆત ક્વોલિફાયર-૧ સામે કરશે.

ભારતને ગ્રૂપ-એમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને ક્વોલિફાયર-૧ સાથે રખાયું છે. ત્યારે ગ્રૂપ-બીમાં સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ, બાંગ્લાદેશ અને ક્વોલિફાયર-૨ છે.

ઓસ્ટ્રેલિયાએ ગત વર્ષ કેપ ટાઉનમાં યજમાન સાઉથ આફ્રિકાને હરાવીને રેકોર્ડ છઠ્ઠી વખત ખિતાબ જીત્યો હતો. ભારતીય ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૨૦માં રહ્યું હતું, જ્યારે તે ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહી હતી.

ભારતીય મહિલા ટીમ પોતાનો પહેલો મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે ૪ ઓક્ટોબરે સિલહટમાં રમશે. ત્યારે ૬ ઓક્ટોબરે તેમનો સામનો પાકિસ્તાન સાથે થશે. પછી ૯ ઓક્ટોબરે તે ક્વોલફાયર-૧ સાથે ટકરાશે.

ભારતની છેલ્લી ગ્રૂપ મેચ ૧૩ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સાથે થશે. ભારતીય ટીમ પોતાની તમામ ગ્રૂપ મેચ સિલહટમાં રમશે.

**મહિલા T20 વર્લ્ડ કપ શેડ્યૂલ**

૪ ઓક્ટોબરઃ ભારત vs ન્યુઝીલેન્ડ, સિલહટ
૬ ઓક્ટોબરઃ ભારત vs પાકિસ્તાન, સિલહટ
૯ ઓક્ટોબરઃ ભારત vs ક્વોલિફાયર-૧, સિલહટ
૧૩ ઑક્ટોબરઃ ભારત vs ઑસ્ટ્રેલિયા, સિલહટ
૧૭ ઓક્ટોબરઃ પ્રથમ સેમિફાઈનલ, સિલહટ
૧૮ ઓક્ટોબરઃ બીજી સેમિફાઈનલ, ઢાકા
૨૦ ઓક્ટોબરઃ ફાઈનલ, ઢાકા

જણાવી દઈએ કે, આ ટૂર્નામેન્ટમાં દરેક ટીમ ચાર-ચાર ગ્રૂપ મેચ રમશે. ત્યારબાદ બંને ગ્રૂપથી ટોપ ૨ ટીમો સેમીફાઇનલમાં પહોંચશે. સેમીફાઈનલ મેચ ૧૭ અને ૧૮ ઓક્ટોબરે રમાશે. તો ફાઇનલ મેચ ૨૦ ઓક્ટોબરે ઢાકામાં રમાશે. કુલ મળીને ૧૯ દિવસોમાં ૨૩ મેચ રમાશે, જે ઢાકા અને સિલહટમાં હશે. સેમીફાઈનલ અને ફાઈનલ મેચ માટે રિઝર્વ ડે પણ રહેશે.

# હાથરસ ગેંગરેપ બાદ : ચાર વર્ષ પછી ભૂલ ગઢીમાં ચૂંટણીનો ખાસ કાંઈ અર્થ નથી

(એજન્સી) તા.૫

એક દલિત કિશોરીના ગેંગરેપ અને મૃત્યુના ચાર વર્ષ પછી રાષ્ટ્રની ચેતનાને હચમચાવી દીધી હતી, ભૂલ ગઢી એ વિસરાયેલું ગામ છે, ઉપેક્ષામાં ડૂબી ગયું છે અને મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યું છે છે, ચૂંટણીઓ રોજિંદા જીવનની અસ્વસ્થ શાંતિમાં માત્ર એક દૂરનો પડઘો છે. ૧૯-વર્ષીય મહિલાની ૨૦૨૦ની ઘટના, કે જેના પર ગામમાં ઉચ્ચ જાતિના પુરૂષો દ્વારા કથિત રીતે નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો અને બે અઠવાડિયા પછી તેનું દિલ્હીની હોસ્પિટલમાં મૃત્યુ યહયું હતું, એ ઠાકુર અને એસસી સમુદાય વચ્ચે ગામમાં વધુ વૈમનસ્ય પેદા કરી દીધું છે. રસ્તાની કોઈ યોગ્ય સુવિધાના અભાવે વિખૂટું પડી ગયેલ લોકોને માઈલો સુધી ચાલીને જવું પડે છે એવું ભૂલગઢી, - જેનું નામ વ્યંગાત્મક રીતે ભુલાઈ ગયેલા કિલ્લો છે - એક નાનું ગામ છે, તેમાં મુખ્યત્વે ઉચ્ચ જાતિના ઠાકુરોના ૯૦ પરિવારો અને ચાર દલિત પરિવારો વસે છે. ચાર દલિત પરિવારો, જે મોટે ભાગે ગામમાં ઉચ્ચ જાતિના ઘરોમાં કામ કરે છે, અત્યારે પણ તેમના ઘરોમાં કામ કરી રહ્યાં છે. તેઓ ગામની સીમમાં આવેલી દલિત ‘બસ્તી’માં ઝૂંપડીઓમાં રહે છે. અપરાધનો આરોપ મુકવામાં આવેલ ચાર ઉચ્ચ જાતિના માણસોમાંથી ત્રણ ઘરે પરત ફર્યા હોવાથી ગામમાં અશાંતિમાં વધારો થયો છે. પીડિતાનો પરિવાર વધારે બોલતો નથી અને સીસીટીવી તેમની હિલચાલ પર નજર રાખે છે. પરંતુ તેમની વચ્ચે ઘણું સામ્ય છે. ચાર વર્ષ પહેલાંની દુર્ઘટનાનો ઓછાયો ભૂલ ગઢીના રહેવાસીઓ હજુય ઝળૂંબી રહ્યો છે પરંતુ જીવન હવે જીવનની તાતી ચિંતાઓ તરફ પાછું ફર્યું છે જેમ કે વધતી કિંમતો, બેરોજગારી અને અસ્તિત્વ માટેના સંઘર્ષ. યુવતીના મૃત્યુ પછી તેના પરિવારની સંમતિ વિના પોલીસ દ્વારા તાત્કાલિક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, જેનાથી




લોકોના આક્રોશ અને ન્યાયની માંગને વધુ વેગ મળ્યો હતો. પરંતુ વિરોધના તે અવાજો હવે શમી ગયા છે છે. એક સમયે ગામ તરફ સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન ખેંચનારી આ ક્રૂર ઘટના હવે લગભગ વિસરાઈ ગઈ છે. તેના ઘરની બહાર દલિત બસ્તીમાં એક મહિલાએ ગટરના પાણીમાં ઊભા ઊભા કહ્યું કે, ‘અમને ઘર આપવાનું વચન આપવામાં આવ્યું હતું પરંતુ તેનો માત્ર એક હપ્તો મળ્યો હતો અને તમે જોઈ શકો છો કે અહીં સ્વચ્છતાના પ્રશ્નો ખૂબ જ ગંભીર છે.’ તેણીની મુશ્કેલીઓ ત્યાં સમાપ્ત થતી નથી. તેણીએ નામ ન આપવાની શરતે કહ્યું, “મારો પુત્ર ૩૦ વર્ષનો છે, પણ નોકરી વિના. હું ઈચ્છું છું કે આ નર્કાગારથી દૂર તેના અને તેના પરિવારના માથા પર યોગ્ય છત હોય.’ ઠાકુર સમુદાયનો વિસ્તાર સારો છે પરંતુ માત્ર નજીવો છે. સ્થાનિક રહેવાસી ઉમા શંકર ઠાકુર ઉમેર્યું “અમારી પાસે વધુ સારૂં ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, પરંતુ સ્વચ્છતા એક સમસ્યા છે. રસ્તાઓ તૂટેલા છે પરંતુ તેને ઉકેલી શકાય છે. ભુલ ગઢી હાથરસ સંસદીય મતવિસ્તારમાં આવે છે - ૭ મેના રોજ ચૂંટણી આડે માત્ર થોડા દિવસો બાકી છે, પરંતુ ખાસ કાંઈ આશા નથી કે પરિસ્થિતિ સુધરશે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના અવાજો બેહતર આવતીકાલની આકાંક્ષાઓ સાથે ગુંજી ઉઠે છે પણ પ્રગતિના પૈડા ધીમે ધીમે ફરે છે. તેમની રાજકીય પસંદગીઓ તેઓ જે સમાજમાં રહે છે તેટલી જ ધ્રુવીકૃત છે. ઠાકુર વિસ્તારના મોટાભાગના ગ્રામવાસીઓએ જણાવ્યું હતું કે તેઓ ભાજપને મત આપશે, જે મુખ્યત્વે હિન્દુત્વ અને રામ મંદિરના નિર્માણ દ્વારા સંચાલિત છે, જ્યારે દલિત બસ્તીના લોકો બસપાને વફાદાર રહેશે.

ઉત્તરપ્રદેશના મહેસૂલ મંત્રી અનૂપ બાલ્મિકી આ વિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર છે. તેમના મુખ્ય વિરોધી સમાજવાદી પાર્ટીના જસવીર વાલ્મિકી છે. વર્તમાન સાંસદ રાજવીર દિલેરનું તાજેતરમાં હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. ૨૦૦૯ સિવાય ભાજપ ૧૯૯૧થી હાથરસમાં જીતી રહ્યું છે. દલિતો અને ઠાકુરો મતવિસ્તારમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે અને ત્યારબાદ બ્રાહ્મણો આવે છે.

શંકરે કહ્યું કે તેઓ ફરીથી ભાજપને મત આપશે. ૨૦૨૦ની દુર્ઘટના ભૂતકાળ બની ગઈ છે અને હવે આગળ વધવાની જરૂર છે, તેમણે કહ્યું કે, લોકો બે પ્રકારના નેતાઓ વચ્ચે વહેંચાઈ ગયા છે એક કે જે નોકરીઓ લાવી શકે અને ફુગાવાને કાબૂમાં રાખી શકે અને બીજા પ્રકારના નેતા જે ધર્મના એજન્ડાને આગળ કરી રહ્યાં છે.

ગામની બહાર જ જમીન ધરાવતા શંકરે કહ્યું “ભાજપ હિંદુત્વને પ્રોત્સાહન આપી રહી છે અને રામમંદિરનું નિર્માણ કરી રહી છે. ‘આસ્થા બહુત ઝરૂરી હૈ હમારે લિયે (વિશ્વાસ આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે).’ જેમ જેમ રાજકીય વાતાવરણ તોળાઈ રહેલી ચૂંટણીઓને લઈને ગરમ થઈ રહ્યું છે, તે સ્પષ્ટ છે કે ભૂતકાળના ઘા વર્તમાનની ગંભીર વાસ્તવિકતાઓ સામે ગૌણ છે. આરોપી માણસોના પાછા ફરવાથી ઉચાટ વ્યાપી ગયો છે પરંતુ દલિતોમાં બદલો લેવા કરતાં જીવતા રહેવું વધારે મહત્વનું છે. દલિત બસ્તીના અન્ય રહેવાસીએ કહ્યું કે, ‘અમે શું કરી શકીએ છીએ? તેઓ પાછા આવ્યા છે અને આપણે તેની સાથે જીવવું પડશે. અમારૂ જીવન હંમેશા મુશ્કેલ રહ્યું છે. અમે દરરોજ પસાર થવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.’ ઠાકુર સમુદાયના ઘણા લોકો માને છે કે આરોપીઓ નિર્દોષ છે અને તેઓ પોલીસની મોટી “ગેરસમજ અને ગેરવહીવટ”નો ભોગ બન્યા હતાં. રાજકારણીઓ તરફથી ઘણા વચનો હતા અને તેઓ પણ ગ્રામીણ જીવનના પૃષ્ઠભૂમિ ઘોંઘાટમાં ઝાંખા પડી ગયા છે. દલિત કિશોરના સંબંધીએ કહ્યું. ‘અમે થોડા સમય માટે સમાચારમાં હતા, અને પછી બધા આ ઘટના ભૂલીને આગળ વધી ગયા.’ ‘તે સમયે ભાજપના નેતાઓ સહિત ઘણા રાજકારણીઓ અમને મળવા આવ્યા હતા, પરંતુ હવે આપણે ભૂલી ગયેલા વ્યક્તિઓ છીએ. કોઈને કશાયની પરવા નથી.’ તેમણે કહ્યું કે, પરિવારને સરકાર તરફથી વળતર મળ્યું છે અને તે તેનો ઉપયોગ માત્ર પોતાની જાતને ટકાવી રાખવા માટે કરી રહ્યો છે. છોકરીના સંબંધીએ સ્વીકાર્યું કે, હા, અમારા રસ્તાઓને સમારકામની જરૂર છે અને અમારા બાળકોને નોકરીની જરૂર છે પરંતુ અહીંના સમુદાયોમાં ઊંડો અવિશ્વાસ પણ છે. તે ઘા રૂઝાવવામાં સમય લાગશે. જ્યારે ગ્રામજનો તેમના રોજિંદા જીવનમાં ઠોકર ખાય છે, ત્યારે રાજકારણીઓ પણ સાવધાનીપૂર્વક મુદ્દાઓ પર પોતાનો રસ્તો શોધી રહ્યા છે. એસપીના વાલ્મિકીએ કહ્યું, “૨૦૨૦ની ઘટનાએ દેશને હચમચાવી નાખ્યો. અમે મહિલાઓની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરીશું.” ભાજપનો એજન્ડા માત્ર અને માત્ર વિકાસનો છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદીજીની સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસના કામો ચોક્કસપણે વિકાસ પર અમારૂં ધ્યાન કેન્દ્રિત છે, ભાજપના બાલ્મિકીએ કહ્યું. ૨૦૨૦ના કેસમાં ત્રણ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એક કિશોરને દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને સુધાર ગૃહમાં ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. યુવતીને કથિત રીતે તેના ગળામાં દુપટ્ટા વડે ફાંસો આપી ખેંચી લેવામાં આવી હતી, જેના કારણે તેની કરોડરજ્જુને ઈજા પહોંચી હતી. આ ક્રૂરતને કારણે તેને કરોડરજ્જુમાં ગંભીર ઈજા સાથે લકવો થઈ ગયો, પરિણામે તેનું મૃત્યુ થયું હતું.

# ગૃહ મંત્રાલયે આસિસ્ટન્ટ કોમ્યુનિકેશન ઓફિસર અને આસિસ્ટન્ટની ૪૩ જગ્યાઓ ભરવા માટે અરજીઓને આમંત્રિત કરી

## સરકારી નોકરી ઈચ્છુકો અને જેઓ પહેલેથી જ સેવામાં છે તેમના માટે ગૃહ મંત્રાલય (MHA) દ્વારા ભરતી કરવાની તક છે

(એજન્સી) તા.૫

સરકારી નોકરીની ઈચ્છા ધરાવતા તમામ ઉમેદવારો માટે સારા સમાચાર છે. ગૃહ મંત્રાલય (MHA) દ્વારા સરકારી નોકરી ઈચ્છુકો તેમજ જેઓ પહેલેથી જ સેવામાં છે તેમના માટે ભરતી કરવાની સરસ તક છે. જો તમે આ પદો માટે જરૂરી લાયકાત ધરાવો છો તો તમારા માટે આ એક સુવર્ણ તક છે. ગૃહ મંત્રાલયે તાજેતરમાં આસિસ્ટન્ટ કોમ્યુનિકેશન ઓફિસર (Cy), આસિસ્ટન્ટ કોમ્યુનિકેશન ઓફિસર અને આસિસ્ટન્ટની જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે. જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરવા સત્તાવાર વેબસાઈટ https://www.mha.gov.in/en પર જઈ શકે છે. ઉપરોક્ત જગ્યાઓ માટે અરજી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ઉમેદવારોને છેલ્લી તારીખ પહેલા પ્રક્રિયા પૂર્ણ કરવાની સલાહ આપવામાં આવે છે. ઉપરોક્ત જગ્યાઓ માટે ભરતી માત્ર ડેપ્યુટેશન અથવા એબ્સોર્પશન દ્વારા કરવામાં આવશે. આથી, ગૃહ મંત્રાલય વિવિધ હોદ્દા પર ૪૩ ખાલી જગ્યાઓ માટે ભરતી કરશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨ જૂન છે. જે લોકો હોદ્દા માટે પાત્ર છે તેઓએ અરજી કરતા પહેલા નીચેની વિગતો વાંચવી આવશ્યક છે.

**બેઠકોની સંખ્યાઃ** આસિસ્ટન્ટ કોમ્યુનિકેશન ઓફિસર (Cy) – ૦૮ જગ્યાઓ
આસિસ્ટન્ટ કોમ્યુનિકેશન ઓફિસર – ૩૦ જગ્યાઓ
સહાયક - ૦૫ બેઠકો

**યોગ્યતાના માપદંડઃ** જેઓ આ ભરતી અભિયાન માટે ગૃહ મંત્રાલયમાં અરજી કરવા માંગે છે તેમની પાસે કોઈપણ માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી સ્નાતકની ડિગ્રી હોવી આવશ્યક છે. આ ભરતી માત્ર ડેપ્યુટેશન અથવા એબ્સોર્પશન દ્વારા કરવામાં આવશે. ઉમેદવારો કે જેઓ પહેલાથી જ સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનાઈઝેશન, સેન્ટ્રલ આર્મ્ડ, પોલીસ ફોર્સીસ અથવા ડિફેન્સ, ઓર્ગેનાઈઝેશન અને સ્ટેટ પોલીસ ઓર્ગેનાઈઝેશન અથવા યુનિયન ટેરીટરી પોલીસ ઓર્ગેનાઈઝેશન માટે કામ કરી રહ્યા છે તેઓ આ પદ માટે લાયક છે. સશસ્ત્ર દળોના કર્મચારીઓ કે જેઓ નિવૃત્ત થયા છે અથવા એક વર્ષના સમયગાળામાં અનામતમાં સ્થાનાંતરિત થવાના છે અને જરૂરી અનુભવ અને લાયકાત ધરાવતા હોય તેઓ આ પદ માટે અરજી કરી શકે છે.

**ઉંમર મર્યાદાઃ** ગૃહ મંત્રાલયમાં આ ભરતી અભિયાન માટે અરજી કરનારા ઉમેદવારોની ઉંમર ૫૬ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**પસંદગી પ્રક્રિયાઃ** પદ માટે અરજી કરનારા ઉમેદવારોએ શોર્ટલિસ્ટ થયા પછી ઈન્ટરવ્યુ પ્રક્રિયા પાસ કરવી પડશે. પ્રદર્શનના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.


**IDFC FIRST Bank Limited**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬)ની જોગવાઈ]**
**સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (૨) મુજબના દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, ભૌતિક કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **‘જેમ છે તે છે’, અને ‘જે કાંઈ છે તે છે’** ૨૭.૦૨.૨૦૨૪ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | (૧) ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | (૨) દેણદાર(રો), સહ-દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (૩) મોર્ગેજ મિલકતનું સરનામું | (૪) અનામત કિંમત રકમ | (૫) ઈએમડી રકમ | (૬) હરાજીની તારીખ અને સમય | (૭) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (૮) નિરીક્ષણની તારીખ અને સમય | (૯) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૪૮૦૯૭૮૩.૬૭/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૧- જૂન-૨૦૨૩ | ઘનશ્યામ વી. કપુરિયા અને દયાબેન ઘનશ્યામભાઈ કપુરિયા | **આઈટમ-૧ :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન નં.૧૦૫, પહેલો માળ, કાર્પેટ વિસ્તાર ૧૮.૬૮ ચો.મી. કોમર્શિયલ બીલ્ડીંગ નામે ‘હરી દર્શન આર્કેડ’ પર બંધાયેલ એનએ જમીન વિસ્તાર ૨૨૨.૯૬ ચો.મી. દક્ષિણ-પૂર્વ તરફ પ્લોટ નં.૧૪ના સ્થિત અત્રે બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાના માવા રેવન્યુ સર્વે નં.૨૭/પી, સિટી સર્વે વોર્ડ નાના માવા, સિટી સર્વે નં.૨૨૧૫/પી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ ગુજરાત-૩૬૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ ઓફિસ નં.૧૦૪, પશ્ચિમ : પબ્લિક પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.૧૪ અને દક્ષિણ : પ્રવેશ અને કોમન રસ્તો | ભા. રૂા. ૨૨૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૨૨૦૦૦૦.૦૦/- | ૧૧મી જૂન ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૧૦મી જૂન ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ સુધી | ૦૫મી જૂન ૨૦૨૪ બપોરે ૧.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | નામ : શ્રી જય પારેખ સંપર્ક નં. ૭૯૮૪૯૬૭૬૨૭ નામ : શ્રી ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| | | | **આઈટમ-૨ :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન નં.૧૦૬, પહેલો માળ, કાર્પેટ વિસ્તાર ૧૫.૧૪ ચો.મી. કોમર્શિયલ બીલ્ડીંગ નામે ‘હરી દર્શન આર્કેડ’ પર બંધાયેલ એનએ જમીન વિસ્તાર ૨૨૨.૯૬ ચો.મી. દક્ષિણ-પૂર્વ તરફ પ્લોટ નં.૧૪, સ્થિત અત્રે બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાના માવા રેવન્યુ સર્વે નં.૨૭/પી, સિટી સર્વે વોર્ડ નાના માવા, સિટી સર્વે નં.૨૨૧૫/પી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ ઓફિસ નં.૧૦૭, પશ્ચિમ : પબ્લિક પ્લોટ, ઉત્તર : પ્રવેશ અને કોમન રસ્તો અને દક્ષિણ : પ્લોટ નં.૧૫ | ભા. રૂા. ૧૭૯૩૦૦૦.૦૦/- | ભા. રૂા. ૧૭૯૩૦૦.૦૦/- | ૧૧મી જૂન ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૧૦મી જૂન ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ સુધી | ૦૫મી જૂન ૨૦૨૪ બપોરે ૧.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | |
| | | | **આઈટમ-૩ :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન નં.૩૦૫, ત્રીજો માળ, કાર્પેટ વિસ્તાર ૧૮.૬૮ ચો.મી. કોમર્શિયલ બીલ્ડીંગ નામે ‘હરી દર્શન આર્કેડ’ પર બંધાયેલ એનએ જમીન વિસ્તાર ૨૨૨.૯૬ ચો.મી. દક્ષિણ-પૂર્વ તરફ પ્લોટ નં.૧૪, સ્થિત અત્રે બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાના માવા રેવન્યુ સર્વે નં.૨૭/પી, સિટી સર્વે વોર્ડ નાના માવા, સિટી સર્વે નં.૨૨૧૫/પી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ ઓફિસ નં.૩૦૪, પશ્ચિમ : પબ્લિક પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.૧૪ અને દક્ષિણ : પ્રવેશ અને કોમન રસ્તો. | ભા. રૂા. ૧૯૦૯૫૦૦.૦૦/- | ભા. રૂા. ૧૯૦૯૫૦.૦૦/- | ૧૧મી જૂન ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ સુધી | ૧૦મી જૂન ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ સુધી | ૦૫મી જૂન ૨૦૨૪ બપોરે ૧.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૬.૦૫.૨૦૨૪

# ગુજરાતમાં ભાજપની ચૂંટણી પહેલાં એક બેઠક પર જીત, પરંતુ ઉત્તર ગુજરાતની ૨ બેઠકો પર કોંગ્રેસ માટે તક છે

(એજન્સી) તા.૫

ક્રિકેટની ભાષામાં કહીએ તો ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં યુદ્ધના મેદાન ગુજરાતમાં ૨૦૧૯ અને ૨૦૧૪ની પાછલી બે સિઝનમાં વ્હાઈટવોશ થયેલા નાના ખેલાડીઓ સામે વિકરાળ ફાસ્ટ બોલરો અને નિર્દય બોલરો વચ્ચેના મુકાબલા તરીકે વર્ણવી શકાય. આ હેવીવેઈટ ટીમે એક પણ બોલ ફેંક્યા વિના બોર્ડ પર પહેલાથી જ રન મેળવી લીધા છે. રાજ્યમાં પ્રથમ વખત ભાજપના સુરત લોકસભા બેઠકના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું નામાંકન નકારી કાઢવામાં આવ્યું હતું અને મેદાનમાં રહેલા અન્ય તમામ લોકોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગૃહ રાજ્યમાં કમળ ખીલ્યું છે અને ભગવા પક્ષે પાછલી બે સામાન્ય ચૂંટણીઓમાં ૨૬માંથી ૨૬ પર જીત મેળવી છે. ભાજપે આ વખતે બાકીની ૨૫ બેઠકો ફરીથી ૫ લાખ મતોથી વધુથી જીતવાનો તેનો ઈરાદો જાહેર કર્યો છે. કેન્દ્રીય પ્રધાનો અમિત શાહ, મનસુખ માંડવિયા અને પરષોત્તમ રૂપાલા તેમજ પાટીલના મોટા મુકાબલામાં લક્ષ્યાંકો વધુ ઊંચા છે. ભાજપના હોદ્દેદારો ઘોષણા કરી રહ્યા છે કે, શાહ ગાંધીનગરમાં ૧૦ લાખ મતોના માર્જિન સાથે રેકોર્ડ જીત મેળવશે. છેલ્લી બે સામાન્ય ચૂંટણીઓમાં ભાજપે કોંગ્રેસની સરખામણીમાં જંગી વોટ શેર મેળવ્યું છે. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસનો વોટ શેર અનુક્રમે ૪૭.૪% અને ૪૩.૯% હતો, ત્યારે ૨૦૧૪ અને ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં ભગવા પક્ષનો હિસ્સો અનુક્રમે ૫૯% અને ૬૨.૨% થયો હતો. કોંગ્રેસનો વોટ શેર ૨૦૧૪ અને ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓમાં અનુક્રમે ૩૨.૯% અને ૩૨.૧% થઈ ગયો હતો. પ્રભાવશાળી નેતાઓના પક્ષપલટાથી પ્રભાવિત અને અંદરોઅંદર જૂથવાદથી ઘેરાયેલી કોંગ્રેસ તેની પરંપરાગત વોટ બેંકને જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને સી.જે. ચાવડા સહિત ચાર ધારાસભ્યોએ ચૂંટણી પહેલા રાજીનામું આપ્યું હતું અને ભગવા પક્ષમાં જોડાયા હતા. તેઓ હવે ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

ગુજરાતમાં ખાલી પડેલી છમાંથી પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ ૭મી મેના રોજ યોજાનાર છે. ભાજપના રાજકોટ સીટના ઉમેદવાર રૂપાલાએ જણાવ્યું હતું કે, રાજવીઓએ વિદેશી શાસકો સાથે સંબંધો રાખ્યા હતા અને તેમની પુત્રીઓના લગ્ન પણ તેમની સાથે કરાવ્યા હતા. જેના લીધે રાજ્યના ક્ષત્રિય સમુદાય નારાજ છે, જે રાજ્યના કેટલાક ભાગોમાં વિરોધ કરી રહ્યા છે. ત્યારપછી રૂપાલાએ ઘણી વખત માફી માંગી છે અને ભાજપના નેતાઓએ આંદોલનકારી ક્ષત્રિયો સાથે વાતચીત કરીને તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. રાજકીય નિરીક્ષકો કહે છે કે, ક્ષત્રિયનો ગુસ્સો ભાજપને નુકસાન પહોંચાડવા જેટલો શક્તિશાળી નહીં હોય. બીજેપીનું નેતૃત્વ સ્પષ્ટપણે માને છે કે, ક્ષત્રિયોની સંખ્યા એટલી મોટી નથી કે, તેઓ તેમના પક્ષની સંભાવનાઓને નુકસાન પહોંચાડે. જો કે, તેઓ વિજયના માર્જિનમાં ઘટાડો કરી શકે છે. અમુક બેઠકો એવી છે કે, જ્યાં કોંગ્રેસ લડત આપી રહી છે. ઉત્તર ગુજરાતની બનાસકાંઠા બેઠક પર વાવના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર જેમણે ૨૦૧૭ની રાજ્યની ચૂંટણીમાં વિધાનસભાના વર્તમાન સ્પીકર શંકર ચૌધરીને હરાવ્યા હતા, તે ભાજપના રેખાબેન ચૌધરી સામે મેદાનમાં છે.

ગેનીબેનના અભિયાન માટે ક્રાઉડફંડિંગનો આશરો લેવો પડ્યો હતો. રેખાબેન બનાસ ડેરીની સ્થાપના કરનાર સહકારી અગ્રણી ગલબાભાઈ ચૌધરીની પૌત્રી છે. ભાજપ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા મતવિસ્તારમાં પણ હરીફાઈનો સામનો કરી રહી છે. ભાજપના કાર્યકરોએ જણાવ્યું હતું કે તેમની



ઉમેદવારી જ્ઞાતિના સમીકરણોને ઉથલાવી દેશે કારણ કે તેઓ ઠાકોર અટકનો ઉપયોગ કરે છે, તેઓ વાસ્તવમાં તે સમુદાયના નથી, જે આ મતવિસ્તારમાં પ્રભુત્વ ધરાવે છે.

ભાજપે તેના ઉમેદવાર તરીકે શોભનાબેન બરૈયાનું નામ આપ્યું હતું. પરંતુ ત્યારબાદ બરૈયા અને ઠાકોરના સમર્થકો વચ્ચે શાબ્દિક ઝઘડો થયો હતો. સાબરકાંઠાની લોકસભા સીટની ટિકિટની આશા રાખનારા જૂના નેતાઓ પણ નારાજ છે કે સક્રિય રાજકારણનો ઓછો અનુભવ ધરાવતા શાળાના શિક્ષકને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. છેલ્લા બે અઠવાડિયામાં, ક્ષત્રિયોએ મતવિસ્તારમાં વિરોધ ઉગ્ર બનાવ્યો છે, કોંગ્રેસને આશા છે કે તેમના ઉમેદવાર, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન તુષાર ચૌધરી લાભ મેળવી શકે છે.

ગુજરાતમાં દરેક બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો મુદ્દો છે, અને તેઓ કોઈ તક છોડવા માંગતા નથી, પક્ષના ટોચના અધિકારીઓ ઉત્તર ગુજરાતના મુખ્ય મતવિસ્તારોમાં તકરારોને દૂર કરવામાં વ્યસ્ત છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પદાધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત લગભગ ૧૫૦ પક્ષના કાર્યકર્તાઓને બોલાવ્યા હોવાના અહેવાલ છે, અને તેમને સાબરકાંઠા અને બનાસકાંઠા બેઠકો પર પ્રભાવશાળી રીતે જીતવા માટેના તેમના પ્રયત્નો કરવા જણાવ્યું હતું. આમ આદમી પાર્ટી (AAP), જે ઈન્ડિયા બ્લોકના ભાગ રૂપે રાજ્યની ૨૬ બેઠકોમાંથી બે બેઠકો પર ચૂંટણી લડી રહી છે, તે ગુજરાતના રાજકારણમાં પોતાને વધુ મજબૂત કરવા માંગે છે.

AAPએ ડિસેમ્બર ૨૦૨૨ ની ચૂંટણીમાં અમુક બેઠકો મેળવી હતી અને તેના બંને વર્તમાન ધારાસભ્યોને આ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલના પરિવારના સભ્યોની નારાજગી વચ્ચે પાર્ટીએ તેના વર્તમાન ધારાસભ્ય ચૈતર વસાવાને ભરૂચ મતવિસ્તારમાં ઉતાર્યા છે, ઉમેશ મકવાણા ભાવનગર બેઠક પરથી લડી રહ્યા છે. ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૪માં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પટેલનું ભરૂચ ગઢ રહ્યું છે. કેટલાક લોકો દલીલ કરે છે કે ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોનો ભગવા પક્ષમાં ધસારો ભાજપને સંભવિત રીતે મજબૂત કરશે, જો કે પક્ષના કાર્યકરોમાં પણ ભારે અશાંતિ છે. ભાજપના કાર્યકરોમાં અસ્વસ્થતા સ્વાભાવિક છે, કારણ કે આમાંના ઘણા વર્ષોથી પક્ષમાં સેવા આપી રહ્યા છે, અને રાજ્યમાં ભાજપ પહેલેથી જ મજબૂત હોવા છતાં, પક્ષ રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કરિશ્મા પર આધાર રાખી રહી છે. ઉનાળાના મધ્યભાગની ગરમી મતદાનને અસર કરી શકે છે, કારણ કે ૭ મેના રોજ દિવસનું તાપમાન ખૂબ ઊંચું રહેવાની ધારણા છે. રાજકીય પક્ષો, ચૂંટણી તંત્ર અને રાજ્ય સરકાર ઉચ્ચ મતદાન માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. એપ્રિલમાં યોજાયેલી ૨૦૧૯ ની સામાન્ય ચૂંટણીઓમાં, ગુજરાતનું મતદાન રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછું હતું. પાર્ટીના નેતાઓએ લોકોને સવારે ૧૦.૩૦ વાગ્યા પહેલા મતદાન કરવા વિનંતી કરી છે અને ચૂંટણી પંચે મતદાન મથકો પર વિશેષ સુવિધાઓ ઉભી કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે સંભવિત હીટ વેવ પરિસ્થિતિઓને પહોંચી વળવા માર્ગદર્શિકા જારી કરી છે.

(સૌ.: ટાઈમ્સઓફઈન્ડિયા.કોમ)

# તૃણમૂલ કોંગ્રેસે સંદેશખાલીની ઘટનાઓની 'ગોઠવણ' કરવાનો સુવેન્દુ પર આરોપ લગાવતો વીડિયો શેર કર્યો, ભાજપે તેને 'બનાવટી' ગણાવ્યો

## વીડિયોમાંનો વ્યક્તિ આરોપ લગાવે છે કે, અધિકારીએ તેને અને વિસ્તારના અન્ય બીજેપી નેતાઓને ત્રણથી ચાર સ્થાનિક મહિલાઓને ટીએમસીના ત્રણ નેતાઓ સામે બળાત્કારના આરોપો લગાવવા માટે નિર્દેશ આપ્યો હતો

(એજન્સી) કોલકાતા, તા.૫

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ શનિવારે સોશિયલ મીડિયા દ્વારા એક વીડિયો બહાર પાડ્યો હતો જેમાં આરોપ લગાવ્યો હતો કે, સંધેશખાલીમાં બનેલી ઘટનાઓ લોકસભાની ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળને બદનામ કરવા માટે ભાજપનું કાવતરૂં હતું.

આ વીડિયોમાં સંદેશખાલીમાં પોતાને બીજેપી મંડલ પ્રમુખ તરીકે ઓળખાવતો એક વ્યક્તિ એવું કહેતો સંભળાયો છે કે, 'સમગ્ર ષડયંત્ર પાછળ, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીનો હાથ છે.'

વીડિયોમાંનો વ્યક્તિ આરોપ લગાવે છે કે અધિકારીએ તેને અને વિસ્તારના અન્ય બીજેપી નેતાઓને ત્રણથી ચાર સ્થાનિક મહિલાઓને શાહજહાં શેખ સહિત ટીએમસીના ત્રણ નેતાઓ સામે બળાત્કારના આરોપો કરવા ઉશ્કેરવા માટે નિર્દેશ આપ્યો હતો. વીડિયોમાં વ્યક્તિએ દાવો કર્યો હતો કે, અધિકારીએ પોતે સંદેશખાલીના એક ઘરમાં બંદૂકો લગાવી હતી, જે પછીથી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા જપ્તી તરીકે દર્શાવવામાં આવી હતી. નોંધનીય છે કે, ટીએમસી દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વીડિયોની સત્યતા ચકાસવામાં આવી નથી. X દ્વારા વીડિયો શેર કરતાં, TMCએ લખ્યું : 'સામૂહિક બળાત્કારથી લઈને હથિયારો જપ્તી સુધી, દરેક દાવાને અન્ય કોઈએ નહીં પણ સુવેન્દુ અધિકારી દ્વારા ખરીદવામાં આવ્યો હતો અને જાહેર કરવામાં આવ્યો હતો અને ભાજપે બંગાળને બદનામ કરવામાં કોઈ કસર બાકી નથી રાખી.' અને પક્ષની પોસ્ટને ટાંકીને, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ લખ્યું: 'આઘાતજનક ! સંદેશખાલી સ્ટિંગ દર્શાવે છે કે, ભાજપની અંદર કેટલી ઊંડો સડો છે. બંગાળના પ્રગતિશીલ વિચાર અને સંસ્કૃતિ પ્રત્યેની તેમની તિરસ્કારમાં, બાંગ્લા-બિરોધીઓએ આપણા રાજ્યને બદનામ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. દરેક સંભવિત સ્તરે ભારતના ઈતિહાસમાં આ પહેલા ક્યારેય દિલ્હીમાં શાસક પક્ષે સમગ્ર રાજ્ય અને તેના લોકોને બદનામ કરવાનો પ્રયાસ કર્યો નથી.

TMCએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહનો ઉલ્લેખ કરતા કહ્યું. 'બિલાડી કોથળીમાંથી બહાર આવી ગઈ છે. મોદી-શાહ, કેન્દ્રીય એજન્સીઓ અને તેમના સાથીઓની ભયાનક ષડયંત્રનો પર્દાફાશ થયો છે.'

ટીએમસીના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજીએ શનિવારે દાવો કર્યો હતો કે, વીડિયોએ ટીએમસીના વલણને સમર્થન આપ્યું છે કે આ ઘટનાઓ પાછળ ભગવા પાર્ટીનો હાથ છે.

પ્રેસ કોન્ફરન્સમાં ટીએમસીમાં નંબર બે ગણાતા બેનરજીએ આરોપ લગાવ્યો કે, બંગાળમાં કલમ ૩૫૫ લાગુ કરવા માટે આધાર બનાવવા માટે અધિકારીએ સંદેશખાલીમાં સમગ્ર ઘટનાનું




આયોજન કર્યું હતું. બેનરજીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સંદેશખાલીમાં આવા આરોપો દ્વારા બંગાળી મહિલાઓના સન્માન સાથે ચેડા કરવામાં આવ્યા હતા, જેનું તેઓ માને છે કે તેનો હેતુ રાજ્યને બદનામ કરવાનો છે.

તેમણે કહ્યું, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે બંગાળની રાજનીતિ મત મેળવવા માટે આટલી નીચી જશે. અમે પહેલા દિવસથી કહીએ છીએ કે, ચૂંટણી પહેલા બંગાળને બદનામ કરવાનો નિર્લજ્જ પ્રયાસ કરવામાં આવ્યો હતો.'

તેમણે માગણી કરી હતી કે, ભાજપનું ટોચનું નેતૃત્વ ૪૮ કલાકની અંદર સંદેશખાલી વિશે બંગાળને બદનામ કરવા બદલ માફી માંગે.

ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ચૂંટણી રેલીઓ દરમિયાન અનેક વખત સંદેશખાલીની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો તે હવે શું બોલશે. રાજ્યભરમાં તેમની ચૂંટણી રેલીઓમાં, પીએમ મોદીએ સંદેશખાલીમાં પીડિતો પ્રત્યે ઉદાસીનતા હોવાનો દાવો કર્યો હતો તેના પર ટીએમસીની ટીકા કરવાનું ચાલુ રાખ્યું છે, જ્યાં શાહજહાં શેખ સહિત પક્ષના નેતાઓ સામે જાતીય શોષણના આરોપો સામે આવ્યા હતા.

TMCના આરોપોનો જવાબ આપતા અધિકારીએ કહ્યું, 'તે એક નકલી અને તર્કસંગત વીડિયો છે. એવું લાગે છે કે, TMC (ચૂંટણીમાં) હારનો અહેસાસ કરી રહી છે અને ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. સંદેશખાલીની મહિલાઓ દ્વારા સેંકડો ફરિયાદો આવી છે.'

બીજેપીના પ્રવક્તા શંકુદેવ પાંડાએ જણાવ્યું હતું કે, ટીએમસી સંદેશખલીની ઘટના પર લોકોના ગુસ્સાનો સામનો કરવામાં અસમર્થ છે. તેમણે કહ્યું, 'ટીએમસી સંદેશખાલી અને બંગાળમાં મહિલાઓનું અપમાન કરી રહી છે. તેના નેતાઓ આવો તર્કસંગત વીડિયો અપલોડ કરી રહ્યા છે કારણ કે, તેને આરોપોનો સામનો કરવાનો બીજો કોઈ રસ્તો મળ્યો નથી.'

# ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ વિશ્વમાં સૌથી મોટું કૌભાંડ છે : અશોક ગેહલોત

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા કહે છે કે, ભાજપ પાસે ભ્રષ્ટ લોકોને સાફ કરવા માટેનું વોશિંગ મશીન છે

(એજન્સી) તા.૫

ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમએ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ હતું, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે શનિવારે, ૪ મેના રોજ આક્ષેપ કર્યો હતો.

તેઓ રાજગઢમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા, જ્યાં પાર્ટીના સાથીદાર દિગ્વિજય સિંહનો મુકાબલો બે વખતના ભાજપના સાંસદ રોડમલ નાગર સામે છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ પરકલા પ્રભાકર, જેઓ અર્થશાસ્ત્રી છે, તેઓ દાવો કરે છે કે, ચૂંટણી બોન્ડ યોજના માત્ર ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ હતું, ગેહલોતે આક્ષેપ કર્યો હતો.

૧૫ ફેબ્રુઆરીના રોજ, સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને ગેરબંધારણીય અને માહિતીના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતી ગણાવી હતી.

''ભાજપ પાસે, જે ભ્રષ્ટાચારીઓ તેની સાથે જોડાય છે, તેમને સાફ કરવા માટે એક વોશિંગ મશીન છે.''

ગેહલોતે કહ્યું, એનસીપી પર કુલ રૂા.૭૦,૦૦૦ કરોડના કૌભાંડોમાં સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો પરંતુ તેના નેતા અજિત પવાર હવે મહારાષ્ટ્રમાં શાસક પક્ષ સાથે જોડાણ કરી રહ્યા છે. ગેહલોતે ન્યાયતંત્ર અને ચૂંટણી પંચ પર દબાણ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં રાજસ્થાનના ભૂતપૂર્વ સીએમએ કહ્યું કે, ''ભાજપ લોકોને કહે છે કે, કોંગ્રેસ સત્તામાં આવશે તો તેમની માલિકીની બે ભેંસમાંથી એક છીનવી લેશે.



પછી તે કહે છે કે, જો કોંગ્રેસ ૨૦૨૪ ની ચૂંટણી જીતશે તો પાકિસ્તાન ખુશ થશે.'' તેમણે દાવો કર્યો કે, ''લોકસભાની ચૂંટણી લોકશાહી અને બંધારણને બચાવવા માટે લડવામાં આવી રહી છે. દેશની સ્થિતિ ચિંતાજનક છે. તેઓએ બે કરોડ નોકરીઓ અને વિદેશી બેંકોમાં પડેલું કાળું નાણું પાછું લાવવાનું વચન આપ્યું હતું. તેમાંથી કંઈ થયું નથી. બેરોજગારી અત્યાર સુધીની ટોચ પર છે. જ્યારે મ્જીએ લોકોને બરબાદ કરી નાખ્યા છે.''

ગેહલોતે દિગ્વિજય સિંહની પ્રશંસા કરતા કહ્યું કે, ૧૯૭૭માં જ્યારે કોંગ્રેસ વિરુદ્ધ લહેર હતી અને ઈન્દિરા ગાંધી પણ ચૂંટણી હારી ગયા હતા ત્યારે રાઘોગઢથી દિગવિજયસિંહ વિધાનસભા ચૂંટણીમાં જીત્યા હતા.

# મોદી ચૂંટણી રેલીઓમાં 'અબ કી બાર, ૪૦૦ પાર'નો શા માટે ઓછો ઉપયોગ કરે છે

## વિપક્ષો મોદીની આગેવાની હેઠળની ભાજપ પર આ દાવા સાથે પ્રહારો કરી રહ્યા છે કે જો તે આ સામાન્ય ચૂંટણીમાં ૪૦૦ લોકસભા બેઠકો જીતશે તો તે 'બંધારણ બદલશે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાહેર સભાઓમાં 'અબ કી બાર, ૪૦૦ પાર' ના સૂત્રનો ઓછો અને ઓછો ઉપયોગ કરી રહ્યા છે, ૧૬ માર્ચથી ૮૦થી વધુ જાહેર સભાઓમાં આપેલા તેમના ભાષણોનું વિશ્લેષણ દર્શાવે છે કે, શુક્રવારે પશ્ચિમ બંગાળમાં જાહેર સભામાં તેનો સંદર્ભ આપતા પહેલા મોદીએ છેલ્લી વખત ૨૪ એપ્રિલે મધ્યપ્રદેશના સાગરમાં '૪૦૦ પાર' ની વાત કરી હતી. એ પહેલા તેમણે ૪૦૦ સંસદીય બેઠકો મેળવવાના શાસક એનડીએના લક્ષ્યનો કોઈ સંદર્ભ લીધા વિના ૧૦ જાહેર સભાઓને સંબોધિત કરી હતી. આ વિશ્લેષણમાં એ પણ જાણવા મળ્યું છે કે ૧૯ એપ્રિલના રોજ મતદાનના પ્રથમ તબક્કાના સમાપન પછીથી મોદીના ભાષણોમાં '૪૦૦ પાર' નો સંદર્ભ આપ્યો નથી. તેમણે તેનો ઉલ્લેખ ફક્ત ત્રણ પ્રસંગોએ કર્યો છે. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો છે કે લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી દ્વારા બંધારણમાં ફેરફાર માટે '૪૦૦ પાર'ની હાકલ એ પૂર્વશરત છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ગરીબો, એસટી, ઓબીસીને બંધારણના કારણે ઘણા અધિકારો મળ્યા છે, જેણે તેમને મનરેગા, જમીનના અધિકારો, અનામત વગેરે આપ્યા છે. જો ભાજપ સત્તામાં આવશે તો તે બંધારણને બદલી નાખશે. જો કે મોદીએ કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો અને આરોપ લગાવ્યો કે તે OBC, SC અને ST માટે અનામત છીનવીને મુસ્લિમોને આપવા માંગે છે. વડાપ્રધાને ૧ મેના રોજ ગુજરાતના બનાસકાંઠામાં કહ્યું હતું કે જ્યાં સુધી મોદી જીવિત છે ત્યાં સુધી ધર્મના આધારે કોઈ અનામત નહીં મળે. ૧૬ માર્ચે મતદાનના કાર્યક્રમની જાહેરાત અને ૧૯ એપ્રિલના રોજ મતદાનના પ્રથમ તબક્કાની વચ્ચે મોદીએ ૪૫ જાહેર સભાઓને સંબોધિત કરી જ્યાં તેમણે કુલ ૧૧૦ વખત 'અબ કી બાર, ૪૦૦ પાર'નો ઉલ્લેખ કર્યો હતો. તમિલનાડુ, તેલંગાણા અને કર્ણાટકમાં તેમના આ શબ્દના ઉપયોગનું આવર્તન સૌથી વધુ હતું જ્યાં તેમણે અનુક્રમે ૧૭, ૧૬ અને ૧૫ વખત તેનો ઉપયોગ કર્યો હતો. જો કે ૧૭ એપ્રિલથી આ આવર્તનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. મોદીએ ૨૧ જાહેર સભાઓમાંથી ૧૬માં નારાનો ઉપયોગ કર્યો હતો જે તેમણે ૧૬ માર્ચ અને ૭ એપ્રિલની વચ્ચે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત પછી જ સંબોધિત કરી હતી. પ્રથમ સમયગાળામાં ૧૬ માર્ચથી ૨૬ માર્ચની વચ્ચે મોદીએ છ જાહેર સભાઓને સંબોધિત કરી હતી જેમાં તેમણે ૫૬ વખત '૪૦૦ પાર'નો ઉલ્લેખ કર્યો હતો. ૧૮ માર્ચે તેલંગાણામાં એક જાહેર સભાને સંબોધતા તેમણે ઓછામાં ઓછા ૧૬ વખત તેનો ઉલ્લેખ કર્યો હતો. બીજા સમયગાળામાં ૨૭ માર્ચ અને ૭ એપ્રિલની વચ્ચે મોદીએ આ સમય દરમિયાન સંબોધિત કરેલી ૧૭ જાહેર સભાઓમાંથી ૧૧ દરમિયાન ૩૧ વખત આ શબ્દનો ઉલ્લેખ કર્યો છે. ૮ એપ્રિલ અને ૧૮ એપ્રિલની વચ્ચે મોદીએ આ સમય દરમિયાન સંબોધિત



કરેલી ૨૨ જાહેર સભાઓમાંથી માત્ર પાંચમાં ૨૩ વખત '૪૦૦ પાર' શબ્દ વાપર્યો છે. ચોથા સમયગાળામાં ૧૯ એપ્રિલથી ૩૦ એપ્રિલની વચ્ચે મોદીએ આ સમય દરમિયાન સંબોધિત કરેલી ૩૬ જાહેર સભાઓમાંથી માત્ર ત્રણમાં ૮ વખત આ સૂત્રનો ઉપયોગ કર્યો. બીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા આર.પી. સિંહે ધ પ્રિન્ટને કહ્યું કે, તમે તમારા પ્રચારની શરૂઆત ચૂંટણીના મેદાનથી કરો છો અને જો વિપક્ષ તમને અન્ય મુદ્દા સાથે ઘેરવાનો પ્રયાસ કરે છે, તો તમારે પહેલા તેમને જવાબ આપવો પડશે. વિપક્ષ પાસે કોઈ એજન્ડા નથી અને તેઓ હવે ભાજપના ઉમેદવારોના કેટલાક ભાષણોનો ઉપયોગ કરીને એ બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે કેવી રીતે ભાજપ સત્તા પર આવે તો બંધારણમાં સુધારો કરીને અનામતને દૂર કરશે. ઈન્ડિયા ગઠબંધન ભાગીદારો તેમની તમામ રેલીઓમાં તેને ઉઠાવીને ચર્ચાનો મુદ્દો બનાવી રહ્યા છે. ઘણી રેલીઓ તેમજ ઈન્ટરવ્યુમાં, ભાજપના નેતાઓએ સ્પષ્ટતા કરી છે કે આવી કોઈ વસ્તુ કરવામાં આવશે નહીં, પરંતુ બીજેપીના અન્ય એક નેતાએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે પાર્ટીને એવો પ્રતિસાદ પણ મળી રહ્યો છે કે કેડર મોદી પર નિર્ભર છે. તેઓ એવી ધારણા હેઠળ છે કે જો અત્યારે સ્થિતિ સારી નથી તો મોદી તેમના મતવિસ્તારમાં રેલી અથવા રોડ શો કરશે અને પરિસ્થિતિ બદલાઈ જશે. પાર્ટીના અન્ય એક કાર્યકર્તાએ કહ્યું કે ૪૦૦ બેઠકો જીતવી એ એનડીએ માટે લક્ષ્ય છે માત્ર ભાજપ માટે નહીં. "અબકી બાર, મોદી સરકાર"એ એક વધુ સૂત્ર છે-પક્ષ પ્રથમ બે તબક્કામાં મતદાનમાં ઘટાડા વિશે પણ ચિંતિત છે. ECI અનુસાર પ્રથમ તબક્કામાં ૬૬.૧૪ ટકા અને બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન થયું હતું. આનાથી ૨૦૧૯ની સરખામણીમાં મતદાનમાં ઘટાડો થયો હતો, જ્યારે પ્રથમ અને બીજા તબક્કામાં અનુક્રમે ૬૯.૪૩ અને ૬૯.૧૭ ટકા મતદાન થયું હતું. રાજકીય વિશ્લેષક રાહુલ વર્માએ જણાવ્યું હતું કે ભાજપને સમજાયું છે કે 'અબ કી બાર, ૪૦૦ પાર' વાક્યનો વિપક્ષ દ્વારા ખોટો અર્થ કાઢવામાં આવી રહ્યો છે.

(સૌ.: ધ પ્રિન્ટ.કોમ)

# આ સુભાષિની અલી નથી જે વાયરલ વીડિયોમાં પીએમ મોદીના વખાણ અને રાહુલ ગાંધીની નિંદા કરી રહ્યાં છે

## અમે સીપીઆઈ-એમ નેતાનો સંપર્ક કર્યો જેણે પુષ્ટિ કરી કે આ વાયરલ વીડિયોમાં જે દેખાય છે તે તેઓ નથી

(એજન્સી) તા.૫

ચાલી રહેલી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ વચ્ચે, એક વીડિયો વાયરલ થયો છે જેમાં કથિત રીતે કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા- માર્ક્સવાદી (CPI-M)ના નેતા સુભાષિની અલી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી રહ્યા છે.

**સત્ય શું છે ? : આ વીડિયોમાં અલી હોય એવું લાગતું નથી :-**

- અમે CPI-M નેતાનો સંપર્ક કર્યો, જેમણે પુષ્ટિ કરી કે આ વાયરલ વીડિયો એક વૃદ્ધ મહિલાને છે જે પોતાની ઓળખ ખોટી રીતે અલી તરીકે આપે છે.

અલી એ તેના X પર આ વિડિયો તેમનો હોવાના કરવામાં આવેલ દાવાને પણ ફગાવી દીધો.

અમે સત્ય કેવી રીતે શોધી કાઢ્યું ?: અમે અલીનું ઠ એકાઉન્ટ તપાસ્યું જ્યાં તેણીએ વાયરલ વીડિયો ફરીથી પોસ્ટ કર્યો હતો અને સ્પષ્ટતા કરી હતી કે આ વીડિયોમાં તે નથી.

- તેમણે ઉમેર્યું કે 'આ એક નકલી વીડિયો છે જે માંરા નામે ફરતો થયો છે. તેમાં હું નથી. મારો અવાજ નથી. મારા મંતવ્યો નથી. મેં ECI અને પોલીસને જાણ કરી છે. ચાલો જોઈએ કે તેઓ શું કરે છે.'

આ પોસ્ટ કરનાર X એકાઉન્ટની ચકાસણી થઈ ન હોવાથી, અમે ફોન પર CPI-M નેતાનો સંપર્ક કર્યો અને તેમણે અમને




પુષ્ટિ આપી કે આ વાયરલ વીડિયો નકલી છે અને તે તેને બતાવતો નથી.

- આ ચેનલ પર, અમને "સુંદર લડકિયા **राहुल गांधी से नाराज क्यों मोदी** જ રાહુલ ગાંધી પબ્લિક ઓપિનિયન માં આ વિડિયો અમને જોવા મળ્યો હતો.
- પીએમ મોદીના વખાણ કરતી વૃદ્ધ મહિલાનો વાયરલ વીડિયો ૬:૫૫ ટાઈમસ્ટેમ્પથી શરૂ થાય છે.

નિષ્કર્ષ : ખોટા દાવા સાથે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં સીપીઆઈ-એમના નેતા સુભાષિની અલી રાહુલ ગાંધીની ટીકા કરતી વખતે પીએમ મોદીની પ્રશંસા કરતા જોવા મળે છે.

વડોદરા પોલીસની ક્રૂરતા ફરીથી બહાર આવી

# નંદેસરીના ક્ષત્રિય યુવકને નંદેસરી પોલીસ મથકના પીઆઈ અને સ્ટાફે ઢોરમાર માર્યો

## ભાજપ ઉમેદવારના કહેવાથી પોલીસ સ્ટેશને લઈ જઈ ક્ષત્રિય યુવકને તે ખોટા ધંધા કરે છે, તું ક્ષત્રિય છે કહી ઢોરમાર મારતા તેને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો, વાઘેલાની વિરૂદ્ધ પ્રચાર કરી રહેલા યુવાનો પર સિતમથી રોષ



નંદેસરી વિસ્તારમાં એક ક્ષત્રિય યુવકને નંદેસરી પોલીસ દ્વારા માર મારવાના બનાવે ભારે ચકચાર મચાવી છે. તસવીરમાં યુવકને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જે તસવીરમાં દૃશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરાના સયાજીગંજ પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ દ્વારા આમલેટની લારી ચલાવતા યુવકને ઢોરમાર મારવાની ઘટનાની શ્યાહી સુકાઈ નથી ત્યાં નંદેસરી પોલીસ મથકના સ્ટાફ દ્વારા ક્ષત્રિય યુવકને ઢોરમાર મારતા ક્ષત્રિય સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. નંદસરી પોલીસ મથકના સ્ટાફ તથા અધિકારીઓ દ્વારા નંદેસરીના યુવકને ઢોરમાર મારવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ધર્મેન્દ્ર વાઘેલાના કહેવા પર આ યુવકને પોલીસે માર માર્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે પોલીસની કામગીરી પર પણ અનેક સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર નંદેસરી ગામના રૂપાપુરા વિસ્તારમાં રહેતા રાજેન્દ્ર સિંહ ગોહિલ નામના યુવકને ગત મોડી રાત્રે નોકરી જતી વખતે રસ્તામાંથી ઊંચકી જઈ નંદેસરી પોલીસ મથક ખાતે લઈ જવામાં આવ્યો હતો. યુવકને પોલીસની સાથે લઈ જતા નંદેસરી પીઆઇ અને અન્ય સ્ટાફ દ્વારા યુવક ઉપર બેરહેમીથી તૂટી પડ્યા હતા અને ગડદા પાટુનો ઢોરમાર મારવામાં આવ્યો હતો. યુવકે રડતા-રડતા પૂછ્યું શાના કારણે મારો છો ત્યારે નંદેસરી પીઆઇ અને અન્ય સ્ટાફ દ્વારા તું ક્ષત્રિય છે અને ખોટા ધંધા કરે છે તેમ કહી બેરહેમી પૂર્વક માર મારતાં રહ્યા હોવાનો આક્ષેપ યુવકે કર્યો છે. નંદેસરી પોલીસ દ્વારા યુવકને એટલો માર મારવામાં આવ્યો કે તેની તબિયત લથડી હતી અને સગા સંબંધીઓ યુવકને લઈ એસએસજી હોસ્પિટલ સારવાર અર્થે લાવ્યા હતા. યુવકના સગા સંબંધીઓએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ધર્મેન્દ્ર વાઘેલા દ્વારા નંદેશરી પોલીસને કહેતા પોલીસ દ્વારા સમગ્ર અત્યાચાર યુવક ઉપર ગુજાર્યો હોવાનું જણાવ્યું હતું. ભાજપની વિરૂદ્ધ પડેલાં ક્ષત્રિય સમાજના યુવાનોએ જણાવ્યું હતું કે સ્થાનિક ક્ષત્રિય સમાજનો ટેકો નહિ મળતા વાઘેલા રઘવાયા બન્યા છે અને હવે પોલીસને હાથો બનાવી નિર્દોષ યુવાનો પર સિતમ ગુજારી રહ્યા છે. પણ આને કારણે જે રાજપૂતોને તેમના પ્રત્યે લાગણી હતી તે પણ ગુમાવી ચૂક્યા છે અને રાજપૂતોની બહુમતિવાળી આ સીટ પર તેમની સામે નવા મોરચા ખુલી રહ્યા છે.

ભાજપના વાલિયા તા.પં. પ્રમુખની દાદાગીરી

# રજૂઆતો કરવા આવેલ ક્ષત્રિયો અને આદિવાસી આગેવાનો સાથે જાહેરમાં ગાળાગાળી-મુક્કાબાજી કરી

## તા.પં.ના પ્રમુખ સામે વધતો રોષ, સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ

અંકલેશ્વર, તા.૫

વાલિયા તાલુકા પ્રમુખની દાદાગીરી કરી હોવાની વિગતો સામે આવી છે. ક્ષત્રિયો અને આદિવાસી આગેવાને રજૂઆત કરતા જાહેરમાં ગાળાગાળી સાથે મુક્કાવારી કરી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. સોડગામ ખાતે કાર્યકરોની મીટિંગ દરમિયાન રજૂઆત કરવા આવેલ રજૂઆત કર્તા સાથે માથાકૂટ સર્જી હતી. ઘટનાના પગલે ભાજપના તાલુકા પંચાયત પ્રમુખ ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

આજથી પ્રચાર પડઘમ શાંત થઈ રહ્યા છે. આ વચ્ચે અંતિમ તબક્કામાં કાર્યકરો સાથે બેઠકોનો દોર શરૂ થયો છે. જે વચ્ચે આજ રોજ ભાજપના વાલિયા તાલુકા પંચાયત પ્રમુખ સેવંતુ વસાવા સોડગામ ખાતે કાર્યકરો સાથે બેઠક કરવા પહોંચ્યા હતા. જ્યાં ક્ષત્રિય સમાજ અને આદિવાસી સમાજના આગેવાનો રજૂઆત કરવા પહોંચ્યા હતા જે રજૂઆત દરમિયાન વાતચીત દરમિયાન મામલો બિચક્યો હતો. પ્રથમ અભદ્ર ગાળો સામે આવી હતી પછી સેવંતુ વસાવા રજૂઆત કર્તા સામે રીતસરના તૂટી પડ્યા હતા અને ગાળાગાળી કરી રીતસર માસ મુક્કાબાજી કરતા નજરે પડ્યા હતા સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. ક્યાં મુદ્દે રજૂઆત કરવા આવ્યા હતા અને કેમ અચાનક તાલુકા પંચાયત પ્રમુખ સેવંતુ વસાવા ભડકી ઉઠ્યા હતા. તે હજુ સામે આવ્યું નથી. પણ હાલ ક્ષત્રિય સમાજ દ્વારા પુરષોત્તમ રૂપાલાના ચાલી રહેલા વિરોધ વચ્ચે બનેલી ઘટનાએ ભારે વિવાદ સર્જ્યો છે અને લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. તાજેતરમાં જ અંકલેશ્વરમાં બનેલી બે ઘટના બાદ જિલ્લામાં ત્રીજી ઘટના સામે આવી છે. જેને લઈ ભાજપ મોવડીની ચિંતા વધારી છે.

# ભિલોડાના જેસીંગપુર કંપામાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ

## ખરાડી અને તડવી ફળિયાના લોકોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી



(તસવીર : ગનીભાઈ મન્સુરી, ભિલોડા)

ભિલોડા, તા.૫

રાજ્ય સરકાર એક તરફ ગુજરાતના છેવાડાના માનવી સુધી પાણી પહોંચ્યું હોવાની વાતો કરી રહી છે પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં ઉનાળાના પ્રારંભથી જ પાણીના પોકારો પડી રહ્યા છે ત્યારે ભિલોડાના જેસીંગપુર કંપાના ખરાડી ફળીયું અને તડવી ફળીયામાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે. જેસીંગપુર કંપાની મહિલાઓ ભર બપોરે પીવાના પાણી માટે દૂર- દૂર સુધી ભટકી રહી છે. ત્યારે રાજ્ય સરકારની વાસ્મો યોજના હેઠળ "નલ સે જલ" યોજના હેઠળ ઘર-ઘર નળ કનેકશન આપવાની જાહેરાત ફક્ત કાગળ ઉપર રહેવા પામી હોય તેમ રીતે ખરાડી અને તડવી ફળીયાના રહીશો વાસ્મોના લાભથી વંચિત રહ્યા છે તો બીજી બાજુ ગ્રામ પંચાયત દ્વારા પણ પાણી મળતું નથી. જયારે રહીશોના ખાનગી બોર કુવાઓમાં પણ પાણી ભૂગર્ભમાં જતા પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે જેના કારણે નાહવા, ધોવા અને પશુઓ માટે પાણી માટે મહિલાઓ ત્રાહિમામ પોકારી ગઈ છે ઉનાળાની અસહ્ય કાળ ઝાળ ગરમીમાં ગૃહિણીઓ ખેતરે-ખેતરે ભટકીને જ્યાં બોર કુવાઓની મોટરો ચાલુ હોય ત્યાંથી પાણી લાવી રહી છે. આ ફળિયામાં પાણી પુરવઠાનો એક પણ હેડપંપ મુકવામાં આવ્યો નથી ખરાડી ફળીયાના મહિલાઓમાં શુશીયાલાબેન કીર્તિભાઈ ખરાડીએ હૈયા વરાળ ઠાલવી હતી કે ગ્રામ પંચાયત દ્વારા કોઈ પાણીની પ્રાથમિક વ્યવસ્થા કરાઈ નથી અને "નલ સે જલ" યોજનાની પાઈપ લાઈન પણ નાખવામાં આવ્યા નથી, જે વાસ્મો યોજનાની પાઈપ લાઈન રોડની સામેની બાજુમાં થઈને જાય છે તેમ છતા પાણીનો પોઈન્ટ કે નળ મુકવામાં આવ્યો નથી હાલ તંત્ર તાત્કાલિક ધોરણે પાણી આપે તેવી માગણી કરી રહ્યા છે ત્યારે એક તરફ ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી છે ત્યાંજ આ ફળીયાના તમામ મતદારોએ મતદાન ન કરવાનો નિર્ણય લઈ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી આપી રહ્યા છે.

# વડોદરા શહેરના ૧૨ કેન્દ્રો પર યુજી નીટની પરીક્ષા યોજાઈ : વિદ્યાર્થીઓમાં ઉત્સાહ

## વાલીઓ માટે પાણીની કે બેસવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી રોષની લાગણી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરા શહેરના ૧૨ કેન્દ્ર પર આજે આશરે ૬ હજાર વિદ્યાર્થીઓ નેશનલ એલિજિબિલિટી ક્રમ એન્ટ્રન્સ ટેસ્ટ (યુજી નીટ-૨૦૨૪)ની પરીક્ષા આપી હતી. દૂર દૂરથી આવેલા વાલીઓને કલાકો સુધી પરીક્ષા કેન્દ્રની બહાર ઉભા રહેવાનો વારો આવ્યો હતો. આ ઉપરાંત વાલીઓ માટે પાણીની કે બેસવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી રોષ જોવા મળી રહ્યો હતો. તો બીજી તરફ વિદ્યાર્થીઓનો પરિક્ષાને ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. શહેરના કલાલી વિસ્તારમાં આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલની બહાર વાલીઓનો જમાવડો થયો હતો. જો કે દિલ્હી પબ્લિક સ્કૂલની બહાર વાલીઓ માટે પાણીની કે બેસવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી વાલીઓને તડકામાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો. કેટલાક વાલીઓ ઝાડના છાયડામાં ગરમીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત પીવાના પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી વાલીઓને તરસ્યા રહેવાનો વારો આવ્યો હતો. જેના કારણે વાલીઓમાં રોષ પણ જોવા મળ્યો હતો. નીટની પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થી અઝીમ બલોચે જણાવ્યું હતું કે, હું આજે અહીં નીટની પરીક્ષા આપવા માટે આવ્યો છું. મેં તૈયારી કરી છે. હું રોજ ૧૭થી ૧૮ કલાક વાંચન કરતો હતો. હું જાત મહેનતથી અહીં પહોંચ્યો છું. મારે મારા પરિવારનું નામ રોશન કરવું છે. તેના માટે એમબીબીએસનો અભ્યાસ કરીને ડોક્ટર બનવું છે અને મારા પરિવારમાં હું પહેલો ડોક્ટર બનીશ તેવો મને વિશ્વાસ છે.

# રેલવે વિભાગમાં માલ-સામાન ભરનારા કામદારો પાસેથી અધિકારીએ નાણાં ઉઘરાવ્યા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

રાત્રે ૧૧ વાગ્યે તપાસમાં નીકળેલા રેલવે અધિકારી દ્વારા કામદારો પાસેથી નાણાં ઉઘરાવીને હેરાનગતિ કરવાના આક્ષેપ સાથે રેલવે લીઝ હોલ્ડરો દ્વારા લેખિત રજૂઆત કરીને નિરાકરણની માંગ કરી હતી.

વડોદરા પશ્ચિમ રેલવેમાં ટેન્ડર ભરીને લીઝ હોલ્ડર બનેલા ગોપાલ શાહ રેલવેમાં માલ-સામાન મૂકવા માટે મોટી સંખ્યામાં કામદારોને ફરજ પર રાખ્યા છે. તેમજ તમામ કામદારોને આઈકાર્ડ પણ આપવામાં આવ્યું છે. ગત તા.૨ મેના રોજ રાત્રી દરમ્યાન ફરજ પર હાજર કામદારોની તપાસણી માટે અલ્પેશ પંચાલ નામના અધિકારી આવ્યા હતા. જ્યાં તેઓએ તમામ પાસેથી આધાર પુરાવાના રૂપે લેબર કાર્ડ માંગ્યું હતું. તમામ કામદારોએ કાર્ડ બતાવવા છતાં પણ તમામ પાસેથી ૩૫૦ રૂપિયા ઉઘરાવ્યા હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. જે બાબતની રજૂઆત લીઝ હોલ્ડરો દ્વારા આરપીએફમાં આ બનાવ અંગેની જાણ કરીને લેખિતમાં રજૂઆત કરી હતી.

# હાંસોટના છેવાડાના આકલવા ગામની શાળા ખાતે નિર્માણ પામી રહેલ ગ્રીન બૂથ

## ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર ઈકો ફ્રેન્ડલી ગ્રીન બૂથને અપાતો આખરી ઓપ



(તસવીર :- અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૫

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના છેવાડાનું અને અરબી સમુદ્ર નજીક આવેલ આકલવા ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે આગામી ૭મી મેના રોજ યોજાનારા લોકસભાની ચૂંટણીના મતદાન અંગે ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર શાળાના શિક્ષકો દ્વારા પર્યાવરણ સાથે મતદાન થીમ ઉપર આકર્ષક ઈકો ફ્રેન્ડલી ગ્રીન બૂથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. હાંસોટ તાલુકાના છેવાડાના આકલવા ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે જિલ્લા ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર આકર્ષક ઈકો ફ્રેન્ડલી ગ્રીન બૂથ ઊભું કરવામાં આવી રહ્યું છે, શાળાના આચાર્ય હિરેન પટેલ તેમના શિક્ષકો સાથે ગ્રીન બૂથના નિર્માણ કાર્યમાં જોડાયા છે આ ગ્રીન બૂથ માટે શાળા શિક્ષકોએ પર્યાવરણ સાથે મતદાન થીમ ઉપર વાંસ, નારિયેળીના પાન, કાગળના ફૂલ અને વાસની ટોપલી, ઝાડના પાનનો ઉપયોગ કર્યો છે. સાથે આ ગ્રીન બૂથમાં મતદાન કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓના ઓળખ કાર્ડ પણ વડના પાંદડામાંથી બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે આકર્ષક ઈકો ફ્રેન્ડલી ગ્રીન બૂથના નિર્માણ કાર્યને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# સાબરકાંઠામાં મતદાન જાગૃતિ અંતર્ગત 'રન ફોર વોટ' કાર્યક્રમ યોજાયો



આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર કેનાલ રીવર ફ્રન્ટ ખાતેથી "રન ફોર વોટ"ને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નૈમેષ દવેએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. "રન ફોર વોટ" અંતર્ગત અચૂક મતદાનના સંદેશ સાથે બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌએ અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા. (તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

# ડીસામાં મતદાનના દિવસે શ્રમિકોની રજા મંજૂર કરવા સંસ્થાઓને સૂચન

ડીસા, તા.૫

રાજ્યમાં શ્રમ આયુક્ત વિભાગે લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ૦૨-બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગ માટે ૭ મેના રોજ મતદાન યોજાનાર છે. ત્યારે ડીસા નગરપાલિકા વિસ્તારની સંસ્થાઓમાં કામ કરતા શ્રમયોગીઓ અને કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ડીસા શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) એકટ ૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડીક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડીક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા દરેક વ્યક્તિ મતદાનના દિવસે રજા મંજૂર કરવા સૂચના આપી છે તેમજ આ રજા માટે શ્રમયોગી અને કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી તેમ પણ જણાવાયું છે. જો કોઈ માલિક લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫–બીની જોગવાઈ વિરૂદ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે એવું ડીસા નગરપાલિકાના સત્તાધિશોએ જણાવ્યું હતું.

# નવયુગ વિદ્યાલય જંબુસરમાં ૨૯૨મો નિ:શુલ્ક નેત્રયજ્ઞ યોજાયો



નવયુગ વિદ્યાલય જંબુસરમાં જુદી-જુદી સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહે છે જે અનુસંધાને નવયુગ વિદ્યાલયમાં ૨૯૨મો નેત્ર યજ્ઞ યોજાયો હતો જેમાં લગભગ ૪૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. મોતિયા, વેલ, છારી અને ઝામરના દર્દીઓને શંકરા આઈ હોસ્પિટલ (મોગર)માં લઈ જઈ સારવાર કરી રહેવા, જમવા, મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી મૂકી દવા, ચશ્મા તથા પરત મૂકી જવાની તમામ સુવિધાઓ નિઃ શુલ્ક રહેશે તેમ નવયુગ વિદ્યાલયના આચાર્ય હિતેન્દ્રસિંહ ઠાકોરે જણાવ્યું હતું.

# ભાજપ ૩૦૦ નહીં ૨૦૦ બેઠક પાર નહીં કરી શકે : ડૉ. શશી થરૂર

## પક્ષ પાસે પૈસા ન હોવાના લીધે ઉમેદવારો પાર્ટી છોડી રહ્યા છે : શશી થરૂર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરામાં લોકસભાની ચૂંટણીને માત્ર ત્રણ દિવસ બાકી છે. ત્યારે શનિવારે કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય અને સાંસદ ડૉ. શશી થરૂર વડોદરામાં આવ્યા હતા. તેઓએ ભાજપના યુનિફોર્મ સિવિલ કોડ મુદ્દે કહ્યું હતું કે યુસીસીના પક્ષમાં નેહરૂ પણ હતા પરંતુ ભાજપે તેમાં શું લાવવાના છે તેની જાહેરાત કરવી જોઈએ તેમજ તમામ લોકોને સાથે રાખી ચર્ચા કરવી જોઈએ. ઉમેદવારો ચૂંટણી લડવા તૈયાર નથી તેનું એક કારણ પાર્ટી પાસે પૈસા નથી તે પણ છે તેવી શશી થરૂરે સ્પષ્ટતા કરી હતી. વડોદરા આવવાનું એક કારણ કેન્દ્રમાં સરકાર બદલવી છે. કેન્દ્ર સરકાર તમામ એજન્સીઓનો બીજાને નુકસાન કરવામાં ઉપયોગ કરી રહી છે. લોકો ફોન પર વાત કરતા પણ ગભરાઈ રહ્યાં છે કેમ કે સરકાર રેકોર્ડિંગ કરાવે છે. દેશનો યુવા પેપર લીકને કારણે પડકારો ઝીલી રહ્યો છે. આ વખતે ભાજપ દેશમાં ૩૦૦ પાર પણ નહીં કરી શકે. હું તો કહું છું કે, ૨૦૦ પાર પણ કરી શક્શે કે નહિ તે શંકા છે. એમણે ગુજરાતમાં ૨૬ નહી જીતી શકીએ એ માની લીધું, પણ શૂન્ય પણ નહી હોય, કેટલીક સીટો આવશે. ઈન્ડિયા ગઠબંધન એનડીએથી વધારે સીટ લાવીને સરકાર બનાવીશું.

# સંજરનગર વ્હોરા પ્રીમિયમ લીગ ક્રિકેટ સ્પર્ધામાં યુનિવર્સલ ટાયર ચેમ્પિયન



(તસવીર : ઈસ્હાક શેઠ હિંમતનગર)

હિંમતનગર, તા.૫

સંજરનગર યંગ કમિટી દ્વારા સંજરનગર વ્હોરા પ્રિમિયમ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ (એસવીપીએલ)નું આયોજન લાલપુર ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું હતું. જેમાં દસ સ્પોન્સર ખેલાડીઓની એપલ એન્ટરપ્રાઈઝના મુન્નાભાઈ વિજાપુરા, લાસાણી સેલ્સના ઈકરામભાઈ પુનાસીયા, યુનિવર્સલ ટાયર (યોકોહામા)ના સરફરાજ ઈડરીયા, વી કેર ઈન્સ્યોરન્સના રઈસ ડોઈ, ફલેક્ષઓરા મેટ્રીસના વિરલભાઈ ચૌધરી, એચ.આર. હોન્ડાના શાહીદ હુસૈન હરસોલીયા, આદીલ સ્પોર્ટસના આદીલભાઈ મેમણ, રાજ ઓટોમેટીવના બિલાલ હરસોલીયા, પ્રભાત હોસ્પિટલના ડો. સોહેલ વડાલીવાલા, સંજર સેલ્સના આમીર શેઠએ ટીમોની ઓકશન દ્વારા ખરીદી કરી હતી. દરેક ટીમે ચાર રાઉન્ડ રમી પોઈન્ટ ઉપર ફાઈનલમાં આવવાની પદ્ધતિથી યુનિવર્સલ ટાયર સામે વી કેર ઈન્સ્યોરન્સની ટીમ ફાઈનલમાં પહોંચી હતી. જેમાં યુનિવર્સલ ટાયરની ટીમ વિજેતા બની હતી. હઝરત સૈયદ ઝાહીદ હુસૈન અલ્વી હુસૈની તથા હઝરત સૈયદ સિબ્તૈન હુસૈન હુસૈનીના હસ્તે શિલ્ડ એનયાત કરવામાં આવ્યો હતો. મેન ઓફ ધી મેચ, મેન ઓફ ધી સીરીઝ એઝાઝ પુનાસીયા બન્યા હતા. ફાસ્ટેસ સદી માટે સૈફુદીન હસનજીને શિલ્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખેલાડીઓનું પ્રોત્સાહન પુરૂ પાડવા પટણી સુન્ની જમાતના પ્રમુખ મો. યુસુફ ચાંદનીવાલા, સર્વોદય નાગરિક સહકારી બેન્કના ચેરમેન અ.કાદર હરસોલિયા, એમ.એમ.આઈ. ટ્રસ્ટના પ્રમુખ ગુલામ મોહયુદ્દીન હરસોલિયા, સેક્રેટરી અ.હકીમ હરાદવાલા, નિઝામભાઈ મજા, ફાતેમા હોસ્પિટલના કન્વીનર ઝાકીરભાઈ લાલ, કોર્પોરેટર ઈમરાન બાદશાહ, રઝાક પુનાસીયા, એઝાઝ સૈયદ, મેહુલભાઈ પટેલ, રાકેશભાઈ સોની, ઘનશ્યામભાઈ સોની, પ્રફુલભાઈ બારોટ, સમાજના આગેવાનો તથા બહુ મોટી સંખ્યામાં દરેક સમાજના વ્યકિતઓ પ્રેક્ષકો તરીકે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સંજરનગર યંગ કમિટીએ આ ટુર્નામિન્ટના આયોજનમાંથી ફાતેમા હોસ્પિટલ તેમજ સંજરનગર મસ્જિદને ફાળો આપ્યો હતો. સમગ્ર ટુર્નામિન્ટનું આયોજન કમિટીના ઈકરામ પુનાસીયા પ્રમુખ, મુસ્તકીમ મામુ સેક્રેટરી, બિલાલ પુનાસીયા, રઈસભાઈ ડોઈ, હુસૈનભાઈ હરસોલિયા, અયાઝ મામુ, આફતાબ આખુનજી, અરકાન હરસોલિયાની ટીમે સુંદર વ્યવસ્થા ગોઠવી સારા આયોજનનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

# ઈડર માર્કેટયાર્ડમાંથી ૩૯ લાખના પકડાયેલ અનાજ મામલે ચાર કાળા બજારિયા પાસામાં ધકેલાયા

હિંમતનગર, તા.૫

ઈડર એપીએમસી ખાતે ગાંધીનગર પુરવઠા વિભાગની બાર કલાકથી વધુ ચાલેલી રેડ દરમ્યાન ચાર દુકાનદારોની વેપારી પેઢીઓ પાસેથી લાખોનો બિનહિસાબી જથ્થો સીઝ કરી તપાસ બાદ ચોખાનો જથ્થો સર્ટિફાઈડ જણાઈ આવતા જિલ્લા કલેક્ટર દ્વારા ચાર કાળા બજારિયાઓને પાસા હેઠળ જેલમાં ધકેલાયા છે.

ગાંધીનગર નિયામક અન્ન નાગરિક પુરવઠા વિભાગની ટીમ દ્વારા બે માસ અગાઉ ઈડર એપીએમસી અનાજ માર્કેટયાર્ડમાં આવેલી ચાર પેઢીઓમાં બાર કલાકથી વધુ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

ત્યારે આખી રાત દરમિયાન ચાલેલી કામગીરીમાં સરકારી સસ્તા અનાજનો ચોખા, ઘઉં તેમજ ચણાનો મોટી માત્રામાં લાખોનો બિનહિસાબી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને બીજા દિવસે ઈડર મામલતદાર ચાર દુકાનદારો વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને પકડાયેલ મુદ્દામાલના સેમ્પલો લઈ FSLમાં મોકલી આપવામાં આવ્યો હતો અને કાળા બજારિયાઓ પોલીસ પકડથી દૂર ભૂગર્ભમાં ઉતરી ગયા હતા ત્યારબાદ ત્રણ માસ સુધી ચાલેલી તપાસ બાદ સરકારી ચોખાનો જથ્થો સર્ટિફાઈડ જણાઈ આવતા જિલ્લા કલેક્ટર દ્વારા ચાર દુકાનદારોને પાસ હેઠળ હુકમ કરાતાં પોલીસ દ્વારા અનાજના કાળા બજારિયાઓને જિલ્લાની અલગ-અલગ ચાર જેલમાં ધકેલાયા હતા જેને લઈ અનાજ માફિયાઓમાં સન્નાટો છવાયો હતો.

### પકડાયેલ અનાજના કાળા બજારિયાઓના નામ :-

૧. ભારત એગ્રો મેમણ જાવેદ હાજી, રાજકોટ
૨. શાહ રતનલાલ પન્નાલાલ, મુકેશભાઈ શાહ, પોરબંદર
૩. નેશનલ ટ્રેડર્સ, મેમણ જાવેદ હનીફ, જૂનાગઢ
૪. સહકાર ટ્રેડર્સ, મહમદ એઝાદ સફી, ભૂજ પાલરા

# અંકલેશ્વરના પીપરોળ ગામના આશાસ્પદ યુવાનનું ક્રિકેટ મેચ રમતી વેળા એટેકથી મોત



અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર તાલુકાના પીપરોળ ગામના ૪૦ વર્ષીય સઈદ મહયુદ્દીન પઠાણ ગત રાત્રે આશરે ૧૧થી ૧૨ વાગ્યાના અરસામાં ઝઘડિયાના દઢેડા ગામ ખાતે રાત્રી ક્રિકેટ મેચ રમવા ગયા હતા. જ્યાં તેમને અચાનક છાતીમાં દુ:ખાવો થતાં તેઓને પ્રાથમિક સારવારમાં ઝઘડિયા જીઆઈડીસીની યુપીએલ પાંચ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી તેમને વધુ સારવાર માટે અંકલેશ્વર ખાતે લઈને આવતા રસ્તામાં અલ્લાહની રહેમતે પહોંચી ગયા હતા. આશાસ્પદ યુવાનનું મોત થતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

### જાહેર નોટિસ

**અરજદાર તર્ફે વકીલ શ્રી એમ.એન.પઠાણ.**

**ક્રિ.પ.અ.નં.૧૩૨/૨૦૨૪**
**મુદ્દત તા.૨૭/૫/૨૦૨૪**

**મે. સિદ્ધપુરના એડી. ચીફ જ્યુ.મેજિ. બી.એન.પટેલ સાહેબશ્રીની કોર્ટમાં, સિદ્ધપુર.**

અરજદાર : શેખ આદીલ યુનુસભાઈ. રહે. તાહેરપુરા, તા. સિદ્ધપુર, જિ.પાટણ.

**વિરૂદ્ધ**

સામાવાળા : આચાર્ય શ્રી, તાહેર એન્ડ હુસેન આદમઅલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલ, તાહેરપુરા, તા. સિદ્ધપુર, જિ. પાટણ.

**અરજ : ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૨(ક) કલમ. ૧૩(૩) મુજબ**

આથી ઉપરોક્ત કામમાં હિત ધરાવતા તમામ શખ્સોને જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અટક **ધોબી** શરતચુકથી ખોટું લખાયેલ છે, પરંતુ અરજદારની સાચી અને ખરી અટક શેખ હોઈ તે મુજબ અરજદારના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં અટકનો સુધારો કરી અરજદારની નવિન સુધારા મુજબ એલ.સી. કાઢી આપવા સામાવાળાનાઓના હુકમ કરવા સારૂં અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી, ઉપર જણાવેલ અરજદારની અરજી બાબતે કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મુદત **તા.૨૭/૫/૨૦૨૪**ના રોજ સવારે ક. **૧૦/૩૦** કલાકે જાતે અગર તો માહીતગાર વકીલ શ્રી મારફતે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થયેથી અરજી અંગે સાંભળીને કાયદેસરનો નિકાલ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦/૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટમાં સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.વી. ચાવડા) સીની. ક્લાર્ક
મુકાબલ કરનાર (જે.આર. ભટ્ટ) હેડ ક્લાર્ક
કોર્ટનો સિક્કો
હુકમથી (યુ.જે.ભટ્ટ) રજિસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી, મેજિ.કોર્ટ, સિદ્ધપુર

### જાહેર નોટિસ

**અરજદાર તર્ફે વકીલ શ્રી એમ.એન.પઠાણ.**

**ક્રિ.પ.અ.નં.૧૩૩/૨૦૨૪**
**મુદ્દત તા.૨૭/૫/૨૦૨૪**

**મે. સિદ્ધપુરના એડી. ચીફ જ્યુ.મેજિ. બી.એન.પટેલ સાહેબશ્રીની કોર્ટમાં, સિદ્ધપુર.**

અરજદાર : શેખ મકસુદ યુનુસભાઈ. રહે. તાહેરપુરા, તા. સિદ્ધપુર, જિ.પાટણ.

**વિરૂદ્ધ**

સામાવાળા : આચાર્ય શ્રી, તાહેર એન્ડ હુસેન આદમઅલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલ, તાહેરપુરા, તા. સિદ્ધપુર, જિ. પાટણ.

**અરજ : ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૨(ક) કલમ. ૧૩(૩) મુજબ**

આથી ઉપરોક્ત કામમાં હીત ધરાવતા તમામ શખ્સોને જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અટક **ધોબી** શરતચુકથી ખોટું લખાયેલ છે, પરંતુ અરજદારની સાચી અને ખરી અટક શેખ હોઈ તે મુજબ અરજદારના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં અટકનો સુધારો કરી અરજદારની નવિન સુધારા મુજબ એલ.સી. કાઢી આપવા સામાવાળાનાઓના હુકમ કરવા સારૂં અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી, ઉપર જણાવેલ અરજદારની અરજી બાબતે કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મુદત **તા.૨૭/૫/૨૦૨૪**ના રોજ સવારે ક. **૧૦/૩૦** કલાકે જાતે અગર તો માહીતગાર વકીલ શ્રી મારફતે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થયેથી અરજી અંગે સાંભળીને કાયદેસરનો નિકાલ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦/૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટમાં સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.વી. ચાવડા) સીની. ક્લાર્ક
મુકાબલ કરનાર (જે.આર. ભટ્ટ) હેડ ક્લાર્ક
કોર્ટનો સિક્કો
હુકમથી (યુ.જે.ભટ્ટ) રજિસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી, મેજિ.કોર્ટ, સિદ્ધપુર

### વાઘોડિયામાં દબંગ નેતા મધુ શ્રીવાસ્તવના ભાજપ પર આકરા પ્રહારો

# ટેન્કર ભરીને દારૂ પીવડાવ કે ટ્રક ભરીને ખવડાવ તને ૧૦૧ ટકા લોકો હરાવશે

### મારા કાર્યકરોનો કોલર જો કોઈ પકડશે તો તેને ગોળી ન મારૂં તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો આજે અંતિમ દિવસ હતો ત્યારે પ્રચારના છેલ્લા દિવસે ઉમેદવારોએ પ્રચાર કર્યો હતો. વાઘોડિયામાં કોંગ્રેસના ઉમેદવાર કનુભાઈ ગોહિલના પ્રચાર અંગે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પણ હાજર રહ્યા હતા. પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે વાઘોડિયામાં ભાજપના ઉમેદવાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં કોઈ વ્યક્તિએ એમનું ઘર જોયું નથી અને જોયું હોય તો હું રાજકારણ છોડી દેવા તૈયાર છું. મેં તો હંમેશા લોકોના કામ કર્યા છે. ક્યારેય લોકોને કામ માટે ના પાડી નથી અને કોઈની પાસે ચૂંટણી ફંડ પણ માગ્યું નથી. મેં હંમેશા સેવક બનીને લોકોની સેવા કરી છે. ભાજપને વાઘોડિયામાં જન્મ આપનાર જ મધુ શ્રીવાસ્તવ છે અને વાઘોડિયામાં ભાજપને હરાવનાર પણ મધુ શ્રીવાસ્તવ છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, આ વખતે ટોપલા ભરીને લગાડ, ટ્રક ભરીને લગાડ કે ટેક્કર ભરીને ખવડાવ કે દારૂ પીવડાવ, તને ૧૦૧ ટકા લોકો હરાવશે. પૈસાના જોડે જીતવા માટે નીકળ્યા છે તારા કાર્યકરો લોકોની જમીન લખાવી લે છે. મેં તો તન મન અને ધનથી ક્ષત્રિય સમાજને ટેકો આપ્યો છે.

તેઓએ ઉમેર્યું કે, હિન્દુ મુસ્લિમ શીખ અને ઈસાઈ તમામ ધર્મના મારા કાર્યકરો છે અને મારા કાર્યકરોનો કોલર જો કોઈ પકડશે તો તેને ગોળી ન મારું તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહીં. મારા કાર્યકરોને મારવાનો કોઈ પ્રયાસ કરતા નહીં. ચૂંટણી તો આવશે અને જતી રહેશે. હું લડી લેવાની તાકાત ધરાવું છું. ત્યારે ભાજપ પર આકરા પ્રહાર કરતા તેઓએ જણાવ્યું કે, કયા મૂરખે તમને સલાહ આપી કે, તમે રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા અને ભાજપવાળા કાન ખોલીને સાંભળી લે, ઈક્મટેક્સવાળાને મોકલો, જેને મોકલવા હોય એને મોકલો, મારા ઘરના દરવાજા ખુલ્લા છે, જેલમાં જવાની મારી તૈયારી છે. આ ઉપરાંત મધુ શ્રીવાસ્તવે ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા અને આ વખતે કોંગ્રેસને મત આપવા માટે અપીલ કરી હતી.

### કનુ દેસાઈના નિવેદનથી કોળી સમાજમાં ભારે રોષ

# કોળી સમાજ અંગે વિવાદિત નિવેદન મામલે નાણામંત્રીના રાજીનામાની કરાઈ માંગ

### આ મામલે સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડમાં કોળી સમાજના આગેવાનો દ્વારા કલેકટરને આવેદન

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ/આણંદ,તા.૫

પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલ ટિપ્પણી અંગેનો વિવાદ શમવાનું નામ નથી લેતો ત્યારે હવે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા કોળી સમાજ વિરૂદ્ધ કરેલા અપમાનજનક નિવેદનનો સમગ્ર રાજયમાં વિરોધ થઈ રહ્યો છે. સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડ સહિત જિલ્લામાં કોળી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં કોળી સમાજ દ્વારા વિરોધ દર્શાવી કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યો હતો, ત્યારે આ અંગે આવનાર સમયમાં વિરોધ ઉગ્ર બને તેવી શકયતાઓ જોવા મળી રહી છે. વલસાડના પારડીના ઓરવાડા ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં નાણામંત્રી કનુ દેસાઈએ એક વિવાદિત નિવેદન આપ્યું હતું કે કોળિયા કુટાય અને ધોડિયા ચૂંટાય. બે અઠવાડિયા પહેલા આપેલા તેમના આ નિવેદનને લઈને કોળી સમાજમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે અને સમાજ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે ત્યારે આવનાર દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બને તેવી શકયતા છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે સમસ્ત કોળી સમાજ વતી આગેવાનોએ આવેદનપત્ર પાઠવી વિરોધ કર્યો હતો. તેમજ અપમાનજનક નિવેદન બદલ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા માફી માગવામાં આવે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી. આ અંગે આગામી દિવસોમાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમસ્ત કોળી સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ૧૯ જેટલા ગામોના કોળી સમાજના આગેવાનો દ્વારા પણ તારાપુર મામલતદાર કચેરી સામે વિરોધ પ્રદર્શન કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું તેમજ કોળી સમાજ વિશે ટિપ્પણી કરનાર કનુ દેસાઈ વિરૂદ્ધ ગુનો નોંધવા માટે તારાપુર પોલીસ મથકમાં અરજી આપી હતી. તેમજ આ અંગે કનુ દેસાઈ માફી માંગે નહી તો તારાપુર તાલુકામાં ૩૫ હજાર મત ધરાવતો કોળી સમાજ ભાજપ વિરૂદ્ધ મતદાન કરી ઝડબાતોડ જવાબ આપશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે બીજી તરફ નવસારી કોંગ્રેસ અને કોળી પટેલ સમાજના અગ્રણીઓએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રાજયના નાણામંત્રીના રાજીનામાની માંગ કરી હતી. કોળી પટેલ સમાજમાં ભાજપ વિરૂદ્ધ વિવાદનો મધપુડો છંછેડાતા રાજય નાણામંત્રીને વાપી ખાતે ભાજપ પ્રચાર દરમ્યાન વિવાદિત નિવેદન અંગે પૂછતા તેઓએ આ મુદ્દે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

### કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાના ભાજપ પર આકરા પ્રહારો

# વડાપ્રધાન ગભરાઈ ગયા છે એટલે વારંવાર પોતાના ભાષણોમાં કહે છે કે, કોંગ્રેસ જીતશે તો આમ કરશે

### ● મોંઘવારી, બેરોજગારી જેવા મૂળ મુદ્દાઓથી ભાજપ દૂર ભાગી રહી છે ● દરેક ચૂંટણીમાં ભાજપને પાકિસ્તાન યાદ આવી જ જાય છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

દેશના મૂળ મુદ્દાઓ મોંઘવારી, બેરોજગારી, ગરીબી, શ્રમિક, મહિલા સુરક્ષા છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા સુપ્રિયા શ્રીનેતએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, મોદી અને ભાજપ મૂળ મુદ્દાઓ પરથી ભાગી લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોદી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા અને દેશમાં વડાપ્રધાન બન્યા છતાં કામ પર કેમ નથી બોલતા? માત્ર નહેરૂ, ગાંધી, રાહુલ ગાંધી પર કેમ બોલે છે. તમે ગરીબોને વધુ ગરીબ બનાવ્યા, ખેડૂતોને નુકસાન કર્યું, મહિલાઓને વધુ અસુરક્ષિત કરી, જનતા જાણવા માંગે છે કે, આગામી સમય માટે તમારી શું રણનીતિ છે. અમારો મોનિફેસ્ટો ૪૮ પેજનો છે. જેમાં દેશની દરેક સમસ્યાનું સમાધાન છે. ગરીબી, બેરોજગારી, મોંઘવારી, શ્રમિક, મહિલા તમામ બાબતોની સમસ્યાઓનો સમાધાન છે. ચૂંટણી આવતા તમે હિન્દુ-મુસ્લિમ અને મુસ્લિમ લીગ પર વાત કરી રહ્યા છો, મણીપુર અને મહિલાઓની વાત કરો, તમે ગ્રીસ જશો, રશિયા જશો પણ મણિપુર જવાનું આવે તો તમારા કરોડોના હવાઈ જહાજનું એન્જિન બંધ થાય છે. પી.એમ. મૈસુર જઈને પ્રજવલ રેવન્ના માટે મત માંગે છે. હું એ રેવન્નાને રાક્ષસ કહું છું. તમે એવા પ્રજવલ રેવન્ના માટે મત માંગો છો, શું મોદીજી જાણતા નહોતા કે રેવન્નાએ શું કર્યું છે? ડિસેમ્બર મહિનાથી સ્થાનિક નેતાઓ કહી રહ્યા હતા કે રેવન્નાને ટિકિટ ન આપો, જાન્યુઆરીમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરાઈ છતાં તમે ટિકિટ આપી, મામલો સામે આવ્યો ત્યારે તમે અંધારામાં દેશથી બહાર જવા દીધો, દેશની મહિલાઓએ મણિપુર, ઉન્નાવ, હાથરસ જોયું અને ગુજરાતની બિલ્કીસને પણ, હું મોદીજીને કહેવા માંગુ છું કે ‘મ થી મુસ્લિમ લીગ નહીં પણ મહિલાઓને યાદ કરો’, શું મજબૂરી છે તમારી કે તમે મેનિફેસ્ટો માટે દુષ્પ્રચાર કરો છો. જયારે ગુજરાતમાં પણ પેપરલીકની મુખ્ય સમસ્યા છે, યુપી હરિયાણામાં પણ પેપરલીક થાય છે, પેપરલીકમાં જેમની સંડોવણી સામે આવે છે. એમાં ભાજપ અને તેમના સંબંધીઓ જ હોય છે, અમે પેપર લીક સામે કડક કાયદો લાવીશું. સેના અને રક્ષાનું કામ ભાડે કે કોન્ટ્રાકટ પર ન થાય, અમે આ અગ્નિવીરની વ્યવસ્થાને સંપૂર્ણ રીતે ખતમ કરીશું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોને મવાલી, ખાલિસ્તાની, આતંકી કહ્યા, ખેડૂતો તો માત્ર એમએસપી જ માંગી રહ્યા હતા ત્યારે ખેડૂતોના રસ્તાઓ પર ખિલ્લાઓ ઠોકી દીધા અને રસ્તાઓ ખોદાવ્યા. અમે ગરીબ અને સામાન્ય વર્ગની વાત કરી રહ્યા છીએ, નરેન્દ્ર મોદી આ વાત પર કહે છે કે, કોંગ્રેસ તમારી ભેંસ, મંગલસૂત્ર અને સંપત્તિ લઈ લેશે. મંગલસૂત્ર એક મહિલા માટે માત્ર દોરો નથી, ૫૫ વર્ષ કોંગ્રેસની સત્તા રહી શું અમે કોઈના મંગલસૂત્ર કે ભેંસ છીનવી, ગલવાનમાં જે જવાનો શહીદ થયા હતા તેમની વિધવાઓના મંગલસૂત્રનો શું હિસાબ છે? જે ઈન્દિરા ગાંધીએ યુદ્ધ માટે પોતાના ઘરેણા આપી દીધા હતા એ પક્ષને તમે મંગલસૂત્રનું પૂછો છો, તમે ૬૫૦૦ કરોડ રૂપિયા તમારી ઈમેજ ચમકાવવા પાછળ ખર્ચ્યા છે. તે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચુકયું છે. બે તબક્કાના મતદાન બાદ બીજેપીના પગ નીચેથી જમીન સરકી ચૂકી છે, ૨૦૨૪માં ૨૦૦૪ જેવું પરિણામ આવવા જઈ રહ્યું છે, જનતા સમજી ગઈ છે કે પીએમ મોદી ૪૦૦ પારની વાત બંધારણ બદલાવવા કરી રહ્યા છે. ઈડી, સીબીઆઈ, આઈટીના દરોડા બાદ બીજેપીને ડોનેશન અપાયું, ગૌ માંસ વેચનાર કંપનીઓ પાસેથી ભાજપાએ ફંડ લીધુ, ઈલેકટરોલ બોન્ડના નામે ગોરખ ધંધો ચલાવવામાં આવ્યો. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવકતાએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત ક્રાંતિકારી અને આંદોલનની ભૂમિ છે પણ આ સરકારે તમામ આંદોલનોને કચડી નાખ્યા, પાટીદાર આંદોલન હોય કે ક્ષત્રિય આંદોલન તમામને ખતમ કરવાનું કાર્ય કર્યું છે. ગુજરાતમાં શિક્ષકોની ૩૨,૦૦૦થી વધુ જગ્યા ખાલી છે. વર્ગખંડોની ૩૮,૦૦૦થી વધુ ઘટ છે. તો શું આ છે તમારૂ ભાજપ મોડલ? ચૂંટણીમાં ભાજપ પાકિસ્તાનને લાવે તો તેમની ચૂંટણી અધુરી રહે છે દરેક ચૂંટણીમાં ભાજપને પાકિસ્તાન યાદ આવી જ જાય છે. વડાપ્રધાન ગભરાઈ ગયા છે એટલે વારંવાર પોતાના ભાષણોમાં કહે છે કે કોંગ્રેસ જીતશે તો આમ કરશે.

# ગુજરાતના પાંચ સનદી અધિકારીઓ રાજ્ય બહાર ઓબ્ઝર્વર તરીકે મોકલાયા

### કેન્દ્રીય ચૂંટણી પંચે આ અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકેની નિમણૂકના નોટિફિકેશન બહાર પાડ્યા છે

અમદાવાદ, તા.૫

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનને હવે ગણતરીના જ કલાકો બાકી છે.ચૂંટણી પંચે પુરી તૈયારીઓ કરી દીધી છે. ત્યારે ચોથા તબક્કાના મતદાન માટેના સરકારના વધુ પાંચ સનદી અધિકારીઓને અન્ય રાજયોમાં ઓબ્ઝર્વ તરીકે મૂકવામાં આવ્યા છે. અધિકારીઓને જ્યાંનો ચાર્જ મળ્યો છે ત્યાં પોતાની સીટનો ચાર્જ સંભાળી લીધો છે. અત્યાર સુધીમા અધિકારીઓને ત્રણ તબક્કામાં નિરીક્ષક પદે મૂકવામાં આવ્યા છે. ગુજરાત સરકારના પાંચ સનદી અધિકારીઓ ચોથા તબક્કાની ચૂંટણી માટે રાજ્ય બહાર જનરલ ઓબ્ઝર્વર તરીકે નિમાયા છે. આ અધિકારીઓમાં ગુજરાત મેરિટાઈમ બોર્ડના ઉપાધ્યક્ષ-સીઈઓ- રાજકુમાર બેનિવાલ, છોટા ઉદેપુરના કલેક્ટર સ્તુતિ ચારણ, એનઆરઆઈએઆરટીડી પ્રભાગના અધિક સચિવ બી.પી. ચૌહાણ, મ્યુનિસિપાલિટીઓના પ્રાદેશિક કમિશનર ગાંધીનગર - આર. આર.ડામોર તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના અધિક સચિવ બી. એચ.તલાટી સામેલ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકેની નિમણૂકનુ નોટિફિકેશન બહાર પાડ્યા છે,જેમાં આ અધિકારીઓને તેમને સોંપાયેલી લોકસભા બેઠક ખાતે પહોંચવા સૂચના અપાઈ છે. રાજકુમાર બેનિવાલ ડીસા, આર.આર.ડામોર,બારાબંકી, બી.પી.ચૌહાણ મુઝફરપુર ,સ્તુતિ ચારણ ગઢવી મુંબઈ નોર્થ ઈસ્ટ અને બીએચ તલાટીને લદાખની જવાબદારી સોપવામા આવી છે.જયારે આ તમામ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે. અત્રે નોંધવું જરૂરી છે કે રાજકુમાર બેનિવાલ ઓડીસા, આર.આર.ડામોર, બારાબંકી બી.પી.ચૌહાણ મુઝફરપુર, સ્તુતિ ચારણ ગઢવી મુંબઈ નોર્થ ઈસ્ટ અને બીએચ તલાટીને લદાખની જવાબદારી સોપવામા આવી છે. જ્યારે આ તમામ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે અને આ અધિકારીઓએ હાલ તેમની સુધીમા તેઓએ તેમની લોકસભા સીટ સંભાળી લીધી છે.

### જિલ્લાના તમામ મતદાન બુથ પર

# હીટવેવને ધ્યાને રાખી ત્રણ વિશેષ કીટ સહિત ૧૭૦ જેટલી વસ્તુઓ રખાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મતદાન કરવા આવનાર નાગરિકો અને ચૂંટણીની ફરજમાં રોકાયેલા કર્મીઓને હિટ વેવના સંજોગોમાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ચૂંટણી તંત્ર દ્વારા જે-તે વિધાનસભા મતવિસ્તાર વાઈઝ તેમાં સમાવિષ્ટ બુથની સંખ્યા પ્રમાણે પ્રતિ બુથ એક કિટ તૈયાર કરવામાં આવી છે. જે કિટમાં ચૂંટણી પંચની નિર્દેશિકા અનુસાર આશરે ૧૭૦ જેટલી વસ્તુઓ મૂકવામાં આવે છે. જેમાં નાનામાં નાની ટાંકણીથી લઈને પોસ્ટર સુધી તમામ પ્રકારની નાની મોટી સામગ્રીઓ, સ્ટેશનરીની આશરે ૩૧ જેટલી વસ્તુઓ, કવર, ફોર્મ, અવિલોપ્ય શાહી જેવી અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ બધી સામગ્રીઓ રાજ્ય ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

હિટ વેવની આગાહી જોતાં અમદાવાદ જિલ્લામાં મતદાન કરનાર નાગરિકો અને ચૂંટણીની પ્રક્રિયામાં રોકાયેલા કર્મીઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં જિલ્લામાં સૌ પ્રથમ વખત દરેક બુથ પર ૩ જેટલી વિશેષ કિટનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી સામગ્રીઓ ઉપરાંત વેલ્ફેર કિટ, હાઈજીન કિટ અને મેડિકલ કિટ તમામ બૂથમાં રાખવામાં આવશે. વેલ્ફેર કિટમાં સૂકો નાસ્તો, ચોકલેટ, બિસ્કિટ જેવું રાખવામાં આવશે. જયારે હાઈજીન કિટમાં સાબુ, મોસ્કિટો રેપિલન્ટ કિટ જેવી વસ્તુઓ રખાશે. અને મેડિકલ કીટમાં જરૂરી દવાઓ અને ORSના પેકેટ વગેરે મૂકવામાં આવશે. આ ઉપરાંત તમામ વિધાનસભા મતવિસ્તારમાં રૂટ વાઈઝ એક-એક કિટ રિઝર્વ રાખવામાં આવશે.

# શ્રેષ્ઠ કોમેન્ટેટર ઓફ ઈન્ડિયાનો એવોર્ડ જીતતો અમદાવાદનો સુગમ શુકલા




સમગ્ર ભારતમાં ક્રિકેટની ક્રિકહીરો એપ્લિકેશન દ્વારા, ભારતના ૨૦૨૩ શ્રેષ્ઠ ક્રિકેટ કોમેન્ટેટર માટે એક એવોર્ડ રાખવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૦ કોમેન્ટેટરની ભારતમાંથી પસંદગી કરવામાં આવી હતી. જેમાંથી અમદાવાદના સુગમ શુકલાએ સમગ્ર ભારતમાંથી શ્રેષ્ઠ કોમેન્ટેટર ઓફ ઈન્ડિયાનો એવોર્ડ જીત્યો હતો.

# મેડિકલ ફિલ્ડમાં જવા માટેની NEETની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

### ● 1 MCQ ખોટો પડશે તો ૧ માર્ક કપાશે ● અમદાવાદમાં ૨૧ સેન્ટર પર પરીક્ષા યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજયભરમાં આજે ૫ મે, ૨૦૨૪ના એમબીબીએસના પ્રવેશ માટેની MBBSમાં પ્રવેશ માટેની UG NEETની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા આપવા માટે દેશભરમાં ૨૪ લાખ વિદ્યાર્થીના રજિસ્ટ્રેશન થયા હતા. જેની સામે ૧.૧૦ લાખ સીટો હતી. અમદાવાદ શહેરમાં પણ ૨૧ જેટલાં સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતુ. તો રાજકોટ જિલ્લામાં ૭ કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન હતું. સવારના ૧૧:૦૦ વાગ્યાથી જ પરીક્ષાર્થીઓને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા કેન્દ્રની અંદર વિદ્યાર્થીઓને પેન-પેપર લઈ જવાની પરવાનગી નથી. તમામ ચીજ-વસ્તુઓ પરીક્ષા કેન્દ્રમાં જ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

વડોદરા શહેરમાં ૧૨ કેન્દ્રો પર ૬ હજાર વિદ્યાર્થી નેશનલ એલિજિબિલિટી ક્રમ એન્ટ્રન્સ ટેસ્ટ (યુજી નીટ-૨૦૨૪)ની પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓને સવારે ૧૧ વાગ્યાથી પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ આપવામાં આવ્યો હતો. દૂર-દૂરથી આવેલા વાલીઓને ૪૦ ડિગ્રી તાપમાનમાં કલાકો સુધી પરીક્ષા કેન્દ્રની બહાર ઉભા રહેવાનો વારો આવ્યો હતો. કેટલાક વાલીઓ ઝાડના છાયડામાં ગરમીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત પીવાના પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી વાલીઓને તરસ્યા રહેવાનો વારો આવ્યો હતો.

બપોરના ૨:૦૦ વાગ્યાથી પરીક્ષાની શરૂઆત થઈ હતી. તે પૂર્વે તમામ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓને ૧૧:૦૦ વાગ્યા પ્રવેશ આપવામાં આવ્યો હતો. બપોરના ૧:૩૦ વાગ્યા સુધીમાં પરીક્ષાર્થી કેન્દ્રમાં પ્રવેશ લેવા અગાઉથી સૂચના પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના ચહેરા પર થોડા ટેન્શન સાથે ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

# UPSC માટે સ્પીપાની તાલીમમાં પ્રવેશ મેળવવા ૩૧મી મે સુધી અરજી કરી શકાશે

અમદાવાદ,તા.૫

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા રાજયના અનેક રોજગાર વાંચ્છુકો ઉજજવળ ભવિષ્ય બનાવવા તરફ અગ્રેસર છે. ત્યારે આવા અનેક વિદ્યાર્થીઓને વિવિધ સંસ્થાઓ સહાયરૂપ બને છે. જેમાં યુપીએસસી દ્વારા લેવાતી સિવિલ સર્વિસીઝની પરીક્ષા માટે સરદાર પટેલ લોક પ્રકાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ ખાતે ગુજરાતના ઉમેદવારોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. ત્યારે પ્રશિક્ષણ વર્ગ ૨૦૨૪-૨૫ માટેની પ્રવેશ પરીક્ષા માટે સ્પીપાએ ઓનલાઈન અરજીઓ મંગાવી છે. રસ ધરાવતા ઉમેદવારો ઓજસ વેબસાઈટ પરથી અરજી કરી શકે છે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ મે છે. ત્યાર બાદ પ્રવેશ પરીક્ષા બે તબક્કામાં લેવાશે. જેમાં પ્રથમ તબક્કાની પરીક્ષા ૨૩ જૂને લેવામાં આવશે.

# આજથી આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

### સોમવારથી શરૂ થનારી ફોર્મ ભરવાની કાર્યવાહી ૫ જૂન સુધી ચાલશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજ્યમાં આવેલી આદર્શ નિવાસી શાળામાં નવા શૈક્ષણિક વર્ષથી પ્રવેશ માટે સોમવારથી કાર્યવાહી શરૂ કરવાનું નક્કી કરાયું છે. અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ મળી રહે તે માટે ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ માટે સોમવારથી ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ થશે, જેમાં ૫ જૂન સુધી ફોર્મ ભરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સારૂ શિક્ષણ મળી શકે તે હેતુથી રાજયમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાની ૨૫ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થી પ્રવેશ માટે વેબસાઈટ પર ૬ મેથી ૫ જૂન સુધી ઓનલાઈન અરજીઓ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઈન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે. આદર્શ નિવાસી શાળાઓમાં હાલ ભણતા વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે, ત્યારબાદ માન્ય સંખ્યા સામે ખાલી પડેલી બેઠકો મેરિટના ધોરણે ભરવામાં આવશે. નવા વિદ્યાર્થીઓ આગલા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સાથે પાસ હોય તે અરજી કરવા પાત્ર રહેશે. અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના બાળકો, દિવ્યાંગ, વિધવા, ત્યક્તા બહેનોના બાળકોને અગ્રતા આપવામાં આવશે. ધોરણ-૧૧માં પ્રવેશ માટે ધોરણ-૧૦ની માર્કશીટ મળ્યા બાદ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગત વર્ષે ઓનલાઇન પ્રવેશ મેળવેલા વિદ્યાર્થી જો અન્ય આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ મેળવવા માંગતા હશે તો તેમણે ઓનલાઇન અરજી કરવાની રહેશે. પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરિટ યાદી તેમજ અન્ય સૂચનાઓ ઓનલાઈન પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ મેરિટ યાદીમાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોની ચકાસણી અંગે SMS કે ઈ-મેઈલ મારફત જાણ કરવામાં આવશે.




આગામી ૭મી મેએ રાજયમાં લોકસભાની ચૂંટણી હોવાથી આજરોજ ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ હતો. છેલ્લી ઘડીએ રાજકીય પક્ષો મતદારોને રીઝવવા પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા હતા. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલની આગેવાની હેઠળ કોંગી ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ બનાસકાંઠામાં ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટર મારફતે જવા નીકળ્યા હતા. જે તસવીરમાં દશ્યમાન થાય છે.

### મતદારોમાં જાગૃતિ લાવવા ‘પાવર ઓફ યોર વોટ’ની ઉમદા પહેલ શરૂ કરાઈ

અમદાવાદ,તા.૫

અમદાવાદમાં આવેલી હોટલ આઈટીસી નર્મદાએ આગામી સમયમાં ગુજરાતમાં યોજાવા જઈ રહેલી લોકસભા ચૂંટણીઓ દરમ્યાન સારૂં મતદાન થાય તે માટે મતદારોને પ્રોત્સાહન આપવાની એક પ્રેરણાદાયી પહેલ શરૂ કરી છે. ‘પાવર ઓફ યોર વોટ’ નામની આ પહેલ શરૂ કરવા પાછળનો હોટલનો ઉદ્દેશ્ય મતદારોને એક્સક્લુસિવ ડિસ્કાઉન્ટ્સ આપીને મતદાનની પ્રક્રિયામાં લોકોની સહભાગીદારીને વધારવાનો છે. જે મતદારો પોતાની શાહી લગાડેલી આંગળી દેખાડશે, તેમને લન્ચ બૂફે પર ૫૦ ટકાનું ડિસ્કાઉન્ટ અને ડીનર બૂફે પર ૨૫ ટકાનું ડિસ્કાઉન્ટ આપશે. આ ઓફર આઈટીસી નર્મદાના અડાલજ પેવેલિયનમાં ૭થી ૯ મે, ૨૦૨૪ દરમ્યાન માન્ય રહેશે.

### બાંગ્લાદેશી દર્દીઓને હેલ્થકેર માટે ભારત લાવવાનો પ્રયાસ

અમદાવાદ,તા.૫

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે આજનો દિવસ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ન્યુએરા સ્કીલ્સ એલએલપી હેઠળ આવતા ન્યુએરા મેડિકલ ટુરીઝમ (અમદાવાદ)ના સીએમડી મિલન પરીખ, બાંગ્લાદેશની સરકારના આમંત્રણ પર બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને વધારવા માટે, સંસદ સભ્ય સાથે મોહિત ઉર રહેમાન શાંતો અને તેમના સલાહકાર મુહમ્મદ શઝાત હુસૈનની સહાયથી ૯થી ૧૨ મે, ૨૦૨૪ સુધી બાંગ્લાદેશમાં રહેશે. ન્યુએરા મેડિકલ ટુરિઝમે ફરીદાબાદમાં એકોર્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે ભાગીદારી કરી છે અને તેનો હેતુ બાંગ્લાદેશી દર્દીઓને હેલ્થકેર માટે ભારતમાં લાવવાનો છે.

# ઈન્ડિયા બ્લોકના વડાપ્રધાન સમકક્ષોમાં પ્રથમ હશે તમામ વિપક્ષી પાર્ટીઓ ચૂંટણી પછી હાથ મિલાવશે : થરૂર

## થરૂરના મતે આ ‘પરિવર્તન’ માટેની ચૂંટણી છે અને હવે ભાજપે ‘પોતાની પકડ ગુમાવી’ દીધી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

વિપક્ષી પાર્ટીઓ એકસાથે અથવા એકબીજાની વિરુદ્ધ પ્રચાર કરે છે. લોકસભા ચૂંટણી પછી હાથ મિલાવશે. કોંગ્રેસના નેતા શશિ થરૂરે જણાવ્યું હતું કે, લોકોને એવો વડાપ્રધાન મળશે, જે સમાન લોકોમાં પ્રથમ હશે અને ભારત બ્લોક, ગઠબંધન સરકાર સાથે અન્યને સાંભળશે.

૪ જૂનના રોજ રીઝલ્ટના દિવસ પછી વિપક્ષી પક્ષો એકઠા થવાની તેમની દલીલમાં, તૃણમૂલ કોંગ્રેસનો સમાવેશ કરીને થરૂરે એક નિવેદનમાં જણાવ્યું હતું. સમાચાર એજન્સીના હેડક્વાર્ટર ખાતે પીટીઆઈના સંપાદકો સાથેની વાતચીતમાં કહ્યું કે, ગઠબંધન સરકારથી ડરવાનું કંઈ નથી.

તેમણે કહ્યું, ‘‘ભારતીય અર્થવ્યવસ્થાનું વિકાસ પ્રદર્શન એક પક્ષની સરકાર કરતા આવી વહેંચાયેલી સરકાર હેઠળ સારું રહ્યું છે.’’ કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ના સભ્યએ અયોધ્યામાં રામ મંદિરમાં ‘પ્રાણ પ્રતિષ્ઠા’ સમારોહમાં હાજરી ન આપવાના પક્ષના નિર્ણયનો બચાવ કરતાં કહ્યું કે, આમંત્રણને નકારી કાઢવું ? યોગ્ય છે કારણ કે, તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહિમા માટેનું એક રાજકીય પ્લેટફોર્મ હતું.

તેમણે ફ્રી વ્હીલિંગ ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન કહ્યું, ‘‘જો અમે તેમ કર્યું હોત તો મારી દૃષ્ટિએ તે ભૂલ થઈ હોત તે એક સંપૂર્ણ રાજકીય નિર્ણય હતો જે સાચો હતો.’’

થરૂરે કહ્યું કે, તે સાચું છે કે, ગઠબંધન સરકાર એક પક્ષીય સરકાર કરતા ઘણી અલગ રીતે કામ કરતી હોય છે.

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ઈન્ડિયા) આગામી સરકાર બનાવશે તેવા વિશ્વાસ સાથે તેમણે કહ્યું, ‘‘મિસ્ટર મોદીની શૈલી, તેમની આસપાસ બાંધવામાં આવેલ વ્યક્તિત્વ સંપ્રદાય અને ભાજપ જે રીતે શાસન કરી રહ્યું છે, તે જોતાં, મને લાગે છે કે, તે કહેવું યોગ્ય છે કે, આપણે છેલ્લા ૧૦ વર્ષમાં જે જોયું છે. તેના કરતા ઈન્ડિયા બ્લોકની સરકારનું કામ તેનાથી તદ્દન વિપરીત હશે.’’

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ગઠબંધન સરકારો સાથેનો ભારતીય જનતાનો રેકોર્ડ અને અનુભવ ઘણો સારો રહ્યો છે.

થરૂરે દલીલ કરતા કહ્યું, ‘‘ઈન્ડિયા બ્લોકની સરકારથી ફાયદો એ છે કે, જે કોઈ પણ વડાપ્રધાન બનશે ત્યાં કોઈ પણ પ્રકારનું નિરંકુશ વલણ રહેશે નહીં... તેઓએ અન્યોને ધ્યાનમાં લેવા પડશે. સાચું કહું તો તે સંસદીયનો ઉત્તમ રાજકીય સિદ્ધાંત છે. શાસનની પ્રણાલીઓ અત્યારે આપણે જોઈ રહ્યા છીએ કે, એક સંસદીય પ્રણાલી રાષ્ટ્રપતિ રૂપે ચલાવવામાં આવી રહી છે. આ બંને વિશ્વમાં સૌથી ખરાબ છે. જો તમારી પાસે ઈન્ડિયા બ્લોકની ગઠબંધન સરકાર છે તો તમે લાંબા સમય પછી પ્રથમ વખત એક એવા પીએમને જોશો કે, જે સમાન લોકોમાં પ્રથમ હોય જેણે બીજાને સાંભળવા પડશે. તેમના દૃષ્ટિકોણને ધ્યાનમાં લેવા પડશે અને જેમણે સારા મેનેજર બનવું પડશે. અટલ બિહારી વાજપેયીને ઘણી રીતે તે પ્રકારના સર્વસંમતિ નિર્માતાનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. તેમની પાસે બહુમતી ન હતી. તેમના ગઠબંધનમાં ૨૬ પક્ષો હતા. પરંતુ તેમની સરકાર અસરકારક કામગીરી કરવામાં સક્ષમ હતી. પરિણામો અને તે જ સમયે ભારતીયોને ખાતરી આપી હતી કે, તેઓની એક કાર્યકારી સરકાર છે.’’ લેખક-રાજકારણીએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની શાસનની શૈલીની પણ પ્રશંસા કરતાં કહ્યું કે, તેઓ ખૂબ જ નિરંતર તેમના કાર્યને અનુસરવામાં સક્ષમ હતા. તેમનો આર્થિક ધ્યેય અને ભારતે અત્યાર સુધી જોયેલા શ્રેષ્ઠ વિકાસ સમયગાળાની અધ્યક્ષતા માટે સિંહનું શાસન પ્રશંસનીય હતું. યુપીએ-૧નું ગઠબંધન તૂટ્યું અને ડાબેરીઓએ સરકાર છોડી દીધી અને યુપીએ-૨નો ભાગ ન હોવાનું નોંધતા થરૂરે કહ્યું કે, અમુક મુદ્દે વડાપ્રધાને તેમના એક અથવા વધુ ગઠબંધન ભાગીદારોને માપમાં રાખવા પડતા હોય છે. થરૂરે કહ્યું, ‘‘તેથી મારો પોતાનો મત એ છે કે, આપણે આશ્વાસન આપીએ કે, આપણે જે બંધારણમાં પ્રણાલીનું સંચાલન કર્યું છે.



તેના દ્વારા અને મોટાભાગે લોકોના હિતની રક્ષા કરવામાં આવી છે. એવા ઘણા સમયગાળો આવ્યા છે, જ્યારે લોકો આપણા દેશ વિશે સંપૂર્ણપણે વિનાશકારી રહ્યા છે અને આપણે તે બધા સમયગાળામાંથી પસાર થયા છીએ. હું કહીશ... ગઠબંધન સરકારથી ડરવા જેવું કશું નથી અને ચોક્કસપણે જ્યારે હું મોટાભાગના મતદારો સાથે વાત કરું છું ત્યારે તેઓ વિચારે છે કે, હું કયા ઉમેદવારને મત આપું છું, તે કોણ છે, તે કયા મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ દિલ્હીમાં કોની સત્તામાં લાવશે અને તે સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે.’’

કેરળમાં કોંગ્રેસ અને ડાબેરીઓ વચ્ચેના કડવા આદાન-પ્રદાનમાં જોવા મળતા ઈન્ડિયા બ્લોકમાં વિરોધાભાસ વિશે પૂછવામાં આવતા અને શું તે સંકલિત સરકારની રચનામાં અવરોધરૂપ બનશે. થરૂરે ધ્યાન દોર્યું કે, યુપીએ અને વાજપેયીની આગેવાની હેઠળની એનડીએમાં પહેલા આવું જ હતું અને ચૂંટણી પછી બધા સાથે થઈ ગયા હતા.

તેમણે કહ્યું, ‘‘તો સત્ય એ છે કે, આપણા દેશમાં ગઠબંધન મતદાન પછી આવે છે... આ એક અસામાન્ય મામલો છે જ્યાં મતદાન થાય તે પહેલા લોકોને એકસાથે લાવવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે આપણા બધા માટે ખૂબ જ સ્પષ્ટ હતું કે, ગઠબંધન રાજ્ય દ્વારા રાજ્ય ધોરણે કામ કરે છે.’’

કેરળના ઉદાહરણને ટાંકીને થરૂરે કહ્યું કે, તે અકલ્પ્ય છે કે, યુડીએફનું નેતૃત્વ કરતી કોંગ્રેસ અને એલડીએફનું નેતૃત્વ કરનાર સામ્યવાદીઓ રાજ્યમાં ભાગીદાર બનશે.

થરૂરે ભારપૂર્વક કહ્યું, ‘‘અમે છેલ્લા ૫૫ વર્ષથી એકબીજા સાથે અને ઝઘડા પર લડી રહ્યા છીએ અને છેલ્લી ચૂંટણી સુધી સત્તામાં એકાંતરે રહ્યા છીએ, તેથી તે શક્ય હોવાનો પણ કોઈ પ્રશ્ન નથી. તેમ કહીને તમિલનાડુમાં બાજુમાં જ એક જ પક્ષ, સીપીઆઈ(એમ), સીપીઆઈ, કોંગ્રેસ, અમારા સહયોગી મુસ્લિમ લીગ અને ડીએમકે બધા ભાગીદારો છે. ભાગીદાર રહ્યા છે અને ભાગીદાર તરીકે ચાલુ રહેશે, કોઈ મુદ્દો નથી. આખરે જ્યારે ૪ જૂનના રોજ ગણતરીના દિવસની વાત આવશે, ત્યારે મને કોઈ શંકા નથી કે, આ તમામ પક્ષો સાથે મળીને પ્રચાર કરી રહ્યા છે કે નહીં, તૃણમૂલ કોંગ્રેસ સહિત જ્યારે અમારી ભાજપને સત્તામાં આવતા રોકવા માટે પૂરતી સંખ્યા હશે. અમે સાથે હોઈશું. કોંગ્રેસ સાથે ગઠબંધન ન હોય તેવી પાર્ટીઓમાં તેમના મિત્રો છે, જેઓ તેમને કહેતા હતા કે, ૪ જૂન પછી આપણે સાથે કામ કરીશું.’’

તેમના મતે પ્રથમ તબક્કા પહેલાં જે ‘અહંકારી વર્ણન’ હતું, તે ખતમ થઈ ગયું છે. કોંગ્રેસ નેતાએ કહ્યું, ‘‘હવે મને નથી લાગતું કે, આવનારા કેટલાક સમય સુધી આપણે લોકોને ’અબકી બાર ૪૦૦ પાર’ કહેતા સાંભળીશું.’’ (સૌ.: ન્યૂઈન્ડિયનએક્સપ્રેસ)

# ભાજપનું હિન્દુત્વ ‘ગૌમૂત્રધારી’ છે : ઉદ્ધવ ઠાકરે

(એજન્સી) તા.૫

ઉદ્ધવ ઠાકરેએ એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કેન્દ્ર પર મહારાષ્ટ્રને લૂંટવાનો આરોપ પણ લગાવ્યો હતો.

શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ, શુક્રવારે ભારતીય જનતા પાર્ટી (BJP) પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, ભાજપનું હિન્દુત્વ ‘ગૌમુત્રધારી’ (પ્રતિગામી) છે, જ્યારે તેમની પાર્ટીનું હિન્દુત્વ ‘સુધારાવાદી’ છે. ઠાકરેની ટિપ્પણી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શિવસેના (UBT) પર તેની હિંદુત્વ વિચારધારા પર હુમલો કર્યાના થોડા સમય પછી આવી છે.

ઠાકરેએ રત્નાગિરી-સિંધુદુર્ગ જિલ્લાના કંકાવલીમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કહ્યું, ‘ભાજપનું હિંદુત્વ ગૌમુત્રધારી છે. અમારૂં હિન્દુત્વ સુધારાવાદી છે. જ્યારે ઈન્ડિયાનું ગઠબંધન સત્તામાં આવશે, ત્યારે હું મહારાષ્ટ્રનું ખોવાયેલું ગૌરવ પરત મળે તેની ખાતરી કરીશ.’

તેમના ભાષણ દરમિયાન મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રીએ પણ કેન્દ્ર પર મહારાષ્ટ્રને લૂંટવાનો આરોપ લગાવ્યો હતો.

અગાઉ શુક્રવારે, શાહે ઠાકરેની નિંદા કરતા પ્રશ્ન કર્યો કે, શું તેઓ તેમના ભાષણોમાં સ્વતંત્રતા સેનાની અને હિન્દુત્વના વિચારક વી. ડી. સાવરકરનો ઉલ્લેખ કરી શકે છે.

તેમણે કહ્યું, ‘જો તમને સાવરકરનું નામ લેતા શરમ આવે તો તમે શિવસેનાના વડા તરીકે શું કરો છો. તમે ‘નકલી’ શિવસેના ચલાવી રહ્યા છો. અસલી શિવસેના મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે છે.’ દરમિયાન શાહે બાળાસાહેબ ઠાકરેના વારસાને લઈને ઉદ્ધવ ઠાકરે ઠાકરે પર પણ પ્રહારો કર્યા હતા.

તેમણે કહ્યું, ‘તમને (ઉદ્ધવ) બાળાસાહેબનો વારસો આ રીતે



ના મળે. તમે તેમના પુત્ર હોઈ શકો છો, પરંતુ તેમનો અસલી વારસો નારાયણ રાણે, એકનાથ શિંદે અને રાજ ઠાકરે પાસે છે. તમે તેમનો વારસો છોડી દીધો છે.’

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૩ બેઠકો જીતી હતી, જ્યારે તેની સહયોગી શિવસેનાએ ૧૮ બેઠકો જીતી હતી. એનસીપીને ચાર બેઠકો મળી હતી અને કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી. ભાજપને વધારે બેઠકો મળી હોવા છતાં, શિવસેના (અવિભાજિત), કોંગ્રેસ અને એનસીપી ‘મહા વિકાસ અઘાડી’ ગઠબંધનનો ભાગ હોવાથી, તેઓએ મહારાષ્ટ્રમાં સરકાર બનાવી હતી. જો કે, ૨૦૨૨માં, એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથે પાર્ટીથી અલગ થઈને ઠાકરેના નેતૃત્વ સામે બળવો કર્યો હતો. શિંદેએ આખરે બીજેપીના સમર્થનથી સરકાર બનાવી દીધી હતી. ત્યારબાદ, ચૂંટણી પંચે એકનાથ શિંદે કેમ્પને ‘શિવસેના’ નામ અને તેના ધનુષ અને તીરનું પ્રતીક ફાળવ્યું હતું.

# સલમાન ખાનના ઘર પાસે ફાયરિંગના મૃતક આરોપીની માતાએ CBI તપાસ માટે બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી

## થાપનની માતાએ દાવો કર્યો હતો કે ૧ મેના રોજ પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા અનુજ પર મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નિર્દયતાથી ત્રાસ આપવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૫

સલમાન ખાનના ઘરની નજીક ફાયરિંગ સંબંધિત કેસના એક આરોપી અનુજ થાપનની માતાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે અને પોલીસ કસ્ટડીમાં તેમના પુત્રના મૃત્યુની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસની માંગ કરી છે. થાપનની માતા રીટા દેવીએ અરજીમાં દાવો કર્યો હતો કે તેમના પુત્રની મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચ દ્વારા હત્યા કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા તેની પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો અને અત્યાચાર કરવામાં આવ્યો હતો. આ અરજીમાં કહ્યું છે કે, અરજદારના પુત્ર અનુજ થાપન સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું અને ક્રાઈમ બ્રાન્ચ, મુંબઈની પોલીસ દ્વારા સલમાન ખાન સાથે મળીને થર્ડ ડિગ્રી ટોર્ચર આપવામાં આવ્યું હતું અને બાદમાં સમગ્ર ઘટનાને આત્મહત્યાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. એડવોકેટ શ્રીરામ પરક્કટ અને રાજવંત કૌર દ્વારા દાખલ કરાયેલી અરજીમાં થાપનના મૃત્યુની સીબીઆઈ દ્વારા તપાસની વિનંતી કરવામાં આવી છે. અરજદારે ૨૪ એપ્રિલથી ૨ મે સુધી પોલીસ અધિકારીઓના સીસીટીવી ફૂટેજ અને કોલ ડેટા રેકોર્ડ્સ (સીડીઆર) સાચવવા માટે પણ વિનંતી કરી છે. તેમણે થાપનના મૃત્યુમાં નવેસરથી પોસ્ટ મોર્ટમ માટે પણ નિર્દેશો માંગ્યા છે. ખાનના ઘરની બહાર થયેલા ગોળીબારના સંબંધમાં કથિત રીતે અન્ય આરોપીઓને શસ્ત્રો પૂરા પાડવા બદલ મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૨૬ એપ્રિલના રોજ થાપનની અન્ય ત્રણ વ્યક્તિઓ સાથે



ધરપકડ કરવામાં આવી હતી. તેને ૩૦ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. દરમિયાન પોલીસે આ કેસમાં મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટની જોગવાઈઓ પણ લાગુ કરી હતી. ૨૯ એપ્રિલના રોજ પોલીસે મકોકાની અરજી કર્યા બાદ થાપન સહિત આરોપીને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે થાપન સહિત ત્રણ આરોપીઓની પોલીસ કસ્ટડી ૮ મે સુધી લંબાવી હતી અને બાકીના આરોપીઓને મેડિકલ ગ્રાઉન્ડ પર જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ૧ મેના રોજ એવી જાણ કરવામાં આવી હતી કે થાપને કથિત રીતે આત્મહત્યા કરી હતી અને ત્યારબાદ ૩ મેના રોજ તેની માતાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# સંદેશખાલી અંગે ભાજપે પૈસાનો ઉપયોગ કરી જૂઠ્ઠાણું ફેલાવ્યું, PM મોદીએ મગરના આંસુ વહાવવાનું બંધ કરવું જોઈએ : મમતા બેનરજી

(એજન્સી) બોલપુર, તા.૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે આરોપ લગાવ્યો કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પૈસાના જોરે સંદેશખાલીનું જૂઠ્ઠાણું ફેલાવ્યું છે. તૃણમૂલ કોંગ્રેસના વડા બેનરજીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મગરના આંસુ’ વહાવવાનું બંધ કરવું જોઈએ કારણ કે, ભાજપ દ્વારા રચવામાં આવેલા કાવતરાનો તાજેતરના સ્ટિંગમાં પર્દાફાશ થઈ ગયો છે.

તૃણમૂલે શનિવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કર્યો, જેમાં દાવો કર્યો કે તે તેના સ્ટેન્ડને સમર્થન આપે છે કે, સંદેશખાલી ઘટના પાછળ ભાજપનો હાથ છે. તૃણમૂલે એક કથિત વીડિયો જાહેર કર્યો, જેમાં સંદેશખાલીમાં ભાજપના મંડલ પ્રમુખ હોવાનો દાવો કરનારા ગંગાધર કાયલને એમ કહેતા સાંભળી શકાય છે કે, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુભેન્દુ અધિકારી સમગ્ર ષડ્યંત્ર પાછળ છે.

જો કે, પીટીઆઈએ તૃણમૂલ કોંગ્રેસ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોની સત્યતાની પુષ્ટિ કરી નથી. બોલપુર લોકસભા બેઠક પરથી તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર અને વર્તમાન સાંસદ શતાબ્દી રોયના સમર્થનમાં એક ચૂંટણી રેલીને સંબોધતા બેનરજીએ આરોપ લગાવ્યો કે, આ જૂઠ્ઠાણું બીજેપી દ્વારા કાવતરૂં કરવામાં આવ્યું હતું અને તેણે કેટલાક લોકોને જૂઠ બોલવા માટે ચૂકવણી કરી હતી.

તેમણે દાવો કર્યો હતો કે, શું કોઈએ ક્યારેય વિચાર્યું હતું કે સંદેશખાલી પર અફવા ફેલાવવા માટે ભાજપ આટલું નીચું જશે ?



આવા ઘૃણાસ્પદ આક્ષેપો કરીને પશ્ચિમ બંગાળની માતાઓનું અપમાન ન કરો. અમારી પાર્ટી પર ખોટા આરોપો લગાવવા માટે પૈસાની ઓફર કરીને તમે રાજ્યની મહિલાઓનું અપમાન કરવાની હિંમત કરશો નહીં.

બેનરજીએ આરોપ લગાવ્યો કે, વીડિયો પર બીજેપી નેતાઓની પ્રતિક્રિયા જોઈને સ્પષ્ટ હતું કે તેઓ ડરી ગયા હતા. જો કે, જો તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ સહિત કોઈપણ વ્યક્તિએ કોઈ ખોટું કામ કર્યું હોય, તો પાર્ટી અને રાજ્ય સરકાર તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા માટે હંમેશા તૈયાર છે પછી ભલે તે ગમે તેટલા પ્રભાવશાળી હોય.

# કેન્યામાં ભારે વરસાદને કારણે વિનાશ, અત્યાર સુધીમાં ૨૨૮ લોકોનાં મોત અને ૧૬૪ ઘાયલ

(એજન્સી) તા.૫

આફ્રિકન દેશ કેન્યામાં ભારે વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ છે. પૂરમાં મૃત્યુઆંક વધીને ૨૨૮ થયો છે. ગૃહ મંત્રાલયે રવિવારે આ માહિતી આપી. તાજેતરના અઠવાડિયામાં સમગ્ર દેશમાં મૂશળધાર વરસાદને કારણે વ્યાપક પૂર અને ભૂસ્ખલન થયું છે, જે મે મહિનામાં વધુ ખરાબ થવાની ધારણા છે.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે, નીચાણવાળા વિસ્તારો દરિયાકાંઠાના વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં વધુ પૂરની અપેક્ષા છે. તે જ સમયે, પૂર્વ આફ્રિકાની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં પૂરના કારણે ઘરો, રસ્તાઓ, પુલો અને અન્ય માળખાગત ઢોળાવવાળા વિસ્તારોમાં ભૂસ્ખલન/કાદવ-સ્લાઈડ થઈ શકે છે. મંત્રાલયે જણાવ્યું કે ઓછામાં ઓછા



૧૬૪ લોકો ઘાયલ થયા છે, જ્યારે પ્રતિકૂળ હવામાનને કારણે ૨,૧૨,૬૩૦ લોકો વિસ્થાપિત થયા છે.

# ‘અમને ખરીદી નહીં શકાય’ : મૈસુરની મહિલાના પરિવારનો પ્રજ્વલ પર બળાત્કારનો આરોપ; કહ્યું કે, તેનું ‘અપહરણ’ કરવામાં આવ્યું હતું

## મૈસુરમાં મીડિયા સાથે વિશેષ રીતે વાત કરતા હાસનના રેવન્ના હાઉસમાં નોકરી કરતી ૫૫ વર્ષીય મહિલાના પરિવારનો આરોપ છે કે, તેને ૨૯ એપ્રિલના રોજ બોલાવવામાં આવી હતી અને ત્યારથી તે ગુમ છે


(એજન્સી) હાસન, તા.૫

એપ્રિલની રોજીંદી રાત્રે ૫૫ વર્ષીય મહિલાનો એક જૂનો પરીચિત એક મોટરસાઈકલ પર એવો સંદેશો સાથે આવ્યો કે, ‘ભવાની (રેવન્ના) અક્કા’એ તેને બોલાવી છે. તેણે તરત જ જવા માટે પેક અપ કર્યું.

છેવટે જો રેવન્ના પરિવાર ફોન કરે, તો ‘જવું જ પડશે’. તેના પુત્રનું કહેવું છે કે, તે તેને મૈસુર જિલ્લાના એક નાનકડા ગામમાં નજીકના નુક્કડ સુધી લગભગ એક કિમી સુધી લઈ ગયો, જ્યાં તે હીરો હોન્ડા સ્પ્લેન્ડર પર બેઠી અને તેને ભવાનીના પૈતૃક ગામ, સાલીગ્રામામાં લઈ જવામાં આવી. આ ૨૯ એપ્રિલનો દિવસ હતો. ત્યારથી તેને તેની માં વિશે કાંઈ જાણવા મળ્યું નથી. પુત્રનો આરોપ છે કે, પ્રજ્વલ રેવન્ના દ્વારા તેની માં પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. જેના પર સેંકડો મહિલાઓનું જાતીય શોષણ કરવાનો આરોપ છે. તેમની સામેના આરોપો ત્યારે પ્રકાશમાં આવ્યા હતા, જ્યારે મતદાન દિવસની પૂર્વસંધ્યાએ હાસનમાં જનતા દળ (સેક્યુલર) સાંસદના અશ્લીલ વીડિયો ધરાવતી પેન ડ્રાઈવો મોટા પાયે વહેંચવામાં આવી હતી. મહિલાનો પરિવાર એવો પણ દાવો કરે છે કે, ‘તેઓ (રેવન્ના) તેને લઈ ગયા કારણ કે તે તેમની વિરુદ્ધ જુબાની આપી શકે છે.’ ગામની એક નાનકડી ઝૂંપડીમાં પડેલો પુત્ર તે દિવસે તેને રોકી ન શકવાના અપરાધથી બળી જાય છે, તે પરિવારથી ઘેરાયેલો છે, પરંતુ ઓરડામાં એક ખામોશ મૌન છે. તેઓ એ પણ જાણતા નથી કે, તે જીવિત છે કે નહીં. તેઓ હવે તેની રાહ જોયા સિવાય કાંઈ કરી શકે તેમ નથી.

પુત્રએ કે.આર.નગર પોલીસ સ્ટેશને FIR નોંધાવી છે. તેને આરોપ લગાવ્યો છે કે, પ્રજ્વલના પિતા એચ.ડી. રેવન્ના અને રેવન્નાના સહયોગી સતીશ બબન્નાએ તેનું અપહરણ કર્યું હતું. ભાજપના નેતા જી. દેવરાજેગૌડા દાવો કરે છે કે, તેમણે ઓછામાં ઓછા એક વર્ષ સુધી વરિષ્ઠ નેતાઓના ધ્યાન પર આ મુદ્દો લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ નિષ્ફળ રહ્યા. એપ્રિલના છેલ્લા અઠવાડિયે હાસનના રેલવે સ્ટેશનો અને બસ સ્ટેન્ડ પર મહિલાઓના કપડાં ઉતારવા અને યૌન શોષણનો વીડિયો ધરાવતી પેન ડ્રાઈવ મળી આવી હતી. કેટલાક કથિત રીતે જેડી(એસ)ના નેતા એચડી રેવન્ના અને પૂર્વ વડાપ્રધાનના પૌત્ર એચ.ડી. દેવેગૌડાના પુત્ર પ્રજ્વલને દર્શાવતા હતા. મહિલાના પરિવારનું કહેવું છે કે, તેણે ત્રણ વર્ષ પહેલાં તેના પતિ અને બહેન સાથે હસન જિલ્લાના ગન્નીખેડા તરીકે ઓળખાતી જગ્યાએ રેવન્નાના ખેતરમાં કામ કર્યું હતું. તેઓ દાવો કરે છે કે, તે એક વીડિયોમાં દેખાતી મહિલા છે, જે પ્રજ્વલને તેની સાથે બળાત્કાર ન કરવા માટે ભીખ માંગતી અને વિનંતી કરી રહી છે. ‘‘બેડા અન્ના, બિટબીડી (ભાઈ, મહેરબાની કરીને મને છોડી દે )’’ ફરિયાદ અનુસાર પુત્રને તેના મિત્રોએ કહ્યું હતું કે, વીડિયોમાં તેની ‘‘માતાના પગ દોરડાથી બાંધેલા હતા અને પ્રજ્વલ અન્ના તેની સાથે બળાત્કાર કરી રહ્યો હતો.’’

અશ્લીલ વીડિયો સામે આવ્યા બાદ પુત્રએ નજીકની કાવેરી નદીમાં કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સંબંધીઓ દ્વારા સમયસર તેને બચાવી લેવામાં આવ્યો હતો. એક પરિવાર માટે આ આઘાત ખૂબ જ ગંભીર છે, જેણે ક્યારેય કલ્પના પણ કરી ન હતી કે, તેઓ આવા વંટોળમાં ફસાઈ જશે. એક પોલીસકર્મી હવે તેમના ઘરની સામે બેઠો છે, જે જેઓ સહાનુભૂતિભર્યા ચહેરા સતથએ પસાર થઈ રહેલા પાડોશીઓ સિવાય અન્ય કંઈપણ જોઈ રહ્યો નથી. હાસનના કાર્યકરોને ડર છે કે, વધુ મહિલાઓ અથવા સમગ્ર પરિવારો આત્યંતિક પગલાં લઈ શકે છે. કારણ કે, આ પ્રકારના કૌભાંડમાં સામેલ હોવા સાથે જોડાયેલ કલંક તેમના માટે તેમના સમુદાયોમાં ટકી રહેવાનું મુશ્કેલ બનાવશે. સ્ત્રીના પરિવારની વાત કરીએ તો તેમનું ઘર તેના બાળકોના જીવનસાથી અને પૌત્રો સહિત સંબંધીઓથી ભરેલું છે. બધા તેના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છે. તેના પતિ આકાશમાં ખાલી નજરે જોતા વધુ બોલતા નથી. તેનો ભાઈ તેની છાતી કૂટતા કહે છે, ‘‘તેઓએ કદાચ વિચાર્યું કે, આ ગરીબ લોકો અમારું શું કરી શકે છે અને તેણીને લઈ ગયા... અનેમને આ જ વાત ની પીડા છે.’’ અત્યાર સુધી અશ્લીલ વીડિયોમાં જોવા મળતી મહિલાઓ સામે આવીને ફરિયાદ નોંધાવવામાં આનાકાની કરતી હતી. હોલેનરસીપુરા શહેર અને આસપાસના વિસ્તારોને ભયની માનસિકતાએ ઘેરી લીધું છે. દેવેગૌડા વંશ, જેમાંથી પ્રજ્વલ વંશજોમાંથી એક છે, લગભગ અડધી



સદીથી અહીં સત્તામાં છે. કદાચ આ કારણે જ અહીંના લોકોને ડર છે કે, જો તેઓ રાજવંશ વિરુદ્ધ બોલશે તો તેમનો જીવ જોખમમાં આવી જશે. સ્થાનિકો આક્ષેપ કરે છે કે, આ શહેરમાં કથિત જાતીય શોષણની એટલી હદ હતી કે, પરિવારો ઘણીવાર યુવતીઓને લગ્નમાં લાવતા ન હતા, આ ડરથી કે તેઓ રેવન્ના પરિવારના સભ્યોને ‘પસંદ’ કરશે. જેઓ યુવતીઓની વિગતો મેળવશે અને પછીથી તેમને ઘરે ફોન કરશે. નજીકના દરેક વ્યક્તિએ રેવન્ના પરિવાર વિશે માત્ર શાંત શ્વરમાં વાત કરી હતી. તેમ છતાં શહેરના લોકોનું કહેવું છે કે, અશ્લીલ વીડિયોની સંખ્યા તેમના માટે પણ અસંસ્કારી આઘાત સમાન છે. આ પૃષ્ઠભૂમિમાં મહિલાના પરિવારે મીડિયાને તેમની કરમકથની સંભળાવી. ‘અમને જૂઠું બોલવામાં આવ્યું હતું’

તેઓ કહે છે કે, તેણીએ વર્ષોના શોષણ પાછળ છોડી દીધા હતા.

કેમ કોઈને કહ્યા વિના ત્રણ વર્ષ પહેલાં એક દિવસ તેણીએ અચાનક હાસનના રેવન્ના ફાર્મમાં હવે કામ ન કરવાનું નક્કી કર્યું અને તેના બદલે રોજિંદા મજૂર તરીકે જીવન કમાવવાનું શરૂ કર્યું. પરંતુ નિયતિ મુજબ ત્રણ વર્ષ પછી રેવન્ના પરિવારે તેને ફરીથી બોલાવી અને તેના પરિવારનું કહેવું છે કે, તે ના પાડી શકી નહીં. તેના ભાઈ કહે છે કે, હાસનમાં મતદાનના થોડા દિવસો પહેલાં જ્યાં પ્રજ્વલ ઉમેદવાર છે. તેને રેવન્નાના ઘરે બોલાવવામાં આવી હતી. તે ૨૬ એપ્રિલે (મતદાન દિવસ) પરત ફરી.

તેમના જણાવ્યા મુજબ રેવન્નાના સહયોગી બબન્નાએ દેખીતી રીતે તેને અને તેના પુત્રને કહ્યું હતું કે, તે(મહિલા) CCTV કેમેરામાં ‘બોગસ વોટ નાખતી’ કેદ થઈ હતી અને જેલનો સામનો કરવો પડ્યો હતો. ભાઈ કહે છે કે, જો પોલીસ દરવાજો ખટખટાવતા આવે તો તેમને કંઈ ન કહેવાનું કહેવામાં આવ્યું હતું. ભાઈએ ધ મીડિયાને જણાવ્યું, આ વખતે તેને સાલીગ્રામમાં લઈ જવા માટે બબન્ના ૨૯ એપ્રિલના રોજ ફરીથી ઘરે આવ્યો, તેણે ઉમેર્યું કે બીજા દિવસે તેમની બહેન જે સાલીગ્રામામાં કામ કરતી હતી. તે મહિલાને ત્યાં જોઈ અને તે શા માટે અહીં. રેવન્ના ઘરે છે, તે વિશે પૂછપરછ કરી. પરિવારનો દાવો છે કે, બહેન સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને તેને પોતાના કામકાજમાં ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું હતું. બહેન કહે છે કે, બાદમાં તેણે બબન્નાને મહિલાને સાલીગ્રામાથી અન્ય સ્થળે લઈ જતા જોયા હતા. પરિવારને ખબર નથી કે, તેણીને આગળ ક્યાં લઈ જવામાં આવી હતી.

૨૯ એપ્રિલ પછી પુત્રએ બબન્નાને ફોન કરીને તેનું ઠેકાણું પૂછ્યું પરંતુ તેણે ફરીથી ‘જૂઠું બોલ્યું’, પરિવારના એક સભ્યનો આરોપ છે. ‘‘બબન્નાએ અમને કહ્યું કે, એક જૂનો કેસ ખૂલ્યો હતો. જેમાં તે રેવન્ના સાથે લાકડી લઈને જતી જોવા મળે છે. પોલીસે તેણીને કસ્ટડીમાં લીધી છે અને પુત્રએ પણ ભૂગર્ભમાં જવું જોઈએ અને કોઈને કહેવું જોઈએ નહીં.’’

આ ફોન કોલના એક દિવસની અંદર અશ્લીલ વીડિયો પ્રકાશમાં આવ્યો હતો. જેના કારણે તેના પરિવારજનો અને મિત્રોને તેણીની પૂછપરછ કરવાની ફરજ પડી. પરિવારનું કહેવું છે કે, ત્યારે જ તેમને ખબર પડી કે, તેનું અપહરણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેઓએ સ્થાનિક સમુદાયના નેતાઓની મદદથી મૈસુરના પોલીસ અધિક્ષક (SP)નો સંપર્ક કર્યો અને તેમને SITને નિર્દેશિત કરવામાં આવ્યા અને FIR દાખલ કરવામાં આવી. બબન્ના હાલમાં પોલીસ કસ્ટડીમાં છે, જ્યારે પ્રજ્વલ જર્મનીમાં છે અને તેના પિતા એચ.ડી. રેવન્નાએ મૈસુરની ૫૫ વર્ષીય મહિલાના અપહરણના કેસમાં ધરપકડ પૂર્વે જામીન માંગ્યા છે. (સૌ.: ધ પ્રિન્ટ.કોમ)

### વાઘોડિયામાં દબંગ નેતા મધુ શ્રીવાસ્તવના ભાજપ પર આકરા પ્રહારો

# ટેન્કર ભરીને દારૂ પીવડાવ કે ટ્રક ભરીને ખવડાવ તને ૧૦૧ ટકા લોકો હરાવશે

### મારા કાર્યકરોનો કોલર જો કોઈ પકડશે તો તેને ગોળી ન મારૂં તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો આજે અંતિમ દિવસ હતો ત્યારે પ્રચારના છેલ્લા દિવસે ઉમેદવારોએ પ્રચાર કર્યો હતો. વાઘોડિયામાં કોંગ્રેસના ઉમેદવાર કનુભાઈ ગોહિલના પ્રચાર અંગે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પણ હાજર રહ્યા હતા. પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે વાઘોડિયામાં ભાજપના ઉમેદવાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં કોઈ વ્યક્તિએ એમનું ઘર જોયું નથી અને જોયું હોય તો હું રાજકારણ છોડી દેવા તૈયાર છું. મેં તો હંમેશા લોકોના કામ કર્યા છે. ક્યારેય લોકોને કામ માટે ના પાડી નથી અને કોઈની પાસે ચૂંટણી ફંડ પણ માગ્યું નથી. મેં હંમેશા સેવક બનીને લોકોની સેવા કરી છે. ભાજપને વાઘોડિયામાં જન્મ આપનાર જ મધુ શ્રીવાસ્તવ છે અને વાઘોડિયામાં ભાજપને હરાવનાર પણ મધુ શ્રીવાસ્તવ છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, આ વખતે ટોપલા ભરીને લગાડ, ટ્રક ભરીને લગાડ કે ટેક્રર ભરીને ખવડાવ કે દારૂ પીવડાવ, તને ૧૦૧ ટકા લોકો હરાવશે. પૈસાના જોડે જીતવા માટે નીકળ્યા છે તારા કાર્યકરો લોકોની જમીન લખાવી લે છે. મેં તો તન મન અને ધનથી ક્ષત્રિય સમાજને ટેકો આપ્યો છે.

તેઓએ ઉમેર્યું કે, હિન્દુ મુસ્લિમ શીખ અને ઈસાઈ તમામ ધર્મના મારા કાર્યકરો છે અને મારા કાર્યકરોનો કોલર જો કોઈ પકડશે તો તેને ગોળી ન મારું તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહીં. મારા કાર્યકરોને મારવાનો કોઈ પ્રયાસ કરતા નહીં. ચૂંટણી તો આવશે અને જતી રહેશે. હું લડી લેવાની તાકાત ધરાવું છું. ત્યારે ભાજપ પર આકરા પ્રહાર કરતા તેઓએ જણાવ્યું કે, કયા મૂરખે તમને સલાહ આપી કે, તમે રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા અને ભાજપવાળા કાન ખોલીને સાંભળી લે, ઈક્રમટેક્સવાળાને મોકલો, જેને મોકલવા હોય એને મોકલો, મારા ઘરના દરવાજા ખુલ્લા છે, જેલમાં જવાની મારી તૈયારી છે. આ ઉપરાંત મધુ શ્રીવાસ્તવે ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા અને આ વખતે કોંગ્રેસને મત આપવા માટે અપીલ કરી હતી.

### કનુ દેસાઈના નિવેદનથી કોળી સમાજમાં ભારે રોષ

# કોળી સમાજ અંગે વિવાદિત નિવેદન મામલે નાણામંત્રીના રાજીનામાની કરાઈ માંગ

### આ મામલે સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડમાં કોળી સમાજના આગેવાનો દ્વારા કલેકટરને આવેદન

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ/આણંદ,તા.૫

પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલ ટિપ્પણી અંગેનો વિવાદ શમવાનું નામ નથી લેતો ત્યારે હવે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા કોળી સમાજ વિરૂદ્ધ કરેલા અપમાનજનક નિવેદનનો સમગ્ર રાજયમાં વિરોધ થઈ રહ્યો છે. સુરેન્દ્રનગર, આણંદ અને વલસાડ સહિત જિલ્લામાં કોળી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં કોળી સમાજ દ્વારા વિરોધ દર્શાવી કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યો હતો, ત્યારે આ અંગે આવનાર સમયમાં વિરોધ ઉગ્ર બને તેવી શકયતાઓ જોવા મળી રહી છે. વલસાડના પારડીના ઓરવાડા ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં નાણામંત્રી કનુ દેસાઈએ એક વિવાદિત નિવેદન આપ્યું હતું કે કોળિયા કુટાય અને ધોડિયા ચૂંટાય. બે અઠવાડિયા પહેલા આપેલા તેમના આ નિવેદનને લઈને કોળી સમાજમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે અને સમાજ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે ત્યારે આવનાર દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બને તેવી શકયતા છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે સમસ્ત કોળી સમાજ વતી આગેવાનોએ આવેદનપત્ર પાઠવી વિરોધ કર્યો હતો. તેમજ અપમાનજનક નિવેદન બદલ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા માફી માગવામાં આવે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી. આ અંગે આગામી દિવસોમાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમસ્ત કોળી સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ૧૯ જેટલા ગામોના કોળી સમાજના આગેવાનો દ્વારા પણ તારાપુર મામલતદાર કચેરી સામે વિરોધ પ્રદર્શન કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું તેમજ કોળી સમાજ વિશે ટિપ્પણી કરનાર કનુ દેસાઈ વિરૂદ્ધ ગુનો નોંધવા માટે તારાપુર પોલીસ મથકમાં અરજી આપી હતી. તેમજ આ અંગે કનુ દેસાઈ માફી માંગે નહી તો તારાપુર તાલુકામાં ૩૫ હજાર મત ધરાવતો કોળી સમાજ ભાજપ વિરૂદ્ધ મતદાન કરી ઝડબાતોડ જવાબ આપશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે બીજી તરફ નવસારી કોંગ્રેસ અને કોળી પટેલ સમાજના અગ્રણીઓએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રાજયના નાણામંત્રીના રાજીનામાની માંગ કરી હતી. કોળી પટેલ સમાજમાં ભાજપ વિરૂદ્ધ વિવાદનો મધપુડો છંછેડાતા રાજય નાણામંત્રીને વાપી ખાતે ભાજપ પ્રચાર દરમ્યાન વિવાદિત નિવેદન અંગે પૂછતા તેઓએ આ મુદ્દે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.



આગામી ૭મી મેએ રાજયમાં લોકસભાની ચૂંટણી હોવાથી આજરોજ ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ હતો. છેલ્લી ઘડીએ રાજકીય પક્ષો મતદારોને રીઝવવા પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા હતા. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલની આગેવાની હેઠળ કોંગી ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ બનાસકાંઠામાં ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટર મારફતે જવા નીકળ્યા હતા. જે તસવીરમાં દૃશ્યમાન થાય છે.

## મોડાસા : મતદારોમાં જાગૃતિ અંગે રન ફોર વોટ યોજાઈ : નગરજનો-અધિકારીઓ જોડાયા

મોડાસા, તા.૫



અરવલ્લી જિલ્લામાં લોકશાહીના અવસરમાં વધુમાં વધુ લોકો મતદાન કરી સહભાગી બનેતે માટે મતદાન જાગૃતિ અભિયાન મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્ય દ્વારા પ્રેરિત અને ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રશસ્તી પારિક દ્વારા માર્ગદર્શિત તેમજ સ્વીપ નોડલ ઓફિસર નૈનેશ દવે અને અન્ય નોડલ ઓફિસરના સયુંકત ઉપક્રમે સાત મેં સુધી મતદાર જાગૃતિ અંગેનો ઈન્ટેન્સિવ પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે મોડાસા ખાતે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર વોટના આ કાર્યક્રમમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિક SP શૈફાલી બારવાલ પણ આ રનમાં જોડાયા હતા, સાથે પોલીસ જવાનો અરવલ્લી જિલ્લાના સંકલનના અધિકારીઓ અને વિવિધ કચેરીઓનો સ્ટાફ, શિક્ષકો, ભાવી મતદાર એવા યુવાનો અને અરવલ્લી જિલ્લાના અન્ય નાગરિકો બહોળી સંખ્યામાં રન ફોર વોટમાં જોડાયા હતા. અરવલ્લી જિલ્લામાં રન ફોર વોટ કાર્યક્રમમાં સમગ્ર નગરજનોને અને જિલ્લા સંકલનના તમામ અધિકારીઓને આ રેલીમાં જોડાઈને મતદાર જાગૃતિનો સંદેશ પૂરો પાડવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રશસ્તી પારિક દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં રન ફોર વોટની શરૂઆત મોડાસા ચાર રસ્તા ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા લીલી ઝંડી આપીને શરૂઆત કરાવવામાં આવી હતી જે મોડાસાના માર્ગોથી થઈને કુમકુમ પાર્ટી પ્લોટ સુધી સમાપ્ત કરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીએ રન ફોર વોટ રેલીમાં ભાગ લેનાર તમામનું અને ૧૫ દિવસ સુધી યોજાયેલ વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમમાં જોડાવા બદલ અને આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસવડા, જિલ્લા વિકાસ અધિકારી, અન્ય વિભાગીય અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

## દસાડાના વિસાવડી રોડ પર ડમ્પરની અડફેટે રિક્ષાચાલકનું મોત નિપજ્યું

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામા બેફામ ચાલતા ડમ્પર ચાલકો અવારનવાર અકસ્માત સર્જી રહ્યા છે ત્યારે ફરી અકસ્માતની ઘટના બની છે જેમાં વિસાવડી રોડ વિહતમાતાના મંદિર પાસે ડમ્પરે લોડીંગ રિક્ષાને અડફેટે લેતાં રીક્ષા ચાલકનુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ વડગામના પિતા પુત્ર લોડીંગ રિક્ષામાં લાકડા ભરી જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બેફામ ડમ્પર ચાલકે ટક્કર મારતા રિક્ષા ફંગોળાઈ હતી અને રિક્ષાચાલકને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. સગીરને કોઈ ઈજા પહોંચી ન હતી જ્યારે ગંભીર ઈજાને પગલે ૩૧ વર્ષીય મુકેશ કરશનભાઈ રાવળ (રહે.વડગામ,તા.દસાડા)નું મોત થયું હતું. અકસ્માત સર્જી અજાણ્યો ડમ્પરચાલક ફરાર થયો હતો. બનાવની જાણ થતા ઝીંઝુવાડા પોલીસ પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પાટડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## ભાજપના નેતાઓની હત્યાનું કાવતરૂં ઘડવા બદલ સુરતમાંથી મૌલવીની ધરપકડ

સુરત, તા.૫

સુરતમાં રહેતા સનાતન સંઘના અધ્યક્ષને મારી નાખવાની ધમકી આપનાર તેમજ દેશના અન્ય હિન્દુ નેતાઓને મારી નાખવા પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ સાથે વર્ચ્યુઅલ નંબર મારફતે સંપર્કમાં રહી કાવતરૂં ઘડવાના આક્ષેપ સબબ કામરેજના કઠોર ગામના મૌલવીને સુરત ક્રાઈમ બ્રાન્ચે ભરીમાતા ફૂલવાડી રોડ ખાતેથી ઝડપી વધુ પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ચોકબજાર ભરીમાતા ફૂલવાડી ખાડી રોડ આઈકરા એપાર્ટમેન્ટ પાસેથી સોહેલ ઉર્ફે મૌલવી અબુબકર ટીમોલ (ઉ.વ.૨૭) (રહે.અંબોલી, કઠોર ગામ, સુરત. મૂળ રહે.દેવળ ફળિયું, નવાપુર, જી.નંદુરબાર, મહારાષ્ટ્ર )ને ઝડપી પાડી તેની પાસેથી મોબાઈલ ફોન કબજે કર્યો હતો. કઠોર ગામના મદ્રેસામાં હાફિઝ અને આલીમ સોહેલ કઠોર અને અંબોલી ગામમાં મુસ્લિમ બાળકોને ઈસ્લામ ધર્મ અંગેનું ખાનગી ટ્યુશન આપે છે તેમજ લસકાણા ડાયમંડનગર ખાતે ધાગા ફેકટરીમાં મેનેજર તરીકે નોકરી પણ કરે છે. વધુમાં મળતી માહિતી મુજબ સોહેલ સંખ્યા બંધ વ્હોટ્સએપ ગ્રુપ અને અન્ય સોશિયલ મીડિયા મારફતે ઘણા લોકો સાથે સંપર્કમાં હતા. તે પાકિસ્તાનના ડોગર અને નેપાળના શેહનાઝ ઉપરાંત પાકિસ્તાન, વિયેતનામ, ઈન્ડોનેશીયા, કઝાકીસ્તાન અને લાઓસના ઘણા લોકો સાથે સંપર્કમાં રહી ગ્રુપમાં ભારતના રાષ્ટ્રધ્વજ અંગે અભદ્ર ટીપ્પણી કરતો હતો. ક્રાઈમ બ્રાન્ચે તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચે ઝડપેલા સોહેલે ચાર મહિના પહેલા શોભાયાત્રા અંગે સોશિયલ મીડિયામાં કોમેન્ટ કરતા તેની ગ્રામ્ય પોલીસે પૂછપરછ કરી હતી. જો કે તે સમયે તેની પ્રવૃત્તિ અંગે ગ્રામ્ય પોલીસને વધુ વિગતો મળી નહોતી. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ રિમાન્ડ માંગી વધુ તપાસ હાથ ધરનાર હોવાનું જાણવા મળે છે.

### હાજીઓનો સમય બચાવવાના હેતુસર

## પ્રાંતિજમાં હજયાત્રાએ જનારાઓ માટે સમૂહ મિલન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

પ્રાંતિજ, તા.૫



(તસવીર :- એમ. ઉમર મુન્શી, પ્રાંતિજ)

પ્રાંતિજથી હજ્જે બયતુલ્લાહ જતાં હાજી સાહેબોની મુલાકાત માટે ગતરાત્રે સુન્ની વ્હોરા જમાતખાનામાં સમૂહ હજ મિલનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

ત્યારે સુન્ની પટણી વ્હોરા સમાજના યુવાનોએ આર.વી. ફ્રેન્ડઝ કંપનીના નેજા હેઠળ તા.૪ને શનિવારની રાત્રે સમૂહ હજ મિલનનો કાર્યક્રમ ગોઠવી હાજીઓના સમય અને સગવડ સાચવવા પ્રયાસ કર્યો હતો. સમાજમાંથી કોઈપણ હજની સફરે જાય ત્યારે ગ્રામજનો તેઓના ઘરે મળવા - મુબારકબાદી આપવા જુદા-જુદા સમયે જતાં હોય છે. જેને લીધે મળવામાં હાજીઓનો ઘણો સમય વેડફાય છે, તો વળી આવનાર પરિજનની આગતા સ્વાગતામાં ગૃહિણીઓને પણ અગવડ વેઠવી પડતી હોય છે. તે નિવારવાના આશયથી આર.વી. ફ્રેન્ડસ કંપની દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી હજમાં જતાં ગામના હાજીઓને બોલાવી સમૂહ હજ મિલનનો પ્રોગ્રામ ગોઠવવામાં આવે છે, તો હજ પૂર્વેના જમણવાર તથા હજ્જે બયતુલ્લાહથી પરત આવ્યા બાદ અપાતી ભેટ-સોગાતનો પ્રેમપૂર્વક સાદર અસ્વીકાર કરવાની લોકજાગૃતિ કેળવવા પેમ્ફલેટનું વિતરણ કરાયું હતું.

ગતરાત્રે સુન્ની વ્હોરા જમાતના ૧૫ જેટલા હાજી સાહેબોને મળવા મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડ્યા હતા. પ્રોગ્રામમાં એનાઉન્સર તરીકે મૌલાના અસગરઅલીએ ફરજ બજાવી હતી. તો સાથે-સાથે હજ્જ દરમ્યાનની ઉપયોગી માહિતી પણ આપી હતી. સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા આર.વી. ફ્રેન્ડસ કંપનીના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

## અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસેથી ગાંજાના જથ્થા સાથે કિશોર ઝડપાયો




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસેથી બી-ડિવિઝન પોલીસે. ૩ લાખ ૬૮ હજાર રૂપિયાના ગાંજાના જથ્થા સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડ્યો હતો અને પાંચ શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેઓને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસને મળેલી માહિતીના આધારે વાલિયા ચોકડી નજીક હોટલ તરફ જવાના નાળા પાસેથી ચાર ટ્રાવેલિંગ બેગમાંથી ગાંજાના જથ્થા સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરને પકડી પાડ્યો હતો. બી-ડિવિઝન પોલીસે રૂપિયા ૩ લાખ ૬૮ હજારનો ગાંજાનો જથ્થો કબ્જે કરી રાહુલ, રાજ, પાંડુ અને રાકેશ તેમજ તેમના શેઠને વોન્ટેડ જાહેર કરી તેઓને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

### ક્ષત્રિય સમાજે ઉદારતા દાખવી રૂપાલાને માફ કરવા જોઈએ

## ક્ષત્રિય સમાજને ત્યાગ અને બલિદાનની પ્રતીતિ કરાવવા ભાજપના પ્રદેશ અગ્રણીઓની ક્ષત્રિય સમાજને અપીલ

અમદાવાદ, તા.૫

આગામી વર્ષોમાં વિશ્વમાં ભારતને "વિશ્વ ગુરૂ" બનાવવાની શરૂ થયેલી પ્રક્રિયામાં નરેન્દ્ર મોદીને સંપૂર્ણ સહયોગ અને સમર્થન આપવા ભારતીય જનતા પાર્ટીના તમામ ક્ષત્રિય આગેવાનોએ ક્ષત્રિય સમાજને હૃદયપૂર્વકની અપીલ કરી છે. આ તમામ ક્ષત્રિય આગેવાનોને જણાવ્યું છે કે, પરષોત્તમ રૂપાલાના નિવેદનથી દુઃખ અને આઘાત ક્ષત્રિય સમાજને લાગ્યા છે. એટલો જ આઘાત ભાજપના ક્ષત્રિય આગેવાનો અને કાર્યકર્તાઓને પણ લાગ્યો છે. સૌના આઘાતની આ લાગણીને તુરંત જ ધ્યાનમાં લઈને ખરા દિલથી પરષોત્તમ રૂપાલાએ એક કરતા વધુ વખત પોતાના વિધાન બદલ દિલગીરી વ્યક્ત કરી ક્ષત્રિય સમાજની માફી પણ માંગી છે. રૂપાલાએ એમ પણ કહ્યું છે કે, ભૂલ મેં કરી છે તો તેની સજા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શા માટે કરો છો? એમ કહીંને પણ રૂપાલાએ વારંવાર માફી માંગી છે. ત્યારે રાષ્ટ્રહિતમાં ક્ષત્રિય સમાજે પણ ઉદારતા દાખવી ક્ષમા વિરસ્ય ભૂષણમના ક્ષત્રિય ધર્મને સાર્થક કરી માફી આપી પોતાની ગૌરવવંતી પરંપરા સાથે ત્યાગ અને બલિદાનની ભાવનાની પણ પ્રતીતિ કરાવવી જોઈએ. ભારતીય જનતા પક્ષના ક્ષત્રિય સમાજના પ્રદેશ અગ્રણીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે. જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, માંધાતાસિંહ જાડેજા, કેસરીદેવસિંહ ઝાલા (રાજયસભા સભ્ય) બળવંતસિંહ રાજપૂત (મંત્રી), જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા (પ્રદેશ ભાજપ પ્રમુખ), કિરીટસિંહ રાણા (ધારાસભ્ય), ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા, ધારાસભ્ય), સી.કે. રાઉલજી (ધારાસભ્ય), અરૂણસિંહ રાણા (ધારાસભ્ય), વિરેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય) તથા પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય) એક સંયુક્ત નિવેદનમાં ક્ષત્રિય સમાજને અપીલ કરતા જણાવ્યું છે કે, ભાજપાની ગુજરાત અને કેન્દ્રની સરકાર દ્વારા થયેલા વિકાસકાર્યોમાં દેશ અને રાજયના અન્ય સમાજની સાથે ક્ષત્રિય સમાજનું પણ યશસ્વી પ્રદાન રહ્યું છે. તમામ ક્ષત્રિય અગ્રણીઓએ જણાવ્યું છે કે, આગામી સમયમાં ભારત વિશ્વમાં સન્માન સાથે વિશ્વની ત્રીજી મહાસત્તા બનવા જઈ રહ્યું છે. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનનું સંપૂર્ણ સહયોગ આપી આ પ્રક્રિયામાં સહભાગી બનીએ. રૂપાલાએ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ ક્ષત્રિય સમાજની હૃદય પૂર્વક બે હાથ જોડીને માફી માંગી છે. ત્યારે ક્ષત્રિય ભાઈઓએ પણ ક્ષમા વીરસ્ય ભૂષણમની પોતાની યશસ્વી અને ગૌરવ વંતી પરંપરા અને સ્વભાવને સાર્થક કરવાનો આ અમૂલ્ય અવસર છે. છેલ્લા દસ વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, વિજ્ઞાન, ઉદ્યોગ, સંરક્ષણ, વિદેશનીતિ, સર્વસમાવેશકતા સાથે પ્રત્યેક નાગરિકનો વિકાસ, આર્થિક સુધારણા, હેલ્થ કેર રિફોર્મ, શિક્ષણ સુધારણા અને આંતરરાષ્ટ્રીય પ્રભુત્વ સાથે દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. આગામી વર્ષોમાં પણ આ જ વિકાસ પ્રક્રિયા વધુ તેજ ગતિએ આગળ વધવાની છે ત્યારે આ ચૂંટણીઓમાં ક્ષત્રિય સમાજ ઉદારતા દાખવી ભાજપાના ઉમેદવારોને જ મત આપી મોદીના સંકલ્પને સાકાર કરવામાં પોતાનું મહામૂલુ પ્રદાન આપશે, તેવી શ્રદ્ધા ભારતીય જનતા પક્ષના ક્ષત્રિય સમાજના પ્રદેશ અગ્રણીઓએ વ્યક્ત કરી છે.

## અરવલ્લીમાં ૨૧ સખી મતદાન મથકો ઊભા કરવા આયોજન

મોડાસા, તા.૫

લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે સમગ્ર દેશમાં ૧૯ એપ્રિલ ૨૦૨૪થી ૧ જૂન ૨૦૨૪ સુધી સામાન્ય ચૂંટણીઓ યોજાશે. જેમાં ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૭ મે, ૨૦૨૪ના રોજ કુલ ૨૬ લોકસભા સીટ પર મતદાન થનાર છે. અરવલ્લી જિલ્લામાં પણ વધુમાં વધુ મતદાતાઓને મતદાન બુથ સુધી લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નક્કર પગલાઓનું આયોજન છે. ત્યારે મતદાતાઓના આ તમામ જુથોને મતદાન આપવા માટે પ્રોત્સાહન મળે તથા મતદાન માટે સરળતા રહે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એક ખાસ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં જિલ્લાના વિવિધ સ્થળોએ સખી, આદર્શ, યુવા અને દિવ્યાંગો સંચાલિત મતદાન મથકો ઊભા કરી વિશેષ સ્ટાફ દ્વારા આ મતદાન બુથોને સંચાલિત કરવામાં આવશે. જિલ્લામાં ૨૧ સખી મતદાન મથક, ૩ આદર્શ મતદાન મથક, ૩ દિવ્યાંગ સંચાલિત મતદાન મથક અને ૧ યુવા સંચાલિત મતદાન મથક તૈયાર કરવામાં આવશે.

## વિરપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ વર્ષની તરૂણીના લગ્ન થતા અટકાવાયા

વિરપુર, તા.૫

વિરપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સગીરવયના બાળકોને લગ્ન કરાવતા વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે જેમાં એક જાગૃત નાગરિકે દ્વારા અપાયેલી માહિતીના આધારે સમાજ સુરક્ષા અધિકારીની ટીમ વિરપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી ત્વરિત કાર્યવાહી હાથ ધરી યોજાનાર બાળ લગ્ન અટકાવ્યા હતા વિરપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં એક લગ્ન પ્રસંગ હતો જ્યાં કિશોરીની ઉંમર લગ્નની નિર્ધારિત ઉંમર કરતા ઓછી હતી એટલે કે ૧૮ વર્ષ કરતા ઓછી ઉંમર હતી જે અંગેની માહિતી મહીસાગર જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પોલીસ ટીમ સાથે પહોંચી આ બાળ લગ્ન થતા અટકાવી દેવામાં આવ્યા છે જ્યાં કિશોરીની ઉંમર ૧૪ વર્ષ હતી જેથી તેના લગ્ન અટકાવી પરિવાર પાસેથી સગીર લગ્નની નિર્ધારિત ઉંમરનો ન થાય ત્યાં સુધી તેના લગ્ન ન કરવા જે અંગેનું બાંહેધરી પત્ર પણ લેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં હજી પણ કેટલાક વિસ્તારોમાં સગીર વયની કિશોરીઓના લગ્ન થતા હોય છે જો કે આ અંગેની જાણ તંત્રને થતા જ તરત ઘટના સ્થળે પોહચી લગ્ન અટકાવી દઈ પરિવારના સભ્યોને પણ આ અંગે સમજાવવામાં આવે છે.

## આજથી આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

### સોમવારથી શરૂ થનારી ફોર્મ ભરવાની કાર્યવાહી ૫ જૂન સુધી ચાલશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજયમાં આવેલી આદર્શ નિવાસી શાળામાં નવા શૈક્ષણિક વર્ષથી પ્રવેશ માટે સોમવારથી કાર્યવાહી શરૂ કરવાનું નક્કી કરાયું છે. અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ મળી રહે તે માટે ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ માટે સોમવારથી ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ થશે, જેમાં ૫ જૂન સુધી ફોર્મ ભરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સારૂ શિક્ષણ મળી શકે તે હેતુથી રાજયમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાની ૨૫ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થી પ્રવેશ માટે વેબસાઈટ પર ૬ મેથી ૫ જૂન સુધી ઓનલાઈન અરજીઓ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯થી ૧૨માં પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઈન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે. આદર્શ નિવાસી શાળાઓમાં હાલ ભણતા વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે, ત્યારબાદ માન્ય સંખ્યા સામે ખાલી પડેલી બેઠકો મેરિટના ધોરણે ભરવામાં આવશે. નવા વિદ્યાર્થીઓ આગલા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સાથે પાસ હોય તે અરજી કરવા પાત્ર રહેશે. અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના બાળકો, દિવ્યાંગ, વિધવા, ત્યક્તા બહેનોના બાળકોને અગ્રતા આપવામાં આવશે. ધોરણ-૧૧માં પ્રવેશ માટે ધોરણ-૧૦ની માર્કશીટ મળ્યા બાદ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગત વર્ષે ઓનલાઈન પ્રવેશ મેળવેલા વિદ્યાર્થી જો અન્ય આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ મેળવવા માંગતા હશે તો તેમણે ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરિટ યાદી તેમજ અન્ય સૂચનાઓ ઓનલાઈન પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ મેરિટ યાદીમાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોની ચકાસણી અંગે SMS કે ઈ-મેઈલ મારફત જાણ કરવામાં આવશે.

## આણંદ નજીક ટ્રેનમાંથી મુસાફરના મોબાઈલની ચીલઝડપ

આણંદ, તા.૫

આણંદ તાલુકાના વડોદ ગામમાં આવેલા વડવાળા ફળિયામાં રહેતા મહિપતસિંહ ચંદ્રસિંહ મહીડા પાદરા ખાતે કેમિકલ ફેક્ટરીમાં નોકરી કરે છે. ગત તારીખ ૪/૫/૨૦૨૪ના રાત્રિના અગિયાર વાગ્યાના સમયે તેઓ પાદરા મુકામેથી કંપનીનું કામકાજ કરીને ઘરે આવવા માટે નીકળ્યા હતા. તેઓ અમદાવાદ પેસેન્જર ટ્રેનના પાછળના ભાગે જનરલ કોચમાં બેસી આણંદ રેલવે સ્ટેશન આવવા માટે નીકળ્યા હતા અને આણંદ રેલવે સ્ટેશન પર ઉતરી વડોદ જવા માટે આણંદ રેલવે પ્લેટફોર્મ નંબર બે ઉપર ઊભેલી આણંદ વડોદરા મેમુ ટ્રેનમાં બેસી ગયાં હતા અને પોતાનો મોબાઈલ કાઢીને વોટસ એપ મેસેજ જોતા હતા. તે દરમિયાન ઉંમર વર્ષ ૨૫થી ૩૦ની આશરાનો અજાણ્યો ઈસમ તેમના હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયો હતો, જે મોબાઈલની કિંમત ૯ હજાર રૂપિયા હતી. આ બનાવ અંગે મહિપતસિંહ મહીડાએ આણંદ રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### મુખ્ય ચૂંટણી અધિકારીને રજૂઆત કરાઈ

## જૂનાગઢમાં નગરપાલિકાના ફોટાનો દુરૂપયોગ કરવા બદલ કાર્યવાહી કરવા માંગ

જૂનાગઢ,તા.૫

લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા જૂનાગઢના વોર્ડ નંબર ૮ના કોર્પોરેટરના ફોટાનો દુરૂપયોગ કરી તેમની પાર્ટીને નુકસાન કરવા બાબતની રજૂઆત સાથેનું આવેદનપત્ર કલેકટર અને જિલ્લા પોલીસ વડાને કાર્યવાહી કરવા માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ સોનીલાબેન અશરફભાઈ થઈમ જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં એન.સી.પી. પક્ષના ચૂંટાયેલા કોર્પોરેટર છે. અત્યારે વોર્ડ નં.૮મા ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેરમાં બેનર લગાડવામાં આવેલ છે. જેમાં વોર્ડ નં.૨ના સમીનાબેન સાંધના નામની ઉપર તેમનો ફોટો લગાડી તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવામાં આવેલ છે અને ફોટાનો દૂરૂપયોગ કરવામાં આવેલ છે. આ ફોટોના કારણે મતદારોમાં અસંતોષ ફેલાવવાના બદઈરાદાથી ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમના ફોટોનો દૂરૂપયોગ કરવામાં આવેલ છે એટલે આ બેનર્સ છપાવનાર, લગાડનાર ફોટાનો દુરૂપયોગ કરવા બદલ યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી છે.

# J-Kના પૂંચમાં IAF કાફલા પર હુમલો : પૂછપરછ માટે કેટલાક લોકોની અટકાયત, આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલુ

### અધિકારીઓનું કહેવું છે કે, સર્ચ ઓપરેશનમાં સેનાના પેરા કમાન્ડોની ટીમો પણ કામે લાગી છે

(એજન્સી) તા.૫

જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં ભારતીય વાયુસેના (IAF)ના કાફલાના હુમલા પાછળ આતંકવાદીઓ માટે મોટાપાયે સર્ચ ઓપરેશન બીજા દિવસે પણ ચાલી રહ્યું હોવાથી પૂછપરછ માટે ઘણા લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, જમ્મુના અધિક પોલીસ મહાનિર્દેશક આનંદ જૈન અને સેના અને ગુપ્તચર એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓએ સુરનકોટ વિસ્તારમાં ઓચિંતો હુમલો કરવામાં આવ્યો હતો તે સ્થળની મુલાકાત લીધી હતી. સેનાએ હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને એરિયલ સર્વેલન્સ પણ કર્યું હતું. શાહસિતાર નજીક સાંજે થયેલા હુમલામાં IAFના પાંચ જવાનો ઘાયલ થયા હતા અને તેમાંથી એકનું લશ્કરી હોસ્પિટલમાં ઈજાના કારણે મૃત્યુ થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓનો સફાયો કરવા માટે સેના અને પોલીસ દ્વારા શાહસિતાર, ગુરસાઈ, સનાઈ અને શેન્દરા ટોપ સહિતના ઘણા વિસ્તારોમાં સારી રીતે સંકલિત સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે, હુમલાખોરો હુમલો કર્યા બાદ જંગલમાં ભાગી ગયા હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓએ ઉમેર્યું હતું કે, એકે એસોલ્ટ રાઈફલ્સ ઉપરાંત, આતંકવાદીઓએ યુએસ નિર્મિત M4 કાર્બાઈન અને સ્ટીલ બુલેટનો પણ મહત્તમ જાનહાનિ માટે ઉપયોગ કર્યો હતો. IAFએ મૃત્યુ પામેલા હીરોની ઓળખ કોર્પોરલ વિક્કી પહાડે તરીકે કરી છે અને તેના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેણે 'X' પર પોસ્ટ કર્યું કે, 'CAS (ચીફ ઓફ એર સ્ટાફ) એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી અને ભારતીય વાયુસેનાના તમામ કર્મચારીઓ રાષ્ટ્રની સેવામાં પૂંચ સેક્ટરમાં સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુર કોર્પોરલ વિક્કી પહાડેને સલામ કરે છે. શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના. અમે આ દુઃખની ઘડીમાં તમારી પડખે મક્કમતાથી ઊભા છીએ.' અધિકારીઓએ જણાવ્યું હતું કે, સર્ચ ઓપરેશનમાં સેનાના પેરા કમાન્ડોની ટીમોને પણ સેવામાં જોડવામાં આવી હતી. હજુ સુધી આતંકવાદીઓ સાથે કોઈ 'પત્તો' મળ્યો નથી, તેઓએ જણાવ્યું હતું કે, હુમલાના સંદર્ભમાં પૂછપરછ માટે ઘણા લોકોની અટકાયત કરવામાં આવી હતી, જે આ વર્ષે જમ્મુ ક્ષેત્રમાં પ્રથમ મોટી ઘટના છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૫મી મેના રોજ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં મતદાન થવાના છે તેવા જિલ્લાભરમાં વાહનોનું ચેકિંગ સઘન કરવામાં આવ્યું છે. પૂંચ અનંતનાગ-રાજૌરી સંસદીય મતવિસ્તારનો એક ભાગ છે. પૂંચનો સરહદી જિલ્લો, રાજૌરીની સાથે સાથે છેલ્લા બે વર્ષમાં મોટા આતંકવાદી હુમલાનો સાક્ષી બન્યો છે. આ પ્રદેશ ૨૦૦૩ અને ૨૦૨૧ વચ્ચે શાંતિપૂર્ણ હતો.

# બળજબરી કરી PoK કબજે કરવાની જરૂર નથી; ત્યાંના લોકો પોતે જ ભારતમાં જોડાવા ઈચ્છશે : રાજનાથસિંહ

### જમ્મુ-કાશ્મીરમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫



સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જણાવ્યું છે કે, ભારત-પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) પરનો પોતાનો દાવો ક્યારેય છોડશે નહીં પરંતુ તેને બળથી કબજે કરવાની જરૂર નથી કારણ કે, તેના લોકો કાશ્મીરમાં વિકાસ જોઈને પોતે જ ભારતનો ભાગ બનવા માંગશે. મીડિયાને આપેલા એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરમાં જમીની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે અને એક સમય એવો આવશે જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં AFSPA (આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ)ની જરૂર રહેશે નહીં. જો કે, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, આ મામલો કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ડોમેન હેઠળ છે અને તે યોગ્ય નિર્ણય લેશે. તેમણે કહ્યું કે, ત્યાં પણ ચૂંટણી ચોક્કસપણે યોજાશે, પરંતુ ક્યારે યોજાશે તે વિશે અત્યારે કશું ચોક્કસ કહી શકે તેમ નથી. તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે, ભારતે કંઈ કરવાની જરૂર નથી. જમ્મુ અને કાશ્મીરમાં જે રીતે જમીની પરિસ્થિતિ બદલાઈ છે, જે રીતે આ ક્ષેત્ર આર્થિક પ્રગતિનો સાક્ષી છે અને જે રીતે ત્યાં શાંતિ પાછી આવી છે, મને લાગે છે કે, PoKના લોકો તરફથી જ માગણીઓ કરવામાં આવશે કે તેઓ ભારતમાં ભળી જાય.' તેમણે કહ્યું કે, 'આપણે PoK લેવા માટે બળનો ઉપયોગ કરવો પડશે નહીં કારણ કે, ત્યાંના લોકો જ કહેશે કે અમારે ભારતમાં ભળી જવું જોઈએ. આવી માગણીઓ હવે આવી રહી છે.' સંરક્ષણ પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'PoK અમારું હતું, છે અને રહેશે.' તેમણે કહ્યું કે, 'જમ્મુ અને કાશ્મીરમાં જે રીતે પરિસ્થિતિ સુધરી રહી છે, મને લાગે છે કે, એક સમય એવો આવશે જ્યારે ત્યાં હવે AFSPAની જરૂર રહેશે નહીં. તે મારો અભિપ્રાય છે અને તે ગૃહ મંત્રાલયને તેના પર નિર્ણય લેવાનો છે.' AFSPA સુરક્ષા દળોને ઓપરેશન હાથ ધરવા અને કોઈપણ પૂર્વ વોરંટ વિના કોઈપણને ધરપકડ કરવાની સત્તા આપે છે. જો તેઓ કોઈને ઠાર કરે તો તે દળોને પ્રતિકારક શક્તિ પણ આપે છે. રક્ષા મંત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાનના પ્રોક્સી વોરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈસ્લામાબાદે સરહદ પારના આતંકવાદને રોકવો જોઈએ. 'તેઓ ભારતને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને અમે તેને થવા દઈશું નહીં.' સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સીમા પારના આતંકવાદનો સામનો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પુલવામા આતંકવાદી હુમલાના જવાબમાં ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારતના યુદ્ધ વિમાનોએ પાકિસ્તાનના બાલાકોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી પ્રશિક્ષણ કેમ્પ પર હુમલો કર્યો હતો પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં આવ્યા હતા. પાંચ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ભારતે જમ્મુ અને કાશ્મીરની વિશેષ સત્તાઓ પાછી ખેંચવાની અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવાની જાહેરાત કર્યા પછી સંબંધો વધુ બગડ્યા. ભારતે વારંવાર પાકિસ્તાનને કહ્યું છે કે, તે પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઈચ્છે છે અને ભારપૂર્વક જણાવે છે કે, આવા સંબંધો માટે આતંકવાદ અને દુશ્મનાવટથી મુક્ત વાતાવરણ બનાવવાની જવાબદારી ઈસ્લામાબાદની છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો સામનો કરવા માટે 'જડબાતોડ જવાબ'ની નીતિને અનુસરી રહ્યું છે.

# પાકિસ્તાનના રક્ષા મંત્રીએ ઈમરાન પર સેનામાં બળવો કરવાના પ્રયત્નનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ૪ મે શનિવારના રોજ દાવો કર્યો હતો કે, જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ૯ મે, ૨૦૨૩ના રોજ હિંસક વિરોધ દરમિયાન સૈન્યમાં બળવો કરવાનો પ્રયત્ન કર્યો હતો જ્યારે તેમની પાર્ટીના કાર્યકરોએ દેશભરમાં મુખ્ય લશ્કરી સ્થાપનોને નુકસાન પહોંચાડ્યું હતું. ખાનના પક્ષના કાર્યકરોએ જિન્નાહ હાઉસ (લાહોર કોર્પ્સ કમાન્ડર હાઉસ), મિયાંવાલી એરબેઝ અને ફૈસલાબાદમાં આઈએસઆઈ બિલ્ડિંગ સહિત એક ડઝન લશ્કરી સ્થાપનોમાં તોડફોડ કરી હતી. રાવલપિંડીમાં આર્મી હેડક્વાર્ટર (GHQ) પર પણ ટોળાએ પહેલીવાર હુમલો કર્યો હતો. આસિફે લાહોરમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું, તેઓએ (ઈમરાન ખાન અને તેમની પાર્ટી) ૯ મે, ૨૦૨૩ના રોજ સૈન્યમાં બળવો કરવાનો પ્રયત્ન કર્યો હતો અને હવે તેઓ સૈન્ય સંસ્થાન સાથે મંત્રણા કરવા માટે વિનંતી કરી રહ્યા છે. દેશના ઈતિહાસમાં ૯ મે (લશ્કરી સ્થાપનો પર હુમલો)નું આવું કોઈ ઉદાહરણ નથી. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, એક વર્ષ પહેલાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સમર્થકોએ કોર્પ કમાન્ડર હાઉસ લાહોર, GHQ આર્મી હેડક્વાર્ટર, મિયાંવાલી એરફિલ્ડ વગેરે પર હુમલો કર્યો હતો અને સરકાર પાસે આ હુમલાઓના તમામ પુરાવા હતા. તેમણે આરોપ લગાવ્યો, ૯ મેના રોજ રેડલાઈન પાર કરવામાં આવી હતી કારણ કે, નેતૃત્વએ આ પહેલા લશ્કરી સ્થાપનો પર હુમલો કરવાની યોજના બનાવી હતી. આ પાર્ટીએ પાકિસ્તાનની અખંડિતતા વિરુદ્ધ ષડ્યંત્ર રચ્યું છે. મંત્રીએ કહ્યું કે, વડાએ સૈન્ય સંસ્થાન સાથે વાતચીત કરવા માટે ત્રણ સભ્યોની સમિતિ બનાવી છે. તેમને હવે સમજાયું છે કે, રાજકારણમાં વાતચીત જ આગળ વધવાનો એકમાત્ર રસ્તો છે. અમે આ પહેલાંથી જાણતા હતા. ખાને તેમનો પક્ષ વકીલોને સોંપ્યો છે અને વાટાઘાટોની માંગ કરી છે પરંતુ આ માટે ઘણું મોડું થઈ ગયું છે અને ઉમેર્યું કે, ૨૦૨૩માં લશ્કરી સ્થાપનો પરના હુમલાના સંદર્ભમાં ૯ મેના રોજ નેશનલ એસેમ્બલીનું વિશેષ સત્ર યોજવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે, નેતૃત્વએ રમખાણના સંબંધમાં જેલમાં બંધ તેના કાર્યકરોની અવગણના કરી છે. ૭૧ વર્ષીય ઈમરાન ખાન કેટલાક કેસોમાં સજા ભોગવ્યા બાદ ગયા વર્ષે ઓગસ્ટથી રાવલપિંડીની અદિયાલા જેલમાં કેદ છે. ખાન લગભગ ૨૦૦ કેસનો સામનો કરી રહ્યા છે. ખાને આ અઠવાડિયે ટેલિગ્રાફમાં લખ્યું હતું કે, સૈન્ય સંસ્થાનોએ, સૈન્યના વડા, જનરલ અસીમ મુનીરના સીધા માર્ગદર્શન હેઠળ, પાકિસ્તાનના રાજકીય વાતાવરણમાં તેમની પાર્ટીની હાજરીને ખતમ કરવા માટે દરેક યુક્તિ અજમાવી છે, પરંતુ નિષ્ફળ ગયા છે. તેમણે કહ્યું, અમારા ચૂંટણી પ્રતીકના જુલમ, ત્રાસ અને અસ્વીકારનું વ્યાપકપણે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે, પરંતુ તેની કઠપૂતળીઓ તરીકે કામ કરતા સૈન્ય અને શક્તિહીન નાગરિક નેતૃત્વ માટે કંઈ કામ કર્યું નથી. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીઓએ તેમની રચનાની સંપૂર્ણ નિષ્ફળતા દર્શાવી હતી. દરમિયાન ખાને કહ્યું છે કે, તે મંત્રણા કરવા માટે તૈયાર છે પરંતુ ૮ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણીમાં તેમની પાર્ટીના જનાદેશની ચોરી કરનાર કોઈપણ સાથે સોદો કરવા માટે તૈયાર નથી. શુક્રવારના રોજ રાવલપિંડીની ઉચ્ચ સુરક્ષાવાળી અદિયાલા જેલમાં પત્રકારો સાથે વાત કરતા ૭૧ વર્ષીય પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના સ્થાપકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વાટાઘાટો ફક્ત વિરોધીઓ સાથે જ કરવામાં આવી હતી અને તેથી વાતચીત તેમની સાથે થવી જોઈએ જે સૌથી મોટા વિરોધીઓ હતા. ડોન અખબારે શનિવારના રોજ અહેવાલ આપ્યો હતો કે, હાલમાં દેખીતી રીતે લશ્કરી સ્થાપનાનો સંદર્ભ છે.

# માતા-પિતાએ શાળામાં એર કન્ડિશનિંગ સુવિધાનો ખર્ચ ઉઠાવવો જોઈએ : દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) તા.૫

દિલ્હી હાઈકોર્ટે શાળામાં એર કન્ડિશનિંગ માટે માતા-પિતા પાસેથી દર મહિને રૂા.૨૦૦૦ની વસૂલાત સામે દાખલ કરેલી પીઆઈએલ પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો. એક્ટિંગ ચીફ જસ્ટિસ મનમોહનસિંહ અને જસ્ટિસ મનમીત પ્રીતમસિંહ અરોરાની બેન્ચે કહ્યું કે, સ્કૂલમાં એર કન્ડિશનિંગનો ખર્ચ વાલીઓ દ્વારા ઉઠાવવો પડશે કારણ કે, તે વિદ્યાર્થીઓને આપવામાં આવતી સુવિધા છે. કોર્ટે કહ્યું કે, આ લેબોરેટરી ચાર્જ જેવા અન્ય ચાર્જથી અલગ નથી. કોર્ટે કહ્યું કે, આવો નાણાકીય બોજ એકલા સ્કૂલ મેનેજમેન્ટ પર ન મૂકી શકાય અને સ્કૂલ પસંદ કરતી વખતે માતા-પિતાએ સુવિધાઓ અને તેની કિંમત પ્રત્યે સજાગ રહેવું જોઈએ. અરજદાર પિતાએ પિટિશન દાખલ કરીને દલીલ કરી હતી કે, વિદ્યાર્થીઓને એર કન્ડિશનિંગ સુવિધા પૂરી પાડવાની જવાબદારી મેનેજમેન્ટની છે અને તેથી મેનેજમેન્ટે પોતાના ભંડોળ અને સંસાધનોમાંથી આ સુવિધા આપવી જોઈએ. અરજદારનો પુત્ર શાળામાં ધો.૯નો વિદ્યાર્થી છે. જો કે, કોર્ટે નોંધ્યું હતું કે, એર કન્ડિશનિંગ માટે ચાર્જની એન્ટ્રી ફીની રસીદમાં યોગ્ય રીતે નોંધવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે, શાળા દ્વારા લેવામાં આવતી ફીમાં પ્રાથમિક દૃષ્ટિએ કોઈ ગેરરીતિ નથી. કોર્ટે કહ્યું કે, આ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવાનો આર્થિક બોજ એકલા સ્કૂલ મેનેજમેન્ટ પર ન મૂકી શકાય. કોર્ટે કહ્યું કે, શિક્ષણ નિયામક કચેરીએ પણ ફરિયાદો મળ્યા બાદ આ મુદ્દા પર વિચાર કરવો પડ્યો હતો અને અરજી મેન્ટેનેબલ નથી. ઉપરોક્ત ટિપ્પણી કરતાં કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

# 'મુખ્યમંત્રીને તેમનો અવાજ દબાવવા માટે ચૂંટણી પહેલાં જેલમાં ધકેલી દેવાયા' : સુનીતા કેજરીવાલની 'તાનાશાહી' વિરુદ્ધ વોટ આપવા હાકલ

### 'તમારા મુખ્યમંત્રી અને મારા પતિને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે, કોઈપણ કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા નથી, તેઓ કહી રહ્યા છે કે, તપાસ ચાલી રહી છે, જો તપાસ ૧૦ વર્ષ ચાલે તો શું તેઓ તેમને ૧૦ વર્ષ જેલમાં રાખશે ?'

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતાએ આરોપ મૂક્યો હતો કે, ચૂંટણી પહેલાં તેમનો અવાજ 'દબાવી દેવા' માટે તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને ૨૫ મેના રોજ રાષ્ટ્રીય રાજધાનીમાં મતદાન થવા પર લોકોને 'સરમુખત્યારશાહી' વિરુદ્ધ મત આપવા હાકલ કરી હતી.

સુનીતાએ રવિવારે રાષ્ટ્રીય રાજધાની દક્ષિણ દિલ્હીમાં AAPના ઉમેદવાર સહીરામ પહેલવાનના સમર્થનમાં પોતાનો ત્રીજો રોડ શો યોજ્યો હતો. તેમણે કહ્યું કે, તેમના પતિએ સારી સરકારી શાળાઓ, મોહલ્લા ક્લિનિક્સ બનાવ્યા અને દિલ્હીમાં દરેક મહિલાને ૧૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું ત્યારથી તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, 'તેમનો અવાજ દબાવવા માટે ચૂંટણી પહેલા જ જેલમાં પૂરી દેવામાં આવ્યા છે. સરમુખત્યારશાહી તેની ટોચ પર છે. કૃપા કરીને આ દેશને બચાવો. કૃપા કરીને ગરમીને ધ્યાનમાં લીધા વિના તમારો મત આપો.' તેમણે આરોપ લગાવ્યો કે, 'તમારા મુખ્યપ્રધાન અને મારા પતિને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. કોઈ કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા નથી. તેઓ કહી રહ્યા છે કે, તપાસ ચાલી રહી છે. જો તપાસ ૧૦ વર્ષ ચાલે તો શું તેઓ તેમને ૧૦ વર્ષ સુધી જેલમાં રાખશે ? આ સદંતર ગુંડાગીરી અને સરમુખત્યારશાહી છે. કેજરીવાલની એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસના સંબંધમાં ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. હાલ તેમને ન્યાયિક કસ્ટડી હેઠળ તિહાર જેલમાં રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, 'અરવિંદજી શિક્ષિત, પ્રામાણિક અને સાચા દેશભક્ત છે. અમારૂં લગ્ન ૩૦ વર્ષ જૂનું છે. જ્યારે અમારૂં સગપણ નક્કી થયું, ત્યારે તેમણે મને પૂછ્યું હતું કે, 'મારે સામાજિક કાર્ય કરવું છે. તમને કોઈ સમસ્યા છે ?' તેમના મગજમાં એક જ વાત છેઃ સામાન્ય માણસનું જીવન સુધારવું. સુનિતાએ કહ્યું કે, 'તેમણે ૨૦૧૧માં ભૂખ હડતાળ કરી હતી. તેમને ડોક્ટરો દ્વારા ભૂખ હડતાળ ન કરવા સલાહ આપવામાં આવી હતી કારણ કે, તે ડાયાબિટીસના દર્દી છે, પરંતુ તેમણે તેમ છતાં પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.'

# મધ્યપ્રદેશની સરકાર દેવું, ગુનાખોરી અને ભ્રષ્ટાચારથી બની છે, રેતી માફિયા દ્વારા ASIની હત્યા પર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જીતુ પટવારીના પ્રહાર

(એજન્સી) તા.૫

મધ્યપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જીતેન્દ્ર (જીતુ) પટવારીએ રેતી માફિયાઓ દ્વારા ASIની કથિત હત્યાને લઈને ભાજપ સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશમાં 'દેવું, અપરાધ અને ભ્રષ્ટાચાર'ની સરકાર છે. એક મીડિયા એજન્સી સાથે વાત કરતા જીતુ પટવારીએ કહ્યું, 'હું સતત કહેતો આવ્યો છું કે મધ્યપ્રદેશમાં 'દેવું, અપરાધ અને ભ્રષ્ટાચાર'ની સરકાર છે. ટ્રેક્ટરની અડફેટે આવી જતાં એક ASIનું મોત થયું હતું. NCRBના ડેટા અનુસાર રાજ્યમાં દરરોજ ૧૭ દુષ્કર્મ થાય છે, જ્યારે હું આ મુદ્દાઓ ઉઠાવું છું ત્યારે તેઓ ડર પેદા કરવા માટે મારી વિરૂદ્ધ FIR દાખલ કરે છે, મારામાં કોંગ્રેસનું લોહી છે, હું ડરતો નથી. શહડોલમાં શનિવારે રાત્રે લગભગ ૧ વાગ્યે રેતી માફિયાઓએ એક ASIને ગેરકાયદેસર રેતી ભરેલા ટ્રેક્ટરથી કચડીને મારી નાખ્યો હતો. વાસ્તવમાં એએસઆઈ મહેન્દ્ર બાગરીને બિઓહારી વિસ્તારના બડોલી ગામમાં ગેરકાયદેસર રેતી ખનનની માહિતી મળી હતી, ત્યારબાદ તેઓ બે પોલીસકર્મીઓ સાથે ત્યાં પહોંચ્યા હતા. આ દરમિયાન મહેન્દ્રએ ગેરકાયદે રેતી ભરેલા ટ્રેક્ટરને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ટ્રેક્ટર રોકાયા વિના આગળ વધી ગયું હતું અને મહેન્દ્ર બાગરીને કચડી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

# સપા કાર્યકર્તાઓ દ્વારા કથિત રીતે મહારાણા પ્રતાપની પ્રતિમાના અપમાનને લઈને મૈનપુરીમાં તણાવ

(એજન્સી) તા.૫

મતદાનના માંડ ૪૮ કલાક પહેલા ૧૦૦થી વધુ સમાજવાદી પાર્ટીના કાર્યકરો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ તણાવ વધી ગયો, જેમણે શનિવારે સાંજે રાષ્ટ્રીય નાયક, મહારાણા પ્રતાપના સ્મારકને તોડી પાડ્યું હતું અને તેમની પ્રતિમાને વિકૃત કરી હતી.

આ ઘટના બાદ વિસ્તારમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને ગુસ્સે ભરાયેલા લોકોએ રવિવારે સવારે મહારાણા પ્રતાપ ચોક ખાતે પ્રદર્શન કર્યું હતું અને સપાના લોકસભા પ્રભારી અને વિધાનસભા પ્રભારી અને અન્ય સપા નેતાઓની ધરપકડની માંગ કરી હતી.

શનિવારે સપા પ્રમુખ અખિલેશ યાદવે પોતાની પત્ની અને પાર્ટીના ઉમેદવાર ડિમ્પલ યાદવના સમર્થનમાં મૈનપુરીમાં રોડ શૉ કર્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે, રોડ શૉ દરમિયાન મહારાણા પ્રતાપ ચોકમાં સપા કાર્યકર્તાઓએ અભદ્ર નારા લગાવ્યા હતા. રોડ શૉ બાદ તેઓ સ્વદેશ અને સ્વધર્મ માટે લડનારા રાષ્ટ્રીય નાયક મહારાણા પ્રતાપની પ્રતિમા પર ચઢ્યા હતા અને પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટનાના પરિણામે મહારાણા પ્રતાપની પ્રતિમાનો ભાલો વાંકો થયો જ્યારે એસપી ધ્વજ તેને પકડી રહ્યો હતો.

એટલું જ નહીં, સપાના કાર્યકરોએ રાજ્યના મુખ્યમંત્રી અને વડાપ્રધાન સાથે કથિત રીતે ગેરવર્તન કર્યું હતું. રાષ્ટ્રીય નાયક મહારાણા પ્રતાપની પ્રતિમાના અપમાનને લઈને સમગ્ર રાજ્યના લોકોમાં ગુસ્સો છે.

ઘટનાની ટીકા કરતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે, એસપી અને કોંગ્રેસ રાષ્ટ્રીય નેતાઓનું સન્માન કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. એક નિવેદનમાં તેમણે જણાવ્યું કે, આ લોકો (એસપી અને કોંગ્રેસ) માફિયાઓ, તોફાનીઓ અને આતંકવાદી તત્ત્વોને રક્ષણ આપે છે, પ્રોત્સાહિત કરે છે, મહિમા આપે છે અને બીજી તરફ રાષ્ટ્રીય નેતાઓનું અપમાન કરે છે. તેમણે યાદ અપાવ્યું કે ૨૦૧૨માં સત્તામાં આવ્યા બાદ સપાએ અયોધ્યામાં રામજન્મભૂમિ, કાશી, લખનૌમાં સંકટમોચન મંદિર તેમજ રામપુરમાં CRPF કેમ્પ પર હુમલો કરનારા આતંકવાદીઓના કેસમાંથી હટી જવાનો પ્રયાસ કર્યો હતો.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, 'તાજેતરમાં જ્યારે એક કુખ્યાત માફિયા ડોનનું અવસાન થયું ત્યારે અખિલેશ યાદવ શોક સંદેશ લઈને તેના ઘરે ગયા હતા. અયોધ્યામાં રામજન્મભૂમિ આંદોલન વખતે તેમણે રામભક્તો સાથે કેવું વર્તન કર્યું ? આ માત્ર સમાજવાદી પાર્ટી પૂરતું સીમિત નથી, કોંગ્રેસમાં પણ રાષ્ટ્રીય નાયકો પ્રત્યે આવો જ અનાદર છે. રાહુલ ગાંધીએ છત્રપતિ શાહુજી મહારાજની પ્રતિમા મહારાષ્ટ્ર લઈ જવાનો ઈન્કાર કર્યો હતો જ્યારે એક સમર્થકે તેમને પ્રતિમા મહારાષ્ટ્ર લઈ જવાની ઓફર કરી હતી.

# એસ જયશંકરે કેનેડાને 'ન્યૂટનના રાજકીય કાયદાની' ચેતવણી આપી, 'ગેંગલેન્ડ' વિઝા આપવા બદલ ટીકા

(એજન્સી) તા.૫

વિદેશ મંત્રી એસ જયશંકરે રવિવારે જસ્ટિન ટ્રુડોની આગેવાની હેઠળની કેનેડા સરકારની રાજકીય હેતુઓ માટે સંગઠિત ગુનાઓ સાથે જોડાયેલા લોકોને સતત વિઝા આપવા બદલ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, તેમનો દેશ વાણી સ્વાતંત્ર્યના નામે 'ઉગ્રવાદ, અલગતાવાદ અને હિંસાના હિમાયતીઓ'ને કાયદેસરતા આપી રહ્યો છે. કેનેડાએ ખાલિસ્તાન આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં કથિત રીતે સામેલ ત્રણ ભારતીય નાગરિકોની ધરપકડ કરવાનો દાવો કર્યાના એક દિવસ પછી, એસ જયશંકરે કહ્યું કે, જસ્ટિન ટ્રુડોનો દેશ માને છે કે, ગુનેગારોને પ્રોત્સાહન આપવાની તેની હરકતો પર કોઈ પ્રતિક્રિયા નહીં હોય. સમાચાર એજન્સી ANI મુજબ, એસ જયશંકરે કહ્યું, 'કેટલાક દેશોમાં આ પ્રકારના લોકોએ પોતાને રાજકીય રીતે સંગઠિત કર્યા છે અને એક રાજકીય લોબી બની ગયા છે અને આમાંના કેટલાક લોકશાહી દેશોમાં, આ દેશોના રાજકારણીઓને એવું માનવામાં આવે છે કે, જો તેઓ આ લોકો તરફ વળશે, તો આ લોકો. તેમની પાસે સમુદાયને ટેકો આપવાની ક્ષમતા છે તેથી, તેઓએ આ દેશોની રાજનીતિમાં પોતાને માટે જગ્યા બનાવવાનો પ્રયાસ કર્યો છે, મારો મતલબ છે કે, આ સમયે તે યુ.એસ.માં એટલી સમસ્યા નથી.' કેન્દ્રીય મંત્રીએ આ સંદર્ભમાં કેનેડાને ભારતની સૌથી મોટી સમસ્યા ગણાવી હતી. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, 'અમારી સૌથી મોટી સમસ્યા અત્યારે કેનેડામાં છે કારણ કે, આજે કેનેડામાં સત્તામાં રહેલી પાર્ટી અને કેનેડામાં અન્ય પક્ષોએ આ પ્રકારના ઉગ્રવાદ, અલગતાવાદ અને હિંસાના હિમાયતીઓને મફતના નામે ચોક્કસ કાયદેસરતા આપી છે. ભાષણ જુઓ જ્યારે તમે તેમને કંઈક કહો છો, તો તેમનો જવાબ છે ના, અમે લોકશાહી દેશ છીએ, પરંતુ તે સ્વતંત્ર વાણી છે.' આંતરરાષ્ટ્રીય મંચો પર આક્રમક રીતે ભારતની વિદેશ નીતિનો બચાવ કરવા માટે જાણીતા કેન્દ્રીય પ્રધાને કહ્યું કે, ત્યાં જે થઈ રહ્યું છે તેની સામે દબાણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે 'ન્યૂટનનો રાજનીતિનો નિયમ' લાગુ પડશે. એસ જયશંકરે કહ્યું, 'તેમણે જે મુદ્દો સમજવાની જરૂર છે, તે હવે એક-માર્ગી શેરી તરીકે ચાલતી દુનિયા નથી. જો ત્યાં વસ્તુઓ થાય છે, તો ત્યાં પુશબેક થશે. ન્યૂટનનો રાજકારણનો નિયમ ત્યાં પણ લાગુ થશે. અન્ય લોકો પગલાં લેશે અથવા તેનો વિરોધ કરશે.' એસ. જયશંકરે પંજાબમાં સંગઠિત ગુનાઓ સાથે સંકળાયેલા 'ગેંગલેન્ડ લોકો'ને વિઝા આપવા બદલ કેનેડાની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું, 'હકીકત એ છે કે, ગેંગલેન્ડના સંખ્યાબંધ લોકો, પંજાબમાંથી સંગઠિત ગુનાખોરી સાથે સંકળાયેલા સંખ્યાબંધ લોકોનું કેનેડામાં સ્વાગત કરવામાં આવ્યું છે. અમે કેનેડાને કહી રહ્યા છીએ - જુઓ આ ભારતના વોન્ટેડ ગુનેગારો છે, તમે તેમને વિઝા આપ્યા છે.' એસ. જયશંકરે ધ્યાન દોર્યું કે, આમાંના ઘણા લોકો ખોટા દસ્તાવેજો પર કેનેડા જાય છે પરંતુ તેમને રહેવાની છૂટ છે. તેમણે દેશ પર રાજકીય હેતુઓ માટે શંકાસ્પદ લોકોની આયાત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું, 'જો તમે ખૂબ જ શંકાસ્પદ, વાસ્તવમાં, ખૂબ નકારાત્મક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોને રાજકીય હેતુઓ માટે આયાત કરવાનું નક્કી કરો છો, તો ત્યાં સમસ્યાઓ હશે, તેઓએ કેટલાક કિસ્સાઓમાં તેમની પોતાની નીતિઓના પરિણામે તેમના પોતાના દેશમાં સમસ્યાઓ ઊભી કરી છે. ના, અમે શા માટે ડરીએ છીએ ? જો ત્યાં કંઈક થાય છે, તો તેમના માટે ચિંતા કરવાની છે.' ગયા વર્ષે જૂન મહિનામાં કેનેડાના સરેમાં બંદૂકધારીઓ દ્વારા નામાંકિત આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. કેનેડાએ ભારત સરકાર પર હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. નવી દિલ્હીએ આરોપોને વાહિયાત ગણાવ્યા હતા. કેનેડિયન સત્તાવાળાઓએ હરદીપ સિંહ નિજ્જરની કથિત રીતે હત્યા કરવા બદલ ત્રણ ભારતીય નાગરિકો કરણપ્રીત સિંહ, (૨૮), કમલપ્રીત સિંહ, (૨૨) અને કરણ બ્રાર, (૨૨)ની ધરપકડ કરી છે.

# 'EVM ચોરી કરવા માટેનું મશીન છે' : ફારૂક અબ્દુલ્લાએ વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા, VVPAT ફ્રોડ અંગે ચેતવણી આપી

(એજન્સી) તા.૫



નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન ફારૂક અબ્દુલ્લાએ રવિવારે કેન્દ્રશાસિત પ્રદેશના મતદારોને EVM અને VVPATની છેતરપિંડી સામે ચેતવણી આપી હતી અને જ્યારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોમાં છેડછાડની વાત આવે ત્યારે તેમને સાવચેત રહેવા વિનંતી કરી હતી. ઈવીએમને 'ચોરી કરવા માટેના મશીનો' ગણાવતા રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાને કાશ્મીરના તમામ મતદારોને વિનંતી કરી કે તેઓ જ્યારે લોકસભા ચૂંટણી માટે મતદાન કરવા જાય ત્યારે મશીનો પર LED લાઈટ તપાસે. તમામ મતદારોએ એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે, EVM એક ચોરીનું મશીન છે. મતદાનના દિવસે તમે ઓળખની પ્રક્રિયામાંથી પસાર થશો અને પછી તમારી આંગળી પર શાહી લગાવવામાં આવશે. જ્યારે તમે EVM બૂથ પર જાઓ છો, ત્યારે તમારે તેના પરની LED લાઈટ્સ તપાસવી જોઈએ. તમે વોટ નાખો તે પછી મશીનમાંથી બીપ અવાજ થવો જોઈએ. જો મશીન પર લાઈટ ન હોય તો તમારે બહાર આવવું જોઈએ અને તેના વિશે ચૂંટણી સ્ટાફને પૂછવું જોઈએ. અબ્દુલ્લાએ મતદારોને વિનંતી કરી કે તેઓ એ સુનિશ્ચિત કરે કે VVPATની સ્લિપ પર તે જ ચૂંટણી ચિન્હ છપાયેલ હોય જેને તેમણે મત આપ્યો હતો. તેમણે કહ્યું કે, તમે તમારો મત નાખો પછી, VVPAT સ્લિપ હશે. તમારે તપાસવું જોઈએ કે શું સ્લિપ પરનું પ્રતીક એ જ છે જેને તમે મત આપ્યો છે.

શ્રીનગર શહેરની બહારના વિસ્તારમાં એક રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર હુમલો કરતા ફારૂક અબ્દુલ્લાએ તેમના પર ચૂંટણી લાભ માટે સાંપ્રદાયિક ડર ફેલાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, મોદી હિંદુઓને એમ કહીને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે જો તેમની પાસે બે ઘર હશે તો વિપક્ષ એક છીનવીને મુસ્લિમોને આપી દેશે. પછી તેઓ હિન્દુ મહિલાઓને ડરાવીને કહે છે કે, તેમનું મંગળસૂત્ર છીનવી લેવામાં આવશે. અને તેના વેચાણની આવક મુસ્લિમોને આપવામાં આવશે. ભાજપ એ જાણતું નથી કે મુસ્લિમોને કોઈ પરોપકારની જરૂર નથી. અલ્લાહ જ તેઓને ભરણપોષણ આપે છે. તેમણે કહ્યું કે, આ ચૂંટણીમાં લડાઈ વિકાસ વિશે નથી, પરંતુ દેશને બચાવવા માટેની લડાઈ છે.

# આચારસંહિતા ઉલ્લંઘનના આરોપ હેઠળ કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ જે.પી. નડ્ડા સહિત ત્રણ સામે ફરિયાદ દાખલ કરી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૫



દેશમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે ત્રીજા તબક્કામાં સાતમી મેએ મતદાન થવાનું છે જેને પગલે પ્રચારના પડઘમ ગઈકાલ સાંજથી સાંજ થઈ ગયા છે. ત્યારે કોંગ્રેસે જે.પી. નડ્ડા સહિત ભાજપના ત્રણ નેતાઓ સામે ચૂંટણી પંચ (ECI)માં ફરિયાદ કરી છે. આ ફરિયાદ આચારસહિતા ભંગના મામલે પણ દાખલ કરાઈ છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, ભાજપે તેના સોશિયલ મીડિયા પર એક કથિત વીડિયો શેર કર્યો છે જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યોને કોઈ ચોક્કસ ઉમેદવારને મત ન આપવા માટે ડરાવી રહી છે. કોંગ્રેસે આ વીડિયોને લઈને બીજેપી અધ્યક્ષ જે.પી. નડ્ડા, પાર્ટીના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ અમિત માલવિયા અને કર્ણાટક ભાજપના અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્ર વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. કોંગ્રેસનો આરોપ છે કે, ભાજપે એનિમેટેડ વીડિયો શેર કરીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને ખોટી રીતે રજૂ કર્યા છે. કોંગ્રેસે તેની ફરિયાદમાં દાવો કર્યો છે કે, ભાજપે અનુસૂચિત જાતિ અથવા જનજાતિના સભ્યોને કોઈ ચોક્કસ ઉમેદવારને મત ન આપવા માટે ડરાવી દીધા છે. તેમજ રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયાના એનિમેટેડ વીડિયોનો ઉપયોગ કરીને કોંગ્રેસ પાર્ટી ચોક્કસ ધર્મની તરફેણ કરે છે અને SC/ST અને OBC સમુદાયના સભ્યોને દબાવી રહી છે તે બતાવવા માટે વીડિયો શેર કરવામાં આવ્યો છે, જે આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા અને કોમ્યુનિકેશન હેડ રમેશ બાબુએ મુખ્ય ચૂંટણી અધિકારીને આ પત્ર લખ્યો છે. ચૂંટણી પંચને લખેલા પત્રમાં ભાજપ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોની લિંક અને પોસ્ટ પણ શેર કરવામાં આવી છે.

# કોવિડ રસી અંગે શ્રેયસ તલપડેએ કહ્યું : 'ખબર નથી કે આપણે આપણા શરીરમાં શું લીધું છે'

### અભિનેતા શ્રેયસ તલપડેએ કોવિડ રસી કોવિશિલ્ડની સંભવિત આડઅસરો અંગે ચિંતા વ્યક્ત કરી હતી, અભિનેતાને ૨૦૨૩માં હાર્ટ એટેક આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫



શ્રેયસ તલપડેએ કોવિશિલ્ડને લોહીના ગાંઠ બનવા અને હાર્ટ એટેકની આડઅસર સાથે સંકળાયેલા હોવાની ચર્ચા પર ટિપ્પણી કરી હતી. અભિનેતાએ કહ્યું કે, રસી લીધા પછી તેને થાક લાગવા જેવો અનુભવ થાય છે. તેમણે તેમની આ સ્થિતિ કોવિડની રસી સાથે સંકળાયેલ છે કે નહીં તે અંગે અનિશ્ચિતતા વ્યક્ત કરી છે. શ્રેયસ તલપડે જેમને ૨૦૨૩માં હાર્ટ એટેક આવ્યો હતો, તેમણે કોવિડ-૧૯ રસી કોવિશિલ્ડ પરની ચર્ચાઓ પર ટિપ્પણી કરી હતી, જે લોહીના ગંઠાવા માટે જવાબદાર છે, પરિણામે ઝટકાઓ આવે છે. અભિનેતાએ કહ્યું કે, રસી લીધા પછી તેઓ થાક અનુભવવા લાગ્યા છે. શ્રેયસે એમ પણ કહ્યું કે, તેઓ જાણવા માંગે છે કે, કોવિડ રસીએ આપણા શરીર પર શું અસરો કરી છે. શ્રેયસ તલપડેને ડિસેમ્બર ૨૦૨૩માં 'વેલકમ ટુ ધ જંગલ'ના સેટ પર હાર્ટ એટેક આવ્યો હતો. આ સાથે અભિનેતાએ કોવિડ રસી કોવિશિલ્ડની આડઅસરોની આસપાસ ચાલી રહેલી ચર્ચાઓ અને કેવી રીતે રસી હાર્ટ એટેક અને સ્ટ્રોકના વધારા સાથે સંકળાયેલી છે વિશે ટિપ્પણી કરી હતી. લેહરેન રેટ્રો સાથે વાત કરતા શ્રેયસે કહ્યું કે, 'હું સિદ્ધાંતને નકારીશ નહીં. કોવિડની રસી પછી મને થોડા પરિશ્રમથી થાકનો અનુભવ થવા લાગ્યો છે. આના કારણોમાં કોવિડ અથવા રસી હોઈ શકે છે, જેમાં થોડી માત્રામાં સત્ય હોવું જોઈએ અને આપણે સિદ્ધાંતને નકારી શકીએ નહીં. મને ખબર નથી કે આ બેમાંથી કઈ વસ્તુ (મારી સ્થિતિ સાથે) સંકળાયેલ છે.' તેમણે ઉમેર્યું, 'કમનસીબથી આ ખૂબ જ ડરામણી સ્થિતિ છે કારણ કે, આપણે ખરેખર જાણતા નથી કે આપણે આપણા શરીરની અંદર શું લીધું છે. અમે કંપનીઓ પર વિશ્વાસ કર્યો હતો, જે હતુ તેની સાથે આગળ વધ્યા હતા. મેં કોવિડ પહેલા આવી ઘટનાઓ વિશે ક્યારેય સાંભળ્યું નથી. હું જાણવા માંગુ છું કે, રસીએ શું આડઅસરો કરી છે. મને ખાતરી નથી કે આ પરિસ્થિતિ કોવિડથી કે રસીથી થઈ છે, મારી પાસે તમામ તથ્યો અને પુરાવા નથી, તેમ છતાં હું વધુ જાણવા માંગુ છું.' કોવિડશિલ્ડની ચર્ચા શરૂ થતાં પહેલા શ્રેયસે જણાવ્યું હતું કે, તેમનો લોહી જાડું થવાનું શરૂ થયું છે, કદાચ વધુ પડતા શ્રમના કારણે તેમને હાર્ટ એટેક આવ્યો હતો. શ્રેયસ તલપડે છેલ્લે 'લવ યુ શંકર'માં જોવા મળ્યા હતા.

# બંગાળના રાજ્યપાલે રાજભવનના કર્મચારીઓને કહ્યું : પોલીસ દ્વારા મહિલાની ફરિયાદ વિશે કોઈ સમન્સ આવે તો તેની અવગણના કરશો

(એજન્સી) તા.૫

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે કોલકાતામાં રાજભવનના તમામ કર્મચારીઓને એક નિર્દેશ જારી કર્યો છે, જેમાં એક કામચલાઉ કર્મચારી દ્વારા તેમની સામે દાખલ કરાયેલી જાતીય સતામણીની ફરિયાદના સંદર્ભમાં રાજ્ય પોલીસના કોઈપણ સંદેશાવ્યવહાર કે સમન્સને અવગણવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. તેમાં કહેવાયું છે કે આ મામલે કોઈપણ પ્રકારના સમન્સ આવે તો તેને સ્વીકારવામાં ન આવે અને તેની અવગણના કરવામાં આવે. રાજભવનના અધિકૃત હેન્ડલ પર શેર કરવામાં આવેલ નિર્દેશ અનુસાર જાતીય સતામણી અંગે ચાલી રહેલી તપાસના સંબંધમાં સ્ટાફ (કાયમી કે અસ્થાયી)ને ઓનલાઈન, ઓફલાઈન, રૂબરૂમાં, ફોન પર અથવા અન્ય કોઈપણ માધ્યમથી કોઈ નિવેદન આપવાથી સ્પષ્ટપણે પ્રતિબંધિત છે. રાજ્યપાલ સામેના આરોપોની તપાસ માટે કોલકાતા પોલીસ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચનાને પગલે આ પગલું લેવામાં આવ્યું છે, જેમાં રાજભવન સંકુલમાંથી CCTV ફૂટેજ માટે SITની વિનંતીનો પણ સમાવેશ થાય છે. તેમની સૂચનામાં રાજ્યપાલ બોસે બંધારણની કલમ ૩૬૧ (૨) અને (૩)નો ઉલ્લેખ કર્યો છે, જે રાજ્યપાલોને તેમના કાર્યકાળ દરમિયાન રાજ્ય પોલીસ દ્વારા કોઈપણ તપાસ અથવા કાનૂની કાર્યવાહીથી પ્રતિરક્ષા પ્રદાન કરે છે. જો કે, કોલકાતા પોલીસ નિઃશંક રહે છે અને સક્રિયપણે આ કેસમાં કડીઓ શોધી રહી છે. SITએ સાક્ષીઓ સાથે વાત કરવા અને ફરિયાદ સાથે સંબંધિત પુરાવા મેળવવાની માંગ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પહેલા આ આરોપો સામે આવ્યા છે. પીએમ મોદી કોલકાતામાં છે અને રાજભવનમાં રાત વિતાવી રહ્યા છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે આજે બપોરે રાજભવનના શાંતિ ખંડ સાથે જોડાયેલ અસ્થાયી સ્ટાફ સભ્ય હોવાનો દાવો કરતી એક મહિલા ગવર્નર હાઉસની અંદરની પોલીસ ચોકી પર પહોંચી અને બોઝ પર તેની છેડતી કરવાનો આરોપ લગાવ્યો. તેઓ સામે આવ્યા બાદ રાજ્યપાલે આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા છે. હાલમાં જ એક ઓડિયો મેસેજ જાહેર કરીને તેણે આ વિવાદ પાછળ રાજકીય હેતુઓ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે રાજભવનના સ્ટાફને દૂષિત ઈરાદા સાથે સંભવિત ઘૂસણખોરો સામે સતર્ક રહેવા ચેતવણી આપી હતી.

### રાજ્યમાં લોકસભાની ૨૫ અને વિધાનસભાની પાંચ બેઠકની પેટાચૂંટણી માટે ૭મીએ મતદાન

# ગુજરાતમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત : હવે ડોર ટુ ડોર પ્રચાર

**● ૪૮ કલાક સભા, રેલી, સરઘસ કરી શકાશે નહીં ● હીટવેવ સામે ખાસ આયોજન ● મતદાન માટે રજા ન મળે તો ૧૯૫૦ પર ફરિયાદ કરો**

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠક અને વિધાનસભાની ૫ બેઠકની પેટાચૂંટણી માટે ૭મી મેના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. આજે લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટેના પ્રચારનો રવિવારે અંતિમ દિવસ હતો ત્યારે પ્રચારના અંતિમ દિવસે લોકો સુધી પહોંચવા માટે ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ એડીચોટીનું જોર લગાવ્યું હતું. સાંજે પાંચ વાગતાની સાથે જ પ્રચાર પડઘામ શાંત થઈ ગયાં હતા, તેની સાથે જ હવે નેતાઓ ડોર ટૂ ડોર પ્રચાર કરી શકશે. જો કે, જાહેરસભા, રેલીઓ કે ચૌપાલ જેવા કાર્યક્રમો નહીં કરી શકે. શહેરમાં લાગેલા ચૂંટણી પ્રચારના હોર્ડિંગ્સ હટાવી લેવામાં આવશે. આ સાથે રેલી અને જનસભા ઉપર પણ પ્રતિબંધ લગાડી દેવાશે. બરાબર ૫૦ દિવસના ચૂંટણી પ્રચાર પછી ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પડઘમ શાંત થઈ ચૂક્યો છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ બેઠકો પર મંગળવારે સાતમી તારીખે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. તો મતદાન આડે હવે માત્ર એક દિવસ બાકી છે એના પહેલાં ચૂંટણી પંચની આચાર સંહિતા લાગુ થઈ ગઈ છે. હવે કોઈ પણ નેતા સીધી રીતે જાહેર સભા કે રેલી કરીને ચૂંટણી પ્રચાર નહીં કરી શકે. હવે શરૂ થશે ડોર ટૂ ડોર ચૂંટણી પ્રચાર. મંગળવારે લોકસભાની ૨૫ ઉપરાંત વિધાનસભાની ૫ બેઠકો પર પેટા ચૂંટણી પણ યોજાશે. તો વર્ષ ૨૦૨૪ના મહાસંગ્રામ માટે હવે મતદાનની ઘડીઓ નજીક આવી ગઈ છે. ભારતીય જનતા પાર્ટી સામે ગુજરાતમાં આ વખતે લડવા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન કરીને ઉમેદવાર ઊભા રાખ્યા છે. તો આ વખતનો મુકાબલો રોમાંચક બની ચૂક્યો છે. સુરતમાં એક સીટ પર ભાજપ પહેલેથી બિનહરીફ વિજેતા બની ચૂકી છે. અને હવે બાકીની ૨૫ બેઠકો પર ૭મી મે મંગળવારે મતદાન થશે. રાજ્યમાં આ વખતે લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વિધાનસભાની પેટાચૂંટણીઓ માટે મતદાન યોજાનાર છે. જેમાં ૧૩ લાખથી વધુ ફર્સ્ટ ટાઈમ વોટર મતદાન કરશે. ખાલી અમદાવાદમાં ૬૦ લાખથી વધુ મતદારો છે. અમદાવાદમાં કુલ ૬૦,૩૯,૧૪૩ મતદારો છે. જેમાં મહિલા મતદાર ૨૯,૦૫,૬૨૨ છે. કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીલક્ષી કંટ્રોલરૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૭/૫/૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPICની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે. ગુજરાતના જોઈન્ટ સીઈઓ ડૉ. કુલદીપ આર્યા જણાવ્યું હતું કે, આજે સાંજે ૬ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લાગી થઈ ગયો છે. મતદાન વિભાગના ન હોય કે બહારથી આવેલા લોકો મત વિભાગ છોડીને જતા રહે તેની ખાતરી કરવાની રહેશે. લાઉડ સ્પીકર પર પ્રતિબંધ છે. ચૂંટણી સંબંધિત પ્રસારણ પર પ્રતિબંધ છે. એક્ઝિટ પોલ પર પ્રતિબંધ લાગૂ કરાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તમામ મતદાન મથક પર વોટર અવેરનેસ બૂથ ઊભા કરવામાં આવ્યા છે. ૧૭૫ આદર્શ મતદાન મથક તૈયાર કર્યા છે. હીટવેવની સંભાવનાને પગલે મતદાન મથક પર શેડ કે છાંયડો રહે, મેડિકલ વ્યવસ્થા, તાત્કાલિક સારવાર મળે તે માટે મેડિકલ ટીમ ઉપલબ્ધ રહેશે. વોટર સ્લિપ પૂરાવા તરીકે રહેશે નહીં. મતદાનના દિવસે રજા ન મળે તો ૧૯૫૦ નંબર પર ફરિયાદ કરવાની રહેશે. ૪૮ કલાક દરમિયાન સભા, રેલી, સરઘસ કરી શકશે નહીં. સોશિયલ મીડિયા પર ઉમેદવારો પોતાની રીતે નિયમનું ઉલ્લંઘન ન કરે તેની વોચ રાખવામાં આવશે. મતદાન મથક પર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે. શાંતિભર્યા વાતાવરણમાં ચૂંટણી થાય અને કાયદો-વ્યવસ્થા જળવાય તે માટે દરેક પાસા પર ધ્યાન આપવામાં આવ્યું છે.

### ભાજપને સમર્થન મામલે ક્ષત્રિય સમાજના અગ્રણીનું નિવેદન

# ભાજપની ક્ષમા યાચના ક્ષત્રિય સમાજને અસ્વીકાર્ય આ વ્યક્તિગત નહીં અમારી અસ્મિતાની લડાઈ

અમદાવાદ, તા.૫

રાજ્યમાં રાજકોટ લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં જોવા મળેલા ઉગ્ર વિરોધને ઠારવા ભાજપે ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે એક પ્રેસ રિલીઝ રજૂ કરીનો ક્ષત્રિય સમાજ ભાજપને સમર્થન કરે તેવી અપીલ કરી છે. જેને લઈને આજે રાજપૂત સંકલન સમિતિના આગેવાન કરણસિંહ ચાવડાએ પત્રકાર પરિષદ કરી જણાવ્યું હતું કે, અમે ભાજપની આ અપીલ સ્વીકાર્ય નથી. ભાજપ સાથે જોડાયેલા આગેવાનોને હું

**ભાજપ ગુજરાતમાં ૧૦ બેઠકો ગુમાવી રહી છે**

પૂછવા માંગું છું કે, રૂપાલાએ વાણી વિલાસ કર્યો ત્યારે આપે આવું નિવેદન કેમ ના આપ્યું ? ભાજપના આગેવાન તરીકે તમારે રદિયો આપવાનો હતો. આપના આ નિવેદનની કોઈ અસર ક્ષત્રિય સમાજ પર થવાની નથી. જ્યારે ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના આગેવાન અને સરકાર તરફથી અમને સમાધાન માટે કહેવામાં આવ્યુ હતું. વડાપ્રધાનની સભામાં વિરોધ કરવો નહીં તેવું કીધું હતુ અને અમે આ વિનંતીને માન્ય રાખી પીએમની સભામાં વિરોધ કરવાની ના પાડી હતી. પરષોત્તમ રૂપાલા અને કિરીટ પટેલે સમાજનું અપમાન કર્યું છે. ભાજપે એમના પર શું પગલાં લીધા ? રાજ્ય સરકારના મંત્રી કનુ દેસાઈ દ્વારા કોળી સમાજનું પણ અપમાન કરવામાં આવ્યું હતું. તેમના નિવદેનને અમારી સંકલન સમિતિ વખોડી કાઢીએ છે. દિવસો નજીક આવશે એમ ભાજપ અવનવી રસમો અપનાવશે. ભાજપ ગુજરાતમાં ૧૦ બેઠકો ગુમાવી રહી છે. અમારૂં લક્ષ્ય નક્કી છે. વિનંતીથી કંઈ થશે નહીં. અમે ભાજપ વિરુદ્ધ મતદાન કરીશું. શાંતિથી મતદાન કરીશું. ગુજરાતની જનતાને અપીલ કરૂં છું કે અનેક સમસ્યા છે જેથી મતદાન કરો. ૭ મેના રોજ ભાજપના વિરૂદ્ધમાં મતદાન કરીશું. અમે અમારી વાત સકારાત્મક રીતે બજારમાં મૂકી રહ્યા છીએ અને ક્યાંય પણ ઘર્ષણ થવાનું નથી. બધા જ સમાજ અમારી સાથે છે. આ કોઈ એવું ચેપ્ટર નથી કે પૂરું થઈ જાય. અમે ૨૫ દિવસ સુધી રાહ જોઈ છતાં કોઈ પ્રતિઉત્તર ના મળ્યો. કારડિયા રાજપૂત સમાજ સાથે પણ અમે મિટિંગ કરી હતી અને તેમણે સમાજ સાથે રહેવાનું કહ્યું હતું. અમે અમારી સંપૂર્ણ રીતે અમારી રણનીતિ ગોઠવી દીધી છે. પાંચ લાખ તો ભૂલી જાઓ ૨૫એ ૨૫ બેઠક ઉપર અમે કાંટાની ટક્કર લાવી દેવાના છીએ. અને એનું પરિણામ તમે ૪ જૂને જોઈ શકશો. અમે ભાજપ વિરૂધ મતદાન કરવાના છીએ અને કરીશું. ચૂંટણી બાદ પણ આંદોલન ચાલુ રહેશે. વ્યક્તિગત રીતે અમારા આગેવાનને સરકાર ટાર્ગેટ ના કરે અને કરશે તો અમે પ્રિતકાર કરીશું. જો આવું થશે તો તેનું ઉંધું પરિણામ આગામી ચૂંટણીમાં આવશે. આ વ્યક્તિગત લડાઈ નથી અમારી અસ્મિતાની લડાઈ છે. અમે આગળની રણનીતિની જાણ કરીશું. ગુજરાતમાં ૨૫ સીટ પર ક્ષત્રિય સમાજ ભાજપ વિરૂદ્ધ મતદાન કરશે.

# ચૂંટણી પૂર્વે ગુજરાતની જનતા પર મોંઘવારીનો માર : સિંગતેલના ભાવ વધ્યા

અમદાવાદ, તા.૫

જનતા પર સતત મોંઘવારીનો માર પડી રહ્યો છે. જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી સહિતની દરેક વસ્તુઓ મોંઘી થઈ રહી છે ત્યારે વર્ષની શરૂઆતથી જ ખાદ્ય ખાદ્યતેલમાં ભાવ વધારા કરાઈ રહ્યો છે. ત્યારે ૨૦૨૪ની શરૂઆતથી ચોથીવાર સિંગતેલના ભાવમાં વધારો થયો છે. મે મહિનાની શરૂઆતમાં જ સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. આજે ખૂલતા બજારમાં સિંગતેલના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. રાજકોટના તેલ

**૧૫ કિલોના ડબ્બાનો ભાવ ૨૫૬૫ રૂપિયા થયો**

બજારમાં સિંગતેલમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. ભાવ વધારા બાદ સિંગતેલનો ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૫૬૫ રૂપિયા થયો છે. તેલના વેપારીઓના જણાવ્યા અનુસાર, હજુ એક અઠવાડિયા સુધી સિંગતેલના ભાવમાં વધ-ઘટ થવાની શક્યતા છે. મગફળીની આવક ઘટતા સિંગતેલના ભાવ વધ્યા છે. મગફળીની જે આવક છે તે સિંગદાણામાં ખપી જતી હોવાથી પીલાણમાં નથી જતી. આ કારણે સિંગતેલ સતત મોંઘુ થતુ જઈ રહ્યું છે. ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારા ઝીંકાઈ રહ્યાં છે. જેને કારણે નાગરિકો પર મોંઘવારીનો માર પડી રહ્યો હતો. પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા. પરંતુ હવે ૨૦૨૪માં ફરી આ વધારો ચાલુ થયો છે. આ વર્ષમાં પહેલીવાર તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. ત્યારે ખાદ્ય તેલોમાં વધારો થતા ગ્રાહકો પર આ બોજો પડશે. તેનાથી ગૃહિણીઓના બજેટને સીધી અસર પડશે.

### અમદાવાદમાં ભાજપ વિરુદ્ધ ક્ષત્રિયોનું શક્તિ પ્રદર્શન

# નરોડાથી વસ્ત્રાલ સુધીની ક્ષત્રિય ધર્મરથ યાત્રામાં "જય ભવાની, ભાજપ જવાની"ના નારા લાગ્યા

અમદાવાદ, તા.૫

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ પરના નિવેદન બાદ શરૂ થયેલ વિવાદ ચૂંટણી પ્રચારના અંતિમ દિવસ સુધી યથાવત્ રહ્યો હતો. સમગ્ર રાજ્યમાં આ નિવેદનને લઈ ક્ષત્રિયોએ રેલીઓ, સભાઓ યોજી વિરોધ પ્રદર્શન કર્યું હતું ત્યારે અમદાવાદમાં નરોડા ખાતેથી શરૂ થયેલી ક્ષત્રિય ધર્મરથ યાત્રા નરોડા, કૃષ્ણનગર, બાપુનગર, ખોખરા હાટકેશ્વર, અમરાઈવાડી થઈ અને સાંજે વસ્ત્રાલ ખાતે પૂર્ણ થઈ હતી. ધર્મરથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય સમાજના હજારોની સંખ્યામાં ભાઈઓ અને બહેનો જોડાયા હતા. આ ધર્મરથ યાત્રા ૭ કલાક સુધી યોજાઈ હતી. આ યાત્રામાં 'જય ભવાની ભાજપ જવાની'ના નારા લગાવવામાં આવ્યા હતા. રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ આપેલા વિવાદસ્પદ નિવેદનને લઈને ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી છે. ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર ઠેર ધર્મરથ કાઢી ભાજપ વિરુદ્ધ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આજે રવિવારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ધર્મરથ યાત્રા કાઢવામાં આવી હતી. સવારે નરોડાથી કેસરી ઝંડા સાથે બાઈકો અને ગાડીઓના કાફલામાં નીકળેલી આ યાત્રા શહેરના પૂર્વ વિસ્તારમાં ફરી હતી. નરોડા ખોડિયાર ચોક(જય માતાજી ચોક)થી શરૂ થઈ નરોડા, કૃષ્ણનગર, બાપુનગર, ખોખરા સહિતના વિસ્તારોમાં ફરી વસ્ત્રાલ ખાતે સાંજે પૂર્ણ થઈ હતી. ખોખરામાં રાજપૂત સમાજ અને ક્ષત્રિય સમાજના ભાઈઓ બહેનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બપોર બાદ ધર્મરથ યાત્રા બાપુનગરથી નીકળી રખિયાલ અજીત મીલ ચાર રસ્તા, ખોખરા અને હાટકેશ્વર તરફ આગળ વધી હતી. ખોખરા હાટકેશ્વર અને અમરાઈવાડી સહિતના વિસ્તારોમાં રહેતા ક્ષત્રિય ભાઈઓ અને બહેનો દ્વારા ધર્મરથનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને વધુમાં વધુ ભાઈઓ-બહેનો આ યાત્રામાં જોડાયા હતા. સાંજે ચાર વાગ્યાની આસપાસ આ યાત્રા વસ્ત્રાલ પહોંચશે જ્યાં મોટી સંખ્યામાં મહિલાઓ દ્વારા તલવારરાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કૃષ્ણનગર ખાતે ક્ષત્રિય સમાજની બહેનો અને દીકરીઓ દ્વારા તલવાર રાસ કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજની દીકરીઓ દ્વારા હાથમાં તલવાર લઈને શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આજે યોજાયેલી આ ક્ષત્રિય ધર્મરથ યાત્રાને ખૂબ જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. હજારો ક્ષત્રિયો આ યાત્રામાં જોડાયા હતા. ક્ષત્રિયો દ્વારા 'જય ભવાની...ભાજપ જવાની'ના નારા લગાવવામાં આવ્યા હતા.